ૐ

પરમાત્મને નમઃ

પંડિત કૈલાશચન્દ્ર જૈન ગ્રન્થમાળા, પુષ્પ-૪

# જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાળા

(ભાગ-૪)

અનેકાંત-સ્યાદ્વાદ; મોક્ષમાર્ગ, તેમજ જીવના અસાધારણ પાંચ ભાવોનો પ્રશ્નોત્તર સંગ્રહ

લેખન તથા સંકલન :

**પંડિત કૈલાશચન્દ્ર જૈન**

'વિમલાંચલ', હરિનગર, અલીગઢ (ઉ.પ્ર.)

પ્રકાશન સહયોગ :

**તીર્થધામ મંગલાયતન, અલીગઢ**

પ્રકાશક :

**શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ, દેહરાદૂન**



ચોથી આવૃત્તિ : ૧૧૦૦ પ્રત (સંપાદિત)
(દસલક્ષણ મહાપર્વના પવિત્ર અવસર પર પ્રકાશિત, મંગળવાર, ૦૩ સપ્ટેમ્બર ૨૦૧૯)

કિંમત : ૪૦ રૂપિયા

**Avilable At -**

- **TEERTHDHAM MANGLAYATAN,**
  **Aligrah-Agra Road, Sasni-204216, Hathras (U.P.)**
  **www.mangalaytan.com; info@mangalaytan.com**
- **SHRI KUNDKUND KAHAN DIG. JAIN SWADHYAY MANDIR**
  **29, Gandhi Road, Dehradun-248001, (Uttrakhand)**
  **Ph. : 0135-2654661/2623131**
- **PANDIT TODARMAL SMARK BHAWAN,**
  **A-4, Bapunagar, Jaipur-302015 (Raj.)**
- **SHREE KUNDKUND-KAHAN PARMARTHIK TRUST**
  **302, Krishna-Kunj, Plot No. 30**
  **Navyug CHS Ltd., V.L.Mehta Marg,**
  **Vile Parle (W), Mumbai-400056**
  **e-mail : vitragva@vsnl.com/shethhiten@redifmail.com**
- **SHRI KUNDKUND KAHAN JAIN SAHITYA KENDRA,**
  **Songarh (Guj.)**

ટાઈપ સેટિંગ :

**પૂજા ઈમ્પ્રેશન્સ**

ભાવનગર

મો. ૯૭૨૫૨૫૧૧૩૧

# પ્રકાશકીય

જગતના સર્વ જીવો સુખ ઈચ્છે છે અને દુઃખથી ભયભીત છે. સુખ મેળવવા આ જીવ, સર્વ પદાર્થો અને પોતાના ભાવો અનુસાર પલટવા ચાહે છે. પરંતુ અન્ય પદાર્થોને બદલવાનો ભાવ મિથ્યા છે. કેમકે પદાર્થ તો પોતાની મેળે પલટે છે અને આ જીવનું કાર્ય માત્ર જ્ઞાતા-દૃષ્ટા છે.

સુખી થવા માટે જિનવચનોને સમજવા અત્યંત આવશ્યક છે. વર્તમાનમાં જિનધર્મના રહસ્યને બતાવનારા અધ્યાત્મપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી છે. એવા સત્પુરુષના ચરણોમાં રહીને અમે જે કાંઈ શીખ્યા છીએ, તે અનુસાર પંડિત કૈલાશચંદ્રજી જૈન (બુલંદશહેર) દ્વારા ગુંથિત જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાળાના સાત ભાગ, જિનધર્મના રહસ્યને અત્યંત સ્પષ્ટ કરનારા હોવાથી ચોથીવાર પ્રકાશિત થઈ રહ્યા છે.

આ પ્રકાશન કાર્યમાં અમે લોકો અમારા મંડળના વિવેકી અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખનાર સ્વર્ગીય શ્રી રૂપચંદજી, માજરાવાલોને યાદ કરીએ છીએ, જેની શુભ પ્રેરણાથી આ ગ્રંથોનું પ્રકાશનકાર્ય શરૂ થયું છે.

અમે ઘણા ભક્તિભાવથી અને વિનયપૂર્વક એવી ભાવના કરીએ છીએ કે સાચા સુખના અર્થી જીવ, જીનવચનને સમજીનેને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે. એવી ભાવનાથી આ પુસ્તકોનું ચોથું પ્રકાશન આપના હાથમાં છે.

આના પહેલા ભાગમાં જૈનદર્શનના આધારભૂત સિદ્ધાંતો-વિશ્વ,



દ્રવ્ય, ગુણ, પર્યાયનું વિશદ વર્ણન પ્રશ્નોત્તરાત્મક શૈલી તેમજ આત્મહિતના પ્રયોજનની દૃષ્ટિથી કરવામાં આવ્યું છે. દ્રવ્યના પ્રકરણ અંતર્ગત છએ દ્રવ્યો; ગુણના પ્રકરણના અંતર્ગત છ સામાન્ય ગુણો તેમજ પર્યાયના પ્રકરણને અંતર્ગત તેના અર્થ તેમજ વ્યંજનપર્યય; સમાનજાતીય તેમજ અસમાનજાતીય દ્રવ્યપર્યાય તેમજ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને સમજાવામાં આવ્યા છે. તે સિવાય જિનાગમમાં વર્ણિત ચાર અભાવ --પ્રાગ્ભાવ, પ્રધ્વંસાભાવ, અન્યોન્યાભાવ, અત્યન્તાભાવને સ્પષ્ટ કરતા અભ્યાસ માટે અનેક પ્રશ્નોત્તર સમાયોજિત કરવામાં આવ્યા છે. સાથે જ આત્મહિતને માટે આવશ્યક જાણવાયોગ્ય વિષયોનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે.

અમારા ઉપકારી આદરણીય પંડિત કૈલાશચંદ્રજીના જન્મ-શતાબ્દી વર્ષના અનુસંધાને, તીર્થદામ મંગલાયતનમાં આયોજિત મંગલસમર્પણ સમારોહના અવસરે આ સંપાદિત સંસ્કરણ પ્રકાશિત થઈ રહ્યું છે, તેનો અમને અત્યંત ગર્વ છે. તીર્થધામ મંગલાયતન પરિવારના પૂર્ણ સહયોથી આ કાર્ય સંપન્ન થયું છે, જેનો અમને હર્ષ છે. પ્રસ્તુત ગ્રંથને સુવ્યવસ્થી સંપાદિતરૂપમાં ઉપલબ્ધ કરવાનો શ્રેય પંડિતજીના સુપુત્ર શ્રી પવન જૈન, અલીગઢ તેમજ પંડિત દેવેન્દ્રકુમાર જૈન, બિજોલિયાનો છે. તેનો મંડળ તરફથી આભાર વ્યક્ત કરીએ છીએ.

દરેક જીવ આ ભાગમાં સમાહિત આધારભૂત સિદ્ધાંતોને સમ્યક્સ્વરૂપ સમજીને સ્વરૂપાનુભૂતિ પ્રાપ્ત કરે - એજ ભાવના છે.

નિવેદક
**દિગંબર જૈન મુમુક્ષુ મંડળ**
દેહરાદૂન

# ભૂમિકા

વીતરાગી જિનેન્દ્ર પરમાત્માની દિવ્યધ્વનિના પ્રવાહમાં કારણ-કાર્ય વ્યવસ્થા દરેક વસ્તુની સ્વતંત્રતાનું નિર્દેશન કરાવે છે. વિશ્વમાં જે-જે કાર્ય થાય છે, તે પોતાની તે સમયની યોગ્યતારૂપ સમર્થ કારણથી જ થાય છે. તે સમયે ત્રિકાળી ઉપાદાનકારણ અનંતપૂર્વ-ક્ષણવર્તીપર્યાય ક્ષણિકઉપાદાનકારણ સાથે સંયોગરૂપે નિમિત્તકારણમાં હાજરી હોય છે. અજ્ઞાની જીવ તે રહસ્યને ન જાણવાને કારણે નિમિત્તકારણને જ કાર્યને વાસ્તવિક કર્તા માનીને નિમિત્તાધીન દૃષ્ટિથી, સંસારની ચાર ગતિઓમાં પરિભ્રમણ કરતો એવો નિગોદ ચાલ્યો જાય છે. કારણ-કાર્યની વાસ્તવિક વ્યવસ્થાનું પરિજ્ઞાન થવાથી પરમાં ન તો નિમિત્તથી કાર્ય થવાની ભ્રાંતિ થાય છે અને ન તો નિમિત્તના અસ્તિત્વના ના પાડવાથી થાય છે. આ કારણ-કાર્યની સમ્યક્ વ્યવસ્થા છે. જેને આ પુસ્તકમાં છ કારક, નિમિત્ત-ઉપાદાન; નિમિત્ત-નૈમિત્તિક; વ્યાપ્ય-વ્યાપક; યોગ્યતા તથા સ્વતંત્રતાની ઘોષણા દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

અહીં એ વિશેષ ઉલ્લેખનીય છે કે વર્તમાન દિગંબર જૈન સમાજમાં નિમિત્ત-ઉપાદાન વગેરે જૈનદર્શનના આદારભૂત સિદ્ધાંતોની ચર્ચાની શરૂઆત પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની અધ્યાત્મ ક્રાંતિથી થઈ છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના આધ્યાત્મિક પ્રવચનોમાં વસ્તુની સ્વતંત્રતાનો જે શંખનાદ કર્યો છે, તેને પરતંત્રતાની બેડી-સાંકળને તોડી નાખી છે. સ્વતંત્રતાના ઉદ્‌ઘોષક પૂજ્ય ગુરુદેવશ્રીનો ખરેખર



સંપૂર્ણ દિગંબર જૈન સમાજ અને મારા ઉપર અનંત-અનંત ઉપકાર છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો તથા સમાદરણીય શ્રી રામજીભાઈ દોશી, શ્રી ખીમચંદભાઈ શેઠની કક્ષાના સમયમાં જ આ વિષયોને પ્રશ્નોત્તરરૂપથી આત્મહિતાર્થ લખતો રહું છું. જેને દહેરાદૂન મુમુક્ષુ મંડળે અત્યાર સુધીમાં ત્રણવાર પ્રકાશિત કર્યું છે. હવે આ ચોથું સંસ્કરણ મારી ભાવનાને અનુરૂપ સંપાદિત થઈને પ્રકાશિત કરી રહ્યો છું, જેથી હું પ્રસન્ન છું.

હે જીવો! જો આત્મહિત કરવા ચાહો છો તો સમસ્ત પ્રકારે પરિપૂર્ણ નિજ આત્મસ્વભાવની રુચિ અને વિશ્વાસ કરો. દેહાદિથી સર્વથા ભિન્ન જ્ઞાનસ્વરૂપ નિજ આત્માનો નિર્ણય કરીને જ સંપૂર્ણ જિનશાસનનો સાર છે કેમકે જે જીવ દેહાદિથીત ભિન્ન જ્ઞાન-દર્શનસ્વભાવી આત્માનો આશ્રય લે છે, તે મોક્ષમાર્ગ પામીને મોક્ષે ચાલ્યો જાય છે અને જે દેહાદિમાં જ પોતાપણાની શ્રદ્ધા-જ્ઞાન કરે છે, તે ચારેય ગતિમાં ફરીને નિગોદમાં ચાલ્યો જાય છે.

દરેક જીવ આ ગ્રંથમાં પ્રસ્તુત થયેલા પ્રશ્નોત્તરોનો વારંવાર અભ્યા કરી આત્મહિતના માર્ગે પ્રયાણ કરે-એવી ભાવના સાથે-

**પંડિત કૈલાશચંદ્ર જૈન**
અલીગઢ (ઉત્તરપ્રદેશ)

# અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
## (સંક્ષિપ્ત જીવનવૃત્ત)

ભારતની વસુંધરા, અનાદિથી જ તીર્થંકર ભગવંતો, વીતરાગી સંતો, જ્ઞાની-ધર્માત્માઓ તથા દાર્શનિક/આધ્યાત્મિક ચિંતકોની જન્મદાત્રી રહી છે. આ જ દેશમાં વર્તમાનકાળમાં ભગવાન ઋષભદેવથી લઈને ભગવાન મહાવીર સુધીના ચોવીસ તીર્થંકરો થયા છે. વર્તમાનમાં ભગવાન મહાવીરના શાસનકાળમાં ધરસેન આદિ મહાન દિગંબર સંત, શ્રીમદ્ કુંદકુંદાચાર્ય વગેરે મહાન આધ્યાત્મિક સંત, આ પવિત્ર જિનશાસનના પતાકાને દિગદિગંતમાં ફરકાવતા રહ્યા છે.

વર્તમાન શતાબ્દીમાં જિનેન્દ્ર ભગવંતો, વીતરાગી સંતો તથા જ્ઞાની ધર્માત્માઓ દ્વારા ઉદ્‌ઘાટિત આ શાશ્વત સત્યને, જેમણે પોતાના પ્રચંડ પુરુષાર્થથી સ્વયં આત્મસાત કરતા થકા ૪૫ વર્ષો સુધી અવિરલ પ્રવાહિત કર્યો છે – એવા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીથી આજે કોણ અપરિચિત છે! પૂજ્ય ગુરુદેવશ્રીએ ક્રિયાકાંડની કાલીકારામાં કેદ, આ વિશુદ્ધ જિનશાનને પોતાના આધ્યાત્મિક આભામંડળ દ્વારા નતો મુક્ત કર્યો, પરંતુ એનો એવો પ્રચાર-પ્રસાર કે માનો આ વિષમ પંચમકાળમાં તીર્થંકરોનો વિરહ ભૂલાવી, ભરતક્ષેત્રને, વિદેહક્ષેત્ર અને પંચમકાળને ચોથો કાળ જ બનાવી દીધો.

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જનપદના ‘ઉમરાળા’ ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના



શ્રેષ્ઠીવીર્ય શ્રી મોતીચંભાઈને ઘરે, માતા ઉજમબાની કૂખે વિક્રમ સંવત્ ૧૯૪૬ના વૈશાખ શુક્લ બીજ, રવિવાર (તા.૨૧ એપ્રિલ, સન્ ૧૮૯૦ ઈ.સ.) પ્રાતઃકાળ આ બાળ મહાત્માનો જન્મ થયો.

સાત વર્ષની વયમાં લૌકિક શિક્ષા લેવાનો પ્રારંભ કર્યો. પ્રત્યેક વસ્તુના હૃદય સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મુધુરભાષીપણું, શાંત સ્વભાવ, સૌમ્ય તથા ગંભીર મુખમુદ્રા, તથા નિસ્પૃહ સ્વભાવવાળા હોવાથી બાળ ‘કાનજી’ શિક્ષકો તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. વિદ્યાલય અને જૈન પાઠશાળાના અભ્યાસમાં હંમેશા પ્રથમ નંબર આવતો, પરંતુ વિદ્યાલયની લૌકિક શિક્ષાથી એને સંતોષ નહોતો થતો. અંદર ને અંદર એવું લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરમાં માતાના અવસાનથી, પિતાજીની સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ પછી પિતાજીના સ્વર્ગવાસને કારણે, સત્તર વર્ષની ઉંમરમાં ભાગીદારની સાથે વ્યવસાયિક પ્રવૃત્તિમાં જોડાવાનું થયું. દુકાન ઉપર પણ ધાર્મિક પુસ્તકો વાંચતા હતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રીના સમયે રામલીલા કે નાટક જોવા જતાં, તો તેમાં પણ વૈરાગ્યરસનું ઘોલન કરતા હતા. જેના ફળસ્વરૂપ પહેલીવાર સત્તર વર્ષની ઉંમરમાં ઉજ્વળ ભવિષ્યની અભિવ્યક્તિ કરતું એવું, બાર લાઈનની એક કાવ્યની રચના કરે છે. – **શિવરમણી રમનાર તૂં, તૂં હી દેવનો દેવ.**

સત્યની શોધ માટે દીક્ષા લેવાનો ભાવ ૨૨ વર્ષની યુવા અવસ્થામાં દુકાનનો પરિત્યાગ કરે છે, અને ગુરુની સમક્ષ આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે, પછી ૨૪ વર્ષની ઉંમરમાં (વિક્રમ સંવત્ ૧૯૭૦)માં જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ સાધર્મીઓના વિશાળ સમુદાયની ઉપસ્થિતિમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા

અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર ચઢતી વખતે ધોતી ફાટી જાય છે, તીક્ષ્ણ બુદ્ધિધારક કાનજીને શંકા થાય છે કે કાંઈક ખોટું થઈ રહ્યું છે.

વિક્રમ સંવત્ ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદયના સૂચક એક મંગલકારી પવિત્ર પ્રસંગ બને છે :

વિધિની કોઈ ધન્ય ક્ષણમાં શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ રચિત 'સમયસાર' નામનું મહાન પરમાગમ, ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે- —**'આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'** સમયસારનું અધ્યયન અને ચિંતન કરતા અંતરમાં આનંદ અને ઉલ્લાસ પ્રસ્ફુટિત થાય છે તથા અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થાય છે. ભૂલી પડી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, મોક્ષમાર્ગપ્રકાશક, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાનદિપીકા વગેરે દિગંબર શાસ્ત્રના અભ્યાસથી તેમને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળમાર્ગ છે અને એ જ સાચો ધર્મ છે. એ માટે અંતરંગ શ્રદ્ધા કંઈક જુદી અને બહારમાં વેષ કંઈક જુદો — આ સ્થિતિ તેમને અસહ્ય લાગવા લાગે છે. તેથી અંતરંગમાં અત્યંત મનોમંથન પછી સંપ્રદાયનો પરિત્યાગનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની શોધ કરતા કરતા સોનગઢ આવીને 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકને દિવસે, (ચૈત્ર સુદ ૧૩, સંવત્ ૧૯૯૧) બપોરે સવા બે વાગ્યે સંપ્રદાયના ચિહ્નો મુહપતિનો ત્યાગ કરે છે અને પોતે સ્વયં ઘોષિત કરે છે કે **'હવે હું સ્થાનકવાસી સાધુ નથી; હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.'** સિંહવૃત્તિના ધારક આ મહાપુરુષે ૪૫ વર્ષની



ઉંમરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિયા'માં નિવાસ કરતા માત્ર ત્રણ વર્ષમાં જ જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેને કારણે આ મકાન એકદમ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમ પ્રતાપી સત્પુરુષના નિવાસસ્થાન અને પ્રવચન સ્થળ 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કર્યું. ગુરુદેવશ્રીએ જેઠ વદ ૮, સંવત્ ૧૯૯૪ના દિવસે આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મસાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની ગયું.

અહીં દિગંબરધર્મના ચારેય અનુયોગના નાના-મોટા ૧૮૩ ગ્રંથોનું ગહનતાથી અધ્યયન કર્યું. એમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા. જેમાં શ્રી સમયસાર ગ્રંથ ઉપર તો ૧૯ વાર અધ્યાત્મ વર્ષા કરી. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો ઉપર પણ ઘણીવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનારા અને કુંદકુંદાદિ આચાર્યોના ગૂઢ શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટક આ મહાપુરુષના ભવતાપ વિનાશક અમૃતવાણીને ઈ.સ. ૧૯૬૧થી નિયમિતરૂપથી ટેપમાં ઉત્કીર્ણ કરવામાં આવ્યા. જેના પ્રતાપથી આજે આપણી પાસે નવ હજારથી વધારે પ્રવચનો સુરક્ષિત ઉપલબ્ધ છે. આ મંગલ ગુરુવાણી દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષ મંડળોમાં તથા લોખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘર-ઘરમાં ગુંજાયમાન થઈ રહી છે. એનાથી એટલું તો નિશ્ચિત છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મ સંદેશ, દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને

નિયમિત ઉપલબ્ધ થતો રહે, એ હેતુથી વિક્રમ સંવત્ ૨૦૦૦ના માગશર મહિનાથી (ડિસેમ્બર ૧૯૪૩થી) 'આત્મધર્મ' નામનું માસિક આધ્યાત્મિક પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણિકચંદ દોશીના સંપાદકત્વથી પ્રારંભ થયું છે, જે વર્તમાનમાં ગુજરાતી તથા હિન્દી ભાષામાં નિયમિત પ્રકાશિત થઈ રહ્યું છે.

સોનગઢમાં વિક્રમ સંવત્ ૧૯૯૭-ફાગણ સુદ બીજના દિને નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધર આદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. ઈ.સ. ૧૯૪૧થી ઈ.સ. ૧૯૮૦ સુધી સૌરાષ્ટ્ર-ગુજરાતના ઉપરાંત સમ્ગ્ર ભારતદેશના અનેક શહેરોમાં તથા આફ્રીકાના નાઈરોબીમાં કુલ ૬૬ પંચ કલ્યાણક તથા વેદી પ્રતિષ્ઠા આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પાવન કર-કમળોથી થઈ.

શ્રી સમ્મેદશિખરજીની યાત્રાનું નિમિત્ત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર ઈ.સ. ૧૯૫૭ અને ઈ.સ. ૧૯૬૭માં એમ બે વાર થયું.

તા.૨૮ નવેમ્બર ૧૯૮૦ શુક્રવાર (માગશર સુદ ૭, સંવત્ ૨૦૩૭)ના દિને આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંત પુરુષ દેહાદિનું લક્ષ્ય છોડીને, પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાયંકાળ આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંત અને ભરતક્ષેત્રથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. વીરશાસનને પ્રાણવંત કરીને અહીંથી અધ્યાત્મયુગ સૃજન કર્યું.



## અધ્યાત્મ મનીષી પંડિત કૈલાશચંદ્ર જૈન
### (સંક્ષિપ્ત જીવનવૃત્ત)

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અનન્ય ભક્ત પંડિત કૈલાસચંદ્ર જૈનનો જન્મ, આજથી લગભગ ૯૯ વર્ષ પૂર્વ ગ્રામ ટીકરી, જિલ્લો મેરઠમાં પિતા મટ્ઠનલાલ જૈનના ઘરે, માતા શ્રીમતિ ભરતોદેવીની કૂખે થયો છે. એ સિવાય એમને બે ભાઈ તથા બે બહેનોં સહિત પોતે પાંચ ભાઈ-બહેન હતા.

તેમની પ્રારંભિક શિક્ષા મથુરા-ચૌરાસી તથા તે પછી જંબુ વિદ્યાલય, સરહાનપુરમાં થઈ. શરૂથી જ સ્વાભિમાની વૃત્તિના ધણી હોવાની સાથે નિર્ભીકતા, નિસ્પૃહતા, સિદ્ધાંતો પર અડગતા વગેરે એમના વ્યક્તિત્વની ઉલ્લેખનીય વિશેષતા છે.

નાનપણમાં જ લાહોરમાં સ્વતંત્ર વ્યવસાય તેમજ સ્વાધીનતા આંદોલન પછી સ્વદેશ વાપસી ઉપરાંત બુલંદશહેરમાં આજાદ ટ્રેડિંગ કંપની નામથી સ્ટેશનરીનો વ્યવસાય કરતા થકા, પોતાની સહધર્મિણી શ્રીમતિ વિમલાદેવી તેમજ ચાર પુત્રિઓ તથા એક પુત્રની સાથે પૂરા પરિવારની જવાબદારીનું નિર્વહન કરતા થકા ધર્મમાર્ગમાં નિરંતર ગતિશીલ રહ્યા.

આપના જીવનની ધારામાં અમૂલચુલ પરિવર્તન ત્યારે થયું, જ્યારે ગિરનારયાત્રા દરમ્યાન સોનગઢની દિવ્યવિભૂતિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સાક્ષાત્કાર થયો. ત્યારબાદ નિરંતર તત્ત્વ આરાધના તથા તત્ત્વ પ્રચાર જ આપના જીવનનું અંગ બની ગયું અને સંપૂર્ણ દેશમાં તત્ત્વજ્ઞાના પતાકા ફરકાવા એકલા નીકળી પડ્યા.

યુવાવયમાં જ આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા ધારણ કરી,

એકમાત્ર આત્મસાધનાને જ જીવનનો ઉદ્દેશ બનાવીને તેમાં સફળતા અર્જિત કરી.

પોતાના જીવન આધાર પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ માનનીય શ્રી રામજીભાઈ દોશી તથા શ્રી ખેમચંદભાઈ સેઠ પાસેથી જે કાંઈ શીખ્યા, તેનું જ સાકારરૂપ છે 'જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાળા'ના આઠ ભાગ, જેનું અનવરત પ્રકાશન શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ, દેહરાદૂનથી થઈ રહ્યું છે. હિન્દી ગ્રંથોના આધાર પર પોતાની પ્રેરણાથી આપના સુપુત્ર શ્રી પવન જૈનને 'જિનાગમસાર'ની રચના/સંકલન કરી આપની પરંપરામાં વૃદ્ધિ કરી છે.

વિશ્વના પ્રાણીમાત્ર પ્રતિ કરુણાથી ઓતપ્રોત આપના હૃદયમાં પાવન ભાવનાઓંના સાકારરૂપ 'તીર્થધામ મંગલાયતન' આજ જિનેન્દ્રદેશના તેમજ ગુરુવાણીના પ્રચાર-પ્રસારની દશામાં ઉલ્લેખનીય ગતિથી કાર્ય કરી રહ્યું છે. અહીંથી પ્રકાશિત માસિક 'મંગલાયતન' પત્રિકા, 'મંગલાયતન-ટાઈમ્સ' તેમજ અનેક સાહિત્ય પણ પંડિતજીની પ્રેરણાથી તેમજ આશીર્વાદનું સુફળ છે.

વર્તમાનમાં શારીરિક શિથિલતા ઉપરાંત પણ તત્ત્વજ્ઞાનની જાગૃતિ આપના આત્મસાધનામય જીવનના જીવંત પ્રતિબિંબ છે.



## અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| ૧. | અનેકાંત અને સ્યાદ્વાદ | ૦૧ |
| ૨. | મોક્ષમાર્ગ | ૫૯ |
| ૩. | મોક્ષમાર્ગ સંબંધિત પ્રશ્નોત્તર | ૧૦૪ |
| ૪. | જીવના અસાધારણ પાંચ ભાવ | ૧૩૧ |
| ૫. | પંચાધ્યાયી પ્રશ્નોત્તર | ૧૭૨ |

ૐ

શ્રી વીતરાગાય નમઃ

# જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાળા

## ભાગ-૪

### મંગલાચરણ

ણમો અરહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આયરિયાણં,
ણમો ઉવ્જ્ઝાયાણં, ણમો લોએ સવ્વસાહૂણં. ૧.

આત્મા સો અર્હંત હૈ, નિશ્ચય સિદ્ધ જુ સોહિ,
આચારજ ઉવઝાય અરુ, નિશ્ચય સાધુ સોહિ. ૨.

સ્યાદ્વાદ અધિકાર અબ, કહૌ જૈન કો મૂલ,
જાકેં જાનત જગત જન, લહૈં જગત-જલ-કૂલ. ૩.

દેવ ગુરુ દોનોં ખડે, કિસકે લાગૂ પાય,
બહિલારી ગુરુદેવ કી, ભગવન દિયો બતાય. ૪.

કરુણાનિધિ ગુરુદેવશ્રી, દિયા સત્ય ઉપદેશ,
જ્ઞાની માને પરખ કર, કરે મૂઢ સંક્લેશ. ૫.

### આત્માર્થી મુમુક્ષુને માટે પૂજ્ય ગુરુદેવશ્રીનો સંદેશ

## વીતરાગવાણીનું તાત્પર્ય : સ્વ-સન્મુખતા

- આત્મા, પરદ્રવ્યનો કર્તા કે ભોક્તા નથી - એમ બતાવીને, પરદ્રવ્યનું કર્તા-ભોક્તાપણું છોડાવીને, સ્વ-સન્મુખતા કરાવવી છે.

- વિકારનો કર્તા કર્મ નથી - એમ કહીને કર્માધીન દૃષ્ટિ છોડાવવી છે.

- વિકારનો કર્તા, કર્મ છે; જીવ નથી; કર્મ વ્યાપક થઈને વિકાર કરે છે - એમ કહીને, એક સમયનો ઉપાધિભાવથી ભેદજ્ઞાન કરાવીને દ્રવ્ય પર દૃષ્ટિ કરાવવી છે.

- તે સમયની યોગ્યતાથી જે વિકાર થવાનો હતો, તે થયો છે - એમ કહીને એક સમયના વિકારીનું લક્ષ છોડાવીને, દૃષ્ટિને દ્રવ્ય પર લગાવવી.

- વિકાર પણ જે ક્રમબદ્ધમાં હતો, તે થયો છે - આ કથનથી ક્રમબદ્ધપર્યાયના સ્વકાળના સત્ પરિણમન તેમજ વિકારનું અકર્તાપણું બતાવીને, જ્ઞાતાસ્વભાવની દૃષ્ટિ કરાવવી છે.

- નિર્મળપર્યાય પણ ક્રમબદ્ધ છે - એમ કહીને, શુદ્ધપર્યાયના એક અંશનું લક્ષ છોડાવીને, ત્રિકાળી ધ્રુવનું લક્ષ કરાવવું છે.

- પર્યાયનો કર્તા પરદ્રવ્ય નથી - એમ કહીને પરથી દૃષ્ટિ હટાવીને સ્વદ્રવ્યમાં લગાવવી છે.

- પર્યાયનો કર્તા સ્વદ્રવ્ય પણ નથી, પર્યાય પોતાના ષટ્કારકથી સ્વતંત્ર થાય છે - આ પ્રમાણે પર્યાયની સ્વતંત્રતા બતાવીને તેનું લક્ષ છોડાવીને દૃષ્ટિને દ્રવ્ય સન્મુખ કરાવી છે.

- વિકાર કે નિર્મળ પર્યાયનો કર્તા ધ્રુવ દ્રવ્ય નથી; પર્યાય જ પર્યાયનો કર્તા છે. ધ્રુવ દ્રવ્ય, બંધ-મોક્ષના પરિણામનો કર્તા પણ નથી, એમ કહીને પર્યાયની સન્મુખતા છોડાવી, ધ્રુવની સન્મુખતા કરાવવી છે.



(૧)

# અનેકાંત અને સ્યાદ્વાદ

**પ્રશ્ન-૧ :- સ્યાદ્વાદ-અનેકાંતના વિષયમાં સમયસાર કળશ ચારમાં શું બતાવ્યું છે?**

ઉત્તર :- उभयनयविरोधध्वंसिनि स्यात्पदाङ्के
जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः।
सपदि समयसारं ते परं ज्योतिरुच्चै-
रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव।।४।।

શ્લોકાર્થ :- [उभय-नय-विरोध-ध्वंसिनि] નિશ્ચય અને વ્યવહાર - એ બે નયોને વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે; એ વિરોધને નાશ કરનારું [स्यात्-पद-अङ्के] 'સ્યાત્'પદથી ચિહ્નિત [जिनवचसि] જે જિન ભગવાનનું વચન (વાણી) છે, [ये रमन्ते] તેમાં જે પુરુષો રમે છે (રંગ, રાગ, ભેદનો આશ્રય છોડીને ત્રિકાળી પોતાના ભગવાનનો આશ્રય લે છે), [ते] તે પુરુષ [स्वयं] પોતાની મેળે (અન્ય કારણ વિના) [वान्तमोहाः] મિથ્યાત્વકર્મના ઉદયનું વમન કરીને, [उच्चैः परं ज्योतिः समयसारं] આ અતિશયરૂપ પરમજ્યોતિ પ્રકાશમાન શુદ્ધ આત્માને [सपदि] તુરત (તે જ ક્ષણે) [ईक्षन्ते एव] દેખે જ છે (અનુભવ કરે છે). કેવો છે સમયસારરૂપ શુદ્ધ આત્મા? [अनवम्] નવીન ઉત્પન્ન થયો નથી; પણ કર્મોથી આચ્છાદિત હતો તે જ્ઞાયક તરફ દૃષ્ટિ કરીને પ્રગટ વ્યક્તરૂપ થઈ

ગયો છે અને સમયસારરૂપ શુદ્ધ આત્મા કેવો છે? [अनय-पक्ष-अक्षुण्णम्] સર્વથા એકાંતરૂપ કુનયના પક્ષથી ખંડિત થતો નથી, નિર્બાધ છે.

**પ્રશ્ન-૨ :- સ્યાદ્વાદ-અનેકાંતના વિષયમાં નાટક સમયસારમાં શું બતાવ્યું છે?**

ઉત્તર :- निहचैमैं रुप एक विवहारमैं अनेक,
याहि नै-विरोध मैं जगत भरमायौ है।
जगके विवाद नासिबे कौ जिन आगम है,
जामैं स्याद्वाद नाम लच्छन सुहायौ है।।
दरसनमोह जाकौ गयौ है सहजरूप,
आगम प्रमान ताके हिरदैं मैं आयो है।
अनैसौ अखंडित अनूतन अनंत तेज,
ऐसो पद पूरन तुरन्त तिनि पायौ है।।

અર્થ :- નિશ્ચયનયથી પદાર્થ એકરૂપ છે અને વ્યવહારમાં અનેકરૂપ છે. આ નય-વિરોધમાં સંસાર ભૂલી રહ્યો છે, માટે આ વિવાદને નષ્ટ કરનારું જિનાગમ છે, જેમાં સ્યાદ્વાદનું શુભ ચિહ્ન છે. (મહોરછાપ લાગી છે - સ્યાદ્વાદથી જ ઓળખાય છે કે આ જિનાગમ છે). જે જીવને દર્શનમોહનીયનો ઉદય નથી થતો, તેના હૃદયમાં સ્વતઃ સ્વભાવ પ્રમાણિક જિનામગમ પ્રવેશે છે અને તેને તુરંત જ નિત્ય, અનાદિ અને અનંત પ્રકાશમાન મોક્ષપદ પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન-૩ :- સ્યાદ્વાદ-અનેકાંતના વિષયમાં પુરુષાર્થસિદ્ધિ ઉપાય, શ્લોક ૨૨૫માં અમૃતચંદ્રાચાર્યજીએ શું કહ્યું છે?**

ઉત્તર :-एकेनाकर्षन्ती श्लथयन्ती वस्तुतत्त्वमिरतरेण।
अन्तेन जयति जैनी नीतिर्मन्थान नैत्रमिव गोपी।।

એટલે કે દહીં વલોવવાના દોરડાને ખેંચનારી ગોવાલણની જેમ



જિનેન્દ્રદેવની સ્યાદ્વાદ નીતિ અથવા નિશ્ચય-વ્યવહારરૂપ નીતિ વસ્તુના સ્વરૂપને એક સમ્યગ્દર્શથી પોતાની તરફ ખેંચે છે, બીજી તરફથી એટલે કે સમ્યગ્જ્ઞાનથી શિથિલ કરે છે અને છેલ્લે એટલે કે સમ્યક્ચારિત્રથી સિદ્ધરૂપ કાર્યને ઉત્પન્ન કરવાથી બધાની ઉપર વર્તે છે.

ભાવાર્થ :- ભગવાનની વાણી, સ્યાદ્વાદ અનેકાંતાત્મક છે; વસ્તુનું સ્વરૂપ પ્રધાન-ગૌણનયની વિવક્ષાથી કરવામાં આવે છે. જેમકે જીવદ્રવ્ય નિત્ય પણ છે અને અનિત્ય પણ છે; દ્રવ્યાર્થિકનયની વિવક્ષાથી નિત્ય છે અને પર્યાયાર્થિકનયની વિવક્ષાથી અનિત્ય છે, આ નય વિવક્ષા છે.

**પ્રશ્ન-૪ :- નાટક-સમયસારમાં જૈનમતનો મૂળ સિદ્ધાંત શું બતાવ્યો છે, જેનાથી જીવ, સંસારથી પાર ઉતરે છે?**

ઉત્તર :-

स्याद्वाद अधिकार अब, कहौं जैन कौ मूल।
जाके जानत जगत जन, लहैं जगत-जल-कूल।।

અર્થ :- જિનમતનો મૂળ સિદ્ધાંત 'અનેકાંત સ્યાદ્વાદ' છે. જેનું જ્ઞાન થવાથી જગતના મનુષ્ય, સંસાર-સાગરથી પાર ઉતરે છે.

**પ્રશ્ન-૫ :- અનેકાંતમયી જિનવાણીનું સ્વરૂપ, શ્રી પ્રવચનસાર, કળશ બેમાં શું બતાવ્યું છે?**

ઉત્તર :- 'જે મહામોહરૂપી અંધકાર સમૂહને લીલામાત્રમાં નષ્ટ કરે છે અને જગતના સ્વરૂપને પ્રકાશિત કરે છે, તે અનેકાંત જ્ઞાન સદા જયવંત રહો' - એમ બતાવ્યું છે.

**પ્રશ્ન-૬ :- સમયસાર કળશ બેમાં પંડિત જયચંદ્રજીએ સરસ્વતીની અનેકાંતમયી સત્યાર્થમૂર્તિ કોને કહી છે?**

ઉત્તર :- 'સમ્યગ્જ્ઞાન જ સરસ્વતીની સત્યાર્થમૂર્તિ છે. તેમાં પણ સંપૂર્ણ જ્ઞાન તો કેવળજ્ઞાન છે, જેમાં બધા પદાર્થો પ્રત્યક્ષ ભાસે છે. કેવળજ્ઞાન, અનંત ધર્મ અને ગુણસહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે; માટે તે સરસ્વતીની મૂર્તિ છે અને કેવળજ્ઞાન અનુસાર જે ભાવશ્રુત જ્ઞાન છે, તે આત્મતત્ત્વને પરોક્ષ દેખે છે; માટે ભાવશ્રુતજ્ઞાન પણ સરસ્વતીની મૂર્તિ છે. દ્રવ્યશ્રુત-વચનરૂપ છે, તે પણ નિમિત્તરૂપ તેની મૂર્તિ છે, કેમકે તે વચનો દ્વારા અનેક ધર્મવાળા આત્માને બતાવે છે. આ પ્રમાણે દરેક પદાર્થોના તત્ત્વોને બતાવનારી સમ્યગ્જ્ઞાનરૂપ (ઉપાદાન) તથા વચનરૂપ (નિમિત્ત) અનેકાંતમયી સરસ્વતીની મૂર્તિ છે.'

**પ્રશ્ન-૭ :- પુરુષાર્થસિદ્ધિ ઉપાયના બીજા શ્લોકમાં કેવા અનેકાંતને નમસ્કાર કર્યા છે?**

ઉત્તર :- (૧) જે પરમાગમનું જીવન છે, (૨) જેણે બીજા અનેકાંતમતિઓની જુદી જુદી એકાંત માન્યતાઓનું ખંડન કરી નાખ્યું છે, અને (૩) જેણે સમસ્ત નયોથી પ્રકાશિત જે વસ્તુનો સ્વભાવ છે, તેના વિરોધને નષ્ટ કરી નાખ્યો છે. હું, તે અનેકાંતને, એટલે કે એક પક્ષરહિત સ્યાદ્વારૂપ ભાવશ્રુતજ્ઞાનને નમસ્કાર કરું છું - એમ કહે છે.

**પ્રશ્ન-૮ :- અનેકાંત-સ્યાદ્વાદ, પરમાગમનું જીવન કેમ છે?**

ઉત્તર :- જગતનું દરેક સત્, અનેકાંતરૂપ છે. અસ્તિ-નાસ્તિ, તત્-અતત્, નિત્ય-અનિત્ય, એક-અનેક વગેરે જોડકાથી ગુંથાયેલા છે. જ્યારે પદાર્થ જ સ્વતઃસિદ્ધિ અનેકાંતરૂપ છે, તો તેને જાણનારું તે જ્ઞાન, પ્રમાણ કોટીમાં આવી શકે કે જે અનેકાંતને અનેકાંતરૂપ જ જાણે. માટે અનેકાંત સ્યાદ્વાદને પરમાગમનું જીવન કહ્યું છે.



एक काल में देखिये अनेकान्त का रुप।
एक वस्तु में नित्य ही विधि निषेध स्वरूप।।

**પ્રશ્ન-૯ :- અનેકાંત-સ્યાદ્વાદને સમજવા-સમજાવવાની શું આવશ્યક્તા છે?**

ઉત્તર :- અજ્ઞાનીઓમાં અનાદિકાળથી એક-એક સમય કરીને જે પરપદાર્થોમાં, શુભાશુભ વિકારીભાવોમાં કર્તા-ભોક્તાની ખોટી બુદ્ધિ છે, તેનો અભાવ કરાવા માટે અને અતીન્દ્રિય સુખની પ્રાપ્તિના નિમિત્ત અનેકાંત-સ્યાદ્વાદને સમજવા-સમજાવવાની આવશ્યકતા છે.

**પ્રશ્ન-૧૦ :- અનેકાંત કોને કહે છે?**

ઉત્તર :- દરેક વસ્તુમાં વસ્તુપણાની સિદ્ધિ કરનારી અસ્તિ-નાસ્તિ વગેરે પરસ્પર વિરૂદ્ધ બે શક્તિઓનું એક જ સાથે પ્રકાશવું - તેને અનેકાંત કહે છે.

**પ્રશ્ન-૧૧ :- દરેક વસ્તુમાં કોને કોને ગ્રહણ કરે છે?**

ઉત્તર :- બધા દ્રવ્યનું, બધા ગુણનું, પ્રત્યેક પર્યાયનું, પ્રત્યેક અવિભાગ પ્રતિચ્છેદનું ગ્રહણ થાય છે.

**પ્રશ્ન-૧૨ :- અનેકાંતની વ્યાખ્યામાં 'વગેરે' શબ્દ આવ્યો છે, તેમાં શું શું સમજવું?**

ઉત્તર :- એક-અનેક, નિત્ય-અનિત્ય, અભેદ-ભેદ, સત્-અસત્, તત્-અતત્ વગેરે અનેક જોડકા સમજી લેવા.

**પ્રશ્ન-૧૩ :- સત્-અસત્ વગેરે જોડકા શેમાં-શેમાં લગાવી શકાય?**

ઉત્તર :- દરેક દ્રવ્યમાં, દરેક ગુણમાં, દરેક પર્યાયમાં, દરેક અવિભાગ પ્રતિચ્છેદમાં લગાવી શકાય છે.

**પ્રશ્ન-૧૪ :- એક અનેક, નિત્ય-અનિત, સત્-અશત્ વગેરે શું છે?**

ઉત્તર :- ધર્મ છે; ગુણ નથી.

**પ્રશ્ન-૧૫ :- ધર્મ અને ગુણમાં શું અંતર છે?**

ઉત્તર :- ગુણોને ધર્મ કહી શકાય, પણ ધર્મોને ગુણ ન કહી શકાય. કેમકે - (૧) અસ્તિત્વ, વસ્તુત્વ, વગેરે સામાન્ય અને વિશેષગુણ હોય છે, તેની પર્યાયો હોય છે. (૨) નિત્ય-અનિત્ય, તત્-અતત્ વગેરે ધર્મ છે, તેની પર્યાયો નથી હોતી. તે અપેક્ષિત ધર્મ છે.

**પ્રશ્ન-૧૬ :- દરેક દ્રવ્યમાં સત્-અસત્, નિત્ય-અનિત્ય, એક-અનેક વગેરે અનેક અપેક્ષિત ધર્મ છે, તે કયા પ્રકારે છે?**

ઉત્તર :- જેમ કોઈ વ્યક્તિને કોઈ પિતાજી, કોઈ બેટાજી, કોઈ મામાજી, કોઈ કાકાજી, કોઈ દાદા કહે છે, તો શું તે ઝઘડો કરશે? નહિ કરે, કેમકે તે સમજે છે કે, આ અપેક્ષાએ મામા છું, આ અપેક્ષાએ પિતા છું; તે પ્રમાણે દરેક દ્રવ્યમાં નિત્ય-અનિત્ય, એક-અનેક વગેરે અનેક અપેક્ષિત ધર્મ છે. તેમાં અપેક્ષા સમજવાથી ક્યારે ઝઘડો નહિ થાય અને અનેકાંત-સ્યાદ્વાદ ધર્મની સિદ્ધિ થઈ જાશે.

**પ્રશ્ન-૧૭ :- અનેકાંત-સ્યાદ્વાદ કોનામાં લાગી શકે છે અને કોનામાં નથી લાગી શકતા?**

ઉત્તર :- જેમાં જે ધર્મ હોય, તેમાં તે લગાડી શકાય છે. જેમાં જે ધર્મ નથી, તેમાં તે નથી લગાડી શકાતું. જેમ - પરમાણુ નિશ્ચયથી અપ્રદેશી (એક પ્રદેશી) છે, વ્યવહારથી બહપ્રદેશી છે; તે પ્રમાણે કાળદ્રવ્ય નિશ્ચયથી અપ્રદેશી (એક પ્રદેશી) છે, વ્યવહારથી કાળ દ્રવ્ય બહુપ્રદેશી હોય એમ નથી.

**પ્રશ્ન-૧૮ :- અનેકાંતના દ્રવ્ય-ગુણ-પર્યાય શું છે?**



ઉત્તર :- આત્મા દ્રવ્ય છે; જ્ઞાન ગુણ છે; અનેકાંત જ્ઞાનરૂપ પર્યાય છે.

**પ્રશ્ન-૧૯ :- અનેકાંતનો વ્યુત્પત્તિ અર્થ શું છે?**

ઉત્તર :- અન્ = નહિ; એક = એક; અંત = ધર્મ; એટલે કે એક ધર્મ નથી બે/ વધારે ધર્મ હોય, તે અનેકાંતનો વ્યુત્પત્તિ અર્થ છે.

**પ્રશ્ન-૨૦ :- અનેકાંત શું બતાવે છે?**

ઉત્તર :- બે ધર્મ હોય, તે પરસ્પર વિરૂદ્ધ હોય અને વસ્તુને સિદ્ધ કરતા હોય, તે અનેકાંત બતાવે છે.

**પ્રશ્ન-૨૧ :- શું નિત્ય-અનિત્ય વગેરે વિરોધી ધર્મ છે?**

ઉત્તર :- નિત્ય-અનિત્ય, એક-અનેક વગેરે વિરોધી ધર્મ નથી. પરસ્પર વિરોધી જણાય છે, છે નહિ કેમકે તેની સત્તા એક દ્રવ્યમાં એક સાથે જોવા મળે છે.

**પ્રશ્ન-૨૨ :- વસ્તુ કોને કહે છે?**

ઉત્તર :- (૧) જેમાં ગુણ-પર્યાય રહેતા હોય, તેને વસ્તુ કહે છે. (૨) જેમાં સામાન્ય-વિશેષપણું જોવા મળે, તેને વસ્તુ કહે છે. (૩) જે પોતપોતાના પ્રયોજનભૂત કાર્ય કરે છે, તેને વસ્તુ કહે છે.

**પ્રશ્ન-૨૩ :- વસ્તુની આ ત્રણ વ્યાખ્યા કોનામાં જોવા મળે છે?**

ઉત્તર :- દરેક દ્રવ્યમાં જોવા મળે છે. માટે જાતિ અપેક્ષાએ છ દ્રવ્ય અને સંખ્યા અપેક્ષાએ જીવ અનંત, પુદ્ગલ અનંતાનંત, ધર્મ-અધર્મ-આકાશ એક એક અને લોકપ્રમાણ અસંખ્યાત કાળદ્રવ્ય, બધી વસ્તુ છે.

**પ્રશ્ન-૨૪ :- વસ્તુને જાણવાથી અમને શો લાભ છે?**

ઉત્તર :- જ્યારે દરેક દ્રવ્ય વસ્તુ છે, તો હું પણ એક વસ્તુ છું. હું મારા ગુણ-પર્યાયોમાં રહું છું; પરમાં રહેતો નથી. એમ જાણીને પોતાની વસ્તુ તરફ દૃષ્ટિ કરે તો તત્કાળ સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થઈને ક્રમથી નિર્વાણને પામે, તે વસ્તુને જાણવાનો લાભ છે.

**પ્રશ્ન-૨૫ :- હું કોનામાં નથી રહેતો અને કોનામાં રહું છું?**

ઉત્તર :- (૧) અત્યંત ભિન્ન પદાર્થોમાં નથી રહેતો, પોતાના ગુણ-પર્યાયોમાં રહું છું. (૨) આંખ-નાક-કાન વગેરે ઔદારિક શરીરમાં નથી વસતો, પોતાના ગુણ-પર્યાયોમાં રહું છું. (૩) તૈજસ-કાર્મણશરીરમાં નથી રહેતો, પોતાના ગુણ-પર્યાયોમાં રહું છું. (૪) ભાષા અને મનમાં નથી વસતો, પોતાન ગુણ-પર્યાયોમાં રહું છું. (૫) શુભાશુભભાવોમાં હું નથી રહેતો, પોતાના ગુણ-પર્યાયોમાં રહું છું. (૬) અપૂર્ણ-પૂર્ણ શુદ્ધપર્યાયોરૂપ ભેદ કલ્પનામાં નથી રહેતો, પોતના ગુણ-પર્યાયોમાં રહું છું. (૭) ભેદનયના પક્ષમાં નથી વસતો, પોતાના ગુણ-પર્યાયોમાં રહું છું. (૮) અભેદનયના પક્ષમાં નથી રહેતો, પોતાના ગુણ-પર્યાયોમાં રહું છું. (૯) ભેદાભેદનયના પક્ષમાં નથી રહેતો, પોતાના ગુણ-પર્યાયોમાં રહું છું.

**પ્રશ્ન-૨૬ :- દરેક વસ્તુ પોત-પોતાનામાં રહે છે, પરમાં નથી રહેતી, તે મહામંત્ર કયા કયા શાસ્ત્રોમાં આવ્યો છે?**

ઉત્તર :- (અ) અનાદિનિધન વસ્તુઓ જુદી જુદી પોતપોતાની મર્યાદાસહિત પરિણમે છે, કોઈ કોઈને આધીન નથી, કોઈ કોઈને પરિણમાવવાથી કરાવવાથી પરિણમતિ નથી.

**(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૫૨)**

(આ) દરેક પદાર્થો, પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેનારા પોતાના અનંતધર્મોના ચક્રોને ચુંબે છે-સ્પર્શે છે, તોપણ તે પરસ્પર એક-



બીજાને સ્પર્શ નથી કરતા. **(શ્રી સમયસારજી, ગાથા-૩)**

(ઇ) અપને-અપને સત્ત્વને, સર્વ વસ્તુ વિલસાય. ઐસે ચિંતવૈ જીવ તબ, પરતેં મમત ન થાય. **(શ્રી જયચંદ્રજી, અન્યત્વભાવના)**

(ઈ) બીજા દ્રવ્યથી, બીજા દ્રવ્યના ગુણની ઉત્પત્તિ કરી શકાતી નથી, કેમકે સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવથી ઉત્પન્ન થાય છે.

**(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૭૨)**

(ઉ) સત્ દ્રવ્ય લક્ષણં. ઉત્પાદ-વ્યય-ધ્રુવ-યુક્તં સત્.

**(તત્ત્વાર્થસૂત્ર)**

(ઊ) જિનેન્દ્ર ભગવાનની વાણીથી કથિત બધા પદાર્થોના દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ જ યથાર્થ છે, આ પારમેશ્વરી વ્યવસ્થા છે.

**(શ્રી પ્રવચનસાર, ગાથા ૯૩)**

તે બધા મહામંત્રો છે.

**પ્રશ્ન-૨૭ :- વિરોધ કેટલા પ્રકારના છે?**

ઉત્તર :- બે પ્રકારના છે. (૧) એક વિરોધ, બિલાડી-ઉંદરની જેમ; નોળિયો-સાપની જેમ; અંધકાર-પ્રકાશની જેમ, સમ્યક્ત્વના સમયે જ મિથ્યાત્વનો સદ્ભાવ માનવો વગેરે વિરોધ, વસ્તુનો નાશ કરનારા છે. (૨) બીજો વિરોધ, અસ્તિ-નાસ્તિ વગેરે વસ્તુને સિદ્ધ કરનારા છે.

**પ્રશ્ન-૨૮ :- બિલાડી-ઉંદરની જેવા વિરોધ, વસ્તુનો નાશ કરનારા કઈ રીતે છે?**

ઉત્તર :- વસ્તુ અનેકાંતરૂપ છે, પણ જે વસ્તુને સર્વથા એકરૂપ જ માને છે, તે વિરોધ, વસ્તુનો નાશ કરનારો છે. જેમ કોઈ વસ્તુને સર્વથા સામાન્યરૂપ જ માને છે. કોઈ વસ્તુને સર્વથા વિશેષરૂપ જ માને છે. કોઈ વસ્તુને સર્વથા અસત્ જ માને છે. કોઈ વસ્તુને સર્વથા એકરૂપ માનીને દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદોનો નાશ કરે છે.

કોઈ વસ્તુને સર્વથા ભેદરૂપ જ માનીને સ્વતઃસિદ્ધ અખંડ વસ્તુને ખંડ-ખંડ જ માને છે. એવી માન્યતાઓ, એટલે કે બિલાડી-ઉંદરની જેવા વિરોધ, વસ્તુનો નાશ કરનારા છે.

**પ્રશ્ન-૨૯ :- છ ઢાળામાં શું ક્યાંય વસ્તુનો નાશ કરનાર વિરોધ બતાવ્યો છે?**

ઉત્તર :-

**एकान्तवाद-दूषित समस्त, विषयादिक पोषक अप्रशस्त।**
**कपिलादि-रचित श्रुत को अभ्यास, सो है कुबोध बहुदेनत्रास।।**

(૧) જગતમાં સર્વથા નિત્ય, એક, અદ્વૈત અને સર્વ-વ્યાપક બ્રહ્મમાત્ર વસ્તુ છે; બીજો કોઈ પદાર્થ નથી. (૨) વસ્તુ સર્વથા ક્ષણિક-અનિત્ય છે. (૩) ગુણ-ગુણી, સર્વથા ભિન્ન છે; કોઈ ગુણને સંયોગે વસ્તુ છે. (૪) જગતના કોઈ કર્તા-હર્તા તથા નિયંતા છે. (૫) દયા-દાન મહાવ્રતાદિ શુભરાગથી મોક્ષ થાય છે. (૬) નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય છે. (૭) શુભભાવ, મોક્ષમાર્ગ છે વગેરે સર્વથા એકાંતરૂપ વિરોધ, વસ્તુનો નાશ કરનારા છે - એમ છ ઢાળામાં કહ્યું છે.

**પ્રશ્ન-૩૦ :- અસ્તિ-નાસ્તિ વગેરે વિરોધ, વસ્તુને સિદ્ધ કરનાર ક્યા પ્રકારે છે?**

**ઉત્તર :-** નય વિવક્ષાથી વસ્તુમાં અનેક સ્વભાવ છે અને તેમાં પરસ્પર વિરોધ છે. જેમ - અસ્તિ છે, તે નાસ્તિનું પ્રતિપક્ષપણું છે પણ જ્યારે સ્યાદ્વાદ અનેકાંતથી સ્થાપે ત્યારે બધા વિરોધ દૂર થઈ જાય છે.

**પ્રશ્ન-૩૧ :- નિત્ય-અનિત્ય વિરોધ, વસ્તુને કેવી રીતે સિદ્ધ કરે છે?**

**ઉત્તર :-** શું વસ્તુ નિત્ય છે? ઉત્તર હા. શું વસ્તુ અનિત્ય



પણ છે? ઉત્તર હા. જુઓ, બંને પ્રશ્નોનો ઉત્તર 'હા' છે. વિરોધી લાગે છે પણ વસ્તુ દ્રવ્ય-ગુણની અપેક્ષાએ નિત્ય છે અને પર્યાયની અપેક્ષા અનિત્ય છે - એવો સ્યાદ્વાદ-અનેકાંત વસ્તુને સિદ્ધ કરે છે.

**પ્રશ્ન-૩૨ :- તત્-અતત્ વિરોધ વસ્તુને કઈ રીતે સિદ્ધ કરે છે?**

**ઉત્તર :-** જે (વસ્તુ) તત્ છે, તે જ અતત્ છે. આત્મા, સ્વરૂપથી (જ્ઞાનસ્વરૂપથી) તત્ છે, તે જ જ્ઞેયરૂપથી અતત્ છે. સ્યાદ્વાદ અનેકાંત વસ્તુને તત્-અતત્ સ્વભાવવાળી બતાવીને, અનેક વિરોધને મટાડીને વસ્તુને સિદ્ધ કરે છે.

**પ્રશ્ન-૩૩ :- એક-અનેકનો વિરોધ વસ્તુને કઈ રીતે સિદ્ધ કરે છે?**

**ઉત્તર :-** એક નય અખંડ વસ્તુની સ્થાપના કરીને દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદનો નકાર કરે છે, પણ અનેક નય દ્રવ્ય-ગુણ-પર્યાયના જુદા જુદા લક્ષણો બતાવીને, વસ્તુને ભેદરૂપ સ્થાપે છે. તે પ્રકારે તેમાં વિરોધ જણાય તોપણ સ્યાદ્વાદ-અનેકાંત વસ્તુને એક-અનેક બતાવીને, તેના વિરોધને મટાડીને વસ્તુને સિદ્ધ કરે છે.

**પ્રશ્ન-૩૪ :- ઉપાદાન અને નિમિત્તમાં એકાંતી અને અનેકાંતીની માન્યતા કયા પ્રકારે છે?**

**ઉત્તર :-** (૧) ઉપાદાન કાંઈ નથી કરતું, માત્ર નિમિત્ત જ તેને પરિણમાવે છે, તે પણ એક ધર્મને માનનારો એકાંતી છે, તથા જે એમ માને છે કે નિમિત્તની ઉપસ્થિતિ જ નથી હોતી, તે પણ એક ધર્મનો લોપ કરનારો એકાંતી છે. (૨) પણ જે એમ માને છે કે પરિણમન તો બધા નિરપેક્ષ પોતપોતાના ચતુષ્ટયમાં સ્વકાળની યોગ્યતાથી કરે છે, પણ જ્યાં આત્મા વિપરીતદશામાં પરિણમે છે,

ત્યાં યોગ્ય કર્મના ઉદયરૂપ નિમિત્તની ઉપસ્થિતિ હોય છે અને જ્યાં આત્મા પૂર્ણ સ્વભાવરૂપ પરિણમે છે, ત્યાં સંપૂર્ણ કર્મનો અભાવરૂપ નિમિત્ત હોય છે, તે બંને ધર્મોને માનનારો અનેકાંતી છે.

**પ્રશ્ન-૩૫ :- વ્યવહાર-નિશ્ચયમાં એકાંતી અને અનેકાંતીની માન્યતા ક્યા પ્રકારે છે?**

ઉત્તર :- (૧) જે નિશ્ચયરત્નત્રયથી અનભિજ્ઞ છે અને માત્ર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને સમ્યગ્દર્શન, શાસ્ત્રજ્ઞાનને સમ્યગ્જ્ઞાન; અણુવ્રતાદિકને શ્રાવકપણું; અને મહાવ્રતાદિકને મુનિપણું માને છે, તે વ્યવહારાભાસી એકાંતી છે. જે ભૂમિકાનુસાર રાગ અને પૂર્વચર કે સહચરરૂપથી નથી માનતા, તે નિશ્ચયાભાસી એકાંતી છે.

(૨) પણ જે મોક્ષમાર્ગને નિરપેક્ષ શુદ્ધરત્નત્રયને જ માને છે અને ભૂમિકાનુસાર પૂર્વચર કે સહચર પણ સાધકના હોય છે -એમ માને છે, તે સ્યાદ્વાદ-અનેકાંતના મર્મી અનેકાંતી છે.

**પ્રશ્ન-૩૬ :- દ્રવ્ય અને પર્યાયના વિષયમાં એકાંતી કોણ છે અને અનેકાંતી કોણ છે?**

ઉત્તર :- (૧) જે સાંખ્યવત્ ત્રિકાળી શુદ્ધદ્રવ્યને ત્રિકાળ શુદ્ધ માને છે પણ પર્યાયને નથી માનતા. તે એક ધર્મનો લોપ કરનારો એકાંતી છે, તથા જે બૌદ્ધવત્ પર્યાયને જ માને છે, તેમાં અન્વયરૂપથી જોવા મળતા દ્રવ્યને નથી માનતા છે, તે પણ એક ધર્મનો લોપ કરનારા એકાંતી છે.

(૨) પણ જે દ્રવ્ય અને પર્યાય બંનેને માને છે તેમજ પર્યાયનો આશ્રય છોડીને, દ્રવ્યનો જ આશ્રય કરે છે, તે સ્યાદ્વાદ અનેકાંતના મર્મી અનેકાંતી છે.

**પ્રશ્ન-૩૭ :- જે પરની ક્રિયાને પોતાની માને છે, તે કોણ છે અને દરેક દ્રવ્યમાં પોતપોતાની ક્રિયા થાય છે**



**- એમ માને છે તે કોણ છે?**

ઉત્તર :- (૧) મન-વચન-કાયા, પર વસ્તુની ક્રિયાનો કર્તા આત્માને માને છે, તે એક પદાર્થની ક્રિયાનો લોપ કરનારો એકાંતી છે.

(૨) જે એમ માને છે કે દરેક પદાર્થ સ્વતંત્રરૂપથી પોત પોતાના પરિણામને કરે છે, તે સ્યાદ્વાદ-અનેકાંતનો મર્મી અનેકાંતી છે.

**પ્રશ્ન-૩૮ :- વિરોધ હોવા છતાં પણ વિરોધ, વસ્તુને સિદ્ધ કરે છે, તેમાં કરણાનુયોગનું દૃષ્ટાંત આપીને સમજાવો?**

ઉત્તર :- શું પોતાની મૂર્ખતા ચક્કર ખવડાવે છે? ઉત્તર - હા! શું કર્મ પણ ચક્કર ખવડાવે છે. ઉત્તર - હા! બંને પ્રશ્નોનાં ઉત્તરમાં 'હા' છે, વિરોધ લાગે છે. પણ આત્મા પોતાની મૂર્ખતાથી ચક્કર ખાય છે, તે નિશ્ચયનયનું કથન છે અને કર્મ ચક્કર ખવડાવે છે, તે વ્યવહારનયનું કથન છે - એવું સ્યાદ્વાદી-અનેકાંતી જાણે છે. કેમકે તે ચારેય અનુયોગના રહસ્યનો મર્મી છે.

**પ્રશ્ન-૩૯ :- શું મુખ્ય-ગૌણ વસ્તુના ભેદ છે?**

ઉત્તર :- વસ્તુના ભેદ નથી, કેમકે મુખ્ય-ગૌણ વસ્તુમાં વિદ્યમાન ધર્મની અપેક્ષા નથી પણ વક્તાની ઇચ્છા અનુસાર છે. મુખ્ય-ગૌણ કથનના ભેદ છે; વસ્તુના ભેદ નથી.

**પ્રશ્ન-૪૦ :- શાસ્ત્રોમાં 'જ'નો પ્રયોગ કઈ કઈ દૃષ્ટિથી કર્યો છે?**

ઉત્તર :- (૧) એક દૃષ્ટિથી કથનમાં 'જ' આવે છે.

(૨) 'જ' દૃઢતા સૂચક છે.

(૩) જ્યાં અપેક્ષા સ્પષ્ટ બતાવવી હોય, ત્યાં 'જ' ચોક્કસ લગાડવામાં આવે છે.

(૪) 'જ' પોતાના વિષયમાં બધી શંકાનો અભાવ કરી, દૃઢતા

બતાવે છે. જેમ કે આત્મા, દ્રવ્યદૃષ્ટિથી શુદ્ધ જ છે.

(૫) 'જ' સમ્યક્એકાંતને બતાવે છે.

**પ્રશ્ન-૪૧ :- શાસ્ત્રોમાં 'પણ' નો પ્રયોગ કઈ કઈ દૃષ્ટિથી કરવામાં આવે છે?**

ઉત્તર :- (૧) પ્રમાણની દૃષ્ટિથી કથનમાં 'પણ' આવે છે? જેમકે આત્મા શુદ્ધ પણ છે અને અશુદ્ધ પણ છે.

(૨) અપૂર્ણને પૂર્ણ ન સમજી લેવામાં આવે, તે માટે 'પણ'નો પ્રયોગ થાય છે.

(૩) જે વાત અંશના વિષયમાં કહેવાય રહી છે, તેને પૂર્ણના વિષયમાં ન સમજી લેવામાં આવે, તેને માટે 'પણ' પ્રયોગ થાય છે.

**બીજા પ્રકારના શબ્દોમાં કહીએ તો** - (૧) (સાપેક્ષ) જ્યાં કોઈ અપેક્ષા ન દેખાડવામાં આવે, ત્યાં 'પણ'નો પ્રયોગ થાય છે. જેમ દ્રવ્ય નિત્ય પણ છે અને અનિત્ય પણ છે.

(૨) (સંભાવીત) જેટલી વસ્તુ કહી છે તેટલી માત્ર જ વસ્તુ નથી; બીજા ધર્મ પણ એમાં છે, એ બતાવવા માટે 'પણ' નો પ્રયોગ થાય છે.

(૩) (અનુક્ત) પોતાની મનમાની કલ્પનાથી કોઈ પણ ધર્મ, વસ્તુમાં ફીટ ન કરી લેવામાં આવે, એવી મનમાનીવાળા ધર્મોના નિષેધ માટે 'પણ'નો પ્રયોગ થાય છે.

**પ્રશ્ન-૪૨ :- વ્યવહાર, ઉપચાર ક્યારે કહી શકાય છે?**

ઉત્તર :- (૧) જેને નિશ્ચય પ્રગટ્યો હોય, તેને ઉપચાર લાગુ પડે છે; કેમકે અનુપચાર થયા વિના, ઉપચાર લાગુ નતી પડતો.

(૨) વ્યવહાર કે ઉપચાર એ જૂઠું કથન છે, કેમકે વ્યવહારના શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે; માટે તેનો ત્યાગ કરવો. જ્યાં જ્યાં



વ્યવહાર કે ઉપચારથી કથનત હોય ત્યાં 'એમ છે નહિ, નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચાર કર્યો છે' - એમ જાણવાથી વ્યવહાર ઉપચાર કહી શકાય છે.

**પ્રશ્ન-૪૩ :- સમ્યક્ અનેકાંતી કોણ છે?**

ઉત્તર :- વસ્તુ, દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ સામાન્ય છે; વિશેષ નથી, તથા વસ્તુ પર્યાયાર્થિકનયની અપેક્ષાએ વિશેષ છે; સામાન્ય નથી - તે બંને સમ્યક્ અનેકાંતી છે.

**પ્રશ્ન-૪૪ :- મિથ્યા અનેકાંતી કોણ છે?**

ઉત્તર :- વસ્તુ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ સામાન્ય પણ છે અને વિશેષ પણ છે, તતા પર્યાયાર્થિકનયની અપેક્ષાએ વસ્તુ વિશેષ પણ છે અને સામાન્ય પણ છે, તે બંને માન્યતાવાળા મિથ્યા અનેકાંતી છે.

**પ્રશ્ન-૪૫ :- પોતાની આત્માનું શ્રદ્ધાન પણ સમ્યગ્દર્શન છે અને દેવ-ગુરુ-શાસ્ત્રનું શ્રદ્ધાન પણ સમ્યગ્દર્શન છે. તેમાં સાચું અનેકાંત અને મિથ્યા અનેકાંત કયા પ્રકારે છે?**

ઉત્તર :- પોતાની આત્માનું શ્રદ્ધાન જ સમ્યગ્દર્શન છે અને દેવ-ગુરુ-શાસ્ત્રનું શ્રદ્ધાન સમ્યગ્દર્શન નથી, આ સાચું અનેકાંત છે અને પોતાની આત્માનું શ્રદ્ધાન પણ સમ્યગ્દર્શન છે અને દેવ-ગુરુ-શાસ્ત્રનું શ્રદ્ધાન પણ સમ્યગ્દર્શન છે, તે મિથ્યા અનેકાંત છે.

**પ્રશ્ન-૪૬ :- (૧) દેશચારિત્રરૂપ શુદ્ધિ પણ શ્રાવકપણું છે અને બાર અણુવ્રતાદિક પણ શ્રાવકપણું છે. (૨) સકળચારિત્રરૂપ શુદ્ધિ પણ મુનિપણું છે અને અઠ્યાવીશ મૂળગુણનું પાલન તે પણ મુનિપણું છે. (૩) સમ્યગ્દર્શન, આથ્માના આશ્રયે પણ થાય છે અને દર્શનમોહનીયના અભાવથી પણ થાય છે. આ ત્રણ વાક્યોમાં સાચું અનેકાંત**

**અને મિથ્યા અનેકાંત શું છે?**

ઉત્તર :- દર્શનચારિત્રરૂપ શુદ્ધિ જ શ્રાવકપણું છે અને બાર અણુવ્રતાદિક શ્રાવકપણું નથી, આ સાચું અનેકાંત છે. દેશચારિત્રરૂપ શુદ્ધિ પણ શ્રાવકપણું છે અને બાર અણુવ્રતાદિક પણ શ્રાવકપણું છે, આ મિથ્યા અનેકાંત છે. એ પ્રમાણે બીજા બે વાક્યોમાં સાચું અનેકાંત અને મિથ્યા અનેકાંત લગાવો.

**પ્રશ્ન-૪૭ :- અનેકાંતને ક્યારે સમજ્યા અને ક્યારે નહિ? તેના કેટલાક દૃષ્ટાંત આપીને સમજાવો.**

ઉત્તર :- (૧) આત્મા પોતારૂપે છે અને પરરૂપે નથી તો અનેકાંતને સમજ્યા છે. આત્મા, પોતારૂપે પણ છે અને પરરૂપે પણ છે તો અનેકાંતને સમજ્યા નથી.

(૨) આત્મા, પોતાનું કરી શકે છે અને પરનું નથી કરી શકતો તે અનેકાંત સમજ્યો છે. આત્મા, પોતાનું પણ કરી શકે છે અને પરનું પણ કરી શકે છે તો અનેકાંતને નથી સમજ્યો.

(૩) આત્માના આશ્રયે પ્રગટ શુદ્ધભાવથી ધર્મ થાય છે અને શુભભાવથી નથી થતો તે અનેકાંતને સમજ્યો છે. આત્માના આશ્રયે પ્રગટ શુદ્ધભાવથી પણ ધર્મ થાય છે અને શુભભાવથી પણ ધર્મ થાય છે તો અનેકાંતને નથી સમજ્યો.

(૪) જ્ઞાનનું કાર્ય, જ્ઞાનથી થાય છે અને બીજા ગુણોંથી નહિ તો અનેકાંતને સમજ્યો છે. જ્ઞાનનું કાર્ય, જ્ઞાનગુણથી પણ થાય છે અને બીજા ગુણોથી પણ થાય છે તો અનેકાંતને સમજ્યો નથી.

(૫) એક પર્યાય, પોતાનું કાર્ય કરે છે અને બીજી પર્યાયનું કાર્ય નથી કરતી તો અનેકાંતને સમજ્યો છે. એક પર્યાય પોતાનું પણ કાર્ય કરે છે અને પરનું પણ કાર્ય કરે છે તો અનેકાંતને સમજ્યો નથી.



(૬) જ્ઞાન, આત્માથી થાય છે અને શરીર, ઇન્દ્રિયો, દ્રવ્યકર્મ અને શુભાશુભભાવથી નથી થતું, તો અનેકાંતને સમજ્યો છે. જ્ઞાન, આત્માથી પણ થાય છે અને શરીર, ઇન્દ્રિયો અને શુભાશુભભાવથી પણ થાય છે તો અનેકાંતને નથી સમજ્યો.

**પ્રશ્ન-૪૮ :- નિશ્ચય-વ્યવહારના અનેકાંતને ક્યારે સમજ્યો અને ક્યારે નથી સમજ્યો?**

ઉત્તર :- (૧) નિશ્ચય, નિશ્ચયથી છે; વ્યવહારથી નથી અને વ્યવહાર વ્યવહારથી છે; નિશ્ચયથી નથી તો નિશ્ચય-વ્યવહારના અનેકાંતને સમજ્યો છે.

(૨) નિશ્ચય, નિશ્ચયથી પણ છે; વ્યવહારથી પણ છે અને વ્યવહાર વ્યવહારથી પણ છે અને નિશ્ચયથી પણ છે તો નિશ્ચય વ્યવહારના અનેકાંતને નથી સમજ્યો.

**પ્રશ્ન-૪૯ :- ઉપાદાન-નિમિત્તના અનેકાતંને ક્યારે સમજ્યો અને ક્યારે નથી સમજ્યો?**

ઉત્તર :- (૧) ઉપાદાન, ઉપાદાનથી છે; નિમિત્તથી નથી અને નિમિત્ત, નિમિત્તથી છે; ઉપાદાનથી નથી તો ઉપાદાન-નિમિત્તના અનેકાંતને સમજ્યો છે.

(૨) ઉપાદાન, ઉપાદાનથી પણ છે, નિમિત્તથી પણ છે અને નિમિત્ત નિમિત્તથી પણ છે, ઉપાદાનથી પણ છે તો ઉપાદાન-નિમિત્તના અનેકાંતને નથી સમજ્યો.

**પ્રશ્ન-૫૦ :- કુંદકુંદાચાર્યે સ્વયં પોતાનું કલ્યાણ કર્યું અને સાથે બીજાનું પણ કલ્યાણ કર્યું - તેમાં અનેકાંતને ક્યારે સમજ્યા અને ક્યારે નથી સમજ્યા?**

ઉત્તર :- (૧) કુંદકુંદાચાર્યે સ્વયં પોતાનું કલ્યાણ કર્યું; બીજાનું કલ્યાણ નથી કર્યું તો અનેકાંતને સમજ્યો છે.

(૨) કુંદકુંદાચાર્યે સ્વયં પોતાનું કલ્યાણ કર્યું અને સાથે બીજા બધાનું પણ કલ્યાણ કર્યું તો અનેકાંતને નથી સમજ્યો.

**પ્રશ્ન-૫૧ :- માનતુંગાચાર્યે ૪૮ તાળા તોડ્યા ત્યાં અનેકાંતને ક્યારે સમજ્યા અને ક્યારે નથી સમજ્યા?**

ઉત્તર :- (૧) તાળા પોતાની યોગ્યતાથી તૂટ્યા છે; માનતુંગાચાર્યથી નહિ તો અનેકાંતને સજ્યા છે.

(૨) તાળા પોતાની યોગ્યતાથી પણ તૂટ્યા અને માનતુંગાચાર્યથી પણ તૂટ્યા તો અનેકાંતને નથી સમજ્યો.

**પ્રશ્ન-૫૨ :- સીતાના બ્રહ્મચર્યથી અગ્નિ, શીતળ થઈ ગઈ, તેમાં અનેકાંતને ક્યારે સમજ્યો અને ક્યારે નથી સમજ્યો?**

**પ્રશ્ન-૫૩ :- મનોરમાના શીલથી દરવાજો ખુલી ગયો - તેમાં અનેકાંતને ક્યારે સમજ્યો અને ક્યારે નથી સમજ્યો?**

**પ્રશ્ન-૫૪ :- શ્રીપાલના શરીરનો કુષ્ઠ રોગ, ગંધોદકથી ઠીક થયો - તેમાં અનેકાંત ક્યારે સમજ્યો અને ક્યારે નથી સમજ્યો?**

**પ્રશ્ન-૫૫ :- વિષાપહાર સ્તોત્રને વાંચવાથી વિષ દૂર થઈ ગયું તેમાં અનેકાંતને ક્યારે સમજ્યો અને ક્યારે નથી સમજ્યો?**

ઉત્તર :- ઉપરના બધા પ્રશ્નોના પ્રશ્ન ૫૦ થી ૫૧ અનુસાર ઉત્તર આપો.

**પ્રશ્ન-૫૬ :- કર્મોના અભાવથી સિદ્ધદશાની પ્રાપ્તિ થઈ તેમાં અનેકાંતને ક્યારે સમજ્યો અને ક્યારે નથી સમજ્યો?**

ઉત્તર :- (૧) સિદ્ધદશાની પ્રાપ્તિ ચૌદમા ગુણસ્થાનનો અભાવ કરીને, આત્મામાંથી થઈ છે; કર્મોના અભાવથી નથી થઈ તો અનેકાંતને સમજ્યો છે.



(૨) સિદ્ધદશાની પ્રાપ્તિ ચૌદમાં ગુણસ્થાનનો અભાવ કરીને, આત્મામાંથી પણ થઈ છે અને કર્મોના અભાવથી પણ થઈ છે તો અનેકાંતને નથી સમજ્યો.

**પ્રશ્ન-૫૭ :- દર્શનમોહનીયના અભાવથી ક્ષાયિકસમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ - તેમાં અનેકાંતને ક્યારે સમજ્યો અને ક્યારે નથી સમજ્યો?**

**પ્રશ્ન-૫૮ :- કેવળજ્ઞાન થવાથી કેવળજ્ઞાનાવરણીયકર્મનો અભાવ થયો તેમાં અનેકાંતને ક્યારે સમજ્યો અને ક્યારે નથી સમજ્યો?**

**પ્રશ્ન-૫૯ :- કુંદકુંદ ભગવાને સમયસાર બનાવ્યું, તેમાં અનેકાંતને ક્યારે સમજ્યો અને ક્યારે નથી સમજ્યો?**

ઉત્તર :- ઉપરના પ્રશ્નોનો ૫૬માં પ્રશ્નોત્તર અનુસાર ઉત્તર આપા.

**પ્રશ્ન-૬૦ :- કૂતરો ણમોકાર મંત્ર સાંભળવાથી સ્વર્ગમાં દેવ થયો, તેમાં અનેકાંતને ક્યારે સમજ્યો અને ક્યારે નથી સમજ્યો?**

ઉત્તર :- (૧) કૂતરો, શુભભાવથી સ્વર્ગમાં દેવ થયો; ણમોકારમંત્ર સાંભળવાથી નહિ તો અનેકાંતને સમજ્યો છે.

(૨) કૂતરો શુભભાવથી પણ સ્વર્ગમાં દેવ થયો અને ણમોકાર મંત્ર સાંભળવાથી પણ દેવ થયો તો અનેકાંતને નથી સમજ્યો.

**પ્રશ્ન-૬૧ :- (૧) બાઈએ રોટલી બનાવી, (૨) મૈં ચટાઈ પાથરી, (૩) હું રૂપિયા કમાણો (૪) મેં પુસ્તક ઉઠાવ્યું, (૫) ધર્મદ્રવ્યે જીવ-પુદ્ગલને ચલાવ્યા, (૬) અધર્મદ્રવ્યે જીવ-પુદ્ગલને રોક્યા, (૭) મેં દાંત સાફ કર્યા, (૮) આકાશે બધા દ્રવ્યોને જગ્યા આપી, (૯) કાળદ્રવ્યે બધા દ્રવ્યોને**

પરિણમાવ્યા, (૧૦) હું રોટલી ખાવ છું, (૧૧) સુથારે તિજોરી બનાવી, (૧૨) મેં મકાન બનાવ્યું, (૧૩) મેં કપડા ધોયા, (૧૪) ઈન્દ્રભૂતિને સમવસરણ દેખતા જ સમ્યગ્દર્શન થયું વગેરે વાક્યોમાં અનેકાંતને ક્યારે સમજ્યો છે અને ક્યારે નથી સમજ્યો?

ઉત્તર :- (૧) રોટલી, ગોરણાનો અભાવ કરીને, લોટમાંથી બની છે અને બાઈએ નથી બનાવી તો અનેકાંતને સમજ્યો છે.

(૨) રોટલી, ગોરણાનો અભાવ કરીને, લોટમાંથી પણ બની છે અને બાઈથી પણ બની છે તો અનેકાંતને સમજ્યો નથી.

આ પ્રમાણે બાકી પ્રશ્નોના ઉત્તર આપો.

**પ્રશ્ન-૬૨ :- દર્શનાવરણીયકર્મના અભાવથી કેવળદર્શન પ્રાપ્ત થયું, આ વાક્યમાં અનેકાંતને ક્યારે સમજ્યો છે અને ક્યારે નથી સમજ્યો?**

ઉત્તર :- (૧) કેવળદર્શન, આત્માના દર્શનગુણમાંથી અચક્ષુદર્શનનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતાથી થયું છે અને દર્શનાવરણીય કર્મના અભાવથી તથા આત્માના દર્શનગુણને છોડીને બીજા ગુણોથી નથી થયું તો અનેકાંતને સમજ્યો છે.

(૨) કેવળદર્શન આત્માના દર્શનગુણમાંથી અચક્ષુદર્શનનો અભાવ કરીને, તે સમયની પર્યાયની યોગ્યતાથી પણ થયું છે અને દર્શનાવરણીયકર્મનો અભાવથી તથા આત્માના દર્શનગુણને છોડીને, બીજા ગુણોથી પણ થયું છે તો અનેકાંતને સમજ્યો નથી.

**પ્રશ્ન-૬૩ :- (૧) અનંતાનુબંધી ક્રોધાદિ દ્રવ્યકર્મના અભાવથી, સ્વરૂપાચરણચારિત્ર પ્રાપ્ત થયું. (૨) અંતરાયકર્મના અભાવથી, ક્ષાયિકવીર્ય પ્રાપ્ત થયું. (૩) વેદનીય કર્મના અભાવથી અવ્યાબાધ પ્રતિજીવીગુણમાં શુદ્ધતા પ્રગટી. (૪)**



**આયુકર્મના અભાવથી, અવગાહ પ્રતિજીવીગુણમાં શુદ્ધતા પ્રગટી (૫) નામકર્મના અભાવથી, સૂક્ષ્મત્વ પ્રતિજીવીગુણમાં શુદ્ધતા પ્રગટી. આ છ વાક્યોમાં અનેકાંતને ક્યારે સમજ્યો છે અને ક્યારે નથી સમજ્યો?**

ઉત્તર :- ઉપરના બધા જ પ્રશ્નનો ઉત્તર, પ્રશ્નોત્તર ૬૨ પ્રમાણે આપો.

**પ્રશ્ન-૬૪ :- જે પણ પર્યાય થાય છે, ભૂતકાળ-ભવિષ્યકાળની પર્યાયોના સંબંધથી થાય છે, આ વાક્યમાં અનેકાંતને ક્યારે સમજ્યો છે અને ક્યારે નથી સમજ્યો?**

ઉત્તર :- (૧) જાતિ અપેક્ષાએ છ દ્રવ્યોમાં તથા દરેક દ્રવ્યના ગુણોમાં જે પણ પર્યાય થાય છે, તે તે સમયની પર્યાયની યોગ્યતાથી જ થાય છે અને ભૂતકાળ-ભવિષ્યકાળની પર્યાયોના સંબંધથી નથી થતી તો અનેકાંતને સમજ્યો છે.

(૨) જાતિ અપેક્ષાએ છ દ્રવ્યોમાં તથા દરેક દ્રવ્યના ગુણોમાં જે પણ પર્યાય થાય છે, તે તે સમયની પર્યાયની યોગ્યતાથી પણ થાય છે અને ભૂતકાળ-ભવિષ્યકાળની પર્યાયોથી પણ થાય છે તો અનેકાંતને નથી સમજ્યો.

**પ્રશ્ન-૬૫ :- વ્રતાદિ, મોક્ષમાર્ગ છે, તેમાં સાચું અનેકાંત અને મિથ્યા અનેકાંત કઈ રીતે છે?**

ઉત્તર :- શુદ્ધભાવ, મોક્ષમાર્ગ છે અને વ્રતાદિ, મોક્ષમાર્ગ નથી, તે સાચું અનેકાંત છે. શુદ્ધભાવ પણ મોક્ષમાર્ગ છે અને શુભભાવ પણ મોક્ષમાર્ગ છે તે મિથ્યા અનેકાંત છે.

**પ્રશ્ન-૬૬ :- (૧) શાસ્ત્રથી જ્ઞાન થાય છે. (૨) દર્શનમોહનીયના ઉપશમથી ઔપશમિકસમ્યક્ત્વ થાય છે. (૩) શુભભાવોથી ધર્મ થાય છે. (૪) કુંભારે ઘડો બનાવ્યો. (૫)**

**ધર્મદ્રવ્યે મને ચલાવ્યો. (૬) કર્મ, મને રખડાવે છે. (૭) શરીર ઠીક રહે તો આત્માને સુખ મળે છે. (૮) સમ્યગ્દર્શનને કારણે જ્ઞાન-ચારિત્રમાં શુદ્ધિ થાય છે. (૯) કેવળજ્ઞાનાવરણીયકર્મના અભાવથી કેવળજ્ઞાન થાય છે. (૧૦) કેવળજ્ઞાન થવાથી, કેવળ જ્ઞાનાવરણીયકર્મનો અભાવ થાય છે. આ બધા વાક્યોમાં અનેકાંતને ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું તે સ્પષ્ટ કરો?**

ઉત્તર :- (૧) જ્ઞાનગુણથી જ્ઞાન થાય છે અને શાસ્ત્રથી નથી થતું તો અનેકાંતને માન્યું.

(૨) જ્ઞાનગુણથી પણ જ્ઞાન થાય છે અને શાસ્ત્રથી પણ જ્ઞાન થાય છે તો અનેકાંતને નથી માન્યું.

આ પ્રમાણે બાકીના પ્રશ્નોના ઉત્તર આપો.

**પ્રશ્ન-૬૭ :- સાચા અનેકાંતને જાણનારાને કેવા કેવા પ્રશ્નો ઊભા થતા નથી?**

ઉત્તર :- (૧) હું કોઈનું ભલું-બુરું કરી દઉં; (૨) મારું કોઈ ભલું-બુરું કરી દે; (૩) શરીરની ક્રિયાથી ધર્મ થાશે; (૪) શુભભાવથી ધર્મ થશે કે શુભભાવ કરતા કરતા ધર્મ થશે; (૫) નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય છે; (૬) એક ગુણનું કાર્ય, બીજા ગુણથી થાય છે; (૭) એક પર્યાય, બીજી પર્યાયમાં કાંઈ કરે; વગેરે પ્રશ્ન સાચા અનેકાંતીને ઉઠતા નથી કેમકે તે જાણે છે કે એક દ્રવ્યનો બીજા દ્રવ્ય સાથે એક ગુણનું બીજા ગુણ સાથે અને એક પર્યાયનો બીજા પર્યાયની સાથે કાંઈ સંબંધ નથી; માટે સાચા અનેકાંતીને એવા પ્રશ્નો ઉઠતા નથી.

**પ્રશ્ન-૬૮ :- મિથ્યાદષ્ટિને કેવા-કેવા પ્રશ્નો ઉઠે છે?**

ઉત્તર :- (૧) હું બીજાનું ભલું-બુરું કે બીજા મારું ભલું-બુરું કરી શકે છે; (૨) શરીર મારું છે; (૩) શરીરનું કાર્ય હું કરી શકું છું; (૪) નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય છે; (૫) શુભભાવોથી ધર્મ થાય છે વગેરે ખોટા પ્રશ્ન મિથ્યાદષ્ટિને ઉભા થાય છે કેમકે તે સ્યાદ્વાદ અનેકાંતનું રહસ્ય જાણતા નથી.



**પ્રશ્ન-૬૯ :- સ્વથી અસ્તિ અને પરથી નાસ્તિ શું બતાવે છે?**

ઉત્તર :- હું મારા સ્વભાવથી છું અને પરથી નથી - એવું અનેકાંત બતાવે છે.

**પ્રશ્ન-૭૦ :- 'પરમાં' શું-શું આવ્યું?**

ઉત્તર :- (૧) અત્યંત ભિન્ન પરપદાર્થ; (૨) આંખ-નાક-કાન વગેરે ઔદારિકશરીર; (૩) તૈજસ અને કાર્મણ શરીર; (૪) ભાષા અને મન; (૫) શુભાશુભભાવ; (૬) અપૂર્ણ-પૂર્ણ શુદ્ધપર્યાયનો પક્ષ; (૭) ભેદનયનો પક્ષ; (૮) અભેદનયનો પક્ષ; (૯) ભેદાભેદનયનો પક્ષ; એ બધા પરમાં આવે છે.

**પ્રશ્ન-૭૧ :- હું મારા સ્વભાવથી છું અને પરથી નથી, તેને જાણવાથી શો લાભ છે?**

ઉત્તર :- હું મારા સ્વભાવથી અને પરથી નથી - એવો નિર્ણય કરતાં જ અનાદિકાળથી જે પરમાં કર્તા-ભોક્તાની બુદ્ધિ હતી, તેનો અભાવ થઈને, સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થઈને, ક્રમથી અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ થઈ જાય છે અને સ્યાદ્વાદ અનેકાંતનો મર્મી બની જાય છે.

**પ્રશ્ન-૭૨ :- અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ કોને છે અને અનંત ચતુષ્ટય શું છે?**

ઉત્તર :- અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ અરિહંત ભગવાનને થઈ છે અને અનંતદર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ અને અનંત વીર્ય એ ચાર અનંત ચતુષ્ટય કહેવાય છે.

**પ્રશ્ન-૭૩ :- ભગવાનને અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ કઈ રીતે થઈ?**

ઉત્તર :- ભગવાને પોતાના સ્વચતુષ્ટય તરફ દૃષ્ટિ કરી તો તેમને અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ થઈ.

**પ્રશ્ન-૭૪ :- ભગવાને કઈ રીતે સ્વચતુષ્ટય તરફ દૃષ્ટિ કરી તો તેમને અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ થઈ?**

ઉત્તર :- '(૧) સ્વદ્રવ્ય = નિર્વિકલ્પ વસ્તુમાત્ર. પરદ્રવ્ય = સવિકલ્પ ભેદ કલ્પના. (૨) સ્વક્ષેત્ર = આધારમાત્ર વસ્તુનો પ્રદેશ. પરક્ષેત્ર = જે વસ્તુનો આધારભૂત પ્રદેશ, નિર્વિકલ્પ વસ્તુમાત્રરૂપથી કહ્યું હતું, તે પ્રદેશ સવિકલ્પ ભેદકલ્પનાથી પરપ્રદેશ બુદ્ધિગોચરરૂપથી કહેવાય છે. (૩) સ્વકાળ = વસ્તુમાત્રની મૂળ અવસ્થા. પરકાળ = દ્રવ્યની મૂળ નિર્વિકલ્પ અવસ્થા, તે અવસ્થાંતર ભેદરૂપ કલ્પનાથી પરકાળ કહેવાય છે. (૪) સ્વભાવ = વસ્તુની મૂળ સહજશક્તિ. પરભાવ = દ્રવ્યની સહજશક્તિની પર્યાયરૂપ (ભેદરૂપ) અનેક અંશ દ્વારા ભેદકલ્પના, તેને પરભાવ કહેવામાં આવે છે.' આ પ્રકારે સ્વના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ તરફ દૃષ્ટિ કરવાથી, પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની તરફ દૃષ્ટિ ન કરવાથી, ભગવાનને અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ થઈ. **(શ્રી સમયસાર, કળશ ૨૫૨)**

**પ્રશ્ન-૭૫ :- અમને અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ કઈ રીતે થાય?**

ઉત્તર :- ભગવાને જેવું કર્યું, તેવો જ ઉપદેશ આપ્યો છે. જે જીવ, ભગવાનના કહ્યા પ્રમાણે ચાલે છે, તેને અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ થાય છે; બીજા પ્રકારે નથી થતી.

**પ્રશ્ન-૭૬ :- સ્વચતુષ્ટય, પરચતુષ્ટય કેટલા દ્રવ્યોમાં જોવા મળે છે?**



ઉત્તર :- દરેક દ્રવ્યમાં જોવા મળે છે.

**પ્રશ્ન-૭૭ :- જે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે, તે કેવું ભેદવિજ્ઞાન કરે તો અનંતચતુષ્ટયની પ્રાપ્તિ થાય?**

ઉત્તર :- (૧) મારા દ્રવ્ય-ગુણ-પર્યાય, મારું સ્વદ્રવ્ય; તેની અપેક્ષાએ બાકી બધા દ્રવ્યોના ગુણ-પર્યાયોનો પિંડ, પરદ્રવ્ય છે.

(૨) મારો અસંખ્યાત પ્રદેશી આત્મા, સ્વક્ષેત્ર છે; તેની અપેક્ષાએ બાકી બધા દ્રવ્યોની પર્યાયનો પિંડ, પરકાળ છે.

(૩) મારી પર્યાયોનો પિંડ સ્વકાળ છે; એ અપેક્ષાએ બાકી બધા દ્રવ્યોના ક્ષેત્ર પરક્ષેત્ર છે.

(૪) મારા અનંતગુણ મારો સ્વભાવ છે; એ અપેક્ષાએ બાકી બધા દ્રવ્યોના અનંતગુણો પરભાવ છે.

પાત્ર જીવને પ્રથમ પ્રકારનું ભેદવિજ્ઞાન કરવાથી, અનંત ચતુષ્ટય પ્રાપ્ત થવાનો અવકાશ છે.

**પ્રશ્ન-૭૮ :- બીજા પ્રકારનું ભેદવિજ્ઞાન શું છે?**

ઉત્તર :- (૧) મારા ગુણ-પર્યાયોનો પિંડ, સ્વદ્રવ્ય છે; તે અપેક્ષાએ ગુણ-પર્યાયોનો ભેદ પરદ્રવ્ય છે.

(૨) અસંખ્યાત્ પ્રદેશી ક્ષેત્ર, મારું સ્વક્ષેત્ર છે; તેની અપેક્ષાએ પ્રદેશભેદ, પરક્ષેત્ર છે.

(૩) કારણશુદ્ધપર્યાય, મારો સ્વકાળ છે; તેની અપેક્ષાએ પર્યાયનો ભેદ, પરકાળ છે.

(૪) અભેદ ગુણોનો પિંડ, સ્વભાવ છે; તેની અપેક્ષાએ જ્ઞાન-દર્શનનો ભેદ, પરભાવ છે.

પાત્ર જીવને બીજા પ્રકારનું ભેદવિજ્ઞાન કરવાથી અનંત ચતુષ્ટય પ્રાપ્ત થવાનો અવકાશ છે.

**પ્રશ્ન-૭૯ :- ત્રીજા પ્રકારનું ભેદવિજ્ઞાન શું છે?**

ઉત્તર :- (૧) અનંતગુણ પર્યાયોનો પિંડરૂપ અભેદદ્રવ્ય હું છું - એવો વિકલ્પ, પરદ્રવ્ય છે; તેની અપેક્ષાએ 'છે તો છે' તે સ્વદ્રવ્ય છે.

(૨) અસંખ્યાત પ્રદેશી અભેદ ક્ષેત્રનો વિકલ્પ, પરક્ષેત્ર છે; તેની અપેક્ષાએ 'જે ક્ષેત્ર છે તે છે' જેમાં વિકલ્પનો પણ પ્રવેશ નથી, તે સ્વક્ષેત્ર છે.

(૩) કારણશુદ્ધપર્યાય 'અભેદ હું' તે વિકલ્પ પરકાળ છે; તેની અપેક્ષાએ 'જે છે તે છે' જેમાં વિકલ્પ પણ નથી, તે સ્વકાળ છે.

(૪) અભેદ ગુણોના પિંડનો વિકલ્પ, પરભાવ છે; તેની અપેક્ષાએ જેમાં ગુણનો વિકલ્પ પણ નથી 'તે સ્વભાવ છે.'

પાત્ર જીવોને ત્રીજા પ્રકારના ભેદવિજ્ઞાનથી અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ નિયમથી થાય છે.

**પ્રશ્ન-૮૦ :- જેવા આપે ત્રણ પ્રકારના ભેદવિજ્ઞાન બતાવ્યા છે - એવું તો અમે હજારોવાર કર્યું છે પણ અમને અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ કેમ નથી થઈ?**

ઉત્તર :- ખરેખર તો આ જીવે એકવાર પણ ભેદવિજ્ઞાન નથી કર્યું. કેમકે અનુભવ થતા, ભૂતનૈગમનયથી ત્રણ પ્રકારનું ભેદવિજ્ઞાન કર્યું, એમ ઉપચારથી નામ પામે છે; અનુભવ વિના ઉપચાર નામ નથી પામતો.

**પ્રશ્ન-૮૧ :- અસ્તિ-નાસ્તિ અનેકાંતને ખરેખર ક્યારે સમજ્યું કહેવાય છે?**

ઉત્તર :- પોતાના આત્માનો અનુભવ થતાં અસ્તિ-નાસ્તિનું અનેકાંત સમજ્યો કહેવાય છે.

**પ્રશ્ન-૮૨ :- અગ્યાર અંગ અને નવ પૂર્વનો અભ્યાસી દ્રવ્યલિંગી મુનિ પણ શું અસ્તિ-નાસ્તિનો ભેદવિજ્ઞાની નથી કહેવાતો?**



ઉત્તર :- બિલકુલ નથી કહેવાતો; કેમકે પોતાનો અનુભવ થતા જ ભેદવિજ્ઞાની નામ પામે છે.

**પ્રશ્ન-૮૩ :- 'અસ્તિ'માં કોણ આવ્યું?**

ઉત્તર :- પોતાનો પરમપારિણામિકભાવ જ્ઞાયકસ્વભાવ 'અસ્તિ'માં આવ્યો. તે પણ અસ્તિમાં ક્યારે આવ્યો? જ્યારે પોતાના અભેદ જ્ઞાયક સ્વભાવને આશ્રયે નિર્વિકલ્પતા થઈ ત્યારે.

**પ્રશ્ન-૮૪ :- મોટારૂપે 'નાસ્તિ'માં કોણ કોણ આવ્યું?**

ઉત્તર :- (૧) અત્યંત ભિન્ન પરપદાર્થ. (૨) આંખ-નાક-કાનરૂપ ઔદારિક શરીર. (૩) તૈજસ-કાર્મણશરીર. (૪) ભાષા અને મન. (૫) શુભાશુભભાવ. (૬) અપૂર્ણ-પૂર્ણ શુદ્ધપર્યાયોનો પક્ષ. (૭) ભેદનયનો પક્ષ. (૮) અભેદનયનો પક્ષ. (૯) ભેદાભેદ નયનો પક્ષ.

**પ્રશ્ન-૮૫ :- દ્રવ્યથી અસ્તિ-નાસ્તિ શું છે?**

ઉત્તર :- વસ્તુ સ્વભાવથી જ સામાન્ય-વિશેષરૂપ છે. તેને સામાન્યરૂપે જોવું અસ્તિ છે. ભેદરૂપ, વિશેષરૂપ જોવું, નાસ્તિરૂપ છે. પ્રદેશ બંનેના એક જ છે.

**પ્રશ્ન-૮૬ :- દ્રવ્યથી અસ્તિ-નાસ્તિ જાણવાથી શું લાભ છે?**

ઉત્તર :- વિશેષને ગૌણ કરીને, પોતાની સામાન્ય અસ્તિ તરફ દૃષ્ટિ કરે, તો તત્કાળ સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થાય - તે 'અસ્તિ-નાસ્તિ' જાણવાનો લાભ થયો.

**પ્રશ્ન-૮૭ :- ક્ષેત્રથી અસ્તિ-નાસ્તિ શું છે?**

ઉત્તર :- વસ્તુ સ્વભાવથી દેશ-દેશાંશરૂપ છે. દેશદૃષ્ટિથી જોવું, તે સામાન્યદૃષ્ટિ છે, તેમાં વસ્તુમાં ભેદ નથી દેખાતો. દેશાંશદૃષ્ટિથી જોવું તે વિશેષદૃષ્ટિ છે. તે પ્રકારે સામાન્યદૃષ્ટિ, ક્ષેત્રથી 'અસ્તિ' અને

વિશેષદૃષ્ટિથી ક્ષેત્રથી ‘નાસ્તિ’ છે.

**પ્રશ્ન-૮૮ :- ક્ષેત્રથી અસ્તિ-નાસ્તિ જાણવાથી શું લાભ છે?**

ઉત્તર :- ક્ષેત્રથી નાસ્તિની દૃષ્ટિ ગૌણ કરીને, સામાન્યક્ષેત્રની અસ્તિ ઉપર દૃષ્ટિ કરે તો તરત સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થાય - તે ક્ષેત્રથી ‘અસ્તિ-નાસ્તિ’ જાણવાનો લાભ છે.

**પ્રશ્ન-૮૯ :- કાળથી અસ્તિ-નાસ્તિ શું છે?**

ઉત્તર :- વસ્તુ, સ્વભાવથી જ કાળ-કાળાંશરૂપ છે. કાળથી જોવું તે સામાન્યદૃષ્ટિ અને કાલાંશદષ્ટિથી જોવું તે વિશેષદૃષ્ટિ છે. આ પ્રકારે સામાન્ય દૃષ્ટિ કાળથી અસ્તિ છે અને વિશેષદૃષ્ટિ કાળથી નાસ્તિ છે.

**પ્રશ્ન-૯૦ :- કાળથી અસ્તિ-નાસ્તિ જાણવાનો શું લાભ છે?**

ઉત્તર :- વિશેષદૃષ્ટિ કાળાંશને ગૌણ કરીને સામાન્યદૃષ્ટિ કાળ પર દૃષ્ટિ કરે તો તરત સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થાય, તે કાળથી અસ્તિ-નાસ્તિ જાણવાનો લાભ છે.

**પ્રશ્ન-૯૧ :- ભાવથી અસ્તિ-નાસ્તિ શું છે?**

ઉત્તર :- વસ્તુ સ્વભાવથી જ ભાવ-ભાવાંશરૂપ છે. ભાવની દૃષ્ટિથી જોવું તે સામાન્યદૃષ્ટિ છે અને ભાવાંશની દૃષ્ટિથી જોવું, તે વિશેષદૃષ્ટિ છે. આ પ્રકારે ભાવથી સામાન્ય દૃષ્ટિ, ભાવથી અસ્તિ છે અને ભાવાંશ વિશેષદૃષ્ટિએ ભાવથી નાસ્તિ છે.

**પ્રશ્ન-૯૨ :- ભાવથી અસ્તિ-નાસ્તિ જાણવાનો શો લાભ છે?**

ઉત્તર :- ભાવથી નાસ્તિની દૃષ્ટિને ગૌણ કરીને, સામાન્ય અસ્તિ તરફ દૃષ્ટિ કરે તો તરત સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થાય, તે ભાવથી



અસ્તિ-નાસ્તિ જાણવાનું ફળ છે.

**પ્રશ્ન-૯૩ :- અસ્તિ-નાસ્તિના જ્ઞાનની સમીચીનતા ક્યારે કહેવાય છે અને ક્યારે નહિ?**

ઉત્તર :- વસ્તુ, સત્ સામાન્યની દૃષ્ટિથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ દરેક પ્રકારે અખંડ છે અને તે વસ્તુ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ અંશોમાં વિભાજિત થઈ જાય છે; માટે ખંડરૂપ છે. વસ્તુના બંને રૂપ છે. બધી વસ્તુ જે રૂપે જોવી હોય, તેને મુખ્ય અને બીજીને ગૌણ કહે છે. વસ્તુના (આત્માના, કેમકે તાત્પર્ય અમને આત્માથી છે) બંને પડખા જાણીને, સમાન્ય બાજુની દૃષ્ટિ કરવાથી જન્મ-મરણનો અભાવ થઈ જાય છે. એમ જાણીને સમ્યગ્દર્શન વગેરેની પ્રાપ્તિ થઈ, તો અસ્તિ-નાસ્તિનું જ્ઞાન સાચું છે નહિતર જૂઠું છે.

**પ્રશ્ન-૯૪ :- અસ્તિ-નાસ્તિનું જ્ઞાન કોને છે અને કોને નથી?**

ઉત્તર :- ચોથા ગુણસ્થાને બધા જ્ઞાનીઓને છે અને નિગોદથી લઈને દ્રવ્યલિંગી મુનિ સુધીનાને અસ્તિ-નાસ્તિનું જ્ઞાન નથી.

**પ્રશ્ન-૯૫ :- નિત્ય-અનિત્યનું રહસ્ય શું છે?**

ઉત્તર :- (૧) વસ્તુ જેમ સ્વભાવથી સ્વતઃ સિદ્ધ છે, તેમ જ તે સ્વભાવથી પરિણમનશીલ પણ છે.

(૨) સ્વતઃ સ્વભાવને કારણે તેમાં નિત્યપણું છે અને પરિણમન સ્વભાવને કારણે, તેમાં અનિત્યપણું છે.

(૩) નિત્ય-અનિત્યપણું બંને એક જ સમયે હોય છે.

(૪) પાત્ર જીવ અનિત્યપર્યાયને ગૌણ કરીને નિત્યસ્વભાવ તરફ દૃષ્ટિ કરીને જન્મ-મરણના દુઃખનો અભાવ કરે. તે નિત્ય-અનિત્યને જાણવાનું રહસ્ય છે.

**પ્રશ્ન-૯૬ :- નિત્ય કોને કહે છે?**

ઉત્તર :- પર્યાય ઉપર દૃષ્ટિ ન કરતા, જ્યારે દ્રવ્યદૃષ્ટિથી માત્ર અવિનાશી ત્રિકાળી સ્વભાવને જોવામાં આવે છે તો વસ્તુ નિત્ય પ્રતીત થાય છે.

**પ્રશ્ન-૯૭ :- નિત્યસ્વભાવની સિદ્ધિ કેવી રીતે થાય છે?**

ઉત્તર :- 'આ તે જ છે' - એવું પ્રત્યભીજ્ઞાનથી તેની સિદ્ધિ થાય છે. જેમ કે મારીચ હતો તે જ સિંહ હતો; તે જ નંદરાજા હતા અને તે જ મહાવીર બન્યા; 'આ તો તે જ છે' - તેનાથી નિત્યસ્વભાવની જાણ થાય છે.

**પ્રશ્ન-૯૮ :- અનિત્ય કોને કહે છે?**

ઉત્તર :- ત્રિકાલી સ્વતઃ સિદ્ધ સ્વભાવ ઉપર દૃષ્ટિ ન દેતાં, જ્યારે પર્યાયથી માત્ર ક્ષણિક અવસ્થા જોવામાં આવે છે તે વસ્તુ અનિત્ય પ્રતીત થાય છે.

**પ્રશ્ન-૯૯ :- અનિત્યની સિદ્ધિ કેવી રીતે થાય છે?**

ઉત્તર :- 'આ તે નથી' - આ જ્ઞાનથી તેની સિદ્ધિ થાય છે. જેમ કે જે મારીચ છે, તે સિંહ નથી; જે સિંહ છે, તે મહાવીર નથી; તેનાથી અનિત્યની સિદ્ધિ થાય છે.

**પ્રશ્ન-૧૦૦ :- આત્મા, નિત્ય પણ છે અને અનિત્ય પણ છે, તેમાં અનેકાંત કયા પ્રકારે છે?**

ઉત્તર :- આત્મા, દ્રવ્ય-ગુણની અપેક્ષાએ નિત્ય છે અને આત્મા, પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે.

**પ્રશ્ન-૧૦૧ :- નિત્ય-અનિત્યમાં અનેકાંત ક્યાં આવ્યું?**

ઉત્તર :- આત્મા, દ્રવ્ય-ગુણની અપેક્ષા નિત્ય જ છે; અનિત્ય નથી, તે અનેકાંત છે અને આત્મા, પર્યાયની અપેક્ષાએ અનિત્ય જ છે, નિત્ય નથી. તે અનેકાંત છે.

**પ્રશ્ન-૧૦૨ :- કોઈ કહે આત્મા, દ્રવ્ય-ગુણની અપેક્ષાએ નિત્ય પણ છે અને અનિત્ય પણ છે?**



ઉત્તર :- તે મિથ્યા અનેકાંત છે.

**પ્રશ્ન-૧૦૩ :- કોઈ કહે આત્મા, પર્યાયની અપેક્ષાએ અનિત્ય પણ છે અને નિત્ય પણ છે.**

ઉત્તર :- તે મિથ્યા અનેકાંત છે.

**પ્રશ્ન-૧૦૪ :- નિત્ય-અનિત્યપણું કોનામાં હોય છે?**

ઉત્તર :- દરેક દ્રવ્ય ગુણમાં અનાદિ અનંત નિત્ય-અનિત્યપણું હોય છે.

**પ્રશ્ન-૧૦૫ :- નિત્ય-અનિત્ય ત્રણે પ્રકારના ભેદવિજ્ઞાન લગાવીને સમજાવો?**

ઉત્તર :- પ્રશ્નોત્તર ૭૭-૭૮-૭૯ પ્રમાણે ઉત્તર આપો.

**પ્રશ્ન-૧૦૬ :- નિત્ય-અનિત્ય અનેકાંતને સમજવાથી શું લાભ છે?**

ઉત્તર :- મારો આત્મા નિત્ય છે; બાકી બધા પર, અનિત્ય છે - એમ જાણીને પોતાના નિત્ય ત્રિકાળી ભગવાનનો આશ્રય લઈને, ધર્મની પ્રાપ્તિ થવી, તે નિત્ય-અનિત્યને સમજવાનો લાભ છે. માટે અનિત્યને ગૌણ કરીને, નિત્યસ્વભાવનો આશ્રય લેવો પાત્ર જીવોનું પરમ કર્તવ્ય છે.

**પ્રશ્ન-૧૦૭ :- મારો આત્મા નિત્ય છે અને પર, અનિત્ય છે તો 'પરમાં' કોણ કોણ આવે છે?**

ઉત્તર :- (૧) અત્યંત ભિન્ન પદાર્થ, અનિત્ય છે. (૨) આંખ, નાક, કાન વગેરે ઔદારિકશરીર, અનિત્ય છે. (૩) તૈજસ-કાર્મણશરીર અનિત્ય છે. (૪) ભાષા અને મન, અનિત્ય છે. (૫) શુભાશુભભાવ અનિત્ય છે. (૬) અપૂર્ણ-પૂર્ણ શુદ્ધપર્યાયનો પક્ષ, અનિત્ય છે. (૭) ભેદનયનો પક્ષ અનિત્ય છે. (૮) અભેદનયનો પક્ષ અનિત્ય છે.

(૯) ભેદાભેદનયનો પક્ષ અનિત્ય છે.

**પ્રશ્ન-૧૦૮ :- મારો આત્મા જ નિત્ય છે અને પર અનિત્ય છે, તેને જાણવાથી શું લાભ છે?**

ઉત્તર :- પોતાના નિત્ય જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થઈને, ક્રમથી વૃદ્ધિ કરીને પૂર્ણ સિદ્ધદશાની પ્રાપ્તિ થાય છે અને પર જે અનિત્ય છે, તેનાથી લાભ-નુકસાન માને તો ચારેય ગતિમાં રખડીને નિગોદને પામે છે.

**પ્રશ્ન-૧૦૯ :- સર્વથા નિત્યપક્ષને માનવાથી શું નુકસાન છે?**

ઉત્તર :- (૧) સત્‌ને સર્વથા નિત્ય માનવાથી પરિણતિનો અભાવ થઈ જશે.

(૨) પરિણતિના અભાવમાં તત્ત્વ, ક્રિયા, ફળ, કારક, કારણ, કાર્ય કાંઈ પણ નહિ બને.

**પ્રશ્ન-૧૧૦ :- સર્વથા નિત્યપક્ષ માનવાથી 'તત્ત્વ' કયા પ્રકારે નહિ બને?**

ઉત્તર :- (૧) પરિણામ, સત્‌ની અવસ્થા છે અને જો પરિણામનો અભાવ માનવામાં આવે તો પરિણામના અભાવમાં પરિણામી (દ્રવ્ય)નો અભાવ સ્વયંસિદ્ધ છે.

(૨) વ્યતિરેકના અભાવમાં અન્વય (દ્રવ્ય) પોતાની રક્ષા નથી કરી શકતું. એ પ્રમાણે 'તત્ત્વ'ના અભાવનો પ્રસંગ ઊભો થશે.

**પ્રશ્ન-૧૧૧ :- સર્વથા નિત્યપક્ષ માનવાથી ક્રિયા-ફળ વગેરે કયા પ્રકારે નહિ બને?**

ઉત્તર :- ક્રિયા-ફળ, કાર્ય વગેરે તો બધા પર્યાયમાં થાય છે; માટે પર્યાયની નાસ્તિ માનવાથી, એટલે કે સર્વથા નિત્યપક્ષ માનવાથી ક્રિયા-ફળ વગેરે નહિ બનવાનો પ્રસંગ ઊભો થશે.



**પ્રશ્ન-૧૧૨ :- સર્વથા નિત્યપક્ષ માનવાથી 'તત્ત્વ અને ક્રિયા' કેમ નહિ બની શકે?**

ઉત્તર :- (૧) મોક્ષનું સાધન જે સમ્યગ્દર્શનાદિ શુદ્ધભાવ છે, તે પરિણામ છે. તે શુદ્ધભાવોનું ફળ, મોક્ષ છે અને મોક્ષ પણ નિરાકુળતારૂપ, સુખરૂપ પરિણામ છે.

(૨) મોક્ષમાર્ગ, સાધન અને મોક્ષ, સાધ્યરૂપ તે બંને પરિણામ છે અને પરિણામ તમે માનતા નથી.

(૩) ક્રિયાનો અભાવ થવાનો પ્રસંગ ઊભો થઈ ગયો છે, કેમકે ક્રિયા, પર્યાયમાં થાય છે.

(૪) મોક્ષમાર્ગ અને મોક્ષરૂપ પરિણામનો કર્તા, સાધક આત્મ દ્રવ્ય છે, સામાન્યસ્વરૂપ છે, વિશેષ વિના સામાન્ય પણ નહિ બને.

(૫) આ પ્રમાણે તત્ત્વનો અભાવ ઠરે છે, એટલે કે કર્તા, કર્મ, ક્રિયા કોઈ પણ કારક નથી બનતા.

**પ્રશ્ન-૧૧૩ :- સર્વથા અનિત્યપક્ષ માનવાથી શું નુકસાન છે?**

ઉત્તર :- (૧) સત્‌ને સર્વથા અનિત્ય માનવાથી, સત્ તો પહેલા જ નાશ થઈ જશે પછી પ્રમાણ અને પ્રમાણનું ફળ નહિ બને.

(૨) સત્‌ને અનિત્ય સિદ્ધ કરવા માટે અનુમાન પ્રયોગમાં 'જે સત્ છે, તે અનિત્ય છે' તે કહેવું જ ખોટું થઈ જશે, કેમકે સત્ તો છે જ નહિ, પછી 'જે સત્ છે તે' - આ શબ્દ કઈ રીતે?

(૩) સત્‌ને નહિ માનનારા, તેનો અભાવ કઈ રીતે સિદ્ધ કરશે એટલ કે નહિ કરી શકે.

(૪) સત્‌ને નિત્ય સિદ્ધ કરવામાં જે પ્રત્યભિજ્ઞાન પ્રમાણ છે, તે તો ક્ષણિક એકાંત (સર્વથા)નું બાધક છે.

(૫) વસ્તુના અભાવમાં પરિણામ કોનું. માટે નિત્યના અભાવમાં અનિત્ય તો ગધેડાના શિંગડા સમાન છે.

**પ્રશ્ન-૧૧૪ :- નિત્ય-અનિત્યના સંબંધમાં શું રહ્યું?**

ઉત્તર :- દ્રવ્ય અને પર્યાય બંનેને માનવા જોઈએ, કેમકે પર્યાય અનિત્ય છે, તેને ગૌણ કરીને દ્રવ્ય જે નિત્ય છે, તેનો આશ્રય લેવાથી ધર્મની શરૂઆત અને ક્રમથી પૂર્ણતાની પ્રાપ્તિ થશે.

**પ્રશ્ન-૧૧૫ :- અનેકાંત વસ્તુને નિત્ય-અનિત્ય બતાવવાનું શું તાત્પર્ય છે?**

ઉત્તર :- આત્મા પોતે નિત્ય છે અને પોતાની પર્યાય જ અનિત્ય છે; તેમાં જે તરફની રુચિ તે તરફના પરિણામ થાય છે. નિત્ય વસ્તુની રુચિ કરે તો નિત્ય સ્થાયી એવી વીતરાગતાની પ્રાપ્ત થાય છે. અને અનિત્ય પર્યાયની રુચિ કરે, તો ક્ષણિક રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન-૧૧૬ :- તત્-અતત્માં કઈ વાતનો વિચાર કરવામાં આવે છે?**

ઉત્તર :- નિત્ય-અનિત્યમાં બતાવેલા પરિણમનસ્વભાવને કારણે, વસ્તુમાં જે સમય-સમયનું પરિણામ ઉત્પન્ન થાય છે, તે પરિણામ સદશ છે કે વિસદશ છે, તેનો વિચાર તત્-અતત્માં કરવામાં આવે છે.

**પ્રશ્ન-૧૧૭ :- તત્ કોને કહે છે?**

ઉત્તર :- પરિણમન કરતી થકી 'તેની તે જ છે; બીજી નથી' તેને તત્ભાવ કહે છે.

**પ્રશ્ન-૧૧૮ :- અતત્ કોને કહે છે?**

ઉત્તર :- પરિણમન કરતી થકી વસ્તુ, સમયે-સમયે નવી ઉત્પન્ન થાય છે. 'તેની તે નથી.' તેને અતત્ભાવ કહે છે. આ દૃષ્ટિથી



દરેક સમયનું સત્ જ ભિન્ન-ભિન્નરૂપ છે.

**પ્રશ્ન-૧૧૯ :- તત્ ધર્મથી શું લાભ છે?**

ઉત્તર :- તેનાથી તત્ત્વની સિદ્ધિ થાય છે.

**પ્રશ્ન-૧૨૦ :- અતત્ ધર્મથી શું લાભ છે?**

ઉત્તર :- તેનાથી ક્રિયા, ફળ, કારક, સાધન, સાધ્ય કારણ-કાર્ય વગેરે ભાવોની સિદ્ધિ થાય છે.

**પ્રશ્ન-૧૨૧ :- તત્-અતત્નું અનેકાંત શું છે?**

ઉત્તર :- દરેક વસ્તુમાં વસ્તુપણાની સિદ્ધિ કરનારી તત્-અતત્ વગેરે પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું એક સાથે પ્રકાશિત થવું, તેને અનેકાંત કહે છે.

**પ્રશ્ન-૧૨૨ :- આત્મામાં તત્-અતત્પણું શું છે?**

ઉત્તર :- આત્મા 'તેનો તે છે' એ તત્પણું છે અને બદલતા બદલતા 'આ તે નથી' તે અતત્પણું છે.

**પ્રશ્ન-૧૨૩ :- તત્-અતત્માં ત્રણે પ્રકારના ભેદવિજ્ઞાન લગાવીને સમજાવો.**

ઉત્તર :- પ્રશ્નોત્તર ૭૭-૭૮-૭૯ પ્રમાણે ઉત્તર આપો.

**પ્રશ્ન-૧૨૪ :- આત્મા, તત્રૂપથી છે; અતત્રૂપથી નથી, તેને જાણવાથી શું લાભ છે?**

ઉત્તર :- આત્મામાં તત્-અતત્પણું બેય ધર્મ જોવા મળે છે. અતત્પણાને ગૌણ કરીને, તત્ધર્મ તરફ દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થઈને, ક્રમથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન-૧૨૫ :- અતત્માં કોણ કોણ આવે છે?**

ઉત્તર :- (૧) અત્યંત ભિન્ન પદાર્થ, અતત્ છે. (૨) આંખ-નાક-કાન ઔદારિકશરીર, અતત્ છે. (૩) તૈજસ, કાર્માણશરીર અતત્ છે. (૪) શબ્દ અને મન અતત્ છે. (૫) શુભાશુભભાવ, અતત્

છે. (૬) પૂર્ણ-અપૂર્ણ શુદ્ધપર્યાયનો પક્ષ અતત્ છે. (૭) ભેદનયનો પક્ષ, અતત્ છે. (૮) અભેદનયનો પક્ષ, અતત્ છે. (૯) ભેદાભેદનયનો પક્ષ અતત્ છે. (૧૦) જ્ઞાનની પર્યાય અતત્ છે. એકમાત્ર આત્મા ત્રિકાળી આત્મા 'તેનો તે' તત્ છે. તેના પર દૃષ્ટિ દેવાથી પોતાના ભગવાનનો પત્તો લાગે છે અને ક્રમથી મોક્ષલક્ષ્મીનો નાથ બની જાય છે. અતત્‌થી મારું ભલુ છે કે બુરુ છે - એવી માન્યતાથીત ચારેય ગતિમાં ભટકીને નિગોદનો પાત્ર બની જાય છે.

**પ્રશ્ન-૧૨૬ :- એક-અનેકપણું શું છે?**

**ઉત્તર** :- અખંડ સામાન્યની અપેક્ષાથી દ્રવ્ય સત્, એક છે અને અવયવોની અપેક્ષાએ દ્રવ્ય સત્, અનેક પણ છે.

**પ્રશ્ન-૧૨૭ :- સત્ એક છે, એમાં શું યુક્તિ છે?**

**ઉત્તર** :- દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી, ગુણ-પર્યાયનું કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ અંશોના અભિન્ન પ્રદેશ હોવાથી સત્ એક છે; માટે અખંડ સામાન્યની અપેક્ષાથી સત્, એક છે.

**પ્રશ્ન-૧૨૮ :- દ્રવ્યથી સત્ એક કઈ રીતે છે?**

**ઉત્તર** :- ગુણ-પર્યાયોનો એક તન્મય પિંડ દ્રવ્ય, એક છે; માટે દ્રવ્યથી સત્ એક છે.

**પ્રશ્ન-૧૨૯ :- ક્ષેત્રથી સત્, એક કઈ રીતે છે?**

**ઉત્તર** :- જે સમયે જે દ્રવ્યના એક દેશમાં, જેટલું જે સત્ સ્થિત છે, તે સમયે તે જ દ્રવ્યના બધા દેશોમાં (ક્ષેત્રમાં) પણ તેટલું જ તેવું જ સત્ સ્થિત છે. આ અપેક્ષાએ સત્, ક્ષેત્રથી એક છે.

**પ્રશ્ન-૧૩૦ :- કાળથી સત્ એક કઈ રીતે છે?**

**ઉત્તર** :- એક સમયમાં રહેનારું જેટલું અને જે પ્રકારનું સંપૂર્ણ સત્ છે, ત્યાં તેટલું અને તે પ્રકારનું સંપૂર્ણ સત્ બધા સમયમાં પણ છે, તે સદા અખંડ છે. આ અપેક્ષાએ સત્, કાળથી એક છે.



**પ્રશ્ન-૧૩૧ :- ભાવથી સત્ એક કઈ રીતે છે?**

**ઉત્તર** :- સત્ બધા ગુણોનો તાદાત્મ્ય એક પિંડ છે. ગુણો સિવાય તેમાં બીજું કાંઈ છે જ નહિ. કોઈ એક ગુણની અપેક્ષાથી જેટલું સત્ છે, દરેક ગુણની અપેક્ષાથી પણ તે તેટલું જ છે. બધા ગુણોની અપેક્ષાથી પણ તે તેટલું જ છે. આ અપેક્ષાએ સત્ ભાવથી એક છે.

**પ્રશ્ન-૧૩૨ :- સત્‌ના અનેક હોવામાં શું યુક્તિ છે?**

**ઉત્તર** :- વ્યતિરેક વિના અન્વય પક્ષ નથી રહેતો, એટલે કે અવયવોના અભાવમાં અવયવીનો અભાવ ઠરે છે. માટે અવયવોની અપેક્ષાએ સત્ અનેક પણ છે.

**પ્રશ્ન-૧૩૩ :- દ્રવ્યથી સત્ અનેક કઈ રીતે છે?**

**ઉત્તર** :- ગુણ પોતાના લક્ષણથી છે, પર્યાય પોતાના લક્ષણથી છે. દરેક અવયવ પોત પોતાના લક્ષણથી ભિન્ન-ભિન્ન છે; પ્રદેશભેદ નથી; માટે સત્, દ્રવ્યથી અનેક છે.

**પ્રશ્ન-૧૩૪ :- ક્ષેત્રથી સત્ અનેક કેમ છે?**

**ઉત્તર** :- દરેક દેશાંશનું સત્ જુદું જુદું છે. તે અપેક્ષાથી ક્ષેત્રથી અનેક પણ છે; સર્વથા નથી.

**પ્રશ્ન-૧૩૫ :- કાળથી સત્ અનેક કઈ રીતે છે?**

**ઉત્તર** :- પર્યાયદૃષ્ટિથી દરેક કાળ (પર્યાય)નું સત્, જુદું જુદું છે. આ પ્રકારે સત્, કાળની અપેક્ષાએ અનેક છે.

**પ્રશ્ન-૧૩૬ :- ભાવની અપેક્ષાએ સત્ અનેક કઈ રીતે છે?**

**ઉત્તર** :- દરેક ભાવ (ગુણ) પોતપોતાના લક્ષણથી જુદા જુદા છે; પ્રદેશભેદ નથી. આ પ્રકારે સત્, ભાવની અપેક્ષાએ અનેક છે.

**પ્રશ્ન-૧૩૭ :- એક-અનેક પર અનેકાંત કયા પ્રકારે લાગે છે?**

ઉત્તર :- આત્મા, દ્રવ્યની અપેક્ષાએ એક છે; અનેક નથી, તે અનેકાંત છે; અને આત્મા, ગુણ-પર્યાયોની અપેક્ષાથી અનેક છે; એક નથી, તે અનેકાંત છે.

**પ્રશ્ન-૧૩૮ :- આત્મા, દ્રવ્યની અપેક્ષાએ એક પણ છે અને અનેક પણ છે, શું તે અનેકાંત નથી?**

ઉત્તર :- તે મિથ્યા અનેકાંત છે.

**પ્રશ્ન-૧૩૯ :- દ્રવ્ય, ગુણ-પર્યાયની અપેક્ષાએ અનેક પણ છે અને એક પણ છે, શું તે અનેકાંત છે?**

ઉત્તર :- તે મિથ્યા અનેકાંત છે.

**પ્રશ્ન-૧૪૦ :- એક-અનેકમાં ત્રણ પ્રકારના ભેદવિજ્ઞાન સમજાવો?**

ઉત્તર :- પ્રશ્નોત્તર ૭૭, ૭૮, ૭૯ પ્રમાણે ઉત્તર આપો.

**પ્રશ્ન-૧૪૧ :- એક-અનેકને જાણવાથી શું લાભ છે?**

ઉત્તર :- ગુણ અને પર્યાયોમાં જે અનેકપણું છે, તેને ગૌણ કષરીને એક અભેદનો આશ્રય લે, તો તરત સમ્યક્ દર્શનાદિની પ્રાપ્તિ થાય છે અને ક્રમે નિર્વાણ તરફ ગમન થાય છે.

**પ્રશ્ન-૧૪૨ :- અનેકપણામાં શું શું આવે છે, જેના તરફ દૃષ્ટિ કરવાથી ચારેય ગતિમાં ભટકીને નિગોદમાં જવું પડે છે?**

ઉત્તર :- (૧) અત્યંત ભિન્ન પદાર્થ અનેક છે. (૨) આંખ, નાક, કાન ઔદારિક શરીરમાં અનેક છે. (૩) તૈજસ, કાર્માણશરીર, અનેક છે. (૪) ભાષા અને મન, અનેક છે. (૫) શુભાશુભભાવ, અનેક છે. (૬) અપૂર્ણ-પૂર્ણ શુદ્ધપર્યાયનો પક્ષ, અનેક છે. (૭) ભેદનયનો પક્ષ અનેક છે. (૮) અભેદનયનો પક્ષ અનેક છે. (૯) ભેદભેદનયનો પક્ષ અનેક છે. (૧૦) ગુણભેદ, અનેક છે. માટે અનેક બાજુ દૃષ્ટિ કરવાથી મારું ભલું છે કે બુરું છે, એવી માન્યતા ચારેય ગતિમાં રખડીને નિગોદમાં લઈ જાય છે અને બધાથી દૃષ્ટિ હટાવીને એક અભેદ ભગવાન જ્ઞાયક ઉપર દૃષ્ટિ કરવાથી ધર્મની પ્રાપ્તિ થઈ ક્રમથી સિદ્ધ થઈ જાય છે.



**પ્રશ્ન-૧૪૩ :- સ્યાદ્વાદ કોને કહે છે?**

ઉત્તર :- વસ્તુના અનેકાંતસ્વરૂપને સમજાવવાની સાપેક્ષ કથનપદ્ધતિને સ્યાદ્વાદ કહે છે.

**પ્રશ્ન-૧૪૪ :- સ્યાદ્વાદનો અર્થ શું છે?**

ઉત્તર :- સ્યાત્ = કથંચિત્ કોઈ પ્રકારે, કોઈ સમ્યક્ અપેક્ષાથી; વાદ = કથન કરવું.

**પ્રશ્ન-૧૪૫ :- સ્યાદ્વાદ કેવું છે?**

ઉત્તર :- અનંત ધર્મોવાળું દ્રવ્ય છે. તેના એક એક ધર્મનું જ્ઞાન કરીને, વિવિક્ષિત (મુખ્ય) અવિવિક્ષિત (ગૌણ)ની વિધિ નિષેધ દ્વારા પ્રગટ થનારી સપ્તભંગી સતત સમ્યક્ પ્રકારે કથન કરવામાં આવતું 'સ્યાત્' કારરૂપી અમોઘમંત્ર દ્વારા 'જ'માં ભરેલા દરેક વિવિધ વિષયના મોહને દૂર કરે છે.

**પ્રશ્ન-૧૪૬ :- સ્યાદ્વાદને સ્પષ્ટ કરો.**

ઉત્તર :- એક જ પદાર્થ કથંચિત્ સ્વચતુષ્ટયની અપેક્ષાથી અસ્તિરૂપ છે. કથંચિત્ પરચતુષ્ટયની અપેક્ષાથી નાસ્તિરૂપ છે. કથંચિત્ સમુદાયની અપેક્ષાથી એકરૂપ છે. કથંચિત્ ગુણ-પર્યાયની અપેક્ષાથી અનેકરૂપ છે. કથંચિત્ દ્રવ્ય અપેક્ષાથી નિત્ય છે. કથંચિત્ પર્યાયની અપેક્ષાથી અનિત્ય છે. કથંચિત્ નય અપેક્ષાથી વસ્તુસ્વભાવનું કથન કરવું, તેને સ્યાદ્વાદ કહે છે.

**પ્રશ્ન-૧૪૭ :- સ્યાત્-પદ શું બતાવે છે અને શું નથી બતાવતું?**

ઉત્તર :- સ્યાત્-પદ અવિવક્ષિતધર્મોનું ગૌણપણું બતાવે છે; પણ અવિવક્ષિતધર્મોનો અભાવ કરવાનું નથી કહેતું.

**પ્રશ્ન-૧૪૮ :- સ્યાદ્વાદ અને અનેકાંતમાં કેવો સંબંધ છે?**

ઉત્તર :- દ્યોત્ય-દ્યોતકસંબંધ છે; વાચ્ય-વાચકસંબંધ નથી.

**પ્રશ્ન-૧૪૯ :- વાચ્ય-વાચકસંબંધ કોને કહે છે?**

ઉત્તર :- જેવો શબ્દ હોય, તેવો જ પદાર્થ હોય, તેને વાચ્ય-વાચક સંબંધ કહે છે. જેમ, સાકર શબ્દ થયો, તે વાચક છે; સાકર પદાર્થ વાચ્ય છે અને જેમ ગુરુએ કહેલો આત્મા તે એક વાચક છે અને આત્મા પદાર્થ દૃષ્ટિમાં આવે તે વાચ્ય છે.

**પ્રશ્ન-૧૫૦ :- દ્યોત્ય-દ્યોતકસંબંધ કોનામાં હોય છે?**

ઉત્તર :- સ્યાદ્વાદ અને અનેકાંતમાં હોય છે. સ્યાદ્વાદ = દ્યોતક બતાવનાર છે અને અનેકાંત = વસ્તુસ્વરૂપ છે, દ્યોત્ય છે તે બતાવવા યોગ્ય છે.

**પ્રશ્ન-૧૫૧ :- દ્યોત્ય અને દ્યોતકસંબંધ સમજાણો નહિ. કૃપા કરીને સ્પષ્ટ કરો?**

ઉત્તર :- આત્મા, સ્વની અપેક્ષાથી અસ્તિ છે અને પરની અપેક્ષાએ નાસ્તિ છે. તે અસ્તિ-નાસ્તિ બંને ધર્મ એક સાથે જોવામાં આવે છે પણ કથન બંનેનું એક સાથે નથી થઈ શકતું. જેમકે આત્મા સ્વની અપેક્ષાએ છે, એમ કથન કર્યું, ત્યાં આત્મા પરની અપેક્ષાએ નથી, તેમ નથી કહેવામાં આવ્યું; પણ ગૌણ થઈ ગયું-એવી કથનશૈલીને સ્યાદ્વાદ કહે છે; માટે અનેકાંતને દ્યોત્ય અને સ્યાદ્વાદને દ્યોતક કહે છે.

**પ્રશ્ન-૧૫૨ :- દ્યોત્ય-દ્યોતકસંબંધ ક્યારે છે?**



ઉત્તર :- વસ્તુમાં અનેક ધર્મ છે. જ્યારે એક ધર્મનું કથન કરવામાં આવે તો બીજો ધર્મ ગૌણ થઈ જાય છે ત્યારે દ્યોત્ય-દ્યોતકસંબંધ છે.

**પ્રશ્ન-૧૫૩ :- સપ્તભંગી કઈ રીતે પ્રગટ થાય છે?**

ઉત્તર :- જેનું કથન કરવું છે, તે ધર્મને મુખ્ય કરીને, તેનું કથન કરવાથી અને જેનું કથન નથી કરવાનું, તે ધર્મને ગૌણ કરીને તેનો નિષેધ કરવાથી સપ્તભંગી પ્રગટ થાય છે.

**પ્રશ્ન-૧૫૪ :- સપ્તભંગી કેટલા પ્રકારની હોય છે?**

ઉત્તર :- બે પ્રકારની છે. નયસપ્તભંગી અને પ્રમાણસપ્તભંગી.

**પ્રશ્ન-૧૫૫ :- નયસપ્તભંગી અને પ્રમાણસપ્તભંગી કોને કહે છે અને તેનું વર્ણન ક્યાં કરવામાં આવ્યું છે?**

ઉત્તર :- વક્તાના અભિપ્રાયને એક ધર્મ દ્વારા કથન કરીને કહેવું હોય તો તેને નયસપ્તભંગી કહે છે અને વક્તાના અભિપ્રાયને પૂર્ણ વસ્તુસ્વરૂપ દ્વારા કથન કરીને બતાવવું હોય છે પ્રમાણસપ્તભંગી કહે છે. પ્રવચનસારમાં નયસપ્તભંગીનું અને પંચાસ્તિકાયમાં પ્રમાણસપ્તભંગીનું કથન કરવામાં આવ્યું છે.

**પ્રશ્ન-૧૫૬ :- સામાન્ય અને વિશેષને જાણવાથી દુઃખ કઈ રીતે મટે અને સુખ કઈ રીતે પ્રગટે?**

ઉત્તર :- (૧) વસ્તુમાં નિત્ય ધર્મ છે, જેને કારણે વસ્તુ અવસ્થિત છે. આ ધર્મને જાણવાથી માલુમ પડે છે કે દ્રવ્યરૂપથી મોક્ષ, આત્મામાં વર્તમાનમાં વિદ્યમાન જ છે, તો પછી તેનો આશ્રય કરીને કેમ પ્રગટ નથી કરવામાં આવતો? વર્તમાન પર્યાયમાં મિથ્યાત્વ છે, રાગ છે, દ્વેષ છે, દુઃખ છે, સાથે એમ પણ જણાય છે કે પરિણમનસ્વભાવ દ્વારા બદલીને, સમ્યક્ત્વ, વીતરાગતા અને સુખરૂપ પરિવર્તિત કરી શકાય છે.

(૨) ભવ્ય જીવ, નિત્યસ્વભાવનો આશ્રય કરીને પર્યાયના દુઃખને સુખમાં બદલી દે છે. માટે સામાન્ય અને વિશેષને જાણવાથી દુઃખનો અભાવ અને સુખની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન-૧૫૭ :- કોઈ વસ્તુને સર્વથા નિત્ય જ માની લે તો શું નુકસાન થાય?**

ઉત્તર :- નિશ્ચયાભાસી બની જશે.

**પ્રશ્ન-૧૫૮ :- કોઈ વસ્તુને સર્વથા અનિત્ય જ માની લે તો શું નુકસાન થશે?**

ઉત્તર :- મૂળ તત્ત્વ જતુ રહેશે અને બૌદ્ધમતનો પ્રસંગ બનશે.

**પ્રશ્ન-૧૫૯ :- નિત્ય-અનિત્યને જાણીને, પાત્ર જીવે શું કરવું જોઈએ?**

ઉત્તર :- સામાન્ય-વિશેષ બેયને જાણીને, પર્યાયને ગૌણ કરીને, દ્રવ્યસ્વભાવનો આશ્રય લઈને ધર્મ પ્રગટ કરવો એ પાત્ર જીવનું પરમ કર્તવ્ય છે.

**પ્રશ્ન-૧૬૦ :- શું પ્રમાણસપ્તભંગીને જાણવાથી કલ્યાણ નથી થતું?**

ઉત્તર :- ચોક્કસ થાય છે.

**પ્રશ્ન-૧૬૧ :- પ્રમાણસપ્તભંગીને જાણવાથી કલ્યાણ કઈ રીતે થાય?**

ઉત્તર :- (અ) (૧) મારો આત્મા, પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અસ્તિ છે. (૨) મારો આત્મા તત્ છે. (૩) મારો આત્મા, નિત્ય છે. (૪) મારો આત્મા એક છે.

(આ) (૧) મારા આત્માની અપેક્ષાએ બાકી રહેલા અનંત આત્મા, અનંતાઅનંત પુદ્ગલ, ધર્મ-ધર્મ-આકાશ એક એક અને લોકપ્રમાણ અસંખ્યાત કાળદ્રવ્ય-પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ નાસ્તિ છે.



(૨) બધા પરપદાર્થો, અતત્ છે. (૩) બધા પરપદાર્થ અનિત્ય છે. (૪) બધા પરપદાર્થો અનેક છે.

એમ જાણતા જ દૃષ્ટિ એકમાત્ર પોતાના સ્વભાવ ઉપર આવી જાય છે. જ્યારે પર તરફ જોવાનું રહ્યું નહિ તો પર્યાયમાં રાગ-દ્વેષ પણ ઉત્પન્ન નહિ થાય અને દૃષ્ટિ એકમાત્ર સ્વભાવ પર હોવાથી ધર્મની પ્રાપ્તિ થઈ જાય છે. આ પ્રથમ પ્રકારના ભેદવિજ્ઞાનમાં પર્યાયનું પણ ભેદવિજ્ઞાન આવી જાય છે. આ પ્રમાણે પાત્ર જીવ પ્રમાણસપ્તભંગીને જાણવાથી ધર્મની પ્રાપ્ત કરીને ક્રમથી નિર્વાણનો પાત્ર બને છે.

**પ્રશ્ન-૧૬૨ :- નયસપ્તભંગી જાણવાથી કઈ રીતે કલ્યાણ થાય?**

ઉત્તર :- નયસપ્તભંગી તે કરી શકે છે જેણે, સ્થૂળરૂપે પરદ્રવ્યોથી મારે કોઈ પ્રકારનો સંબંધ નથી, એમ જાણ્યું છે.

(અ) (૧) અનંત ગુણસહિત અભેદ પરમપારિણામિક જ્ઞાયકભાવ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિ છે, (૨) જ્ઞાયકભાવ તત્ છે, (૩) જ્ઞાયકભાવ નિત્ય છે, (૪) જ્ઞાયકભાવ, એક છે.

(આ) (૧) આ ત્રિકાળી જ્ઞાયકની અપેક્ષાએ પર્યાયમાં વિકારીભાવ, અપૂર્ણ-પૂર્ણ શુદ્ધપર્યાય, ગુણભેદ કલ્પના વગેરે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિ છે, (૨) વિકારીભાવ, અપૂર્ણ-પૂર્ણ શુદ્ધપર્યાય, ગુણભેદ કલ્પના વગેરે અતત્ છે, (૩) વિકારીભાવ, અપૂર્ણ-પૂર્ણ શુદ્ધપર્યાય, ગુણભેદ કલ્પના વગેરે, અનિત્ય છે, (૪) વિકારીભાવ, અપૂર્ણ-પૂર્ણ શુદ્ધપર્યાય, ગુણભેદ કલ્પના વગેરે અનેક છે.

એવું નિજ આત્માનું એક-અનેકાત્મક સ્વરૂપ જાણીને, પાત્ર જીવ તરત સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિ, તત્, નિત્ય, એક સ્વભાવ

તરફ દૃષ્ટિ કરીને સમ્યગ્દર્શનાદિને પામીને ક્રમથી પોતામાં એકાગ્ર થઈને, પરમ મોક્ષલક્ષ્મીનો નાથ બની જાય છે.

**પ્રશ્ન-૧૬૩ :- પ્રમાણસપ્તભંગી અને નયસપ્તભંગીનું જ્ઞાન કોને થાય છે અને કોને નથી થતું?**

ઉત્તર :- જ્ઞાનીઓને જ આ બંનેનું જ્ઞાન વર્તે છે. મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી મુનિ વગેરેને આમાંથી એકનું પણ જ્ઞાન નથી વર્તતું.

**પ્રશ્ન-૧૬૪ :- એકાંતના કેટલા ભેદ છે?**

ઉત્તર :- બે ભેદ છે - સમ્યક્એકાંત અને મિથ્યા એકાંત.

**પ્રશ્ન-૧૬૫ :- સમ્યક્એકાંત અને મિથ્યાએકાંત શું છે, વિશેષ સમજાવો?**

ઉત્તર :- (૧) પોતાના સ્વરૂપથી અસ્તિત્વ અને પરરૂપથી નાસ્તિત્વ વગેરે જે વસ્તુસ્વરૂપ છે, તેની અપેક્ષા રાખીને પ્રમાણ દ્વારા જણાયેલ પદાર્થનો એક દેશનો (પક્ષનો) વિષય કરનારી નય, સમ્યક્ એકાંત છે. (સંક્ષેપમાં સાપેક્ષનય, સમ્યક્એકાંત છે.).

(૨) કોઈ વસ્તુના એક ધર્મનો નિશ્ચય કરીને, તેમાં રહેનારા અન્ય ધર્મોનો સર્વથા નિષેધ કરવો, તે મિથ્યાએકાંત છે. (નિરપેક્ષનય, મિથ્યાએકાંત છે.)

**પ્રશ્ન-૧૬૬ :- સમ્યક્ એકાંત અને મિથ્યા એકાંતનું દૃષ્ટાંત આપો.**

ઉત્તર :- (૧) 'સિદ્ધ ભગવાન જ સુખી છે' - એમ જાણવું તે સમ્યક્ એકાંત છે કેમકે 'સિદ્ધ જીવોને બિલકુલ દુઃખ નથી.' એવું ગર્ભિતપણે તેમાં આવી જાય છે. અને 'બધા જીવો એકાંત સુખી છે' - એમ જાણવું તે મિથ્યા એકાંત છે. કેમકે વર્તમાનમાં અજ્ઞાની જીવ દુઃખી છે, તેનો તેમાં અસ્વીકાર છે.

(૨) 'સમ્યગ્જ્ઞાન જ ધર્મ છે' - એમ જાણવું સમ્યક્ એકાંત



છે, કેમકે 'સમ્યગ્જ્ઞાનપૂર્વક વૈરાગ્ય થાય છે.' - એમ તેમાં ગર્ભિતપણે આવી જાય છે અને 'સ્ત્રીપુત્રાદિકનો ત્યાગ જ' ધર્મ છે એમ જાણવું તે મિથ્યાએકાંત છે, કેમકે ત્યાગની સાથે સમ્યગ્જ્ઞાન હોવું જોઈએ - એમ એમાં નથી આવતું.

(૩) સમ્યગ્દર્શન આદિથી જ મુક્તિ થાય છે, તે સમ્યક્ એકાંત છે કેમકે પરથી, મહાવ્રતાદિથી નથી થતું, તે ગૌણ છે અને મહાવ્રતાદિથી મુક્તિ થાય છે, તે મિથ્યાએકાંત છે, કેમકે સમ્યગ્દર્શનાદિથી મુક્તિ થાય છે - એમ તેમાં નથી આવતું.

**પ્રશ્ન-૧૬૭ :- આત્માને શુભભાવથી જ ધર્મ થાય છે - શું તે સમ્યક્એકાંત છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, તે મિથ્યાએકાંત છે, કેમકે તેમાં શુદ્ધભાવનો નિષેધ કર્યો છે.

**પ્રશ્ન-૧૬૮ :- શુદ્ધભાવથી જ ધર્મ થાય છે, શું તે પણ મિથ્યાએકાંત છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, તે સમ્યક્ એકાંત છે. શુદ્ધભાવથી જ ધર્મ થાય છે, તે અર્પિત કથન અને શુભભાવથી નહિ તે અનર્પિત કથન તેમાં આવી જ જાય છે.

**પ્રશ્ન-૧૬૯ :- મિથ્યા એકાંતના દૃષ્ટાંત આપો?**

ઉત્તર :- (૧) આત્મા સર્વથા નિત્ય જ છે. (૨) આત્મા સર્વથા અનિત્ય જ છે. (૩) આત્મા, સર્વથા એક જ છે. (૪) આત્મા, સર્વથા અનેક જ છે. (૫) આત્માને શુભભાવથી જ ધર્મ થાય છે. (૬) ભગવાનના દર્શન જ સમ્યક્ત્વ છે. (૭) અણુવ્રતાદિકનું પાલન કરવું શ્રાવકપણું છે. (૮) અઠ્યાવીશ મૂળગુણનું પાલન કરવું તે જ મુનિપણું છે. (૯) ચાર હાથ જમીન જોઈને ચાલવું તે જ ઈર્યાસમિતિ છે. (૧૦) ભુખ્યા રહેવું તે જ ક્ષુધાપરિષહજય છે.

તે બધું મિથ્યાએકાંત છે, કેમકે તેમાં અન્ય ધર્મોનો સર્વથા નિષેધ જોવા મળે છે.

**પ્રશ્ન-૧૭૦ :- સમ્યક્એકાંતી કોણ છે?**

ઉત્તર :- વસ્તુ, સામાન્ય-વિશેષસ્વરૂપ છે - એવું જેને પ્રમાણ જ્ઞાન થયું છે, તે જાણે છે કે વસ્તુ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ સામાન્ય જ છે તથા વસ્તુ પર્યાયાર્થિકનયની અપેક્ષાએ વિશેષ જ છે, એવી માન્યતાવાળા જ સમ્યક્એકાંતી છે.

**પ્રશ્ન-૧૭૧ :- મિથ્યા એકાંતી કોણ છે?**

ઉત્તર :- વસ્તુ, સામાન્ય-વિશેષસ્વરૂપ છે, એમ ન જાણતા કોઈ વસ્તુને સર્વથા સામાન્ય જ માને, કોઈ વસ્તુને સર્વથા વિશેષ જ માને - એવી માન્યતાવાળા બંને મિથ્યાએકાંતી છે.

**પ્રશ્ન-૧૭૨ :- સમ્યક્ એકાંતનું દૃષ્ટાંત આપો?**

ઉત્તર :- (૧) આત્મા, દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નિત્ય જ છે. (૨) આત્મા પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અનિત્ય જ છે. (૩) આત્મા, દ્રવ્યની અપેક્ષાએ એક જ છે. (૪) આત્મા, ગુણ-પર્યાય ભેદની અપેક્ષાએ અનેક જ છે. (૫) આત્માને શુદ્ધભાવથી જ ધર્મ થાય છે. (૬) આત્માના આશ્રયે શ્રદ્ધાગુણમાંથી શુદ્ધદશા પ્રગટ થવી તે સમ્યક્ત્વ છે. (૭) બે ચોકડી કષાયના અભાવરૂપ શુદ્ધદશારૂપ દેશચારિત્ર જ શ્રાવકપણું છે. (૮) શુદ્ધોપયોગરૂપ દશા જ મુનિપણું છે. (૯) ત્રણ ચોકડીના કષાયના અભાવરૂપ શુદ્ધિ જ ઈર્યાસમિતિ છે. (૧૦) ત્રણ ચોકડી અભાવરૂપ શુદ્ધિની વૃદ્ધિ થવી તે ક્ષુધાપરિષહજય છે. આ બધા સમ્યક્ એકાંત છે, કેમકે તેમાં અન્ય ધર્મનો કોઈ અપેક્ષાથી નિષેધ જોવામાં આવે છે.

**પ્રશ્ન-૧૭૩ :- અનેકાંતના સમયસારશાસ્ત્રમાં કેટલા બોલ કહ્યા છે?**



ઉત્તર :- નિત્ય-અનિત્ય, એક-અનેક, તત્-અતત્ વગેરે ૧૪ બોલ કહ્યાં છે.

**પ્રશ્ન-૧૭૪ :- નિત્ય-અનિત્ય, એક-અનેક, તત્-અતત્ વગેરે જે ૧૪ બોલોને ન સમજે તેને ભગવાને શું કહ્યું છે?**

ઉત્તર :- ચૌદવાર પશુ કહ્યા છે.

**પ્રશ્ન-૧૭૫ :- આ ૧૪ બોલોના અનેકાંત સ્યાદ્વાદસ્વરૂપને સમજી લે તો શું થાય છે?**

ઉત્તર :- (૧) જે જીવ ભગવાનના કહેલા ચૌદ બોલોના અનેકાંત-સ્યાદ્વાદના સ્વરૂપને સમજી લે તો તે જીવ, શ્રી સમયસારમાં આવેલા ગાથા ૫૦ થી ૫૫ સુધીના વર્ણાદિક ૨૯ બોલોથી રહિત, પોતાના એકમાત્ર ભૂતાર્થસ્વભાવનો આશ્રય લઈને, સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ કરી ક્રમથી મોક્ષને પામે છે.

(૨) પાંચ પરિણામિકભાવનું મહત્ત્વ આવી જાય છે અને ચાર ભાવોની મહિમા છૂટી જાય છે.

(૩) ચારેય ગતિના અભાવરૂપ પંચમગતિની પ્રાપ્તિ થાય છે.

(૪) મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ, સંસારના પાંચ કારણોનો અભાવ થઈ જાય છે.

(૫) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ - એવા પાંચ પરાવર્તનોનો અભાવ થઈ જાય છે.

(૬) પંચ પરમેષ્ઠિઓમાં તેની ગણતરી થવા લાગે છે.

(૭) ચૌદમું ગુણસ્થાન પામીને સિદ્ધદશાની પ્રાપ્તિ થાય છે.

(૮) આઠેય કર્મોનો અભાવ થઈ જાય છે.

(૯) સંપૂર્ણ દુઃખોનો અભાવ થઈને સંપૂર્ણ સુખી થઈ જાય છે.

**પ્રશ્ન-૧૭૬ :- અનેકાંત-સ્યાદ્વાદના ચૌદ બોલોને ન સમજે તો શું થાય?**

ઉત્તર :- (૧) સમયસારમાં ભગવાને તેને 'પશુ' કહ્યો છે. (૨) આત્માવલોકનમાં 'હરામજાદીપણું' કહ્યું છે. (૩) પ્રવચનસારમાં કહ્યું છે કે 'તે ડગલે ને પગલે છેતરાય છે.' (૪) પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં 'તે જિનવાણી સાંભળવાને અયોગ્ય છે'. (૫) સમયસારમાં 'તે સંસાર પરિભ્રમણનું કારણ છે.' (૬) સમયસાર, કળશ ૫૫માં 'તે અજ્ઞાન, મોહ-અજ્ઞાન-અંધકાર છે, તેનું સૂલટવું દુર્નિવાર છે.' એમ બતાવ્યું છે. (૭) અનેકાંત-સ્યાદ્વાદને ન સમજનારા મિથ્યાદર્શનાદિની પુષ્ટિ કરતો થકો ચારેય ગતિમાં ભટકીને નિગોદમાં ચાલ્યો જાય છે.

**પ્રશ્ન-૧૭૭ :- અનેકાંતનું શું પ્રયોજન છે?**

ઉત્તર :- અનેકાંતમાર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય, બીજા કોઈ હેતુથી ઉપકારી નથી.

**પ્રશ્ન-૧૭૮ :- નિત્ય-અનિત્યને અનેકાંતની પરિભાષામાં લગાવો?**

ઉત્તર :- દરેક વસ્તુમાં વસ્તુપણાની સિદ્ધિ કરનારી નિત્ય-અનિત્ય વગેરે પરસ્પર વિરૂદ્ધ બે શક્તિઓનું એક સાથે પ્રકાશિત થવું, તેને અનેકાંત કહે છે.

**પ્રશ્ન-૧૭૯ :- નિત્ય-અનિત્યધર્મમાં વિરોધ હોવા છતાં સ્યાદ્વાદ-અનેકાંત આ વિરોધનો કઈ રીતે નાશ કરે છે?**

ઉત્તર :- શું દ્રવ્ય નિત્ય છે? ઉત્તર - હા છે. શું દ્રવ્ય અનિત્ય છે? ઉત્તર - હા છે. જુઓ - બંને પ્રશ્નનો ઉત્તર 'હા' છે, વિરોધ લાગે પણ દ્રવ્ય, દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નિત્ય છે અને પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અનિત્ય છે - એમ સ્યાદ્વાદ-અનેકાંત નિત્ય-અનિત્ય એવા પરસ્પર વિરોધને મટાડીને, નિત્ય-અનિત્યધર્મ સ્વરૂપ વસ્તુની સિદ્ધિ કરે છે.



**પ્રશ્ન-૧૮૦ :- નિત્ય પર સમ્યક્ અનેકાંત કયા પ્રકારે લાગે છે?**

ઉત્તર :- દ્રવ્ય, દ્રવ્યાર્થિકનયની અપેક્ષા નિત્ય જ છે; અનિત્ય નથી - તે સમ્યક્અનેકાંત છે.

**પ્રશ્ન-૧૮૧ :- અનિત્ય ઉપર સમ્યક્ અનેકાંત ક્યા પ્રકારે લાગે છે?**

ઉત્તર :- દ્રવ્ય, પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અનિત્ય જ છે; નિત્ય નથી, તે સમ્યક્ અનેકાંત છે.

**પ્રશ્ન-૧૮૨ :- નિત્ય ઉપર મિથ્યાઅનેકાંત કયા પ્રકારે લાગે છે?**

ઉત્તર :- દ્રવ્ય, દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નિત્ય પણ છે અને અનિત્ય પણ છે, તે મિથ્યા અનેકાંત છે.

**પ્રશ્ન-૧૮૩ :- અનિત્ય ઉપર મિથ્યાઅનેકાંત કયા પ્રકારે લાગે છે?**

ઉત્તર :- દ્રવ્ય પર્યાયાર્થિકનયની અપેક્ષા અનિત્ય પણ છે અને નિત્ય પણ છે, તે મિથ્યાઅનેકાંત છે.

**પ્રશ્ન-૧૮૪ :- નિત્ય ઉપર સમ્યક્એકાંત કયા પ્રકારે લાગે છે?**

ઉત્તર :- દ્રવ્ય, દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નિત્ય જ છે, તે સમ્યક્એકાંત છે.

**પ્રશ્ન-૧૮૫ :- અનિત્ય ઉપર સમ્યક્એકાંત કયા પ્રકારે લાગે છે?**

ઉત્તર :- દ્રવ્ય, પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અનિત્ય જ છે, તે સમ્યક્એકાંત છે.

**પ્રશ્ન-૧૮૬ :- નિત્ય ઉપર મિથ્યાએકાંત કયા પ્રકારે**

લાગે છે?

ઉત્તર :- દ્રવ્ય, સર્વથા નિત્ય જ છે, તે મિથ્યાએકાંત છે.

**પ્રશ્ન-૧૮૭ :- અનિત્ય ઉપર મિથ્યાએકાંત ક્યા પ્રકારે લાગે છે?**

ઉત્તર :- દ્રવ્ય, સર્વથા અનિત્ય જ છે, તે મિથ્યાએકાંત છે.

**પ્રશ્ન-૧૮૮ :- દરેક દ્રવ્ય, નિત્ય-અનિત્ય વગેરે અનેક ધર્મ સ્વરૂપ છે, એમ કોણે બતાવ્યું?**

ઉત્તર :- જિન, જિનવર અને જિનવરવૃષભોએ બતાવ્યું છે.

**પ્રશ્ન-૧૮૯ :- જિન, જિનવર અને જિનવરવૃષભોએ દરેક દ્રવ્યને નિત્ય-અનિત્ય આદિ અનેક ધર્મસ્વરૂપ બતાવ્યું છે, તેને જાણવા-માનવાથી જ્ઞાનીઓને શું લાભ થાય છે?**

ઉત્તર :- (૧) દરેક દ્રવ્ય, નિત્ય-અનિત્ય આદિ ધરમસ્વરૂપ છે - એમ જાણનારા શ્રુતજ્ઞાનીને સંપૂર્ણ દ્રવ્યોનું જ્ઞાન કેવળીની સમાન જ થઈ જાય છે; માત્ર પ્રત્યક્ષ-પરોક્ષનું અંતર રહે છે.

(૨) જ્ઞાની સાધક, નિત્યધર્મસ્વરૂપ નિજ આત્મામાં વિશેષ એકાગ્રતા કરીને, કેવળજ્ઞાનાદિને પ્રાપ્ત કરી લે છે.

**પ્રશ્ન-૧૯૦ :- દરેક દ્રવ્ય, નિત્ય-અનિત્ય અનેક ધર્મસ્વરૂપ છે, તેને સાંભળીને સમ્યક્ત્વની સન્મુખ મિથ્યાદૃષ્ટિ શું જાણે છે અને શું કરે છે?**

ઉત્તર :- પોતાના માનસિકજ્ઞાનમાં દરેક દ્રવ્ય, નિત્ય-અનિત્ય આદિ અનેક ધર્મસ્વરૂપ છે - એવો નિર્ણય કરીને, પોતાના નિત્યધર્મસ્વરૂપ આત્માની દૃષ્ટિ કરીને, સાધક બનીને ક્રમથી સિદ્ધદશાને પામી લે છે.

**પ્રશ્ન-૧૯૧ :- દરેક દ્રવ્ય, નિત્ય-અનિત્ય આદિ અનેક ધર્મસ્વરૂપ છે, તેને સાંભળીને અપાત્ર મિથ્યાદૃષ્ટિ શું જાણે છે અને શું કરે છે?**



ઉત્તર :- દરેક દ્રવ્ય, નિત્ય-અનિત્ય આદિ અનેક ધર્મસ્વરૂપ કેવી રીતે હોઈ શકે? ક્યારે ન હોઈ શકે; એક જ સમયમાં નિત્ય અને અનિત્ય કઈ રીતે હોઈ શકે? એ પ્રમાણે મિથ્યા માન્યતાની પુષ્ટિ કરીને, ચારેય ગતિમાં ભટકીને નિગોદમાં ચાલ્યો જાય છે.

**પ્રશ્ન-૧૯૨ :- આ નિત્ય-અનિત્ય આદિ અનેક ધર્મ, દરેક દ્રવ્યમાં જ લાગે છે કે પછી બીજા કોઈમાં પણ લાગે છે?**

ઉત્તર :- દરેક દ્રવ્ય અને દરેક દ્રવ્યના એક એક ગુણમાં પણ નિત્ય-અનિત્ય આદિ વગેરે અનેક ધર્મ લાગી શકે છે. તેનાથી દરેક દ્રવ્ય ગુણની સ્વતંત્રતાનું જ્ઞાન થાય છે.

**પ્રશ્ન-૧૯૩ :- એક-અનેક; સત્-અસત્; તત્-અતત્; ભેદ-અભેદ ઉપર સમ્યક્ અનેકાંત અને મિત્યા-અનેકાંત વગેરેને બધા પ્રશ્નોત્તર લગાવીને બતાવો?**

ઉત્તર :- આ બધા પ્રશ્નોને પણ પ્રશ્ન ક્રમાંક ૧૭૮ થી ૧૯૨ સુધીના પ્રમાણે ઉત્તર આપો.

**પ્રશ્ન-૧૯૪ :- સ્યાદ્વાદ-અનેકાંતના વિષયમાં શ્રી સમયસાર, કળશ ૨૭૩માં શું કહ્યું છે?**

ઉત્તર :- (૧) પર્યાયદૃષ્ટિથી જોઈએ તો આત્મા અનેકરૂપ જોવામાં આવે છે અને દ્રવ્યદૃષ્ટિથી જોતા એકરૂપ; (૨) ક્રમભાવી પર્યાયદૃષ્ટિએ જોતા ક્ષણભંગુર દેખાય છે અને સહભાવી ગુણદૃષ્ટિથી જોતા પરમ વિસ્તારને પ્રાપ્ત દેખાય છે અને પ્રદેશોની અપેક્ષા દૃષ્ટિથી જોતા પોતાના પ્રદેશોમાં જ વ્યાપ્ત જોવા મળે છે. એમ દ્રવ્ય-પર્યાયાત્મક અનંતધર્મવાળો વસ્તુનો સ્વભાવ છે.

**પ્રશ્ન-૧૯૫ :- અનેકાંત-સ્યાદ્વાદના વિષયમાં શ્રી સમયસાર,**

કળશ ૨૭૪માં શું કહ્યું છે?

ઉત્તર :- (૧) એક બાજુથી જોતાં કષાયોનો કલેશ દેખાય છે અને એક બાજુથી જોતા શાંતિ (કષાયોના અભાવરૂપ શાંતભાવ) દેખાય છે; (૨) એક તરફથી જોતા પરભાવની (સાંસારિક) પિડા દેખાય છે અને એક તરફથી જોતા (સંસારના અભાવરૂપ) મુક્તિને પણ સ્પર્શે છે. (૩) એક તરફથી જોતા ત્રણ લોક જણાય છે અને એક તરફથી જોતા માત્ર એક ચૈતન્ય જ શોભે છે. એવો આત્માનો અદ્‌ભુતથી અદ્‌ભુત સ્વભાવ મહિમા જયવંત વર્તે છે.

**પ્રશ્ન-૧૯૬ :- શ્રી સમયસાર કળશ ૨૭૩-૨૭૪માં અજ્ઞાની શું માને છે અને જ્ઞાની શું માને છે?**

ઉત્તર :- અહો, 'આત્માનો આ સહજ વૈભવ અદ્‌ભુત છે.' તે સ્વભાવ, અજ્ઞાનીઓના જ્ઞાનમાં આશ્ચર્ય પમાડે છે કે આ તો અસંભવ વાત છે. જ્ઞાનીઓને વસ્તુસ્વભાવમાં આશ્ચર્ય નથી થતું; તોપણ તેમને ક્યારે નહિ થયેલો એવો અભૂતપૂર્વ-અદ્‌ભુત પરમાનંદ થાય છે અને આશ્ચર્ય પણ થાય છે. અહો! આ જિનવચન મહાન ઉપકારી છે, વસ્તુના યથાર્થ સ્વરૂપને બતાવનારા છે; મેં અનાદિકાળ આવા યથાર્થસ્વરૂપના જ્ઞાન વિના જ વ્યતીત કરી દીધો છે. અહો! સ્યાદ્વાદ-અનેકાંતરૂપ મારો સ્વભાવ જયવંત વર્તે છે. એવો સ્યાદ્વાદ-અનેકાંતસ્વરૂપ જ દુઃખનો અભાવ કરનારો અને સુખને દેનારો છે. હે સંસારના પ્રાણીઓ! આવા અનેકાંત-સ્યાદ્વાદ સ્વરૂપની ઓળખાણ કરો.

**પ્રશ્ન-૧૯૭ :- દુઃખથી છૂટવા માટે અને સુખી થવા માટે શું કરવું જોઈએ?**

ઉત્તર :- અનંત શક્તિસંપન્ન અનેકાંતસ્વરૂપ નિજ ભગવાન આત્માને ઓળખવો જોઈએ.



**પ્રશ્ન-૧૯૮ :- જ્ઞાનમાત્ર આત્મા, અનેકાંતસ્વરૂપ ક્યા પ્રકારે છે?**

ઉત્તર :- જ્ઞાનમાત્ર આત્માને જ્ઞાનલક્ષણથી અનુભવ કરતા, આત્મામાં માત્ર જ્ઞાન જ નથી આવતું પણ જ્ઞાનની સાથે, આનંદ, પ્રભુતા, વીર્ય, દર્શન, ચારિત્ર, અસ્તિત્વ આદિ અનેક ગુણો સહિત અભેદ આત્મામાં અનુભવમાં આવે છે. આ પ્રમાણે જ્ઞાનમાત્ર આત્મા કહેતા જ અનેકાંતપણું આવી જાય છે.

**પ્રશ્ન-૧૯૯ :- આત્મામાં અનંત શક્તિઓ છે, તેમાં હેર-ફેર થાય છે કે નથી થતી?**

ઉત્તર :- આત્મામાં અનંત શક્તિઓ એક સાથે કામ કરે છે. શક્તિઓમાં હેરફેર નથી થતી; દરેક શક્તિની પર્યાયો; ક્રમે ક્રમે પણ નથી થતી, પણ જેટલી શકિતઓ છે, તેટલી તેટલી પર્યાયો એક એક સમય કરીને નિરંતર થતી રહે છે.

**પ્રશ્ન-૨૦૦ :- જ્ઞાનલક્ષણ દ્વારા ધ્યાનમાં શું આવે છે અને શું નથી આવતું?**

ઉત્તર :- જ્ઞાનલક્ષણ દ્વારા અનંતગુણોનો પિંડ જ્ઞાયક ભગવાન અનુભવમાં આવે છે અને નવ પ્રકારનો પક્ષ અનુભવમાં નથી આવતો.

**પ્રશ્ન-૨૦૧ :- આત્મા કોના દ્વારા અનુભવમાં આવે છે અને કોના દ્વારા અનુભવમાં નથી આવતો?**

ઉત્તર :- એકમાત્ર પ્રજ્ઞારૂપી છીણી દ્વારા જ આત્મા અનુભવમાં આવે છે અને નવ પ્રકારના પક્ષો દ્વારા આત્મા અનુભવમાં નથી આવતો.

**પ્રશ્ન-૨૦૨ :- આત્મા અને અનંત શક્તિઓના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એક જ છે કે અલગ?**

ઉત્તર :- આત્મા અને અનંત શક્તિઓના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ એક

જ છે; માત્ર ભાવમાં અંતર છે.

**પ્રશ્ન-૨૦૩ :- ભગવાનના લઘુનંદન ક્યારે કહેવાય છે?**

ઉત્તર :- અનંત શક્તિસંપન્ન નિજ આત્માનો અનુભવ કરવાથી જ ભગવાનના લઘુનંદન કહી શકાય છે.

**પ્રશ્ન-૨૦૪ :- દરેક શક્તિના દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ એક હોવા છતાં પણ ભાવભેદ છે, તે સ્પષ્ટ સમજાવો?**

ઉત્તર :- કાર્ય ભેદ છે. જેમ જીવત્વશક્તિનું કાર્ય, આત્માના ચૈતન્ય પ્રાણોથી જીવાડવું છે. જ્ઞાનનું કાર્ય જાણવું છે. શ્રદ્ધાનું કાર્ય પ્રતીતિ છે. ચારિત્રનું કાર્ય લીનતા છે. વીર્યનું કાર્ય સ્વરૂપની રચના છે. સુખનું કાર્ય, આકુળતારહિત શાંતિનો અનુભવ છે. પ્રભુતાશક્તિનું કાર્ય સ્વતંત્રતાથી શોભાયમાન રહેવું છે. પ્રકાશશક્તિનું કાર્ય સ્વયં પ્રત્યક્ષ સ્વાનુભવ કરવો છે એ પ્રમાણે અનંત શક્તિનો કાર્ય ભેદ હોવા છતાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળનો ભેદ નથી.

**પ્રશ્ન-૨૦૫ :- જીવત્વશક્તિ કોને કહે છે?**

ઉત્તર :- ચૈતન્યમાત્ર ભાવપ્રાણને ધારણ કરે તેને જીવત્વશક્તિ કહે છે.

**પ્રશ્ન-૨૦૬ :- જીવત્વશક્તિને જાણવાથી શું લાભ છે?**

ઉત્તર :- આત્મ, દસ પ્રાણથી અને ભાવેન્દ્રિયરૂપ અશુદ્ધભાવ પ્રાણોથી જીવે છે, એવી ખોટી માન્યતાનો અભાવ થઈ જાય છે અને ચૈતન્યપ્રાણોથી આત્મા સદા જીવે છે, એવો અનુભવ થઈ જાય છે.

**પ્રશ્ન-૨૦૭ :- જીવત્વશક્તિ શું કરે છે?**

ઉત્તર :- આત્માને ક્યારે પણ અજીવરૂપ થવા નતી દેતી; સદાય જીવરૂપ રાખે છે.

**પ્રશ્ન-૨૦૮ :- જીવત્વશક્તિમાં પાંચ ભાવ લગાવો?**



ઉત્તર :- આત્માની જીવત્વશક્તિ=પારિણામિકભાવ. રાગાદિ ઉદયભાવોનો અભાવ=ઔદયિકભાવ નાસ્તિરૂપ આવ્યો. જીવત્વશક્તિનું શુદ્ધરૂપ પરિણમન=ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ આવી ગયા; પણ ઔપશમિકભાવ નથી આવતો.

**પ્રશ્ન-૨૦૯ :- જીવત્વશક્તિમાં સાત તત્ત્વ લગાવો?**

ઉત્તર :- ત્રિકાળ ચૈતન્યપ્રાણથી સંપન્ન જ્ઞાયકભાવ=જીવતત્ત્વ. શુદ્ધપર્યાય પ્રગટી= સંવરા-નિર્જરા અને મોક્ષતત્ત્વ. અશુદ્ધપરિણમન દૂર થયું=આસ્રવ-બંધતત્ત્વ. જડ પ્રાણોથી ભિન્ન જાણ્યું=અજીવતત્ત્વ. આ પ્રમાણે જેમ-જીવત્વશક્તિમાં સાત તત્ત્વો આવ્યા; એ પ્રમાણે દરેક શક્તિમાં લગાવવું જોઈએ.

**પ્રશ્ન-૨૧૦ :- જીવત્વશક્તિમાં કોનો સમાવેશ થાય છે અને કોનો સમાવેશ નથી થતો?**

ઉત્તર :- જીવત્વશક્તિમાં અક્રમરૂપ અનંત શક્તિઓ અને તે શક્તિઓનું ક્રમે ક્રમે થતું શુદ્ધપરિણમન; એ પ્રકારે ક્રમ-અક્રમરૂપ અનંત ધર્મોનો જીવત્વશક્તિમાં સમાવેશ થાય છે. નવ પ્રકારના પક્ષોનો સમાવેશ જીવત્વશક્તિમાં નથી થતો. જીવત્વશક્તિની જેમ જ બાકીની બધી શક્તિઓમાં જાણવું અને લગાવવું જોઈએ.

**પ્રશ્ન-૨૧૧ :- શક્તિઓની યથાર્થ ઓળખાણ ક્યારે થાય છે?**

ઉત્તર :- પોતાના જ્ઞાનની પર્યાય, નિજ આત્માની સન્મુખ કરવાથી જ શક્તિઓની યથાર્થ ઓળખાણ થાય છે કેમકે પોતાનો અનુભવ થતાં જ અનંત શક્તિઓ આત્મામાં એક સાથે ઉછળે છે. માટે દરેક આત્માર્થીને અનંત શક્તિસંપન્ન પોતાના જ્ઞાયકસ્વભાવને દૃષ્ટિમાં લેવું તે જ મનુષ્યજીવનનો સાર છે.

**પ્રશ્ન-૨૧૨ :- આત્મા પ્રસિદ્ધ થયો એમ ક્યારે કહી**

શકાય?

ઉત્તર :- મારા આત્માનો પરદ્રવ્યોની સાથે તો કોઈપણ પ્રકારનો સંબંધ નથી. મારા આત્મામાં અસંખ્ય પ્રદેશ, અનંત શક્તિઓ એક એક શક્તિમાં અનંત સામર્થ્ય છે. મારી કોઈપણ શક્તિમાં તેના કોઈ પણ પ્રદેશમાં વિકાર નથી. પુણ્ય-પાપના વિકલ્પોથી ભિન્ન, અનંત ગુણસંપન્ન નિજ આત્માનો અનુભવ કરવાથી જ આત્માની પ્રસિદ્ધિ થાય છે. માટે હે ભવ્યો! પોતાની આત્માનો અનુભવ કરો, તે જૈનશાસનનો સાર છે.

**પ્રશ્ન-૨૧૩ :- શક્તિઓનું સ્વરૂપ સ્પષ્ટ સમજાવો?**

ઉત્તર :- આત્મ-વૈભવમાં પૂજ્ય શ્રી કાનજીસ્વામીએ અલૌકિક રીતે ૪૭ શસ્તિઓનું સ્વરૂપ પ્રવચન દ્વારા સમજાવ્યું છે, તેમાં જોવાથી તમને અપૂર્વ આનંદ આવશે.

**: અનેકાંત-સ્યાદ્વાદ પ્રથમ અધિકાર સમાપ્ત :**



## ૨

# મોક્ષમાર્ગ

असं भव तरु का मूल अक जानहु मिथ्या भाव।
ताको करि निर्मूल अब करिए मोक्ष उपाव।।१।।
शिव उपाय करते प्रथम कारण मंगलरूप।
विघन विनाशक सुखकरन नमौं शुद्ध शिवभूप।।२।।

અર્થાત્, આ ભવરૂપી વૃક્ષનું મૂળ એક મિથ્યાત્વભાવ છે, તેને નિર્મૂળ કરીને મોક્ષનો ઉપાય કરવો જોઈએ. ૧.

શિવ ઉપાય, એટલે કે મોક્ષનો ઉપાય કરતા પહેલા તેનું કારણ અને મંગલરૂપ શુદ્ધ શિવભૂપને નમસ્કાર કરવા જોઈએ, કેમકે તે વિશ્ન વિનાશક અને સુખને કરનારા છે. ૨.

**પ્રશ્ન-૧ :- મોક્ષ શું છે?**

ઉત્તર :- 'મોક્ષ કહે નિજ શુદ્ધતા', એટલે કે પરિપૂર્ણ શુદ્ધિનું પ્રગટવું, તે મોક્ષ છે અને મોક્ષ, આત્માની પરિપૂર્ણ શુદ્ધદશા છે.

**પ્રશ્ન-૨ :- મોક્ષ કેટલા પ્રકારના છે?**

ઉત્તર :- પાંચ પ્રકારના છે. (૧) શક્તિરૂપ મોક્ષ, (૨) દષ્ટિરૂપ મોક્ષ (ચોથું ગુણસ્થાન) (૩) મોહમુક્ત મોક્ષ (૧૨મું ગુણસ્થાન), (૪) જીવનમુક્ત મોક્ષ (૧૩, ૧૪મું ગુણસ્થાન), (૫) દેહમુક્ત મોક્ષ (સિદ્ધદશા).

**પ્રશ્ન-૩ :- પાંચ પ્રકારના મોક્ષના વિષયમાં શું ધ્યાન**

રાખવું જોઈએ?

ઉત્તર :- (૧) શક્તિરૂપ મોક્ષના આશ્રય વિના, દૃષ્ટિરૂપ મોક્ષની પ્રાપ્તિ નથી થતી. (૨) દૃષ્ટિરૂપ મોક્ષની પ્રાપ્તિ કર્યા વિના, મોહમુક્ત મોક્ષની પ્રાપ્તિ નથી થતી. (૩) મોહમુક્ત મોક્ષ પ્રાપ્ત કર્યા વિના, જીવનમુક્ત મોક્ષની પ્રાપ્તિ નથી થતી. (૪) જીવનમુક્ત મોક્ષ પ્રાપ્ત કર્યા વિના, દેહમુક્ત મોક્ષની પ્રાપ્તિ નથી થતી. માટે પાત્ર જીવોને એકમાત્ર શક્તિરૂપ મોક્ષનો આશ્રય કરવો જોઈએ, કેમકે તેના આશ્રયે જ દૃષ્ટિરૂપ મોક્ષ વગેરેની પ્રાપ્તિ થાય છે. પરના, વિકરાના, અપૂર્ણ-પૂર્ણ શુદ્ધપર્યાયોના આશ્રયે મોક્ષની પ્રાપ્તિ નથી થતી.

**પ્રશ્ન-૪ :- મોક્ષ કેવી રીતે થાય છે?**

ઉત્તર :- સંવ, નિર્જરાપૂર્વક જ મોક્ષ થાય છે.

**પ્રશ્ન-૫ :- સંવર, નિર્જરા અને મોક્ષ, અસ્તિસૂચક નામ છે કે નાસ્તિસૂચક નામ છે?**

ઉત્તર :- સંવર, નિર્જરા અને મોક્ષ, નાસ્તિસૂચક નામ છે.

**પ્રશ્ન-૬ :- ભાવસંવરની નાસ્તિ-અસ્તિ સૂચક પરિભાષા શું છે?**

ઉત્તર :- શુભાશુભભાવોનું ઉત્પનન ન થવું, નાસ્તિથી ભાવસંવર અને શુદ્ધિનું પ્રગટવું તે અસ્તિથી ભાવસંવર છે.

**પ્રશ્ન-૭ :- ભાવનિર્જરાની નાસ્તિ-અસ્તિ સૂચક પરિભાષા શું છે?**

ઉત્તર :- અશુદ્ધિની હાનિ, નાસ્તિથી ભાવનિર્જરા છે અને શુદ્ધિની વૃદ્ધિ અસ્તિથી ભાવનિર્જરા છે.

**પ્રશ્ન-૮ :- ભાવમોક્ષની નાસ્તિ-અસ્તિ સૂચક પરિભાષા શું છે?**

ઉત્તર :- સંપૂર્ણ અશુદ્ધિનો અભાવ, નાસ્તિથી ભાવમોક્ષ છે અને સંપૂર્ણ શુદ્ધિનું પ્રગટવું અસ્તિથી ભાવમોક્ષ છે.



**પ્રશ્ન-૯ :- ભાવસંવર, ભાવનિર્જરા કોના અભાવપૂર્વક પ્રગટે છે?**

ઉત્તર :- સંવર-નિર્જરા, આશ્રવ અને બંધના અભાવપૂર્વક પ્રગટે છે.

**પ્રશ્ન-૧૦ :- આસ્રવ કોને કહે છે?**

ઉત્તર :- જીવમાં જે વિકારી શુભાશુભભાવરૂપ અરૂપી અવસ્થા થાય છે, તે આસ્રવ છે.

**પ્રશ્ન-૧૧ :- આસ્રવના કેટલા ભેદ છે?**

ઉત્તર :- બે ભેદ છે - દ્રવ્યઆસ્રવ અને ભાવઆસ્રવ.

**પ્રશ્ન-૧૨ :- આસ્રવની બીજી પરિભાષા શું છે?**

ઉત્તર :- (૧) નવું નવું આવવું, (૨) મર્યાદાપૂર્વક આવવું.

**પ્રશ્ન-૧૩ :- ભાવ આસ્રવમાં આસ્રવની આ બે પરિભાષાઓ કયા પ્રકારે ઘટે છે?**

ઉત્તર :- (૧) શુભાશુભભાવ નવા નવા આવે છે; માટે 'નવા નવા આવવા' તે ભાવઆસ્રવ છે. (૨) જીવ એટલો વિકાર કરે કે જ્ઞાન-દર્શન-વીર્યનો સર્વથા અભાવ થઈ જાય - એમ નથી થઈ શકતું; માટે આસ્રવભાવ, મર્યાદામાં જ આવે છે; માટે 'મર્યાદાપૂર્વક આવવું' તે ભાવ આસ્રવ કહે છે.

**પ્રશ્ન-૧૪ :- દ્રવ્યાસ્રવમાં આશ્રવની આ બંને વ્યાખ્યા કયા પ્રકારે ઘટે છે?**

ઉત્તર :- (૧) કર્મ નવા નવા આવે છે; માટે 'નવા-નવા આવવા' તે દ્રવ્યાસ્રવ છે. (૨) જીવ વિકાર કરે અને સર્વ કાર્મણવર્ગણા, દ્રવ્યકર્મરૂપ પરિણમન કરે - એમ નથી બનતું, કેમકે કાર્મણવર્ગણા પણ મર્યાદાપૂર્વક જ આવે છે; માટે 'મર્યાદાપૂર્વક

આવવું' તે દ્રવ્યાસ્રવ છે.

**પ્રશ્ન-૧૫ :- ભાવબંધ કોને કહે છે?**

ઉત્તર :- આત્માનું અજ્ઞાન, રાગ-દ્વેષ, પુણ્ય-પાપરૂપ વિભાવમાં રોકાવું, તે ભાવબંધ છે.

**પ્રશ્ન-૧૬ :- ભાવ આસ્રવ, ભાવબંધનો અભાવ અને ભાવસંવર-ભાવનિર્જરા પ્રાપ્તિ કોનામાં થાય છે?**

ઉત્તર :- જીવમાં થાય છે; માટે જીવતત્ત્વની જાણકારી પણ આવશ્યક છે.

**પ્રશ્ન-૧૭ :- જીવ કોને કહે છે?**

ઉત્તર :- જીવ, એટલે કે આત્મા. તે સદાય જ્ઞાતાસ્વરૂપ, પરથી ભિન્ન અને ત્રિકાળી/ સ્થાયી છે.

**પ્રશ્ન-૧૮ :- ભાવાસ્રવ, બાવબંધ કોના નિમિત્તે થાય છે?**

ઉત્તર :- અજીવના નિમિત્તે થાય છે; માટે અજીવની જાણકારી પણ આવશ્યક છે.

**પ્રશ્ન-૧૯ :- અજીવ કોને કહે છે?**

ઉત્તર :- જેમાં ચેતના-જ્ઞાતૃત્વ નથી, તે અજીવ છે - એવા પાંચ દ્રવ્યો છે. તેમાં ધર્મ, અધર્મ, આકાશ અને કાળ, ચાર અરૂપી છે અને પુદ્‌ગલ રૂપી છે.

**પ્રશ્ન-૨૦ :- સાત તત્ત્વોમાં દ્રવ્ય કોણ છે અને પર્યાય કોણ છે?**

ઉત્તર :- સાત તત્ત્વોમાં પહેલા બે તત્ત્વ 'જીવ' અને 'અજીવ', દ્રવ્ય છે અને પાંચ તત્ત્વ, જીવ અને અજીવની સંયોગી અને વિયોગી પર્યાયો છે. આસ્રવ અને બંધ, જીવ-અજીવની સંયોગી પર્યાય તથા સંવર, નિર્જરા અને મોક્ષ તે જીવ-અજીવની વિયોગી પર્યાયો છે.



**પ્રશ્ન-૨૧ :- ભાવસંવર અને ભાવનિર્જરામાં કેટલા સમયનું અંતર છે?**

ઉત્તર :- બંનેનો સમય એક જ છે, પણ શુદ્ધિ પ્રગટી તે અપેક્ષાએ ભાવસંવર છે અને શુદ્ધિની વૃદ્ધિ થઈ તે અપેક્ષાએ ભાવ નિર્જરા છે.

**પ્રશ્ન-૨૨ :- ભાવસંવર અને ભાવનિર્જરા થવાથી ભાવમોક્ષ થવામાં કેટલો સમય લાગશે?**

ઉત્તર :- અસંખ્યાત સમય જ લાગશે, સંખ્યાત્ કે અનંત સમય નહિ લાગે.

**પ્રશ્ન-૨૩ :- જે સમયે સંવર-નિર્જરા પ્રગટે, તે સમયે મોક્ષ પ્રગટે તો અમે સંવર-નિર્જરા થવી માનીએ-કોઈ એમ કહે તો શું નુકસાન છે?**

ઉત્તર :- (૧) ચોથું ગુણસ્થાન અને સિદ્ધદશા જ રહેશે અને પાંચમાંથી ચૌદમા ગુણસ્થાન સુધીનો અભાવનો પ્રસંગ ઊભો થશે. (૨) શ્રાવકદશા, મુનિદશા, શ્રેણી તેમજ અરિહંતદશાનો અભાવ થઈ જશે. (૩) ગુણસ્થાનોમાં ક્રમના અભાવનો પ્રસંગ ઊભો થશે. (૪) કોઈ ઉપદેશક નહિ રહે જોકે સમ્યગ્દર્શન પ્રાપ્ત થવામાં સમ્યગ્જ્ઞાનીનો જ ઉપદેશ નિમિત્ત હોય છે; માટે સમ્યગ્દર્શનનો અભાવ થઈ જશે.

**પ્રશ્ન-૨૪ :- સંવરપૂર્વક નિર્જરા કોને થાય છે અને કોને નથી થતી?**

ઉત્તર :- (૧) સમ્યગ્દર્શન થતાં જ સંવરપૂર્વક નિર્જરા જ્ઞાનીઓને થાય છે; મિથ્યાદૃષ્ટિઓને નહિ. (૨) અનિવૃત્તિકરણ અને અપૂર્વકરણમાં એકલી નિર્જરા થાય છે, સંવરપૂર્વક નહિ.

**પ્રશ્ન-૨૫ :- સંવર-નિર્જરાપૂર્વક, મોક્ષની પ્રાપ્તિ માટે શું કરીએ અને નિગોદની પ્રાપ્તિ કેમ થાય છે?**

**ઉત્તર :-** પોતાના સામાન્ય દ્રવ્યસ્વભાવને જોવાથી પોતાના વિશેષમાં સંવર-નિર્જરાની પ્રાપ્તિ થઈને ક્રમથી મોક્ષ થાય છે અને માત્ર વિશેષને જોવાથી, આસ્રવ-બંધની પ્રાપ્તિ થઈને નિગોદને પામે છે.

**પ્રશ્ન-૨૬ :- સ્વભાવને આશ્રયે પુરુષાર્થ કરવાનું શું ફળ છે ?**

**ઉત્તર :-** (૧) પંચ પરાવર્તનનો અભાવ થઈ જાય છે; (૨) મિથ્યાત્વ-અવિરતિ વગેરે સંસારના પાંચ કારણોનો અભાવ થઈ જાય છે; (૩) પંચ પરમેષ્ઠીઓમાં તેની ગણતરી થવા લાગે છે. (૪) પંચમ ગતિ મોક્ષની પ્રાપ્તિ થાય છે. (૫) પંચમ પારિણામિકભાવનું મહત્ત્વ આવી જાય છે; (૬) આઠ કર્મોનો અભાવ થઈ જાય છે; (૭) ચૌદ ગુણસ્થાન, ચૌદ માર્ગણા અને ચૌદ જીવસમાસનો અભાવ થઈને સિદ્ધદશાની પ્રાપ્તિ થવી તે સ્વભાવના આશ્રયે પુરુષાર્થ કરવાનું ફળ છે.

**પ્રશ્ન-૨૭ :- અજીવની સંયોગી-વિયોગી પર્યાયોની પરિભાષા શું છે?**

**ઉત્તર :-** દ્રવ્યઆસ્રવ = નવા કર્મોનું આવવું. દ્રવ્યબંધ = નવીન કર્મોનું સ્વયં સ્વતઃ બંધાવું. દ્રવ્યસંવર = કર્મોનું આવવું, સ્વયં સ્વતઃ રોકાઈ જાવું. દ્રવ્યનિર્જરા = જડકર્મનું અંશતઃ ખરી જવું. દ્રવ્યમોક્ષ = દ્રવ્યકર્મોનો આત્માના પ્રદેશોથી અત્યંત અભાવ થવો.

**પ્રશ્ન-૨૮ :- જીવ અને અજીવની પર્યાયોમાં કેવા-કેવા સંબંધ છે.**

**ઉત્તર :-** નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. નિમિત્ત-નૈમિત્તિકસંબંધ પરસ્પર પરતંત્રતાનો સૂચક નથી, પણ નૈમિત્તિકની સાથે નિમિત્તરૂપ



પદાર્થ કોણ છે તેનું જ્ઞાન કરાવે છે કેમકે જ્યાં ઉપાદાન હોય છે ત્યાં નિમિત્ત નિયમથી હોય જ છે - એવો વસ્તુસ્વભાવ છે. બનારસીદાસજીએ કહ્યું છે કે - 'ઉપાદાન નિજગુણ જહાં, તહાં નિમિત્ત પર હોય; ભેદજ્ઞાન પ્રમાણ વિધિ, બિરલા બુજે કોય.'

**પ્રશ્ન-૨૯ :- જીવનું પ્રયોજન શું છે?**

**ઉત્તર :-** જેનાથી સુખ ઉત્પન્ન થાય અને દુઃખનો નાશ થાય, તે કાર્યનું નામ પ્રયોજન છે. આ જીવનું પ્રયોજન તો એક જ છે કે દુઃખ ન થાય અને સુખ થાય. કોઈ જીવને એ સિવાય બીજું કોઈ પ્રયોજન નથી.

**પ્રશ્ન-૩૦ :- દુઃખનો નાશ અને સુખની ઉત્પત્તિ કોના દ્વારા થઈ શકે છે?**

**ઉત્તર :-** સાત તત્ત્વોના સાચા શ્રદ્ધાનથી જ દુઃખનો નાશ અને સુખની પ્રાપ્તિ થઈ શકે છે.

**પ્રશ્ન-૩૧ :- સાત તત્ત્વોના સાચા શ્રદ્ધાનથી જ દુઃખનો અભાવ અને સુખની પ્રાપ્તિ કઈ રીતે થઈ શકે છે?**

**ઉત્તર :-** પહેલા તો દુઃખ દૂર કરવામાં પોતાનું અને પરનું જ્ઞાન જરૂર હોવું જોઈએ. (અ) જો પોતાનું અને પરનું જ્ઞાન ન હોય તો પોતાને ઓળખ્યા વિના, પોતાનું દુઃખ દૂર કઈ રીતે કરે. (આ) પોતાને અને પરને એક જાણીને પોતાનું દુઃખ દૂર કરવા અર્થે પરનો ઉપચાર કરે તો પોતાનું દુઃખ દૂર કેમ થાય? (ઈ) તું (સ્વ છો) અને પર ભિન્ન છે, પણ આ પરમાં અહંકાર-મમકાર કરે તો તેનાથી દુઃખ દૂર નથી થતું અને પોતાનું અને પરનું જ્ઞાન, જીવ-અજીવનું જ્ઞાન થવાથી જ થાય છે, કેમકે તું પોતે જીવ છો, શરીરાદિક અજીવ છે. જો લક્ષણ દ્વારા જીવ-અજીવની ઓળખાણ થાય તો પોતાની અને પરની ભિન્નતા ભાસે; માટે જીવ-અજીવને

જાણવા. આ પ્રકારે જીવ-અજીવને યથાર્થ જાણવાથી જ, સ્વ-પરનું શ્રદ્ધાન થાય છે અને પરથી ભિન્ન પોતાને ઓળખીને નિજ આત્માના હિતાર્થે મોક્ષનો ઉપાય કરે છે; તેનાથી સુખ ઉત્પન્ન થાય છે. જીવ-અજીવનું યથાર્થ જ્ઞાન નહિ કરવાથી તો સ્વ-પરની શ્રદ્ધા નથી થતી. પોતાથી ભિન્ન પરદ્રવ્યને ન જાણતા, પરથી ઉદાસીન થઈને મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ નથી થતી; માટે તેનાથી દુઃખ ઉત્પન્ન થાય છે. માટે આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષસહિત જીવ-અજીવ તત્ત્વ પ્રયોજનભૂત સમજવા જોઈએ. આસ્રવ અને બંધ, દુઃખના કારણ છે તથા સંવર, નિર્જરા અને મોક્ષ સુખના કારણ છે; માટે જીવાદિ સાત તત્ત્વોનું શ્રદ્ધાન કરવું આવશ્યક છે. આ સાત તત્ત્વોની સાચી શ્રદ્ધા વિના દુઃખનો અભાવ અને સુખની પ્રાપ્તિ થઈ શકતી નથી.

**પ્રશ્ન-૩૨ :- જીવ-અજીવતત્ત્વનું સાચું શ્રદ્ધાન શું છે?**

ઉત્તર :- પોતાને પોતારૂપ જાણીને, પરના અંશને પણ પોતામાં ન મેળવે અને પોતાનો અંશ પણ પરમાં ન મેળવે, તે જીવ-અજીવ તત્ત્વનું સાચું શ્રદ્ધાન છે.

**પ્રશ્ન-૩૩ :- આસ્રવતત્ત્વનું જેવું છે તેવું શ્રદ્ધાન શું છે?**

ઉત્તર :- પરમાર્થતઃ પુણ્ય-પાપ (શુભાશુભભાવ) આત્માને અહિતકર છે. આત્માની ક્ષણિક અશુદ્ધ અવસ્થા છે. દ્રવ્ય પુણ્ય-પાપ, આત્માનું હિત-અહિત નથી કરી શકતા. મિથ્યાત્વ રાગ-દ્વેષાદિ ભાવ આત્માને પ્રગટપણે દુઃખ દેનારા છે. - તે આસ્રવતત્ત્વનું જેવું છે તેવું શ્રદ્ધાન છે.

**પ્રશ્ન-૩૪ :- બંધ તત્ત્વનું જેવું છે તેવું શ્રદ્ધાન શું છે?**

ઉત્તર :- જેમ સોનાની બેડી, તેવી જ લોઢાની બેડી છે કેમકે બંને બંધનું કારણ છે; એ પ્રમાણે પુણ્ય-પાપ બંને જીવને બંધનકારક



છે- તે બંધતત્ત્વનું જેવું છે તેવું શ્રદ્ધાન કરે છે.

**પ્રશ્ન-૩૫ :- સંવરતત્ત્વનું જેવું છે તેવું શ્રદ્ધાન શું છે?**

ઉત્તર :- નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જ જીવને માટે હિતકારી છે - તે સંવરતત્ત્વનું સાચું શ્રદ્ધાન છે.

**પ્રશ્ન-૩૬ :- નિર્જરાતત્ત્વનું જેવું છે તેવું શ્રદ્ધાન શું છે?**

ઉત્તર :- આત્મામાં એકાગ્ર થતાં શુભાશુભ ઈચ્છાઓ ઉત્પન્ન ન થતાં નિજ આત્માની શુદ્ધિ વધવી તે તપ છે. તપથી નિર્જરા થાય છે. એવું તપ, સુખદાયક છે - તે નિર્જરાતત્ત્વનું જેવું છે તેવું શ્રદ્ધાન છે.

**પ્રશ્ન-૩૭ :- મોક્ષતત્ત્વનું જેવું છે તેવું શ્રદ્ધાન શું છે?**

ઉત્તર :- મોક્ષદશામાં સંપૂર્ણ આકુળતાનો અભાવ છે. પૂર્ણ સ્વાધીન નિરાકુળતારૂપ સુખ છે - તે મોક્ષતત્ત્વનું જેવું છે તેવું શ્રદ્ધાન છે.

**પ્રશ્ન-૩૮ :- જીવતત્ત્વ સંબંધી જીવની ભૂલ શું છે?**

ઉત્તર :- બાહ્ય અનુકૂળ સંયોગોથી હું સુખી અને પ્રતિકૂળ સંયોગોથી હું દુઃખી; નિર્જરા હોવાથી હું દુઃખી, ધન હોવાથી હું સુખી વગેરે મિથ્યા અભિપ્રાય છે, તે જીવતત્ત્વ સંબંધી જીવની ભૂલ છે.

**પ્રશ્ન-૩૯ :- અજીવતત્ત્વ સંબંધી જીવની ભૂલ શું છે?**

ઉત્તર :- શરીરનો સંયોગ થવાથી હું જન્મ્યો અને શરીરનો વિયોગ થવાથી હું મરી જઈશ. ધન, શરીરાદિ જડ પદાર્થોમાં પરિવર્તન થવાથી પોતામાં ઈષ્ટ-અનિષ્ટ પરિવર્તન માનવું, એટલે કે અજીવની અવસ્થાઓ છે, તેને પોતાની માનવી, તે અજીવતત્ત્વ સંબંધી જીવની ભૂલ છે.

**પ્રશ્ન-૪૦ :- આસ્રવતત્ત્વ સંબંધી જીવની ભૂલ શું છે?**

ઉત્તર :- મિથ્યાત્વ રાગાદિ પ્રગટ દુઃખ દેનારા છે તોપણ તેનું સેવન કરવામાં સુખ માનવું - તે આસ્રવતત્ત્વ સંબંધી જીવની ભૂલ છે.

**પ્રશ્ન-૪૧ :- બંધતત્ત્વ સંબંધી જીવની ભૂલ શું છે?**

ઉત્તર :- શુભને લાભદાયક અને અશુભને હાનિકારક માનવું - તે બંધતત્ત્વ સંબંધી જીવની બૂલ છે.

**પ્રશ્ન-૪૨ :- સંવરતત્ત્વ સંબંધી જીવની ભૂલ શું છે?**

ઉત્તર :- સમ્યગ્જ્ઞાન તથા સમ્યગ્જ્ઞાનસહિત વૈરાગ્યને કષ્ટદાયક માનવું - તે સંવરતત્ત્વ સંબંધી જીવની ભૂલ છે.

**પ્રશ્ન-૪૩ :- નિર્જરાતત્ત્વ સંબંધી જીવની ભૂલ શું છે?**

ઉત્તર :- શુભાશુભ ઇચ્છાઓને નહિ રોકીને, ઇન્દ્રિય વિષયોની ઇચ્છા કરવી તે નિર્જરાતત્ત્વ સંબંધી જીવની ભૂલ છે.

**પ્રશ્ન-૪૪ :- મોક્ષતત્ત્વ સંબંધી જીવની ભૂલ શું છે?**

ઉત્તર :- સમ્યગ્દર્શનપૂર્વક જ પૂર્ણ નિરાકુળતા પ્રગટે છે અને તે જ સાચું સુખ છે, એમ ન માનતા, બાહ્ય સુવિધાઓમાં સુખ માનવું તે મોક્ષતત્ત્વ સંબંધી જીવની ભૂલ છે.

**પ્રશ્ન-૪૫ :- મોક્ષ મેળવવા માટે કોના પર અધિકાર માનવો જોઈએ?**

ઉત્તર :- એકમાત્ર 'સકળ નિરાવરણ-અખંડ-એક સ્વરૂપ પ્રત્યક્ષ પ્રતિભાસમય, અવિનશ્વર-શુદ્ધ પારિણામિક ભાવ લક્ષણ, નિજ પરમાત્મસ્વરૂપ પર અધિકાર માનવાથી જ તરત સંવર, નિર્જરા, અને ક્રમથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.'

**પ્રશ્ન-૪૬ :- અનાદિકાળથી અજ્ઞાનીજીવે કોના કોના ઉપર પોતાનો અધિકાર માન્યો, જેનાથી તેને સંવર-નિર્જરા-મોક્ષની પ્રાપ્તિ નથી થઈ?**



ઉત્તર :- (૧) અત્યંત ભિન્ન પરપદાર્થો પર પોતાનો અધિકાર માનવો; (૨) આંખ, નાક, કાનરૂપ ઔદારિકશરીર ઉપર પોતાનો અધિકાર માન્યો; (૩) તૈજસ-કાર્મણશરીર ઉપર પોતાનો અધિકાર માન્યો; (૪) ભાષા અને મન ઉપર પોતાનો અધિકાર માન્યો; (૫) શુભાશુભ વિકારીભાવોમાં પોતાનો અધિકાર માન્યો; (૬) અપૂર્ણ-પૂર્ણ શુદ્ધપર્યાયો પર પોતાનો અધિકાર માન્યો; (૭) ભેદનયના પક્ષ ઉપર પોતાનો અધિકાર માન્યો; (૮) અભેદનયના પક્ષ ઉપર પોતાનો અધિકાર માન્યો; (૯) ભેદાભેદનયના પક્ષ ઉપર પોતાનો અધિકાર માનવો; માટે સંવર નિર્જરા અને મોક્ષની પ્રાપ્તિ થઈ.

**પ્રશ્ન-૪૭ :- નવ પ્રકારના પક્ષો ઉપર અધિકાર માનવાથી શું થાય છે?**

ઉત્તર :- અનાદિકાળથી એક એક સમય કરીને ચારેય ગતિમાં ભટકતો નિગોદમાં ફરે છે અને દરેક સમયે મહાદુઃખી થાય છે.

**પ્રશ્ન-૪૮ :- આત્માનો અધિકાર શેમાં છે અને શેમાં નથી?**

ઉત્તર :- આત્માનો અધિકાર પોતાના અનંતગુણનો પિંડ જ્ઞાયકભાવમાં જ છે અને નવ પ્રકારના પક્ષો પર આત્માનો અધિકાર નથી.

**પ્રશ્ન-૪૯ :- શરીરમાં બિમારી આવે, દીકરો મરી જાય, ધન નાશ પામે, તો અમે શું કરીએ કે જેનાથી શાંતિ મળે?**

ઉત્તર :- જે સિદ્ધભગવાન કરે છે, તે જ આપણે કરીએ તો શાંતિની પ્રાપ્તિ થાય. જેમ - હોસ્પિટલમાં ૫૦ દર્દી મરી જાય, તો શું ડોક્ટર રડશે? બસ જાણશે અને દેખશે, કેમકે તેના પર એનો અધિકાર નથી; એ પ્રમાણે શરીરમાં બિમારી આવે, સ્ત્રી મરી જાય,

ધન નાશ થઈ જાય, તો જાણવું જોઈએ કે શરીરાદિ પુદ્‌ગલોની આ અવસ્થાઓ ઉપર ચૈતન્યસ્વરૂપ આત્માનો અધિકાર નથી; તરત શાંતિ થઈ જશે. શરીરાદિ પુદ્‌ગલોની અવસ્થાઓ ઉપર આત્માનો અધિકરા માનશે તો દુઃખી થઈને ચાર ગતિમાં રખડતો થકો નિગોદમાં ચાલ્યો જશે.

**પ્રશ્ન-૫૦ :- પૂર્ણ-અપૂર્ણ શુદ્ધપર્યાય ઉપર પણ પોતાનો અધિકાર માને તો ચારેય ગતિમાં ભટકીને નિગોદમાં ચાલ્યો જાશે - એમ આપે કહ્યું છે. જ્યારે જ્ઞાની તો શુદ્ધપર્યાય પર જ પોતાનો અધિકાર માને છે?**

ઉત્તર :- ચોથા ગુણસ્થાનથી લઈને બધા જ્ઞાની, એકમાત્ર પોતાના ત્રિકાળી ભગવાન પર જ અધિકાર માને છે. અપૂર્ણ-પૂર્ણ શુદ્ધ પર્યાય પર પણ જ્ઞાની પોતાનો અધિકાર માનતો નથી. પર અને વિકારીભાવોની તો વાત જ નથી.

**પ્રશ્ન-૫૧ :- પૂર્ણ-અપૂર્ણ શુદ્ધપર્યાયના આશ્રયે મારું ભલું થાય, એમ માનનારા કોણ છે?**

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિ છે અને તે ચારેય ગતિમાં ભટકીને નિગોદને પાત્ર છે.

**પ્રશ્ન-૫૨ :- જ્ઞાનીઓને ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિકભાવ જે ધર્મરૂપ છે, શું તેની ભાવના નથી થતી?**

ઉત્તર :- જ્ઞાનીઓને એકમાત્ર પરમપારિણામિકભાવની જ ભાવના હોય છે. તેના ફળસ્વરૂપ ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિકભાવ પર્યાયમાં ઉત્પન્ન થાય છે પણ તેની ભાવના નથી થતી.

**પ્રશ્ન-૫૩ :- જ્ઞાનીઓની પર્યાયમાં તો ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિકભાવ હોય છે અને ઔદયિકભાવ**



**પણ હોય છે તો શું જ્ઞાનીઓને તે બધા ભાવોની ભાવના નથી?**

ઉત્તર :- અરે ભાઈ, પર્યાયમાં ઔપશમિક આદિ ભાવોનું હોવું જુદી વાત છે અને તેની ભાવના કરવી તે જુદી વાત છે કેમકે જ્ઞાની, શ્રદ્ધામાં એકમાત્ર પોતાના પરમપારિણામિક જ્ઞાયકભાવનો સ્વીકાર કરે છે; નિમિત્ત ભંગભેદ, અપૂર્ણ-પૂર્ણ શુદ્ધપર્યાયનો સ્વીકાર નથી કરતો. (૨) જ્ઞાની પોતાના સમ્યગ્જ્ઞાનમાં પરમપારિણામિકભાવરૂપ નિજ જીવનો આશ્રય કરવા યોગ્ય જાણે છે. ઔપશમિકભાવ, ધર્મનો ક્ષાયોપશમિકભાવ અને ક્ષાયિકભાવ, એટલે કે સંવર, નિર્જરા અને મોક્ષને પ્રગટ કરવા યોગ્ય જાણે છે. ઔદયિકભાવ, એટલે કે આસ્રવ-બંધને હેયરૂપ જાણે છે. એ પ્રકારે જ્ઞાનીઓને તો માત્ર નિજ જ્ઞાયકની જ ભાવના વર્તે છે, બીજાની નહિ.

**પ્રશ્ન-૫૪ :- મોક્ષમાર્ગ શબ્દમાં 'માર્ગ'નો શું અર્થ છે?**

ઉત્તર :- માર્ગ એટલે કે રસ્તો.

**પ્રશ્ન-૫૫ :- અજ્ઞાની, મોક્ષમાર્ગ, એટલે કે મોક્ષનો રસ્તો ક્યાં ગોતે છે?**

ઉત્તર :- જેમ હરણની નાભીમાં કસ્તુરી છે પણ તે બહાર શોધે છે, તે પ્રકારે અજ્ઞાની શરીરની ક્રિયામાં અને શુભભાવોમાં મોક્ષમાર્ગ શોધે છે.

**પ્રશ્ન-૫૬ :- બહારની ક્રિયાઓમાં અને શુભભાવોમાં જે મોક્ષમાર્ગ માને છે, તેને જિનવાણીમાં શું શું કહ્યું છે?**

ઉત્તર :- (૧) શ્રી સમયસારમાં નપુંસક, વ્યભિચારી, મિથ્યાદૃષ્ટિ, અસંયમી, પાપી, અન્ય મતવાળો તથા આત્માવલોકનમાં હરાજાદીપણું વગેરે કહ્યું છે. (૨) પંચાસ્તિકાય, ગાથા ૧૬૮માં મિથ્યાદૃષ્ટિનો શુભરાગ બધી અનર્થ સંતતિનું મૂળ કહ્યું છે અને

રત્નકરંડશ્રાવકાચાર, ગાથા ૩૩માં 'સંસાર' પરિભ્રમણ જ બતાવ્યું છે.

**પ્રશ્ન-૫૭ :- મોક્ષમાર્ગ એટલે કે મોક્ષનો રસ્તો શું છે?**

ઉત્તર :- નિજ પરમપારિણામિક જ્ઞાયક ભગવાનનો આશ્રય લઈને સમ્યગ્દર્શન આદિની પ્રાપ્તિ કરવી તે જ મોક્ષનો રસ્તો છે.

**પ્રશ્ન-૫૮ :- સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગ છે, તેમાં અનેકાંત શું છે?**

ઉત્તર :- સમ્યગ્દર્શન આદિ જ મોક્ષમાર્ગ છે; વ્યવહારરત્નત્રય આદિ મોક્ષમાર્ગ નથી - આ અનેકાંત છે.

**પ્રશ્ન-૫૯ :- વ્યવહારરત્નત્રયાદિ મોક્ષમાર્ગ નથી, તે કયા જીવની વાત છે?**

ઉત્તર :- જે જીવને સમ્યગ્દર્શન આદિ પ્રગટ્યા છે, તે જીવના ભૂમિકા અનુસારના રાગને ઉપચારથી મોક્ષમાર્ગ કહે છે; ખરેખર તો તે રાગ, મોક્ષમાર્ગ નથી અને જે શુદ્ધિ પ્રગટી છે, તે જ મોક્ષમાર્ગ છે. મિથ્યાદષ્ટિના શુભભાવોને તો વ્યવહાર પણ કહેવામાં નથી આવતો, કેમકે અનુપચાર થયા વિના, ઉપચારનો આરોપ નથી આવતો.

**પ્રશ્ન-૬૦ :- દ્રવ્યપુણ્ય-પાપ અને શુભાશુભભાવોના સંબંધમાં શું શું જાણવું જોઈએ?**

ઉત્તર :- (૧) પરમાર્થે પુણ્ય-પાપ (શુભાશુભભાવ) આત્માને અહિતકર જ છે અને તે આત્માની ક્ષણિક અશુદ્ધ અવસ્થા છે. (૨) સમ્યગ્દષ્ટિના શુભભાવોથી સંવર નિર્જરા થાય છે, આ માન્યતા ખોટી છે, કેમકે શુભભાવ ચાહે જ્ઞાનીના હોય કે મિથ્યાદષ્ટિના હોય, બંને બંધનું જ કારણ છે.

**(શ્રી સમયસાર કળશ ટીકા, કળશ ૧૧૦)**



(૩) પુણ્ય છોડીને, પાપરૂપ પ્રવર્તન ન કરે અને પુણ્યને મોક્ષમાર્ગ ન માને, તે પુણ્ય-પાપને જાણવાનો લાભ છે. **(મોક્ષમાર્ગપ્રકાશક)**

(૪) દ્રવ્યપુણ્ય-પાપ, આત્માનું હિત-અહિત નથી કરતા.

**પ્રશ્ન-૬૧ :- પૂર્ણ વિકાર કોને હોય છે?**

ઉત્તર :- કોઈને પણ નહિ; કેમકે જો પૂર્ણ વિકાર થઈ જાય તો જીવના નાશનો પ્રસંગ ઊભો થઈ જાય, તો એમ તો બનતું નથી.

**પ્રશ્ન-૬૨ :- ભાવાસ્રવ અમર્યાદિત હોય તો શું થાય?**

ઉત્તર :- જે મર્યાદિત હોય, તેનો અભાવ થઈ શકે છે - એમ જાણીને પાત્ર જીવ, નિજ સ્વભાવનો આશ્રય લઈને ભાવાસ્રવનો અભાવ કરીને, ધર્મની શરૂઆત કરી ક્રમથી પરમદશાને પામે છે.

**પ્રશ્ન-૬૩ :- દ્રવ્યાસ્રવ મર્યાદિત છે કે અમર્યાદિત?**

ઉત્તર :- મર્યાદિત છે, કેમકે જો અમર્યાદિત હોય તો સંપૂર્ણ કાર્માણવર્ગણાનો દ્રવ્યકર્મરૂપ પરિણમિત થવાનો પ્રસંગ ઊભો થાય, એમ તો બનતું નથી.

**પ્રશ્ન-૬૪ :- પંચાધ્યાયીકારે આસ્રવને શું કહ્યું છે?**

ઉત્તર :- 'આગંતુકભાવ' કહ્યો છે.

**પ્રશ્ન-૬૫ :- સંસારનું બીજ શું છે?**

ઉત્તર :- પરવસ્તુઓમાં અને શુભાશુભભાવોમાં એકત્વબુદ્ધિ જ સંસારનું બીજ છે. **(પુરુષાર્થસિદ્ધિ ઉપાય, ગાથા ૧૪)**

**પ્રશ્ન-૬૬ :- પંચાધ્યાયમાં સંસારનું બીજ, એટલે કે મિથ્યાત્વ કોને કોને કહ્યું છે?**

ઉત્તર :- (૧) આત્માને માત્ર કર્મચેતના (રાગ-દ્વેષ, મોહરૂપ) અને કર્મફળચેતના (સુખ-દુઃખરૂપ) જ અનુભવ કરવો, મિથ્યાદર્શન છે. **(ગાથા ૯૭૨ થી ૯૭૪)**

(૨) આત્માને નવ તત્ત્વરૂપ (પર્યાયના ભેદરૂપ) અનુભવ કરવો અને સામાન્ય (અંતઃતત્ત્વરૂપ) અનુભવ ન કરવો, તે મિથ્યાદર્શન છે.

(૩) (૧) આત્માનું, (૨) કર્મનું, (૩) કર્તા-ભોક્તાપણાનું, (૪) પાપને, (૫) પુણ્ય-પાપના કારણનું, (૬) પુણ્ય-પાપના ફળનું, (૭) સામાન્ય-વિશેષસ્વરૂપનું, (૮) રાગથી ભિન્ન પોતાના સ્વરૂપનું શ્રદ્ધાન-જ્ઞાન ન થવું, તે મિથ્યાદર્શન છે. (ગાથા ૧૨૩૩)

(૪) સાત ભયયુક્ત રહેવું તે મિથ્યાદર્શન છે. (ગાથા ૧૨૬૪)

(૫) ઈષ્ટનો નાશ ન થઈ જાય, અનિષ્ટની પ્રાપ્તિ ન થઈ જાય, ધન નાશ થઈને ગરીબી ન આવે, તે આ લોકના ભય છે. તે મિથ્યાદર્શન છે. વિશ્વથી ભિન્ન હોવા છતાં પણ પોતાને વિશ્વરૂપ સમજવું તે મિથ્યાદર્શન છે. (ગાથા ૧૨૭૪ થી ૧૨૭૮)

(૬) મારો જન્મ દુર્ગતિમાં ન થઈ જાય, એવો પરલોકનો ભય તે મિથ્યાદર્શન છે. (ગાથા ૧૨૯૨ થી ૧૨૯૪)

(૭) રોગથી ડરતા રહેવું કે રોગ આવવાથી ગભરાવું કે તે (રોગથી) પોતાની હાનિ માનવી, તે વેદનાભય મિથ્યાદર્શનથી થાય છે. (ગાથા ૧૨૯૨ થી ૧૨૯૪ સુધી)

(૮) શરીરના નાશથી પોતાનો નાશ માનવો, તે અત્રાણભય (વેદનાભય) મિથ્યાદષ્ટિઓને હોય છે. (ગાથા ૧૨૯૯ થી ૧૩૦૧)

(૯) શરીરની પર્યાયના જન્મથી, પોતાનો જન્મ અને શરીરની પર્યાયના નાશથી પોતાનો નાશ માનવો, તે અગુપ્તિભય મિથ્યાદર્શનથી થાય છે. (ગાથા ૧૬૦૪ થી ૧૬૦૫)

(૧૦) દસ પ્રાણોના નાશથી ભય પામવું કે તેના નાશથી પોતાનો નાશ માનવો, તે મરણભય મિથ્યાદર્શનથી થાય છે. (૧૩૦૭ થી ૧૩૦૮)



(૧૧) વીજળી પડવાથી કે બીજા કારણથી મારી ખરાબ અવસ્થા ન થઈ જાય, એવો અકસ્માતભય મિથ્યાદર્શનથી થાય છે. (ગાથા ૧૩૧૧ થી ૧૩૧૩)

(૧૨) લોકમૂઢતા, દેવમૂઢતા, ગુરુમૂઢતા અને ધર્મમૂઢતા, તે મિથ્યાદર્શનના ચિહ્નો છે. (ગાથા ૧૩૬૧ થી ૧૩૬૯)

(૧૩) નવ તત્ત્વોમાં અશ્રદ્ધા એટલે કે વિપરીત શ્રદ્ધાનું હોવું, તે મિથ્યાદર્શન છે. (ગાથા ૧૭૯૨ થી ૧૮૦૯)

(૧૪) અન્ય મતિઓએ બતાવેલા પદાર્થોમાં શ્રદ્ધા થવી, તે મિથ્યાદર્શન છે. (ગાથા ૧૯૯૭)

(૧૫) આત્મસ્વરૂપની અનુપલબ્ધિ થવી, તે મિથ્યાદર્શન છે.

(૧૬) સૂક્ષ્મ અંતરિત અને દૂરવર્તી પદાર્થોનો વિશ્વાસ ન થવો, તે મિથ્યાદર્શન છે. જેમ કે - (અ) જે પદાર્થ કેવળીગમ્ય છે, તે છદ્મસ્થે આગમ આધારથી જાણવા યોગ્ય છે. (આ) ધર્મ-અધર્મ-આકાશ-કાળ-પરમાણુ વગેરેને સૂક્ષ્મ પદાર્થ કહે છે કેમકે તે ઈન્દ્રિયોથી ગ્રહણ નથી થતાં. (ઈ) રામ-રાવણ વગેરેને, એટલે કે જે પદાર્થોમાં ભૂતકાળના ઘણા સમયનું અંતર હોય અથવા ઘણા સમય પછી થવાનું હોય. જેમ કે - રાજા શ્રેણિક, પ્રથમ તીર્થંકર થશે અને દૂરવર્તી પદાર્થોમાં મેરુપર્વત, સ્વર્ગ, નદી, દ્વીપ, સમુદ્ર વગેરે જે છદ્મસ્થ ત્યાં પહુંચીને દર્શન નથી કરી શકતા, તેનો વિશ્વાસ નથી કરી શકતો તે મિથ્યાદર્શન છે. (ગાથા ૧૮૧૦)

(૧૭) મોક્ષના અસ્તિત્વની અને તેમાં જોવા મળતા અતીન્દ્રિય સુખ અને અતીન્દ્રિય જ્ઞાન પ્રત્યે રુચિ ન થવી, તે મિથ્યાદર્શન છે. (ગાથા ૧૮૧૨)

(૧૮) જાતિ અપેક્ષાએ છ દ્રવ્યનું સ્વતઃસિદ્ધ અનાદિઅનંત સ્વતંત્ર પરિણમન ન માનવું, તે મિથ્યાદર્શન છે. (ગાથા ૧૮૧૩)

(૧૯) દરેક દ્રવ્યને નિત્ય-અનિત્ય, એક-અનેક, અસ્તિ-નાસ્તિ, તત્-અતત્ વગેરે અનેકાંતાત્મકસ્વરૂપ ન માનવા, પણ એકાંતરૂપ માનવા તે મિથ્યાદર્શન છે. (ગાથા ૧૮૧૪)

(૨૦) નોકર્મ (શરીર-મન-વાણી), ભાવકર્મ (ક્રોધાદિશુભાશુભ ભાવ) અને ધન-ધાન્યાદિ જે અનાત્મીય વસ્તુઓ છે, તેમને આત્મીય માનવી તે મિથ્યાદર્શન છે.

(૨૧) ખોટા દેવ-ગુરુ-ધર્મને સાચા સમાન જાણવા, એટલે કે સાચા દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા ન થવી, તે મિથ્યાદર્શન છે. (ગાથા ૧૮૧૬)

(૨૨) ધન, ધાન્ય, પુત્રી વગેરેની પ્રાપ્તિ માટે દેવી આદિને પૂજવી અથવા અનેક કુકર્મ કરવા, તે મિથ્યાદર્શન છે. (ગાથા ૧૮૧૭)

**પ્રશ્ન-૬૭ :- મિથ્યાત્વના ઉપરના ૨૨ લક્ષણો ક્યા અને કોઈ શાસ્ત્રોમાં પણ છે?**

**ઉત્તર :-** ભાઈ! ચારેય અનુયોગના બધા શાસ્ત્રોમાં આ જ લક્ષણો બતાવ્યા છે.

**પ્રશ્ન-૬૮ :- શ્રી પ્રવચનસારમાં મિથ્યાત્વના ક્યા લક્ષણો બતાવ્યા છે?**

**ઉત્તર :-** (૧) (અ) પદાર્થોનું અયથાર્થ ગ્રહણ, (આ) તિર્યંચ-મનુષ્યો પ્રત્યે કરુણાભાવ, (ઇ) વિષયોની સંગતિ, એટલે કે ઈષ્ટ વિષયોમાં પ્રીતિ અને અનિષ્ટ વિષયોમાં અપ્રીતિ, તે બધા મોહના ચિહ્ન (લક્ષણ) છે. (ગાથા ૮૫)

(૨) (અ) જીવના દ્રવ્ય-ગુણ-પર્યાય સંબંધી મૂઢભાવ, તે મોહભાવ છે. (આ) તેનાથી આચ્છાદિત વર્તતો એવો જીવ, રાગ-



દ્વેષને પામીને ક્ષુબ્ધ થાય છે.

(૩) જે શ્રમણ અવસ્થામાં આ અસ્તિત્વવાળા વિશેષસહિત પદાર્થોની શ્રદ્ધા નથી કરતો, તે શ્રમણ નથી, તેને ધર્મ પ્રાપ્ત નથી થતો. (ગાથા ૮૩)

(૪) આગમહીન શ્રમણ, નિજ અને પરને નથી જાણતો, તે જીવાદિ પદાર્થોને નહિ જાણતા થકા ભિખારી, દ્રવ્ય-ભાવકર્મનો ક્યાંથી ક્ષય કરે? (ગાથા ૨૩૩)

(૫) દ્રવ્યલિંગી મુનિને સંસાર તત્ત્વ કહ્યું છે. (ગાથા ૨૭૧)

(૬) સૂત્ર, સંયમ અને તપથી સંયુક્ત હોવા છતાં પણ (જે જીવ), જિનોક્ત આત્મ પ્રધાન પદાર્થોનું શ્રદ્ધાન નથી કરતો તો તે શ્રમણ નથી. (ગાથા ૨૬૪)

(૭) અસમાનજાતીય દ્રવ્યપર્યાયમાં એકત્વબુદ્ધિ, તે મિથ્યાદર્શન છે. (ગાથા ૯૪)

**પ્રશ્ન-૬૯ :- શું મિથ્યાદર્શનનું સ્વરૂપ શ્રી સમયસારમાં પણ આવ્યું છે?**

**ઉત્તર :-** (૧) દ્રવ્યકર્મ, નોકર્મ અને ભાવકર્મમાં એકત્વબુદ્ધિ મિથ્યાદર્શન છે. (ગાથા ૧૯)

(૨) જ્યાં સુધી આ આત્મા, પ્રકૃતિના નિમિત્તે ઉપજવું-વિનાશ નથી છડોતો, ત્યાં સુધી અજ્ઞાની છે, મિથ્યાદૃષ્ટિ છે, અસંયત છે. (ગાથા ૩૧૪)

(૩) (૧) શુભાશુભભાવોમાં અને જ્ઞપ્તિક્રિયામાં, (૨) દેવ-નારકી અને જ્ઞાયક આત્મામાં, (૩) જ્ઞેય અને જ્ઞાનમાં એકત્વબુદ્ધિ મિથ્યાદર્શન છે, એકત્વનું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે અને એકત્વનું આચરણ મિથ્યાચારિત્ર છે. (ગાથા ૨૭૦)

(૪) જે ઘણા પ્રકારના મુનિલિંગોમાં અથવા ગૃહસ્થી લિંગોમાં

મમતા કરે છે, એટલે કે એમ માને છે કે દ્રવ્યલિંગ જ મોક્ષનો દાતા છે તેણે સમયસારને નથી જાણ્યું. તેને (અ) 'અનાદિરૂઢ' (આ) 'વ્યવહારમૂઢ' (ઈ) અને 'નિશ્ચય પર અનારૂઢ' કહ્યા છે, તે બધો મિથ્યાત્વનો પ્રભાવ છે. (ગાથા ૪૧૩)

**પ્રશ્ન-૭૦ :- છ ઢાળામાં અગૃહીત મિથ્યાદર્શન કોને કહે છે?**

ઉત્તર :- (૧) આત્માનો સ્વભાવ જ્ઞાન-દર્શન છે, તેને ભૂલીને શરીરને આત્મા માની લેવો, શરીર આશ્રિત ઉપવાસ અને ઉપદેશાદિમાં પોતાપણાની બુદ્ધિ થવી, તે અગૃહીત મિથ્યાદર્શન છે. (૨) શરીરની ઉત્પત્તિમાં પોતાની ઉત્પત્તિ અને શરીર છૂટતા પોતાનું મરણ માનવું તે અગૃહીત મિથ્યાદર્શન છે. (૩) શુભાશુભભાવ પ્રગટ દુઃખ દેનારા છે, તેને સુખકર માનવા, અગૃહીત મિથ્યાદર્શન છે. (૪) શુભાશુભભાવ એકરૂપ જ છે અને ખરાબ જ છે પણ આત્માનો અનુભવ ન હોવાથી અશુભકર્મોના ફળમાં દ્વેષ અને શુભકર્મોના ફળમાં રાગ કરવો, તે અગૃહીત મિથ્યાદર્શન છે. (૫) નિશ્ચય-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જીવને હિતકારી છે, સ્વરૂપ સ્થિરતા દ્વારા રાગનો જેટલો અભાવ તે વૈરાગ્ય છે અને સુખનું કારણ છે, પણ નિશ્ચયસમ્યગ્દર્શનાદિને કષ્ટદાયક માનવા, તે અગૃહીત મિથ્યાદર્શન છે. (૬) સમ્યગ્જ્ઞાનપૂર્વક ઈચ્છાઓનો અભાવ જ નિર્જરા છે અને તે જ આનંદરૂપ છે પણ પોતાની શક્તિને ભૂલીને, ઈચ્છાઓની પૂર્તિમાં સુખ માનવું તે અગૃહીત મિથ્યાદર્શન છે. (૭) મુક્તિમાં પૂર્ણ નિરાકુળતારૂપ સાચું સુખ છે, તેના બદલે ભોગસંબંધી સુખને જ સુખ માનવું, તે અગૃહીત મિથ્યાદર્શન છે.

**પ્રશ્ન-૭૧ :- ભાવદીપિકામાં અગૃહીત મિથ્યાત્વના કેટલા પ્રકાર જણાવ્યા છે?**



ઉત્તર :- આઠ પ્રકારના બતાવ્યા છે. (૧) પરદ્રવ્યમાં અહંબુદ્ધિ - તે મિથ્યાત્વભાવ છે. (૨) પરગુણમાં અહંબુદ્ધિ તે મિથ્યાત્વભાવ છે. (૪) પરદ્રવ્યમાં મમકારબુદ્ધિ - તે મિથ્યાત્વભાવ છે. (૫) પરગુણમાં મમકારબુદ્ધિ - તે મિથ્યાભાવ છે. (૬) પરપર્યાયમાં મમકારબુદ્ધિ - તે મિથ્યાત્વભાવ છે. (૭) દષ્ટિગોચર પુદ્‌ગલપર્યાયોમાં દ્રવ્યરૂપ બુદ્ધિ - તે મિથ્યાત્વભાવ છે. (૮) અદષ્ટિગોચર દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં અભાવરૂપ બુદ્ધિ - તે મિથ્યાત્વભાવ છે.

**પ્રશ્ન-૭૨ :- પરદ્રવ્યમાં અહંબુદ્ધિરૂપ મિથ્યાત્વ શું છે?**

ઉત્તર :- પરદ્રવ્ય જે શરીર પુદ્‌ગલ પિંડ, તેમાં અહંબુદ્ધિ 'તે હું છું' તે પરદ્રવ્યમાં અહંબુદ્ધિરૂપ મિથ્યાત્વભાવ છે.

**પ્રશ્ન-૭૩ :- પરગુણમાં અહંબુદ્ધિરૂપ મિથ્યાત્વભાવ શું છે?**

ઉત્તર :- પુદ્‌ગલના સ્પર્શાદિગુણોમાં અહંબુદ્ધિ થવી. જેમ કે - હું ગરમ, હું ઠંડો, હું કોમળ, હું કઠોર, હું હલકો, હું ભારે, હું રૂક્ષ, હું ખાટો, હું મીઠો, હું કડવો, હું તીખો, હું કષાયેલો, હું દુર્ગંધવાળો, હું કાળો, હું ગોરો, હું લાલ, હું પીળો વગેરે - તે પર ગુણોમાં અહંબુદ્ધિરૂપ મિથ્યાત્વભાવ છે.

**પ્રશ્ન-૭૪ :- પરપર્યાયમાં અહંબુદ્ધિરૂપ મિથ્યાત્વ શું છે?**

ઉત્તર :- હું દેવ, હું નારકી, હું મનુષ્ય, હું તિર્યંચ અને તેના એકેન્દ્રિય વગેરે અવાંતર ભેદ-પ્રભેદમાં અહંબુદ્ધિ થવી - તે પર્યાયોમાં અહંબુદ્ધિરૂપ મિથ્યાત્વભાવ છે.

**પ્રશ્ન-૭૫ :- પરદ્રવ્યમાં મમકારબુદ્ધિરૂપ મિથ્યાત્વભાવ શું છે?**

ઉત્તર :- મારું ધન, મારું મકાન, મારા દાગીના, મારા કપડા, મારો કબાટ, મારો પલંગ, મારો બાગ, મારી ઘડિયાળ, મારી દસ

હજારની નોટ, મારું પુસ્તકાલય, મારું ભેજન - આ પ્રકારે પરવસ્તુઓમાં મમકારપણું તે પરદ્રવ્યોમાં મમકારબુદ્ધિરૂપ મિથ્યાત્વભાવ છે.

**પ્રશ્ન-૭૬ :- પર ગુણમાં મમકારબુદ્ધિરૂપ મિથ્યાત્વભાવ શું છે?**

**ઉત્તર :-** મારા શરીરનું બળ એવું છે કે અનેક પરાક્રમ કરું, આ મારા શબ્દ, આ મારી ચાલ, આ મારી આંગળીઓ, આ મારો ચહેરો, આ મારું નામ, આ મારા કાન, આ મારા દાંત વગેરેરૂપ પ્રવૃત્તિ થવી - તે પર ગુણોમાં મમકારબુદ્ધિરૂપ મિથ્યાત્વભાવ છે.

**પ્રશ્ન-૭૭ :- પર પર્યાયમાં મમકારબુદ્ધિરૂપ મિથ્યાત્વભાવ શું છે?**

**ઉત્તર :-** મારો પુત્ર, મારી સ્ત્રી, મારી માતા, મારા પિતા, મારો ભાઈ, મારી બહેન, મારા નોકર, મારી પ્રજા, મારો હાથી, મારા ઘોડા, મારી ગાય-ભેસ - આ પ્રકારે મમકારબુદ્ધિ થવી, તે પર પર્યાયોમાં મમકારબુદ્ધિરૂપ મિથ્યાત્વભાવ છે.

**પ્રશ્ન-૭૮ :- દૃષ્ટિગોચર પુદ્ગલપર્યાયોમાં દ્રવ્યબુદ્ધિરૂપ મિથ્યાત્વભાવ શું છે?**

**ઉત્તર :-** દૃષ્ટિમાં જેટલી પુદ્ગલની પર્યાય આવે છે, તેને જુદા જુદા દ્રવ્ય માને છે. જેમ કે આ ઘડો છે, આ સોનું છે, આ પાષાણ છે, આ પર્વત છે, આ વૃક્ષ છે, આ મનુષ્ય છે, આ હાથી છે, આ ઘોડો છે, આ ચકલી છે, આ શિયાળ છે, આ સિંહ છે, આ સૂર્ય છે, આ ચંદ્ર છે, આ છોકરો છે, આ છોકરી છે, આ જયપુર નરેશ છે, આ રાષ્ટ્રપતિ છે, આ વહુ છે, વગેરે સમાનજાતીય અને અસમાનજાતીય દ્રવ્ય-પર્યાયોમાં દ્રવ્યબુદ્ધિને ધારણ કરે છે, તેને અલગ-અલગ સત્ત્વ માને છે, એટલે કે વર્તમાન



ક્ષણિક પર્યાયોને જ દ્રવ્ય માને છે. ત્રિકાળીક સત્તાસહિત ગુણ-પર્યાયરૂપ દ્રવ્યને નથી માનતા, તે દૃષ્ટિગોચર પુદ્ગલપર્યાયોમાં દ્રવ્યબુદ્ધિરૂપ મિથ્યાત્વભાવ છે.

**પ્રશ્ન-૭૯ :- અદૃષ્ટિગોચર દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં અભાવ બુદ્ધિરૂપ મિથ્યાત્વભાવ શું છે?**

**ઉત્તર :-** (૧) જે દૃષ્ટિગોચર નથી, એવા જે દૂરક્ષેત્રવર્તી, (૨) થઈને નાશ થઈ ગઈ, (૩) અનાગતમાં થશે, (૪) ઈન્દ્રિયોથી અગોચર સૂક્ષ્મ પર્યાય વગેરે જે પોતાની અને પરની છે, તેને અભાવરૂપ માને છે. તેનું સત્ત્વ થઈ ચુક્યું છે, થશે અથવા વર્તમાનમાં છે, એમ નથી માનતો વગેરે બધા મિથ્યાત્વભાવ છે.

**પ્રશ્ન-૮૦ :- આ આઠ પ્રકારના મિથ્યાત્વભાવ કેવા છે અને કેમ છે?**

**ઉત્તર :-** તે અગૃહીતમિથ્યાત્વ છે. વગર શીખે અનાદિથી એક એક સમય કરીને ચાલ્યો આવે છે. સદા કાળ, સર્વ ક્ષેત્રમાં મિથ્યાદૃષ્ટિને પ્રવર્તે છે. કોઈ દ્વારા કદાચિત્ ઉપદેશિત નથી; એ કારણે તેને અગૃહીતમિથ્યાત્વ કહ્યું છે.

**પ્રશ્ન-૮૧ :- ગૃહીતમિથ્યાત્વ શું છે?**

**ઉત્તર :-** (૧) દેવ, (૨) ગુરુ, (૩) ધર્મ, (૪) આપ્ત (હિતઉપદેશક), (૫) આગમ, (૬) નવ પદાર્થ - તેનું ઊંધું શ્રદ્ધાન, ગૃહીતમિથ્યાત્વ છે.

**પ્રશ્ન-૮૨ :- જીવનું પ્રયોજન શું છે?**

**ઉત્તર :-** દુઃખનો અભાવ અને સુખની પ્રાપ્તિ, તે જ એકમાત્ર જીવનું પ્રયોજન છે.

**પ્રશ્ન-૮૩ :- દુઃખનો અભાવ અને સુખની પ્રાપ્તિને માટે નિમિત્તકારણ કોને માને તો કલ્યાણનો અવકાશ છે?**

ઉત્તર :- (૧) દેવ-ગુરુ-ધર્મ, આપ્ત, આગમ અને નવ પદાર્થોનું આજ્ઞાનુસાર પ્રવર્તન કરે, તો કલ્યાણનો અવકાશ છે.

પ્રશ્ન-૮૪ :- દેવ કોને કહે છે?

ઉત્તર :- (૧) નિજસ્વભાવના સાધન દ્વારા જેમણે અનંત ચતુષ્ટય પ્રાપ્ત કર્યા છે; અઢાર દોષ જેમાં નથી અને જેમના વચનથી ધર્મતીર્થની પ્રવૃત્તિ થાય છે, જેનાથી અનેક પાત્ર જીવોનું કલ્યાણ થાય છે; શ્રી ગણધર, ઈન્દ્રાદિક ઉત્તમ જીવ જે પોતાના હિતને અર્થે સેવન કરે છે, તે અરિહંત અને સિદ્ધદેવ છે. એવા દેવની આજ્ઞા અનુસાર પ્રવર્તન કરવાથી ધર્મની પ્રાપ્તિ, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે; માટે એવા દેવને જ માનવા જોઈએ. આયુધ અંબરાદિ તેમજ અંગ વિકાર આદિ જે કામ-ક્રોધાદિ નિંદ્યભાવોના ચિહ્નો છે, એવા લક્ષણોથી યુક્ત કુદેવોને માનવા જોઈએ નહિ.

પ્રશ્ન-૮૫ :- ગુરુ કોને કહે છે?

ઉત્તર :- જે વિરાગી થઈને સમસ્ત પરિગ્રહને છોડીને, શુદ્ધોપયોગરૂપ પરિણમિત થયા છે, એવા આચાર્ય-ઉપાધ્યાય અને બધા સાધુ, ગુરુ છે; બાકી બધા ગુરુ નથી. માટે એવા ગુરુને જ માનવા જોઈએ; બીજાને નહિ.

પ્રશ્ન-૮૬ :- ધર્મ કોને કહે છે?

ઉત્તર :- (૧) નિશ્ચયધર્મ તો વસ્તુસ્વભાવ છે.

(૨) રાગ-દ્વેષ રહિત પોતાના જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવમાં સ્થિર થવું, તે નિશ્ચયધર્મ છે. એટલે કે ચારેય ગતિના અભાવરૂપ અવિનાશી મોક્ષ સુખ પમાડે તે ધર્મ છે.

(૩) પૂર્ણ ધર્મ ન હોવાથી મોક્ષમાર્ગ એટલે કે સંવર-નિર્જરારૂપ ધર્મ થાય છે. તેમાં નિશ્ચય-વ્યવહારનું જેવું સ્વરૂપ છે, તેવું સમજવું જોઈએ. તેનાથી વિરૂદ્ધ જે શરીરની ક્રિયાથી તેમજ વિકારથી ધર્મ



બતાવે, તેનાથી બચવું જોઈએ.

પ્રશ્ન-૮૭ :- આપ્ત કોને કહે છે?

ઉત્તર :- જીવનું પરમ હિત મોક્ષ છે; તેના ઉપદેષ્ટા, તે આપ્ત છે. આપ્ત બે પ્રકારના છે - (૧) મૂળ આપ્ત અર્હંતદેવ છે અને (૨) ઉત્તર આપ્ત, ગણધરાદિક મુનિ છે. શ્રાવક અને સમ્યગ્દૃષ્ટિ પણ ઉત્તર આપ્તમાં આવે છે કેમકે તે પણ આપ્ત અનુસાર વીતરાગ, સર્વજ્ઞ અને હિતનો ઉપદેશ આપે છે. માટે પાત્ર જીવોએ જ્ઞાનીઓનો સત્સંગ કરવો જોઈએ; અજ્ઞાનીઓનો નહિ. (ભાવદીપિકા)

પ્રશ્ન-૮૮ :- આગમ કોને કહે છે?

ઉત્તર :- આપ્તનું વચન આગમ છે, એટલે કે દિવ્યધ્વનિ, જિનવાણી છે. જે પરંપરા કે સાક્ષાત્ એકમાત્ર વીતરાગભાવનું પોષણ કરે, તે આગમ છે; કેમકે આગમનું તાત્પર્ય દુઃખનો અભાવ, સુખની પ્રાપ્તિ છે. હવે કળિકાળના દોષથી કષાયી પુરુષો દ્વારા શાસ્ત્રોમાં બીજા અર્થનો મેળ થઈ જાય છે; માટે જૈન ન્યાયના શાસ્ત્રોની એવી આજ્ઞા છે કે

(૧) આગમનું સ્વન,

(૨) યુક્તિનું અવલંબન,

(૩) પર અને અપર ગુરુનો ઉપદેશ, અને

(૪) સ્વાનુભવ; આ ચાર વિશેષોનો આશ્રય કરીને અર્થની સિદ્ધિ કરીને ગ્રહણ કરવું, કેમકે બીજી રીતે અર્થના ગ્રહણથી જીવનું બૂરું થાય છે.

પ્રશ્ન-૮૯ :- પદાર્થ કોને કહે છે?

ઉત્તર :- પદનો જે અર્થ, એટલે કે પ્રયોજન, તેને પદાર્થ કહે છે. નવ પ્રકારના પદાર્થોનું સ્વરૂપ જેવું જિનાગમમાં છે, તેવા જ સ્વરૂપસહિત ગ્રહણ કરવું જોઈએ, કેમકે તે પ્રયોજનભૂત પદાર્થ

છે. જેવું સ્વરૂપ કહ્યું છે, તેવું જ સ્વરૂપસહિત ગ્રહણ કરવું તે મોક્ષનું કારણ છે. બીજી રીતે સ્વરૂપનું ગ્રહણ કરવાથી સંસાર પરિભ્રમણ થાય છે.

**પ્રશ્ન-૯૦ :- દેવ, ગુરુ, ધર્મ, આપ્ત, આગમ અને પદાર્થોને મોક્ષનું કારણ (નિમિત્ત) કેમ કહ્યું છે?**

**ઉત્તર :-** આ છ નિમિત્તોમાંથી એકની પણ હાનિ થાય તો મોક્ષમાર્ગને હાનિ થઈ જાય છે. કેમકે : (૧) દેવ ન હોય તો ધર્મ કોના આશ્રયે પ્રવર્તે?

(૨) ગુરુ ન હોય તો ધર્મનું ગ્રહણ કોણ કરાવે?

(૩) ધર્મને ગ્રહણ ન કરે તો મોક્ષની સિદ્ધિ કોના દ્વારા થાય?

(૪) આપ્તનું ગ્રહણ ન હોય તો સત્યધર્મનો ઉપદેશ કોણ દે?

(૫) આગમનું ગ્રહણ ન હોય તો મોક્ષમાર્ગમાં અવલંબન કોનું કરે?

(૬) પદાર્થોનું જ્ઞાન ન કરે તો (અ) પોતાનું અને પરનું, (આ) પોતાના ભાવોનું અને પરભાવોનું, (ઇ) હેયભાવોનું અને ઉપાદેયભાવોનું, (ઈ) અહિતનું અને પોતાના પરમહિતનું ભાન કઈ રીતે થાય. માટે આ છ નિમિત્તોને મોક્ષમાર્ગમાં બતાવ્યા છે.

**પ્રશ્ન-૯૧ :- આ છ નિમિત્તોને ગૃહીતમિથ્યાત્વ કેમ કહ્યા છે?**

**ઉત્તર :-** આ છ નિમિત્તોને ગૃહીતમિથ્યાત્વ નથી કહ્યા પરંતુ તેના ઊલટા શ્રદ્ધાનને ગૃહીતમિથ્યાત્વ કહ્યું છે. ઊલટા નિમિત્તને માનવાથી, જીવનું બહુ બુરુ થાય છે.

**પ્રશ્ન-૯૨ :- જે ઊલટા નિમિત્તોને માનવાથી જીવનું ઘણું બુરું થાય છે, તે નિમિત્ ક્યા ક્યા છે?**

**ઉત્તર :-** સર્વ પ્રકારે ધર્મને જાણતો થકો મિથ્યાદષ્ટિ જીવ કોઈ



ધર્મના અંગને મુખ્ય કરીને, અન્ય ધર્મોને ગૌણ કરે છે, જેમ કે (૧) ઘણા જીવો, દયા-ધર્મને મુખ્ય કરીને, પૂજા-પ્રભાવના આદિ કાર્યનું ઉત્થાપન કરે છે.

(૨) કેટલાય પૂજા-પ્રભાવનાદિ ધર્મને મુખ્ય કરીને હિંસાદિકનો ભય નથી રાખતા.

(૩) કેટલાય તપની મુખ્યતાથી, આર્તધ્યાન આદિ કરીને પણ ઉપવાસ વગેરે કરે છે અને પોતાને તપસ્વી માનીને નિઃશંક ક્રોધાદિ કરે છે.

(૪) કેટલાય દાનની મુખ્યતાથી ઘણા પાપ કરીને પણ ધન ઉપાર્જન કરીને દાન દે છે.

(૫) કેટલાય આરંભ ત્યાગની મુખ્યતાથી, યાચના આદિ કરે છે; વગેરે પ્રકારે કોઈ ધર્મને મુખ્ય કરીને, અન્ય ધર્મને ગણતા નથી અને તેના આશ્રયે પાપનું આચરણ કરે છે. (મોક્ષમાર્ગપ્રકાશક)

**પ્રશ્ન-૯૩ :- શું તેનું તે કાર્ય ઠીક નથી અને ઠીક શું છે?**

**ઉત્તર :-** તેનું તે કાર્ય એવું થયું જેમ - અવિવેકી વેપારીને કોઈ વેપારી નફાના અર્થે બીજા પ્રકારે બહુ .. પડે છે. ચાહે તો એમ કે જેમ વેપારીનું પ્રયોજન નફો છે, બધો વિચાર કરે જેમ નફો બહુ હોય, તેમ કરે; તે પ્રકારે જ્ઞાનીનું પ્રયોજન વીતરાગભાવ છે, સર્વ વિચાર કરે જેમ વીતરાગભાવ બહુ હોય તેમ કરે; કેમકે મૂળધર્મ વીતરાગભાવ છે. (મોક્ષમાર્ગપ્રકાશક)

**પ્રશ્ન-૯૪ :- સમ્યગ્દર્શન વિના કેટલાય જીવ, જિનવર કથિત અણુવ્રત, મહાવ્રતાદિનું પાલન કરે છે, શું તે જીવ પણ ઉંધા નિમિત્તોમાં આવે છે?**

**ઉત્તર :-** હા ભાઈ, તે પણ ઉંધા નિમિત્તોમાં જ આવે છે

કેમકે કુંદકુંદ ભગવાને પ્રવચનસારમાં તેને સસંારતત્ત્વ કહ્યું છે.

**પ્રશ્ન-૯૫ :- સમ્યગ્દર્શન વિના મહાવ્રતાદિરૂપ આચરણથી શું સાધે છે?**

ઉત્તર :- કેટલાય જીવ, અણુવ્રત-મહાવ્રતાદિરૂપ યથાર્થ આચરણ કરે છે અને આચરણ અનુસાર જ પરિણામ છે; કોઈ માયા-લોભાદિકનો અભિપ્રાય નથી; અણુવ્રત મહાવ્રતાદિને ધર્મ જાણીને મોક્ષને અર્થે તેનું સાધન કરે છે, કોઈ સ્વર્ગાદિકના ભોગોની પણ ઈચ્છા નથી રાખતા, પણ તત્ત્વજ્ઞાન પહેલા નથી થયું; માટે આપ તો જાણો છો કે હું મોક્ષનું સાધન કરી રહ્યો છું, પણ જે મોક્ષનું સાધન છે, તેને પણ જાણતો નથી; માત્ર સ્વર્ગાદિકનું જ સાધન કરે છે. (મોક્ષમાર્ગપ્રકાશક)

**પ્રશ્ન-૯૬ :- કુંદકુંદાદિ આચાર્યોનો શું આદેશ છે?**

ઉત્તર :- પહેલા તત્ત્વજ્ઞાન થાય અને પછી ચારિત્ર હોય તો સમ્યક્ ચારિત્ર નામ પામે છે. જેમ કોઈ ખેડુત બીજ વાવે નહિ અને અન્ય સાધન કરે તો અનાજ કેવી રીતે પ્રાપ્ત થાય? ઘાસ-ફુસ જ થશે;તે પ્રકારે અજ્ઞાની તત્ત્વજ્ઞાનનો તો અભ્યાસ કરે નહિ અને અન્ય સાધન કરે, તો મોક્ષની પ્રાપ્તિ કેવી રીતે થાય? દેવપદ વગેરે જ મળે. માત્ર પાત્ર જીવોને પ્રથમ જિનવરકથિત તત્ત્વનો યથાર્થ અભ્યાસ કરીને, સમ્યગ્દર્શનાદિકની પ્રાપ્તિ કરવાનો આચાર્યોનો આદેશ છે.

**પ્રશ્ન-૯૭ :- કોઈ જીવ, છ દ્રવ્ય, સાત તત્ત્વોના નામ લક્ષણાદિ પણ નથી જાણતા અને વ્રતાદિમાં પ્રવર્તે છે, શું તે આત્મહિત સાધી શકે છે?**

ઉત્તર :- તે જીવ, આત્મહિત નથી સાધી શકતા. શાસ્ત્રોમાં આવે છે કે કેટલાય જીવ તો એવા છે જે તત્ત્વાદિકના સારી રીતે



નામ પણ નથી જાણતા, માત્ર વ્રતાદિકમાં જ પ્રવર્તે છે. કેટલાય જીવ એવા છે જે સમ્યગ્દર્શન-જ્ઞાનનું અયથાર્થ સાધન કરીને વ્રતાદિમાં પ્રવર્તે છે. જોકે તે વ્રતાદિનું યથાર્થ આચરણ કરે છે તોપણ યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન વિના બધા આચરણ મિથ્યાચારિત્ર જ છે.

**પ્રશ્ન-૯૮ :- સમ્યગ્દર્શન વિના, વ્રતાદિમાં પ્રવર્તે છે, તે મોક્ષનું સાધન નથી, એવું ક્યાંય સમયસારમાં કહ્યું છે?**

ઉત્તર :- શ્રી સમયસાર, કળશ ૧૪૨માં પંડિત રાજમલજીએ લખ્યું છે કે 'વિશુદ્ધ શુભોપયોગરૂપ પરિણામ, જૈનોક્તસુત્ર અધ્યયન, જીવાદિ દ્રવ્યોના સ્વરૂપનું વારંવાર સ્મરણ, પંચ પરમેષ્ઠીની ભક્તિ વગેરે છે જે અનેક ક્રિયાભેદ, તેના દ્વારા ઘટાટોપ કરે છે તો કરો. તોપણ શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થશે તે તો શુદ્ધજ્ઞાન (જ્ઞાયકસ્વભાવ) દ્વારા થશે. .. અને મહાવ્રતાદિની પરંપરા- આગળ મોક્ષનું કારણ થશે, તેવો ભ્રમ ઉભો થાય છે, તો જૂઠું છે. મહા પરિષહોને સહન કરવા, તેનો ઘણો ભાર તેના દ્વારા ઘણા કાળપર્યંત મરીને ચુરો થતા થકા કષ્ટ કરે છે તો કરો, તોપણ એમ કરતા થકા કર્મક્ષય તો નથી.'

**પ્રશ્ન-૯૯ :- પંચાસ્તિકાય, ગાથા ૧૭૨માં શું કહ્યું છે?**

ઉત્તર :- તેર પ્રકારના ચારિત્ર થવા છતાં પણ તેનો મોક્ષમાર્ગમાં નિષેધ કર્યો છે.

**પ્રશ્ન-૧૦૦ :- પ્રવચનસારમાં શું કહ્યું છે?**

ઉત્તર :- આત્માના અનુભવ વિના, સંયમભાવને અનર્થકારી કહ્યા છે. કેમકે તત્ત્વજ્ઞાન થવાથી જ આચરણ કાર્યકારી કહેવાય છે.

**પ્રશ્ન-૧૦૧ :- સમ્યગ્દર્શન વિના, અણુવ્રત-મહાવ્રતાદિ સાધનોને શું કહ્યું છે?**

ઉત્તર :- અંતરંગ પરિણામ નથી અને સ્વર્ગાદિકની વાંછાથી સાધે છે, તો એ પ્રકારે સાધવાથી તો પાપ બંધ થાય છે. (મોક્ષમાર્ગપ્રકાશક)

**પ્રશ્ન-૧૦૨ :- આપે છ નિમિત્તોની અન્યથારૂપ પ્રવૃત્તિને ગૃહીતમિથ્યાત્વ કહ્યું છે પણ શાસ્ત્રોમાં તો (૧) એકાંત, (૨) વિનય, (૩) સંયમ, (૪) વિપરીત અને (૫) અજ્ઞાનને ગૃહીતમિથ્યાત્વ કહ્યું છે, એમ કેમ?**

ઉત્તર :- ગૃહીતમિથઅયાત્વભાવ આ છ નિમિત્તોના અન્યથા ગ્રહણમાં પાંચ પ્રકારે પ્રવર્તે છે. માટે ગૃહીતમિથ્યાત્વમાં પ્રવૃત્તિના મૂળભેદ પાંચ પ્રકારે કર્યા છે; ઉત્તરભેદ અસંખ્યાત લોકપ્રમાણ છે.

**પ્રશ્ન-૧૦૩ :- સ્વ શું છે અને પર શું છે?**

ઉત્તર :- (૧) અમૂર્તિક પ્રદેશોનો પુંજ; પ્રસિદ્ધ જ્ઞાનાદિ ગુણોનો ધારી; અનાદિનિધન; વસ્તુ સ્વ છે.

(૨) મૂર્તિક પુદ્‌ગલદ્રવ્યનો પિંડ; પ્રસિદ્ધ જ્ઞાનાદિ ગુણોથી રહિત; નવીન જેનો સંયોગ થયો છે, તેવા શરીરાદિક પુદ્‌ગલ પર છે. જેવું સ્વનું સ્વરૂપ છે, તેમ માને તો તરત ધર્મની પ્રાપ્તિ થાય છે. પણ અજ્ઞાની અનાદિથી પરને સ્વ માને છે અને સ્વને પર માને છે; માટે ચારેય ગતિમાં ભટકે છે. હવે પાત્ર જીવને સ્વને સ્વ, અને પરને પર જાણીને, મોક્ષરૂપી લક્ષ્મીનો નાથ બનવું જોઈએ.

**પ્રશ્ન-૧૦૪ :- આપે આટલા વિસ્તારથી ગૃહીતમિથ્યાત્વ અને અગૃહીત મિથ્યાત્વનું સ્વરૂપ કેમ સમજાવ્યું છે?**

ઉત્તર :- ઉપર કહ્યા અનુસાર મિથ્યાત્વનું સ્વરૂપ જાણીને, બધા જીવોને ગૃહીત તથા અગૃહીતમિથ્યાત્વ છોડવું જોઈએ, કેમકે બધા પ્રકારના બંધનું મૂળકારણ મિથ્યાત્વ છે. મિથ્યાત્વનો નાશ કર્યા વિના, અવિરતિ, પ્રમાદ, કષાય વગેરે કદી દૂર નથી થતા માટે



સૌથી પહેલા મિથ્યાત્વને દૂર કરવું જોઈએ.

**પ્રશ્ન-૧૦૫ :- મિથ્યાત્વને સૌથી પહેલા કેમ દૂર કરવું જોઈએ?**

ઉત્તર :- મિથ્યાત્વ, સાત વ્યસનોથી પણ વધીને ભયંકર મહાપાપ છે; માટે જૈનધર્મ સૌથી પહેલા મિથ્યાત્વને છોડવાનો ઉપદેશ આપે છે.

**પ્રશ્ન-૧૦૬ :- આચાર્યકલ્પ પંડિત ટોડરમલજીએ મિથ્યાત્વના વિષયમાં શું કહ્યું છે?**

ઉત્તર :- હે ભવ્યો! કિંચિત્‌માત્ર લોભથી કે ભયથી, કુદેવાદિનું સેવન કરીને, જેમાં અનંતકાળપર્યંત મહાદુઃખ સહેવું પડે છે, એવો મિથ્યાત્વભાવ કરવો યોગ્ય નથી. જિનધર્મમાં તો તે આમ્નાય છે કે પહેલા મોટું પાપ છોડાવીને, પછી નાના પાપ છોડાવ્યા છે; માટે આ મિથ્યાત્વને સપ્ત વ્યસનાદિકથી પણ મોટું પાપ જાણીને, પહેલા છોડાવ્યું છે. માટે જે પાપના ફળથી ડરે છે, પોતાના આત્માને દુઃખ સમુદ્રમાં ડૂબવા નથી માગતો, તે જીવ આ મિથ્યાત્વને અવશ્ય છોડો. (મોક્ષમાર્ગપ્રકાશક)

**પ્રશ્ન-૧૦૭ :- જે જીવ મિથ્યાત્વના પ્રકારોને જાણીને બીજાના દોષને જોવે છે; પોતાના નથી જોતા, તેને માટે આચાર્યકલ્પ પંડિત ટોડરમલજીએ શું કહ્યું છે?**

ઉત્તર :- મિથ્યાત્વના પ્રકારોને ઓળખીને, પોતામાં એવા દોષ હોય તો તે દૂર કરીને સમ્યક્ શ્રદ્ધાની થવું, બીજાના એવા દોષ જોઈ જોઈને કષાયી ન થવું, કેમકે પોતાનું ભલું તો પોતાના પરિણામોથી છે. બીજાને રુચિવાન જોઈને થોડો ઉપદેશ દઈને તેનું પણ ભલું કરે. માટે પોતાના પરિણામ સુધારવાનો ઉપાય કરવો યોગ્ય છે; બધા પ્રકારના મિથ્યાત્વ છોડીને, સમ્યગ્દૃષ્ટિ થવું યોગ્ય

છે કેમકે સંસારનું મૂળ, મિથ્યાત્વ છે અને મોક્ષનું મૂળ, સમ્યક્ત્વ છે અને મિથ્યાત્વની સમાન બીજું પાપ નથી; માટે જે-તે ઉપાયથી બધા પ્રકારથી મિથ્યાત્વનો નાશ કરવો યોગ્ય છે. (મોક્ષમાર્ગપ્રકાશક)

**પ્રશ્ન-૧૦૮ :- મોક્ષના પ્રયત્નમાં કેટલી વાતો એક સાથે હોય છે અને કઈ કઈ હોય છે?**

**ઉત્તર :-** મોક્ષના પ્રયત્નમાં પાંચ વાતો એક સાથે હોય છે - (૧) જ્ઞાયકસ્વભાવ, (૨) પુરુષાર્થ, (૩) કાળલબ્ધિ, (૪) ભવિતવ્ય, અને (૫) કર્મના ઉપશમાદિ. આ પાંચ વાતો એક સાથે હોય છે.

**પ્રશ્ન-૧૦૯ :- સ્વભાવ વગેરે પાંચ વાતો, કારણ છે કે કાર્ય છે?**

**ઉત્તર :-** કારણ છે; કાર્ય નથી.

**પ્રશ્ન-૧૧૦ :- સ્વભાવ શું છે?**

**ઉત્તર :-** અનંતગુણનો અભેદ પિંડ જ્ઞાયક ભગવાન આત્મા, પોતાનો સ્વભાવ છે.

**પ્રશ્ન-૧૧૧ :- પુરુષાર્થ શું છે?**

**ઉત્તર :-** પોતાના જ્ઞાનગુણની પર્યાય જે પર સન્મુખ છે, તેને પોતાના સ્વભાવ સન્મુખ કરવી તે પુરુષાર્થ છે. તે ક્ષણિક ઉપાદાન કારણ છે.

**પ્રશ્ન-૧૧૨ :- કાળલબ્ધિ શું છે?**

**ઉત્તર :-** (૧) તે કોઈ વસ્તુ નથી, પરંતુ જે કાળમાં કાર્ય બને તે જ કાળલબ્ધિ છે.

(૨) અહીં કાળાદિ લબ્ધિમાં કાળલબ્ધિનો અર્થ, સ્વકાળની પ્રાપ્તિ થાય છે.

(૩) ભગવાન શ્રી જયસેનાચાર્યે શ્રી સમયસાર, ગાથા ૭૧માં



કાળલબ્ધિને ધર્મ પામવા સમયે 'શ્રી ધર્મકાળલબ્ધિ' ના નામથી સંબોધન કર્યું છે.

**પ્રશ્ન-૧૧૩ :- ભવિતવ્ય શું છે?**

**ઉત્તર :-** (૧) ભવિતવ્ય અથવા નિયતિ, તે સમયની પર્યાયની યોગ્યતા છે, તે પણ ક્ષણિકઉપાદાનકારણ છે.

(૨) જે કાર્ય થવાનું હતું તે થયું તેને ભવિતવ્ય કહે છે.

**પ્રશ્ન-૧૧૪ :- કર્મના ઉપશમાદિ શું છે?**

**ઉત્તર :-** પુદ્‌ગલદ્રવ્યની અવસ્થા છે.

**પ્રશ્ન-૧૧૫ :- કર્મના ઉપશમાદિના કર્તા કોણ છે અને કોણ નથી?**

**ઉત્તર :-** કર્મના ઉપશમાદિક તો પુદ્‌ગલની પર્યાયો છે. તેનો કર્તા કાર્મણવર્ગણા છે; જીવ અને બીજા વર્ગણાઓ તેના કર્તા નથી.

**પ્રશ્ન-૧૧૬ :- કર્મના ઉપશમાદિકનું અને આત્માનો કેવો સંબંધ છે?**

**ઉત્તર :-** જ્યારે આત્મા, યથાર્થ પુરુષાર્થ કરે છે, ત્યારે કર્મના ઉપશમાદિક સ્વયં સ્વતઃ થઈ જાય છે. તેનો સ્વતંત્રરૂપથી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જે સ્વતંત્રતાનો સૂચક છે; પરતંત્રતાનો સૂચક નથી.

**પ્રશ્ન-૧૧૭ :- આ પાંચ કારણોમાંથી કોના દ્વારા મોક્ષનો ઉપાય બને છે?**

**ઉત્તર :-** જ્યારે જીવ પોતાના જ્ઞાયકસ્વભાવની સન્મુખ થઈને યથાર્થ પુરુષાર્થ કરે છે, ત્યારે કાળલબ્ધિ, ભવિતવ્ય અને કર્મના ઉપશમાદિક સ્વયમેવ થઈ જાય છે.

**પ્રશ્ન-૧૧૮ :- સમવાય કોને કહે છે?**

**ઉત્તર :-** મિલાપ, સમૂહને સમવાય કરે છે.

**પ્રશ્ન-૧૧૯ :- મોક્ષમાં કોની મુખ્યતા છે?**

ઉત્તર :- પુરુષાર્થની મુખ્યતા છે.

**પ્રશ્ન-૧૨૦ :- જીવનું કર્તવ્ય શું છે?**

ઉત્તર :- જીવનું કર્તવ્ય તો તત્ત્વનિર્ણયનો અભ્યાસ (પોતાના સ્વભાવનો આશ્રય) જ છે. તે કરે ત્યારે દર્શનમોહનો ઉપશમ પોતાની મેળે થાય છે, પણ દ્રવ્યકર્મમાં જીવનું કાંઈ પણ કર્તવ્ય નથી.

**પ્રશ્ન-૧૨૧ :- મોક્ષના ઉપાય માટે શું કરવું જોઈએ?**

ઉત્તર :- જિનેશ્વરદેવના ઉપદેશ અનુસાર પુરુષાર્થપૂર્વક ઉપાય કરવો જોઈએ. તેમાં નિમિત્ત અને ઉપાદાન, બંને આવી જાય છે.

**પ્રશ્ન-૧૨૨ :- જિનેશ્વરદેવે મોક્ષ માટે શું ઉપાય બતાવ્યો છે?**

ઉત્તર :- જે જીવ પુરુષાર્થપૂર્વક મોક્ષનો ઉપાય કરે છે, તેને તો બધા કારણો મળે છે, અને ચોક્કસ મોક્ષની પ્રાપ્તિ થાય છે. કાળલબ્ધિ, ભવિતવ્ય, કર્મના ઉપશમાદિક કારણ મેળવવા નથી પડતા, પણ જે જીવ પુરુષાર્થપૂર્વક મોક્ષનો ઉપાય કરે છે, તેને તો બધા કારણો મળી જાય છે અને જે ઉપાય નથી કરતા તેને કોઈ કારણ નથી મળતું અને તેને ધર્મની પ્રાપ્તિ નથી થતી - એવો નિશ્ચય કરવો. (મોક્ષમાર્ગપ્રકાશક)

**પ્રશ્ન-૧૨૩ :- શું જીવને કાળલબ્ધિ, ભવિતવ્ય અને કર્મના ઉપશમાદિક મેળવવા નથી પડતો?**

ઉત્તર :- મેળવવા નથી પડતા. ખરેખર તો જ્યારે જીવ સ્વભાવ સન્મુખ યથાર્થ પુરુષાર્થ કરે છે, ત્યારે તે સ્વયં કારણ હોય છે.

**પ્રશ્ન-૧૨૪ :- રાગાદિક કેમ દૂર થાય?**

ઉત્તર :- જેમ પુત્રનો અર્થી લગ્ન આદિનો પ્રયત્ન કરે અને ભવિતવ્ય સ્વયમેવ થાય, ત્યારે પુત્ર થશે; તે પ્રકારે વિભાવ દૂર



કરવાનું કારણ બુદ્ધિપૂર્વક તો તત્ત્વવિચાર આદિ (રુચિ અને લીનતા) છે અને અબુદ્ધિપૂર્વક મોહકર્મના ઉપશમાદિક છે. માટે તે તત્ત્વનો અર્થી (સાચું સુખ મેળવવાનો અર્થી) તત્ત્વ વિચારાદિકનો તો પ્રયત્ન કરે અને મોહકર્મના ઉપશમાદિક તેની મેળે થાય, ત્યારે રાગાદિક દૂર થાય છે.

**પ્રશ્ન-૧૨૫ :- શ્રી સમયસાર-નાટકમાં 'શિવમાર્ગ' કોને કહ્યો છે?**

ઉત્તર :- સ્વભાવ આદિ પાંચેયને સર્વાંગ માનવા, તેને શિવમાર્ગ કહ્યો છે. અને કોઈ એકને જ માનવા, તે પક્ષપાત હોવાથી મિથ્યા-માર્ગ કહ્યો છે.

**પ્રશ્ન-૧૨૬ :- કોઈ કહે કાળલબ્ધિ પાકશે, ત્યારે ધર્મ થશે શું તે માન્યતા બરાબર છે?**

ઉત્તર :- આ માન્યતા ખોટી છે, કેમકે એવી માન્યતાવાળાએ પાંચેય સમવાય એક સાથે નથી માન્યા, માત્ર એક કાળલબ્ધિને જ માની; માટે એકાંતકાળવાદી ગૃહીતમિથ્યાદૃષ્ટિ છે.

**પ્રશ્ન-૧૨૭ :- જગતમાં બધું ભવિતવ્યને આધિન છે, જ્યારે ધર્મ થવાનો હશે ત્યારે થશે, શું તે માન્યતા બરાબર છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, કેમકે તે માન્યતાવાળાને પાંચેય સમવાયોને એક સાથે નથી માન્યતા, માત્ર એક ભવિત્યવ્યને જ માન્યું; માટે તે એકાંતનિયતિવાદી ગૃહીતમિથ્યાદૃષ્ટિ છે.

**પ્રશ્ન-૧૨૮ :- કોઈ માત્ર દ્રવ્યકર્મને જ માને તો શું બરાબર છે?**

ઉત્તર :- તે પણ મિથ્યા છે, કેમકે એવી માન્યતાવાળાને પાંચેય સમવાયને એક સાથે નથી માન્યા, માત્ર એક દ્રવ્યકર્મના ઉપશમાદિકને

જ માની; માટે એક એકાંતકર્મવાદી ગૃહીતમિથ્યાદૃષ્ટિ છે.

**પ્રશ્ન-૧૨૯ :- કોઈ માત્ર સ્વભાવને જ માને, શું તે બરાબર છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, કેમકે એવી માન્યતાવાળાએ પાંચેય સમવાયોને એક સાથે નથી માન્યા; માત્ર સ્વભાવને જ માન્યો છે; માટે તે સ્વભાવવાદી ગૃહીતમિથ્યાદૃષ્ટિ છે અને વેદાંતની માન્યતાવાળો છે.

**પ્રશ્ન-૧૩૦ :- કોઈ માત્ર પુરુષાર્થ જ પોકારે અને બાકી સ્વભાવ વગેરેને ન માને તો શું તે બરાબર છે?**

ઉત્તર :- બિલકુલ જૂઠું છે, તેવી માન્યતાવાળાએ પણ પાંચે સમવાયોને એક સાથે નથી માન્યો, માત્ર પુરુષાર્થને જ માન્યો; માટે તે બૌદ્ધ-મતાવલંબી ગૃહીતમિથ્યાદૃષ્ટિ છે.

**પ્રશ્ન-૧૩૧ :- પાંચેય સમવાયમાં દ્રવ્ય-ગુણ-પર્યાય, કોણ કોણ છે?**

ઉત્તર :- સામાન્ય જ્ઞાયકસ્વભાવ, તે દ્રવ્ય છે; બાકીની ચાર પર્યાયો છે.

**પ્રશ્ન-૧૩૨ :- કોઈ તત્ત્વનિર્ણય નહિ થવામાં કર્મનો જ દોષ માને, તો શું તે બરાબર છે?**

ઉત્તર :- તત્ત્વનિર્ણય નહિ થવામાં કર્મનો કોઈ દોષ નથી, પણ જીવનો જ દોષ છે. જે જીવ, કર્મનો દોષ કાઢે છે, તે પોતાનો દોષ હોવા છતાં પણ કર્મ પર દોષ નાખે છે, તે અનીતિ છે. જે સર્વજ્ઞ ભગવાનની આજ્ઞા માને તેને આવી અનીતિ ન હોઈ શકે. જેને ધર્મ નથી કરવો, વિષય કષાય જ કરતા રહેવું છે, તે આવું જૂઠું બોલે છે. જેણે મોક્ષસુખની સાચી અભિલાષા હોય, તે એવી જૂઠી યુક્તિ નહિ બનાવે. (મોક્ષમાર્ગપ્રકાશક)



**પ્રશ્ન-૧૩૩ :- સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થઈને, નિયમથી મોક્ષને માટે શું કરે?**

ઉત્તર :- (૧) જીવનું કર્તવ્ય તો તત્ત્વજ્ઞાનનો અભ્યાસ જ છે અને તેનાથી જ સ્વયમેવ દર્શનમોહનો ઉપશમ થાય છે. દર્શનમોહના ઉપશમાદિમાં જીવનું કાંઈ કર્તવ્ય નથી.

(૨) ત્યારબાદ જેમ જેમ જીવ, સ્વસન્મુખતા દ્વારા વીતરાગતામાં વૃદ્ધિ કરે છે, તેમ તેમ શ્રાવકદશા, મુનિદશા પ્રગટે છે.

(૩) તે દશામાં પણ જીવ પોતાના જ્ઞાયકસ્વભાવમાં પૂર્ણ રમણતા દ્વારા સર્વથા શુદ્ધ થવાથી, કેવળજ્ઞાન, કેવળદર્શન અને મોક્ષદશારૂપ સિદ્ધપદ પ્રાપ્ત કરે છે.

**પ્રશ્ન-૧૩૪ :- સ્વભાવ, પુરુષાર્થ વગેરે પાંચેય સમવાય કોનામાં લાગે છે?**

ઉત્તર :- સંસારના જેટલા પણ કાર્યો છે, તે બધામાં આ પાંચેય સમવાય એક સાથે લાગે છે, પણ અહીંયાં મોક્ષની વાત છે.

**પ્રશ્ન-૧૩૫ :- સંસારમાં જે કાર્યો આપણે કરીએ છીએ, શું તે બધા પુરુષાર્થથી કરીએ છીએ?**

ઉત્તર :- બિલકુલ નહિ. કેમકે - (૧) ધનાદિની પ્રાપ્તિમાં આત્માનો વર્તમાન પુરુષાર્થ કિંચિત્ માત્ર પણ કાર્યકારી નથી.

(૨) લૌકિકજ્ઞાનની પ્રાપ્તિમાં પણ વર્તમાન પુરુષાર્થ કિંચિત્ પણ કાર્યકારી નથી.

**પ્રશ્ન-૧૩૬ :- પૈસા કમાવાનો ભાવ કરે, ત્યારે પૈસાની પ્રાપ્તિ થાય છે ને?**

ઉત્તર :- અરે ભાઈ બિલકુલ નહિ, કેમકે પૈસા કમાવાનો ભાવ, પાપભાવ છે. પાપ કરે અને પૈસા મળે, એવું ક્યારે પણ ન હોઈ શકે.

**પ્રશ્ન-૧૩૭ :- આજકાલના જમાનામાં ખોટું ન બોલે, ચોરી ન કરે તો ભૂખ્યા મરી જાય?**

ઉત્તર :- બિલકુલ નહિ! કેમકે જૂઠું અને ચોરી કારણ હોય અને પૈસા મળે, તે કાર્ય એમ પણ કદી ન હોઈ શકે.

**પ્રશ્ન-૧૩૮ :- ખોટું બોલીને, ચોરી કરીને પૈસા આવતા તો દેખાય છે?**

ઉત્તર :- પૂર્વ જન્મમાં કોઈ શુભભાવ કે અશુભભાવ કર્યા તો એના નિમિત્ત-નૈમિત્તિકસંબંધની અપેક્ષાએ શાતા-અશાતાનો સંયોગ જોવામાં આવે છે. તેમાં (રૂપિયા-પૈસા કમાવામાં) જીવનો પુરુષાર્થ જરાપણ કાર્યકારી નથી.

**પ્રશ્ન-૧૩૯ :- શું લૌકિકવિજ્ઞાનની પ્રાપ્તિમાં પણ વર્તમાન પુરુષાર્થ જરાપણ કાર્યકારી નથી?**

ઉત્તર :- બિલકુલ નથી. કેમકે વિચારો, દેડકો ચીર્યો તો જ્ઞાન વધ્યું, શું તે ઠીક છે? આપ કહેશો કે એમ જ જોઈએ છીએ. તો ભાઈ એક દેડકો ચીરવાથી જ્ઞાન વધતું હોય તો સો દેડકા ચીરવાથી વધારે જ્ઞાન વધવું જોઈએ, એમ તો બનતું નથી.

**પ્રશ્ન-૧૪૦ :- કોઈને ઓછું જ્ઞાન, કોઈને વધારે જ્ઞાન, એમ કેમ જોવામાં આવે છે?**

ઉત્તર :- પૂર્વ ભવમાં જ્ઞાનના વિકાસ સંબંધી મંદ/ તીવ્ર કષાય કર્યા તો જ્ઞાનાવરણીયનો મંદ/ તીવ્ર રસ થવાથી જ્ઞાનનો ઉઘાડ જોવામાં આવે છે.

**પ્રશ્ન-૧૪૧ :- અજ્ઞાનીઓને પ્રયત્ન કરવા છતાં પણ સમ્યગ્દર્શની પ્રાપ્તિ કેમ નથી થતી?**

ઉત્તર :- અજ્ઞાનીનો પ્રયત્ન ઊલટો હોવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ નથી થતી. કેમકે સમ્યગ્દર્શન, આત્માના આશ્રયે શ્રદ્ધાગુણમાંથી આવે



છે. અજ્ઞાની તેને દર્શનમોહનીયના ઉપશમાદિકમાં અને દેવ-ગુરુ-શાસ્ત્રમાં ગોતે છે.

**પ્રશ્ન-૧૪૨ :- અજ્ઞાનીઓને સુખની પ્રાપ્તિ કેમ નથી થતી?**

ઉત્તર :- આત્માના આશ્રયે સુખગુણમાંથી સુખદશા પ્રગટે છે; અજ્ઞાની પાંચે ઇન્દ્રિયના વિષયોમાંથી સુખ માને છે. માટે સુખની પ્રાપ્તિ નથી થતી.

**પ્રશ્ન-૧૪૩ :- અજ્ઞાનીઓને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ કેન નથી થતી?**

ઉત્તર :- આત્માના આશ્રયે જ્ઞાનગુણમાંથી સમ્યગ્જ્ઞાન આવે છે અને અજ્ઞાની, દેવ-શાસ્ત્ર-ગુરુના આશ્રયથી, જ્ઞેયોના આશ્રયે જ્ઞાનાવરણીયના ક્ષયોપશમાદિથી માને છે; માટે સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ નથી થતી.

**પ્રશ્ન-૧૪૪ :- અજ્ઞાનીને સમ્યક્‌ચારિત્રની પ્રાપ્તિ કેમ નથી થતી?**

ઉત્તર :- આત્માના આશ્રયે ચારિત્રગુણમાંથી સમ્યક્‌ચારિત્રની પ્રાપ્તિ થાય છે. અજ્ઞાની, અણુવ્રતાદિ, મહાવ્રતાદિના આશ્રયે તથા બહારની ક્રિયાઓથી માને છે; માટે સમ્યક્‌ચારિત્રની પ્રાપ્તિ નથી થતી.

**પ્રશ્ન-૧૪૫ :- જેને જાણવાથી મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ થાય, તે અવશ્ય જાણવાયોગ્ય-પ્રયોજનભૂત શું શું છે?**

ઉત્તર :- (૧) હેય-ઉપાદેય તત્ત્વોની પરીક્ષા કરવી.

(૨) જીવાદિ દ્રવ્ય, સાત તત્ત્વ, સ્વ-પરને ઓળખવા અને દેવ-ગુરુ-ધર્મને ઓળખવા.

(૩) ત્યાગવાયોગ્ય મિથ્યાત્વ-રાગાદિક તથા ગ્રહણ કરવાયોગ્ય સમ્યગ્દર્શન-જ્ઞાનાદિકનું સ્વરૂપ ઓળખવું.

(૪) નિમિત્ત-નૈમિત્તિક, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-ઉપાદેય, છ કારક, ચાર અભાવ, છ સામાન્યગુણ વગેરેને જેમ છે તેમ જ જાણવા; વગેરે જેને જાણવાથી મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ થાય, તેને ચોક્કસ જાણવું જોઈએ, કેમકે તે બધા મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત છે.

**પ્રશ્ન-૧૪૬ :- પ્રયોજનભૂત તત્ત્વોને યથાર્થત જાણવા-માનવાથી શું લાભ થાય છે?**

**ઉત્તર :-** જો તેને યથાર્થરૂપે જાણે-શ્રદ્ધાન કરે તો સમ્યગ્દર્શન પ્રગટીને ક્રમથી મોક્ષદશાની પ્રાપ્તિ થઈ જાય છે.

**પ્રશ્ન-૧૪૭ :- જીવનો ધર્મ સમજવાનો ક્રમ શું છે?**

**ઉત્તર :-** (૧) પહેલા તો પરીક્ષા દ્વારા કુદેવ, કુગુર અને કુધર્મની માન્યતા છોડીને, અરિહંત દેવાદિનું શ્રદ્ધાન કરવું જોઈએ, કેમકે તેનું શ્રદ્ધાન કરવાથી ગૃહીતમિથ્યાત્વનો અભાવ થાય છે.

(૨) પછી જિનમતમાતં કહેલા જીવાદિ તત્ત્વનો વિચાર કરવો જોઈએ; તેમના નામ લક્ષણાદિ શીખવા જોઈએ, કેમકે તે અભ્યાસથી તત્ત્વશ્રદ્ધાનની પ્રાપ્તિ થાય છે.

(૩) પછી જેનાથી સ્વ-પરનું ભિન્નત્વ ભાસિત થાય, તેવા વિચાર કરતા રહેવા જોઈએ, કેમકે તે અભ્યાસથી ભેદજ્ઞાન થાય છે.

(૪) ત્યારબાદ એક સ્વમાં સ્વપણું માનવા અર્થે, સ્વરૂપનો વિચાર કરતા રહેવો જોઈએ, કેમકે તે અભ્યાસથી આત્માનુભવની પ્રાપ્તિ થાય છે.

આ પ્રકારે અનુક્રમથી તેને અંગીકાર કરીને પછી તેમાંથી કોઈ સમયે દેવાદિના વિચારમાં, ક્યારેક તત્ત્વ વિચારમાં, ક્યારેક સ્વ-પરના વિચારમાં અને ક્યારેક આત્મવિચારમાં ઉપયોગ લગાવવો જોઈએ. જો પાત્રજીવ પુરુષાર્થ ચાલુ રાખે તો તે જ ક્રમથી તેને સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થઈ જાય છે. (મોક્ષમાર્ગપ્રકાશક)



**પ્રશ્ન-૧૪૮ :- જિનદેવના બધા ઉપદેશોનું શું તાત્પર્ય છે?**

**ઉત્તર :-** મોક્ષને હિતરૂપ જાણીને, એક મોક્ષનો ઉપાય કરવો તે જ બધા ઉપદેશનું તાત્પર્ય છે.

**પ્રશ્ન-૧૪૯ :- ચારિત્રનું લક્ષણ (સ્વરૂપ) શું છે?**

**ઉત્તર :-** (૧) મોહ અને ક્ષોભરહિત આત્માના પરિણામ તે ચારિત્ર છે.

(૨) સ્વરૂપમાં ચરવું તે ચારિત્ર છે.

(૩) પોતાના સ્વભાવમાં પ્રવર્તન કરવું, શુદ્ધચૈતન્યનું પ્રકાશિત થવું, તે ચારિત્ર છે.

(૪) તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ છે. જે ધર્મ છે, તે ચારિત્ર છે.

(૫) તે જ યથાસ્થિત આત્માનો ગુણ હોવાથી (એટલે કે વિષમતા રહિત સુસ્થિત આત્માનો ગુણ હોવાથી) સામ્ય છે.

(૬) મોહ-ક્ષોભના અભાવને કારણે, અત્યંત નિર્વિકાર એવા જીવના પરિણામ છે.

(શ્રી પ્રવચનસાર, ગાથા ૭ તથા ટીકામાંથી)

**પ્રશ્ન-૧૫૦ :- વ્યવહારસમ્યક્ત્વ કયા ગુણની પર્યાય છે?**

**ઉત્તર :-** સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર, છ દ્રવ્ય અને સાત તત્ત્વોની શ્રદ્ધાનો રાગ હોવાથી, તે ચારિત્રગુણની અશુદ્ધપર્યાય છે, પણ વ્યવહારસમ્યક્ત્વ, શ્રદ્ધાગુણની પર્યાય નથી.

**પ્રશ્ન-૧૫૧ :- જેને સાચા દેવ-ગુરુ-ધર્મનું નિમિત્ત બને, તે પોતાનું કલ્યાણ ન કરે, તે વિષયમાં ભગવાનની શું આજ્ઞા**

છે?

ઉત્તર :- (૧) જેમ કોઈ મહાન દરિદ્રીને અવલોકનમાત્ર ચિંતામણીની પ્રાપ્તિ થાય અને તે અવલોકન ન કરે, અને જેમ કોઈ કોઢીને અમૃતપાન કરાવે અને તે ન કરે; એ પ્રકારે સંસારપીડિત જીવને સુગમ મોક્ષમાર્ગનો ઉપદેશ નિમિત્ત બનવા છતાં તે અભ્યાસ ન કરે, તો તેના અભાગ્યની મહિમા અમારાથી તો ન થઈ શકે.

(૨) વર્તમાનમાં સદ્‌ગુરુનો યોગ મળવા છતાં પણ, તત્ત્વનિર્ણય કરવાનો પુરુષાર્થ ન કરે, પ્રમાદમાં કાળ ખોવે, કે મંદરાગાદિસહિત વિષયકષાયોમાં જ પ્રવર્તે કે વ્યવહાર ધર્મકાર્યોમાં પ્રવર્તે તો અવસર ચાલ્યો જશે અને સંસારમાં જ પરિભ્રમણ કરશે.

(૩) આ અવસર ચુકવા જેવો નથી, હવે બધા પ્રકારે અવસર આવ્યો છે, આવો અવસર પામવો કઠણ છે. માટે વર્તમાનમાં શ્રી સત્‌ગુરુ દયાળુ થઈને મોક્ષમાર્ગનો ઉપદેશ દે છે; ભવ્યજીવોએ તેમાં પ્રવૃત્તિ કરવી જોઈએ. (મોક્ષમાર્ગપ્રકાશક)

**પ્રશ્ન-૧૫૨ :- સમ્યગ્દર્શનનું લક્ષણ પ. ટોડરમલજીએ શું કહ્યું છે અને સમ્યગ્દર્શન શું છે?**

ઉત્તર :- વિપરીતાભિનિવેશરહિત જીવાદિક તત્ત્વાર્થ શ્રદ્ધાન, તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે અને સમ્યગ્દર્શન, આત્માના શ્રદ્ધાગુણની સ્વભાવ અર્થપર્યાય છે.

**પ્રશ્ન-૧૫૩ :- સમ્યગ્દર્શન સવિકલ્પ છે કે નિર્વિકલ્પ છે?**

ઉત્તર :- સમ્યગ્દર્શન નિર્વિકલ્પ શુદ્ધભાવરૂપ પરિણમન છે અને કોઈપણ પ્રકારે સમ્યગ્દર્શન, સવિકલ્પ નથી. તે ચોથા ગુણસ્થાનથી સિદ્ધદશા સુધી એકરૂપ છે.

**પ્રશ્ન-૧૫૪ :- ચોથા ગુણસ્થાનથી સિદ્ધદશા સુધી**



**સમ્યગ્દર્શન એકરૂપ છે, તે વિષયમાં પંડિત ટોડરમલજીએ શું કહ્યું છે?**

ઉત્તર :- જ્ઞાનાદિકની હીનતા-અધિકતા હોવા છતાં પણ તિર્યંચ આદિ તેમજ કેવળી સિદ્ધભગવાનના સમ્યક્‌ત્વગુણ સમાન જ કહ્યું છે. તથા ચિઠ્ઠીમાં લખ્યું છે કે 'ચોથા ગુણસ્થાનમાં સિદ્ધસમાન ક્ષાયિકસમ્યક્‌ત્વ થઈ જાય છે; માટે સમ્યક્‌ત્વ તો યથાર્થ શ્રદ્ધાનરૂપ જ છે' 'નિશ્ચયસમ્યક્‌ત્વ, પ્રત્યક્ષ છે અને વ્યવહારસમ્યક્‌ત્વ પરોક્ષ છે' એમ નથી; માટે સમ્યક્‌ત્વના પ્રત્યક્ષ-પરોક્ષ ભેદ ન માનવા.

**પ્રશ્ન-૧૫૫ :- શું નિશ્ચય અને વ્યવહાર - એવા બે પ્રકારનું સમ્યગ્દર્શન છે?**

ઉત્તર :- બિલકુલ નહિ; સમ્યગ્દર્શન એક જ પ્રકારનું છે, બે પ્રકારનું નથી, પણ તેનું કથન બે પ્રકારે છે.

**પ્રશ્ન-૧૫૬ :- ચારેય અનુયોગમાં સમ્યગ્દર્શનનો ઉપદેશ પહેલાં કેમ કર્યો?**

ઉત્તર :- યમ-નિયમ વગેરે કરવા છતાં પણ સમ્યગ્દર્શન વિના, ધર્મની શરૂઆત, વૃદ્ધિ તથા પૂર્ણતા નથી થતી; માટે ચારેય અનુયોગોમાં પહેલાં સમ્યગ્દર્શનનો જ ઉપદેશ છે.

**પ્રશ્ન-૧૫૭ :- શું સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા વિના, વ્યવહાર નથી હોતો?**

ઉત્તર :- નથી હોતો. કેમકે સમ્યગ્દર્શન પોતે વ્યવહાર છે અને ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ તે નિશ્ચય છે.

**પ્રશ્ન-૧૫૮ :- સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા વિના, વ્યવહાર નથી હોતો, એવું ક્યાં કહ્યું છે?**

ઉત્તર :- ચારેય અનુયોગમાં કહ્યું છે. મુખ્યરૂપથી શ્રી પ્રવચનસાર, ગાથા ૯૪માં 'માત્ર અચલિત ચેતના, તે જ હું છું

એવું માનવું, પરિણમવું તે આત્મવ્યવહાર છે' એટલે કે આત્માના આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે, તે વ્યવહાર છે.

**પ્રશ્ન-૧૫૯ :- અજ્ઞાની, વ્યવહાર કોને કહે છે અને તેનું ફળ શું છે?**

ઉત્તર :- બહારની ક્રિયા અને શુભ વિકારીભાવોને વ્યવહાર કહે છે અને તેનું ફળ ચારેય ગતિનું પરિભ્રમણ છે.

**પ્રશ્ન-૧૬૦ :- સમ્યગ્દર્શન થતાં સંસારનું શું થાય છે?**

ઉત્તર :- જેમ પથ્થર ઉપર વીજળી પડતા તૂટી જવાથી તે ફરીથી જોડાતો નથી; તે પ્રમાણે સમ્યગ્દર્શન થતાં જ્ઞાની સંસારમાં જોડાતો નથી, પરંતુ સંસારનો નાશ કરીને પરમ નિર્વાણને પ્રાપ્ત કરે છે.

**પ્રશ્ન-૧૬૧ :- તમે પહેલાં સમ્યગ્દર્શનની જ વાત કેમ કરો છો; વ્રત-દાન-પૂજા વગેરેની વાત તથા શાસ્ત્ર વાંચવા વગેરેની વાત કેમ નથી કરતા?**

ઉત્તર :- સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા વિના, વ્રત, દાન, પૂજા વગેરે મિથ્યા ચારિત્ર છે અને શાસ્ત્ર વાંચવું વગેરે મિથ્યાજ્ઞાન છે; માટે અમે વ્રત, દાનાદિની વાત પહેલા નથી કરતા, પણ સમ્યગ્દર્શનની વાત કરીએ છીએ કેમકે સમ્યગ્દર્શન થતાં જેટલું જ્ઞાન છે, તે સમ્યગ્જ્ઞાન છે અને જે ચારિત્ર છે, તે સમ્યક્ચારિત્ર છે. માટે પ્રથમ સમ્યગ્દર્શનની વાત કરીએ છીએ. છ ઢાળામાં કહ્યું છે કે -

**मोक्षमहल की प्रथम सीढी, या बिन ज्ञान-चारित्रा;**
**सम्यक्ता न लहै, सो दर्शन, धारों भव्य पवित्रा।**
**'दौल' समझ सुन, चेत, सयाने, काल वृथा मत खोवै,**
**यह नर भव फिर मिलन कठिन है, जो सम्यक् नहिं होवै॥**

**પ્રશ્ન-૧૬૨ :- શુભભાવથી મોક્ષમાર્ગ કેમ નથી?**



ઉત્તર :- (૧) શ્રી પ્રવચનસાર, ગાથા ૧૧ની ટીકામાં કહ્યું છે કે 'શુદ્ધોપયોગ ઉપાદેય છે અને શુભોપયોગ હેય છે.'

(૨) પુરુષાર્થસિદ્ધિઉપાય, ગાથા ૨૨૦ માં કહ્યું છે 'શુભોપયોગ અપરાધ છે.' ચારેય અનુયોગમાં એકમાત્ર નિજ ભૂતાર્થસ્વભાવના આશ્રયે જ મોક્ષમાર્ગ અને મોક્ષ, ભગવાને કહ્યો છે અને શુભભાવ કોઈપણ પ્રકારનો હોય, તે તો સંસારનું જ કારણ છે. માટે શુભભાવથી ક્યારે પણ મોક્ષમાર્ગ અને મોક્ષ નથી થતો.

**પ્રશ્ન-૧૬૩ :- મિશ્રદશા શું છે?**

ઉત્તર :- જેણે પોતાના સ્વભાવનો આશ્રય લીધો, તેને મોક્ષ તો નથી થયો, પણ મોક્ષમાર્ગ થયો.

(૧) મોક્ષમાર્ગમાં થોડો વીતરાગ થયો છે, થોડો સરાગ રહ્યો છે.

(૨) જે અંશે વીતરાગ થયો, તેનાથી સંવર-નિર્જરા છે અને જે અંશે સરાગ રહ્યો તેનાથી બંધ છે. એવા ભાવને મિશ્રદશા કહે છે.

**પ્રશ્ન-૧૬૪ :- મિશ્રદશામાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- જે શુદ્ધિ પ્રગટી, તે નૈમિત્તિક છે અને ભૂમિકાનુસાર રાગ, તે નિમિત્ત છે.

**પ્રશ્ન-૧૬૫ :- શું જાણવાથી ધર્મની પ્રાપ્તિ થાય?**

ઉત્તર :- (૧) મારો સ્વભાવ અનાદિ-અનંત એકરૂપ છે.

(૨) મારી વર્તમાન પર્યાયમાં મારા જ અપરાધથી એક સમયની ભૂલ છે. તે ભૂલમાં નિમિત્તકારણ દ્રવ્યકર્મ-નોકર્મ છે; હું નથી. એમ જાણીને પોતાના અનાદિઅનંત એકરૂપ સ્વભાવનો આશ્રય લે, તો ધર્મની પ્રાપ્તિ કરીને, ક્રમથી મોક્ષનો પથિક બને.

**જિન, જિનવર, જિનવરવૃષભ કથિત**
**મોક્ષમાર્ગ અધિકાર સંપૂર્ણ**

---

(૩)

# મોક્ષમાર્ગ સંબંધી પ્રશ્નોત્તર

**પ્રશ્ન-૧ :- અશુભકર્મ ખરાબ અને શુભકર્મ સારું, તે માન્યતા કેવી છે?**

**ઉત્તર :-** તે માન્યતા અનંત સંસારનું કારણ છે. (૧) કેમ કે 'જેમ અશુભકર્મ જીવને દુઃખી કરે છે; એ પ્રમાણે શુભકર્મ પણ જીવોને દુઃખી કરે છે. કર્મમાં તો ભલું કોઈ નથી. પોતાના મોહને લઈને મિથ્યાદૃષ્ટિ જીવ, કર્મને ભલો કરીને માને છે.'

**(શ્રી સમયસાર કળશ ટીકા, કળશ ૧૦૦)**

(૨) 'શુભ અશુભ બંધ કે ફલ મઞ્ઝાર, રતિ અરતિ કરે નિજપદ વિસાર' છ ઢાળામાં પણ લખ્યું છે કે જેને પોતાની ખબર નથી, એવા મિથ્યાદૃષ્ટિ જીવ શુભના ફળને સારું અને અશુભના ફળને ખરાબ માને છે.

(૩) જે શુભ-અશુભમાં તફાવત માને છે, તે જીવ ઘોર અપાર સંસારમાં ભટકે છે. **(શ્રી પ્રવચનસાર, ગાથા ૭૭)**

(૪) પુરુષાર્થસિદ્ધિઉપાય, ગાથા ૧૪માં એવી માન્યતાને સંસારનું બીજ કહ્યું છે.

**પ્રશ્ન-૨ :- શુભોપયોગથી કર્મની નિર્જરા થઈને, મોક્ષ પ્રાપ્ત થાય છે, તે માન્યતા કેવી છે?**

**ઉત્તર :-** તે માન્યતા શ્વેતાંબરોની છે અને જે દિગંબરધર્મી



કહેવાતા હોવા છતાં પણ શુભોપયોગથી સંવર, નિર્જરા અને મોક્ષ માને છે, તે દિગંબરધર્મની આડમાં શ્વેતાંબરમતની પુષ્ટિ કરનારા, સંસારને પાત્ર છે.

(૧) 'કોઈ જીવ શુભોપયોગી થયો થકો યતિક્રિયામાં મગ્ન થતો થકો, શુદ્ધોપયોગને નથી જાણતો, માત્ર યતિક્રિયામાં જ મગ્ન છે. તે જીવ એમ માને છે કે હું તો મુનિશ્વર છું, અમને વિષય-કષાય સામગ્રી નિષિદ્ધ છે. એમ જાણીને, વિષય-કષાય સામગ્રીને છોડે છે, પોતાને ધન્યપણું માને છે, મોક્ષમાર્ગ માને છે. એવા વિચાર કરતો જીવ મિથ્યાદૃષ્ટિ છે, કર્મબંધને કરે છે; કાંઈ ભલું તો છે નહિ.'

**(શ્રી સમયસાર કળશ ટીકા, કળશ ૧૦૧)**

(૨) શુભભાવથી સંવર-નિર્જરા માનનારાને સમયસાર, ગાથા ૧૫૪માં 'નપુંસક' કહ્યા છે. ગાથા ૧૫૬માં અજ્ઞાની લોકો વ્રત-તપાદિને મોક્ષનો હેતુ માને છે, તેનો નિષેધ કર્યો છે.

**પ્રશ્ન-૩ :- શુભ-અશુભક્રિયા વગેરે બંધનું જ કારણ છે, મોક્ષનું કારણ નથી, એમ શ્રી રાજમલજીએ ક્યાંય કહ્યું છે?**

**ઉત્તર :-** (૧) 'જે શુભ-અશુભક્રિયા, સૂક્ષ્મ-સ્થૂળ અંતર્જલ્પ-બહિર્જલ્પ જેટલું વિકલ્પરૂપ આચરણ છે, તે બધું કર્મના ઉદયરૂપ પરિણમન છે; જીવનું શુદ્ધ પરિણમન નથી; માટે સમસ્ત આચરણ મોક્ષનું કારણ નથી; બંધનું કારણ છે.'

(૨) 'અહીં કોઈ જાણશે કે શુભ-અશુભક્રિયા જે આચરણરૂપ ચારિત્ર છે, તે કરવાયોગ્ય છે; તેમ વર્જવા યોગ્ય પણ નથી? ઉત્તર આપ્યો છે - વર્જવા યોગ્ય છે. કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે; માટે વિષય-કષાયની સમાન, ક્રિયારૂપચારિત્ર નિષિદ્ધ છે.'

**(શ્રી સમયસાર-કળશ-ટીકા, કળશ ૧૦૭ તથા ૧૦૮)**

**પ્રશ્ન-૪ :- શ્રી રાજમલજીએ કળશ-ટીકા, કળશ ૧૦૨ માં એમ કેમ કહ્યું કે 'શુભકર્મના ઉદયમાં ઉત્તમ પર્યાય હોય છે, ત્યાં ધર્મની સામગ્રી મળે છે; તે ધર્મની સામગ્રીથી જીવ, મોક્ષે જાય છે; માટે મોક્ષની પરિપાટી શુભકર્મ છે'?**

ઉત્તર :- અરે ભાઈ તેં કળશટીકામાં શ્રી રાજમલજીના પ્રશ્નને પણ સારી રીતે વાંચ્યો નથી, એમ લાગે છે. કેમકે પ્રશ્ન પૂરો કરતા પહેલાં લખ્યું છે કે 'એવું કોઈ મિથ્યાત્વાદી માને છે અને તેને જવાબ આપ્યો છે. કોઈ કર્મ, શુભરૂપ, કોઈ કર્મ અશુભરૂપ એવો ભેદ તો નથી... એવો અર્થ નિશ્ચિત થયો કે કોઈ કર્મ ભલું, કોઈ કર્મ ખરાબ - એમ તો નથી; બધા જ કાર્યો દુઃખરૂપ છે.'

**પ્રશ્ન-૫ :- શું મોક્ષાર્થીએ થોડો પણ રાગ ન કરવો જોઈએ?**

ઉત્તર :- (૧) 'મોક્ષાભિલાષી જીવ, સર્વત્ર જરા પણ રાગ ન કરો' - એમ કરવાથી 'તે ભવ્ય જીવ, વીતરાગ થઈને ભવસાગરને તરે છે.' **(શ્રી પંચાસ્તિકાય, ગાથા ૧૭૨)**

(૨) રાગ કોઈપણ હોય ત્યાગવા યોગ્ય જ છે, કેમકે અનર્થ સંતતિનું મૂળ, રાગરૂપ ક્લેશનો વિલાસ જ છે.

**(શ્રી પંચાસ્તિકાય, ગાથા ૧૬૮)**

(૩) જ્ઞાનીનો અસ્થિરતા સંબંધી રાગ પણ મોક્ષનો ઘાતક, દુષ્ટ, અનિષ્ટ અને બંધનું કારણ છે.

(૪) મિથ્યાદષ્ટિ અણુવ્રત-મહાવ્રતાદિને ઉપાદેય માને છે, માટે તેનો શુભભાવ પરંપરા નિગોદનું કારણ છે.

(૫) જ્ઞાનીનો રાગ, પુણ્ય બંધનું કારણ છે અને મિથ્યાદષ્ટિનો શુભરાગ, પાપબંધનું કારણ છે.

**(શ્રી પરમાત્મપ્રકાશ, અધ્યાય પ્રથમ, ગાથા ૯૮)**



**પ્રશ્ન-૬ :- વ્યવહાર વધે તો નિશ્ચય વધે, શું એમ કહેવું ઠીક છે?**

ઉત્તર :- બિલકુલ જૂઠું છે, કેમકે : (૧) દ્રવ્યલિંગીને વ્યવહારાભાસ જિનાગમ અનુસાર હોય છે, પણ નિશ્ચય હોતો જ નથી.

(૨) ૮, ૯, ૧૦ ગુણસ્થાનોમાં નિશ્ચય છે; ત્યાં દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ, અણુવ્રત, મહાવ્રતાદિનો રાગ નથી.

(૩) કેવળી ભગવાનને નિશ્ચય છે અને વ્યવહાર છે જ નહિ. માટે વ્યવહાર હોય તો નિશ્ચય વધે - તે બીજા મિથ્યાદષ્ટિઓની માન્યતાઓ છે; જિન-જિનવર-જિનવર-વૃષભોની માન્યતા નથી.

**પ્રશ્ન-૭ :- જે જીવ, જૈનધર્મનું સેવન આજીવિકા માટે કરે છે, તેને ભગવાને શું શું કહ્યું છે?**

ઉત્તર :- (૧) જૈનધર્મનું સેવન તો સંસારના નાશને માટે કરવામાં આવે છે, જે તેના દ્વારા સાંસારિક પ્રયોજન સાધવા માગે છે, તે બહુ મોટો અન્યાય કરે છે; માટે તે તો મિથ્યાદષ્ટિ જ છે.

(૨) સાંસારિક પ્રયોજનસહિત જે ધર્મ સાધે છે, તે પાપી પણ છે અને મિથ્યાદષ્ટિ તો છે જ.

(૩) જે જીવ પહેલેથી જ સાંસારિક પ્રયોજનસહિત ભક્તિ કરે છે, તેને પાપનો જ અભિપ્રાય થયો.

**(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૧૯ થી ૨૨૨)**

(૪) આ પ્રયોજન અર્થે અર્હંતાદિકની ભક્તિ કરવાથી પણ તીવ્ર કષાય થવાને કારણે, પાપબંધ થાય છે.

**(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૮)**

(૫) શાસ્ત્ર વાંચીને, પૂજા કરીને, આજીવિકા વગેરે લૌકિક કાર્ય

સાધવું તે અનંત સંસારનું કારણ છે.

**પ્રશ્ન-૮ :- શું બાહ્ય સામગ્રીથી સુખ-દુઃખ થાય છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, કેમકે આકુળતાનું ઘટવું-વધવું રાગાદિક કષાય ઘટવા-વધવા અનુસાર છે; માટે બાહ્ય સામગ્રીથી સુખ-દુઃખ માનવું માત્ર ભ્રમ જ છે.

**પ્રશ્ન-૯ :- ક્રોધાદિક કેમ ઉત્પન્ન થાય છે?**

ઉત્તર :- પદાર્થ અનિષ્ટ-ઈષ્ટ ભાસતા અજ્ઞાનીઓને ક્રોધાદિક ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન-૧૦ :- ક્રોધાદિકના અભાવને માટે શું કરીએ?**

ઉત્તર :- જ્યારે તત્ત્વજ્ઞાનના અભ્યાસથી કોઈ પદાર્થ ઈષ્ટ-અનિષ્ટ ભાસે નહિ, ત્યારે સ્વમેવ જ ક્રોધાદિ ઉત્પન્ન નથી થતા, ત્યારે સાચા ધર્મની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન-૧૧ :- શું શુભભાવ પરંપરા મોક્ષનું કારણ છે?**

ઉત્તર :- બિલકુલ નહિ; કેમકે શુભભાવ કોઈ પણ હોય, તે બંધનું જ કારણ છે.

(અ) જેમકે સાતમા ગુણસ્થાનની દશા, સાક્ષાત્ મોક્ષનું કારણ હોય તો તેની અપેક્ષાએ છઠ્ઠા ગુણસ્થાનમાં જે ત્રણ ચોકડી કષાયના અભાવરૂપ શુદ્ધપરિણતિ છે, તે પરંપરા મોક્ષનું કારણ છે.

(આ) શુદ્ધપરિણતિ એકલી નથી હોતી, તેની સાથે ભુમિકાનુસાર શુભભાવ પણ હોય છે, તેમાં શુદ્ધ પરિણતિ, સંવર-નિર્જરારૂપ છે અને રાગ, બંધરૂપ છે. જ્ઞાની તે શુભભાવની હેયરૂપ શ્રદ્ધા કરે છે અને નિયમથી તેનો અભાવ કરીને શુદ્ધદશામાં આવી જાય છે; માટે શાસ્ત્રોમાં ક્યાંક-ક્યાંક જ્ઞાનીના શુભભાવના અભાવને પરંપરા મોક્ષનું કારણ કહ્યું છે. કહેવા માટે મોક્ષનું કારણ છે, ખરેખર તો બંધરૂપ જ છે.



**પ્રશ્ન-૧૨ :- જ્ઞાનીઓને વચ્ચે વ્યવહાર કેમ આવે છે?**

ઉત્તર :- (અ) જેમ દિલ્હી જતાં રસ્તામાં સ્ટેશન આવે છે, તે છોડવા માટે છે.

(આ) બદામમાં જે છાલ છે અને શેરડીમાં જે છાલ છે, તે ફેંકવા લાયક છે; તે પ્રમાણે જ્ઞાનીઓને જે વ્યવહાર વચ્ચે આવે છે, તે ફેંકવા માટે છે કેમકે જ્ઞાની તેને હળાહળ ઝેર, એટલે કે મોક્ષનો ઘાતક માને છે; માટે સંપૂર્ણ વ્યવહાર અભૂતાર્થ છે.

**પ્રશ્ન-૧૩ :- સિદ્ધભગવાનમાં જેટલી શક્તિઓ છે, તેટલી જ દરેક આત્મામાં પણ છે, પણ ઓળખાણ વિના તેની કોઈ કિંમત નથી, એમ કેમ કહેવામાં આવે છે?**

ઉત્તર :- ભગવાનની વાણીમાં આવ્યું છે કે દરેક આત્મા સિદ્ધભગવાન સમાન ચૈતન્યરત્નાકર છે. દરેકની પાસે અનંત ગુણનો ભંડાર છે. તેની એક એક નિર્મળપર્યાયની અપાર કિંમત છે. દુનિયાના વૈભવથી તેની બરાબરી નથી થઈ શકતી, પણ અજ્ઞાની પોતાને હીન માનીને, પુણ્યની ભીખ માંગે છે. અજ્ઞાનીની પાસે પણ કિંમતી ગુણોનો ભંડાર છે, પણ તેને ઓળખાણ નહિ હોવાથી ચારેય ગતિમાં ભટકતો થકો અનંત વાર નિગોદમાં ચાલ્યો ગયો.

જેમ કોઈ માણસ પોતાને ગરીબ માનીને, શેઠની પાસે ભીખ માગવા ગયો. શેઠ તેની પાસે રહેલા રત્નનો પ્રકાશ જોઈને આશ્ચર્યચકિત થઈને બોલ્યો, અરે ભાઈ! તું ભીખ શું કામ માગે છે? તું તો ગરીબ નથી. જો, તારી પાસે તો આ રત્ન છે, તે મહાન કિંમતી છે. મારા પાસે એક હજાર સોનામહોર છે. તું એ બધી મહોર લઈ લે અને મને આ રત્ન આપી દે. તે ગરીબ માણસ આશ્ચર્યચકિત થયો કે મારી પાસે આટલું કિંમતી રત્ન છે? સાંભળીને આનંદિત થયો. શેઠનો ઉપકાર માનીને બોલ્યો, શેઠજી આ રત્ન

તો અમારા ઘરમાં ઘણા સમયથી પડેલું હતું, પણ તેની મને ખબર નહોતી; એ પ્રકારે વર્તમાનમાં સત્ય દિગંબર ધર્મ મળવા છતાં પણ અજ્ઞાની જીવ, સંયોગ અને સંયોગીભાવમાં ગાંડો થઈને દોડા દોડ કરી રહ્યો છે. મહાભાગ્યથી વર્તમાનમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો સમાગમ મળ્યો છે. તેમણે કહ્યું, અરે જીવ! તું શું કામ સંયોગ અને સંયોગીભાવમાં ગાંડો થઈ રહ્યો છો. તારી પાસે અનંતગુણનો અભેદ પિંડ ચૈતન્યરત્નાકર છે. તારા ચૈતન્યરત્નાકરની સામે સંસારનો વૈભવ, તણખલા સમાન છે, તારા ચૈતન્યરત્નાકરની અપાર કિંમત છે. તું તારા ચૈતન્યરત્નાકરની સન્મુખ થા, તો તને પોતાના વૈભવની ઓળખાણ થશે. એટલું સાંભળતા જ અનાદિકાળનો અજ્ઞાની આશ્ચર્યચકિત થઈ સ્વસન્મુખ થયો. પોતાના આત્મામાં અમૂલ્ય વૈભવ છે, તેને જાણીને આનંદિત થયો. ત્યારે પૂજ્ય ગુરુદેવ પ્રત્યે બહુમાન થયું અને બોલ્યો, હે પૂજ્ય ગુરુદેવ! આવો આત્મસ્વભાવ તો અનાદિકાળથી મારી પાસે જ હતો, પણ મને તેની ખબર નહોતી. માટે હું સંયોગ અને સંયોગીભાવોમાં ગાંડો થઈ રહ્યો હતો. હવે આપની પરમકૃપાથી મને મારા ચૈતન્યરત્નાકરનું ભાન થયું, અનંત સંસાર મટ્યો, આપ ધન્ય છો! ધન્ય છો! જો કે આત્મામાં અનંત શક્તિઓ છે તોપણ તેની ઓળખાણ નહિ હોવાથી તેની કોઈ કિંમત નથી - એમ ભગવાનની વાણીમાં આવ્યું છે.

**પ્રશ્ન-૧૪ :- સિદ્ધસમાન સ્વયં ચૈતન્ય રત્નાકર હોવા છતાં જે પોતાની ઓળખાણ નથી કરતો, અને સંસારના કાર્યોમાં પોતાની ચતુરાઈ લગાવે છે - તે જીવ કોને યોગ્ય છે?**

ઉત્તર :- જેમ એકવાર રાજાના દરબારમાં કોઈ પરદેશી એક હીરો લઈને આવ્યો અને રાજાને કહ્યું, તમે તમારા ઝવેરીઓ પાસે



આ હીરાની કિંમત કરાવો. શહેરના બધા ઝવેરી એકઠા થયા, પણ તે હીરાની કિંમત ન કહી શક્યા. રાજાને બહુ ચિંતા થઈ કે આનાથી તો અમારા રાજ્યની બદનામી થશે. પછી છેલ્લે એક અનુભવી વૃદ્ધ ઝવેરીને બોલાવ્યો. તે ઝવેરીએ હીરાને જોઈને તેનું સાચું મૂલ્ય બતાવ્યું. ત્યારે રાજાએ પરદેશીને પૂછ્યું, શું તમારા હીરાની કિંમત યોગ્ય બતાવી છે? તેણે કહ્યું, મહારાજ બિલકુલ ઠીક બતાવી છે. રાજાએ પ્રસન્ન થઈને દિવાનને હુકમ કર્યો કે ઝવેરીને ઈનામ આપો. દિવાન, ધર્મનો જાણનાર હતો. તેણે વિચાર્યું કે હવે વૃદ્ધને માટે હિતનો અવકાશ છે. દિવાને ઝવેરીને કહ્યું, ઝવેરીજી! આખી જીંદગી હીરા તપાસવામાં જ વિતાવી, હવે છેલ્લો સમય આવ્યો છે, ત્યારે પણ તમને એ નથી સૂઝતું કે હું મારા ચૈતન્ય હીરાની ઓળખાણ કરી લઉં! એટલું સાંભળતા જ ઝવેરીનો આત્મા જાગી ગયો અને દિવાનજીનો ઉપકાર માન્યો. જ્યારે દિવાનજીએ ઈનામ માગવાનું કહ્યું તો ઝવેરીએ કહ્યું કાલે માગીશ. બીજા દિવસે ઝવેરીએ રાજાને કહ્યું કે હું ઈનામને લાયક નથી. જો તમારે ઈનામ આપવું જ હોય તો મારા માથે સાત જોડા લગાવો, કેમકે મેં મારા ચૈતન્ય હીરાની ઓળખાણ કરી અને આખી જીંદગી હીરાની ઓળખાણ કરવામાં વિતાવી દીધી. એ પ્રમાણે સર્વજ્ઞ રાજાના દિવાનના રૂપમાં પૂજ્ય ગુરુદેવ કહે છે કે અરે જીવ! બહારના પદાર્થોને જાણવામાં અનંતકાળ ખોયો છે અને અનંત શક્તિસંપન્ન તારા ચૈતન્ય હીરાની ઓળખાણ નથી કરી, તો ઝવેરીની જેમ તું સાત જોડાને લાયક છે. માટે હે ભવ્ય! તું જાગ અને પોતાના ચૈતન્ય હીરાની અમૂલ્ય મહિમા છે, તેમ જાણીને તત્કાળ ધર્મની પ્રાપ્તિ કર.

**પ્રશ્ન-૧૫ :- અમને તો જ્ઞાનનો અલ્પ ઉઘાડ છે. આટલા ઓછા જ્ઞાનના ઉઘાડમાં ચૈતન્ય હીરાની ઓળખાણ કેમ થઈ**

**શકે અમને તો એવો ઉપાય બતાવો જેમાં ઓછા ઉઘાડમાં ચૈતન્ય હીરાની ઓળખાણ થઈ જાય?**

ઉત્તર :- ભગવાનની વાણીમાં આવ્યું છે કે દરેક સંજ્ઞી પંચેન્દ્રિય જીવને એટલો તો જ્ઞાનનો ઉઘાડ છે કે તે જ્ઞાનના સંપૂર્ણ ઉઘાડને જો પોતાના ચૈતન્ય હીરા તરફ લગાવે, તો તત્કાળ સમ્યગ્દર્શન આદિની પ્રાપ્તિ થઈને, ક્રમથી મોક્ષનો પથિક બને. જેમ - મુંબઈના બજારમાં એક હોલસેલ રમકડાંની દુકાન હતી. તે રમકડાની દુકાનની સામે એક છોકરો એક રમકડાને જોઈ જોઈને રાજી થતો હતો. વેપારીએ છોકરાને પૂછ્યું શું જોઈએ છે? છોકરાએ રમકડા તરફ ઈશારો કર્યો. વેપારીએ કહ્યું, તેની કિંમત પાંચ રૂપિયા છે. છોકરાએ કહ્યું મારી પાસે તો કુલ દસ પૈસા છે. દુકાનદારે ખુશ થઈને દસ પૈસા લઈને રમકડું આપી દીધું. છોકરો બહુ ખુશ થયો અને રમકડું લઈને ઘરે પહોંચ્યો. તેના પિતાએ પૂછ્યું આ રમકડું કેટલાનું છે અને ક્યાંથી લાવ્યો? તેણે કહી દીધું. છોકરાનો પિતા તે દુકાનદાર પાસે ગયો અને બસ્સો રમકડાનો ઓર્ડર લખાવ્યો. દુકાનદારે તરત એક હજારનું બિલ બનાવીને તેના હાથમાં આપી દીધું. તેણે કહ્યું, હમણાં જ તમે મારા છોકરાને આ રમકડું દસ પૈસામાં આપ્યું છે અને અમારી પાસે પાંચ રૂપિયા કેમ માગો છો? વેપારીએ કહ્યું, અરે ભાઈ! એની પાસે કુલ દસ પૈસા જ હતા, તેણે બધી જમાપુંજી આ રમકડું ખરીદવામાં લગાવી. તમે તો વેચવા માટે લઈ જાવ છો અને તમારી પાસે તો લાખો રૂપિયા છે, તો શું તમે અમને બધા રૂપિયા આપી દેશો? તે પ્રમાણે વર્તમાનમાં પૂજ્ય ગુરુદેવ કહે છે કે જો જીવ પોતાના મતિ-શ્રુતજ્ઞાનના પૂર્ણ ઉઘાડને પોતાના ચૈતન્યરત્નાકર બાજુ લગાવે તો તત્કાળ ધર્મની પ્રાપ્તિ થઈ જાય પણ જે જીવ પોતાના મતિ-શ્રુત જ્ઞાનના ઉઘાડને ઘરના કાર્યોમાં, લૌકિક ભણતરમાં, વેપાર-



ધંધા વગેરે અશુભભાવોમાં અને વ્રત-શીલ-સંયમ-અણુવ્રત-મહાવ્રતાદિ શુભભાવોમાં જ લગાવી દે છે, તે આત્મધર્મની પ્રાપ્તિ નથી કરી શકતો.

**પ્રશ્ન-૧૬ :- નિર્જરા કોને કહે છે?**

ઉત્તર :- અખંડાનંદ શુદ્ધ આત્મસ્વભાવના બળથી આંશિક શુદ્ધિની વૃદ્ધિ અને અશુદ્ધ (શુભાશુભ ઈચ્છારૂપ) અવસ્થાની આંશિક હાનિ થવી તે ભાવનિર્જરા છે અને તેનું નિમિત્ત પામીને જડકર્મનું અંશતઃ ખરીજવું તે દ્રવ્યનિર્જરા છે.

**પ્રશ્ન-૧૭ :- નિર્જરા કેટલા પ્રકારની છે?**

ઉત્તર :- ચાર પ્રકારની છે : સકામનિર્જરા, અકામનિર્જરા, સવિપાકનિર્જરા અને અવિપાકનિર્જરા.

**પ્રશ્ન-૧૮ :- સકામનિર્જરા કોને કહે છે?**

ઉત્તર :- આત્મા, શુદ્ધ ચિદાનંદ ભગવાન છે, સત્ય પુરુષાર્થપૂર્વક તેની સન્મુખ થઈને શુદ્ધિની વૃદ્ધિ થવી, તે સકામનિર્જરા છે.

**પ્રશ્ન-૧૯ :- અકામનિર્જરા કોને કહે છે?**

ઉત્તર :- બાહ્ય પ્રતિકૂળ સંયોગ હોવા કાળે મંદકષાયરૂપ ભાવનું થવું અકામનિર્જરા છે. જેમકે- નાની ઉંમરમાં કોઈ વિધવા થઈ જાય, ત્યારે મંદકષાય રાખે, બ્રહ્મચર્યથી રહે; ખાવા માટે અનાજ ન મળે, તે સમયે તીવ્ર આકુળતા ન કરે, પણ કષાય મંદ રાખે; કોઈને જેલ થઈ જાય, ત્યાં તીવ્ર આકુળતા ન કરે, પણ કષાય મંદ રાખે, વગેરે તે બધી અકામનિર્જરા છે. તેનાથી પાપની નિર્જરા થાય છે અને દેવાદિ પુણ્યનો બંધ થાય છે.

**પ્રશ્ન-૨૦ :- સવિપાકનિર્જરા કોને કહે છે?**

ઉત્તર :- સંસારી જીવોને કર્મના ઉદયકાળમાં સમયે સમયે

પોતાની સ્થિતિ પૂર્ણ થતાં જે કર્મના પરમાણુ ખરી જાય છે, તેને સવિપાકનિર્જરા કહે છે.

**પ્રશ્ન-૨૧ :- અવિપાકનિર્જરા કોને કહે છે?**

ઉત્તર :- સાચી દૃષ્ટિ થતાં, આત્માના પુરુષાર્થ દ્વારા ઉદયકાળે પ્રાપ્ત થયા પહેલાં કર્મોનું ખરી જવું તે અવિપાકનિર્જરા છે.

**પ્રશ્ન-૨૨ :- અજ્ઞાનીને કઈ કઈ નિર્જરા થઈ શકે છે?**

ઉત્તર :- અજ્ઞાનીને ચાહે તે દ્રવ્યલિંગી મુનિ હોય, તેને સવિપાકનિર્જરા અને અકામનિર્જરા થઈ શકે છે.

**પ્રશ્ન-૨૩ :- જ્ઞાનીને કેટલા પ્રકારની નિર્જરા થઈ શકે છે?**

ઉત્તર :- જ્ઞાનીને ચારેય પ્રકારની નિર્જરા થઈ શકે છે.

**પ્રશ્ન-૨૪ :- મિથ્યાદૃષ્ટિને કાંઈ ન કરવું હોય, ત્યારે તે પોતાને અને બીજાને છેતરવા માટે શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રની અપેક્ષાએ કોને કોને યાદ કરે છે?**

ઉત્તર :- (૧) તત્ત્વશ્રદ્ધાનની વાત આવે, ત્યારે તિર્યંચોને યાદ કરે છે.

(૨) જ્ઞાનની વાત આવે ત્યારે શિવભૂતિ મુનિને યાદ કરે છે,

(૩) ચારિત્રની વાત આવે ત્યારે ભરતજીને યાદ કરે છે - આ બધી સ્વચ્છંદતાની વાતો છે.

**પ્રશ્ન-૨૫ :- શ્રદ્ધા કોનો સ્વીકાર કરે છે અને કોને સ્વીકારતી નથી?**

ઉત્તર :- શ્રદ્ધા, એકમાત્ર ત્રિકાળી જ્ઞાયકસ્વભાવને જ સ્વીકારે છે; પરને, દ્રવ્યકર્મોને, વિકારીભાવોને, અપૂર્ણ અને પૂર્ણ શુદ્ધપર્યાયને તથા ગુણભેદનો સ્વીકાર નથી કરતી, એટલે કે એનો આશ્રય નથી લેતી. સાધક જ્ઞાનીને રાગ-દ્વેષ છે જ નહિ; એમ જે કહેવામાં આવે છે તે શ્રદ્ધાની અપેક્ષાએ જાણવું જોઈએ.



**પ્રશ્ન-૨૬ :- સમ્યગ્દર્શન થતાં સમ્યગ્જ્ઞાન શું જાણે છે?**

ઉત્તર :- જેમ બીજનો ચંદ્રમા બીજના પ્રકાશને બતાવે છે, જેટલો પ્રકાશ બાકી છે, તેને બતાવે છે; પૂર્ણ પ્રકાશ કેટલો છે, તે બતાવે છે અને ત્રિકાળ પૂર્ણ પ્રકાશમય ચંદ્રમા કેવો હોવો જોઈએ તેને પણ બતાવે છે; એ પ્રકારે સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન જેટલી શુદ્ધિ પ્રગટી છે તેને જાણે છે; જેટલી અશુદ્ધિ બાકી છે, તેને જાણે છે; શુદ્ધિની પૂર્ણતા કયા પ્રકારની હોય છે તે જાણે છે અને ત્રિકાળી શુદ્ધ આત્મા જેને આશ્રયે શુદ્ધિ થાય છે, તેને પણ જાણે છે.

**પ્રશ્ન-૨૭ :- ચારિત્રની અપેક્ષાથી સમ્યગ્દૃષ્ટિ શું જાણે છે?**

ઉત્તર :- જેટલી શુદ્ધિ પ્રગટી છે, તે મોક્ષમાર્ગરૂપ છે અને જેટલી અશુદ્ધિ છે, તે બધી બંધરૂપ છે; અલ્પબંધનું કારણ છે; જ્ઞાનનું જ્ઞેય છે; હેય છે.

**પ્રશ્ન-૨૮ :- ચારેય અનુયોગનું તાત્પર્ય શું છે, તેને દૃષ્ટાંત આપીને સમજાવો?**

ઉત્તર :- અરે ભાઈ! ચારેય અનુયોગની કથન સૈલીમાં ફેર હોવા છતાં બધાનો આશય એક છે, એટલે કે વીતરાગતા પ્રાપ્ત કરવી.

(૧) પ્રથમાનુયોગ કહે છે - 'આમ હતું';

(૨) ચરણાનુયોગ કહે છે - 'તેને છોડો';

(૩) કરણાનુયોગ કહે છે - 'આમ છે તો આમ છે';

(૪) દ્રવ્યાનુયોગ કહે છે - 'આમ જ છે' દાખલા તરીકે ઉપવાસને ચારેય અનુયોગ ઉપર લગાવવું છે અને તેનું ફળ, વીતરાગતા છે. વિચારો - (૧) દ્રવ્યાનુયોગ, ઉપવાસ કોને કહે છે? ઉપ=સમીપ; વાસ= રહેવું; એટલે કે જ્ઞાયકસ્વભાવી આત્માની

સમીપ રહેવું, તે ઉપવાસ છે.

(૨) કરણાનુયોગ ઉપવાસ કોને કહે છે? ખાવાનો રાગ છોડ્યો, તેને ઉપવાસ કહે છે? જે પોતામાં વાસ કરે, શું તે સમયે ખાવાનો રાગ થશે? ક્યારેય નહિ.

(૩) ચરણાનુયોગ ઉપવાસ કોને કહે છે? આહારના ત્યાગને ઉપવાસ કહે છે. જ્યારે આત્મામાં લીન થાય શું ત્યારે રોટલી ખાતો દેખાશે ક્યારેય નહિ. ચરણાનુયોગથી કહેવાય છે કે આહારનો ત્યાગ કર્યો.

(૪) આટલા શુભભાવ કર્યા તો આટલો પુણ્યબંધ થયો અને તેનું ફળ સારો સંયોગ છે, તે પ્રથમાનુયોગ બતાવે છે.

**પ્રશ્ન-૨૯ :- સુભાષિતરત્ન-સંદોહમાં ઉપવાસ કોને કહ્યો છે?**

**ઉત્તર :-**

**कषायविषयाहारो त्यागो तत्र विधीयते।**
**उपवासः सः विज्ञेयः शेषं लंघनकं विदुः।।**

**એટલે કે,** જ્યાં કષાય, વિષય અને આહારનો ત્યાગ કરવામાં આવે છે, તેને ઉપવાસ જાણવો. બાકીનાને શ્રી ગુરુ લાંઘણ કહે છે.

**પ્રશ્ન-૩૦ :- ઉપયોગ શબ્દ કેટલા અર્થોમાં કયા કયા પ્રકારે પ્રયોગ થાય છે?**

**ઉત્તર :-** (૧) ચૈતન્યાનુવિધાયી આત્મપરિણામ, એટલે કે ચૈતન્ય ગુણની સાથે સંબંધ રાખનારા જીવના પરિણામને ઉપયોગ કહે છે;

(૨) જ્ઞાન-દર્શન ગુણને પણ ઉપયોગ કહે છે;

(૩) જ્ઞાન-દર્શનગુણની પર્યાયને પણ ઉપયોગ કહે છે;

(૪) આત્માના ચારિત્રગુણના અશુભ-શુભ અને શુદ્ધભાવને પણ



ઉપયોગ કહે છે.

**પ્રશ્ન-૩૧ :- શું શું જાણે તો અનંત સંસારના પરિભ્રમણનો ક્ષણવારમાં અભાવ થઈ જાય?**

**ઉત્તર :-** (૧) વસ્તુના સ્વભાવની વ્યવસ્થા.

(૨) સર્વજ્ઞનો સ્વીકાર.

(૩) દરેક કાર્યનું સાચું કારણ, તે સમય જ છે પર્યાયની યોગ્યતા.

**પ્રશ્ન-૩૨ :- આકુળતાની ઉત્પત્તિ કેમ થાય છે અને શું માને તો અતીન્દ્રિય આનંદની ઉત્પત્તિ થાય?**

**ઉત્તર :-** પોતાની ઈચ્છા અનુસાર પરપદાર્થોનું પરિણમન થઈ જાય તો આનંદ થાય છે, તે તો રાગ છે અને તેનાથી આકુળતાની વૃદ્ધિ થાય છે. જ્ઞાન અનુસાર બધા પદાર્થોનું પરિણમન થાય તો અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન-૩૩ :- સિદ્ધાંત કોને કહે છે?**

**ઉત્તર :-** ત્રણ કાળ અને ત્રણ લોકમાં જેમાં જરા પણ ફેરફાર ન થઈ શકે, તેને સિદ્ધાંત કહે છે. જેમ એક ને એક બે થાય છે. તમે રુસ જાઓ, અમેરિકા જાઓ, ચીન જાઓ બધી જગ્યાએ એક ને એક બે જ થાય.

**પ્રશ્ન-૩૪ :- જિનેન્દ્રભગવાનના સિદ્ધાંત ક્યા ક્યા છે, જેમાં ક્યારે પણ જરા પણ ફેરફાર નથી થઈ શકતો?**

**ઉત્તર :-** (૧) એક દ્રવ્યનો બીજા દ્રવ્ય સાથે કર્તા-ભોક્તાનો સંબંધ કોઈ અપેક્ષાએ નથી.

(૨) આત્માના બધા પદાર્થોની સાથે વ્યવહારથી જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે.

(૩) એકમાત્ર પોતાના ભૂતાર્થસ્વરૂપના આશ્રયે જ સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધદશા સુધીની પ્રાપ્તિ થાય છે; પર, વિકાર અને એક

સમયની પર્યાયના આશ્રયે નહિ.

(૪) કાર્ય હંમેશા ઉપાદાનથી જ થાય છે; નિમિત્તથી નથી થતું. પરંતુ જ્યારે જ્યારે ઉપાદાનમાં કાર્ય થાય છે, ત્યાં યોગ્ય નિમિત્તની સન્નિધિ હોય છે. -એવો વસ્તુનો સ્વભાવ છે.

**પ્રશ્ન-૩૫ :- છ દ્રવ્યનો સ્વભાવ શું છે, તેને યથાર્થસ્વરૂપે સમજવાથી આપણને શું બોધપાઠ મળે છે અને શાંતિની પ્રાપ્તિ કઈ રીતે થઈ શકે છે?**

ઉત્તર :- જાતિ અપેક્ષાએ છ દ્રવ્યોમાં ત્રણ જોડકા બને છે-

(૧) જીવનો સ્વભાવ જાણવાનો છે, પુદ્ગલનો સ્વભાવ જાણવાનો નથી; બંનેનો સ્વભાવ એક-બીજાની વિરુદ્ધ છે.

(૨) ધર્મદ્રવ્ય, જીવ-પુદ્ગલને ગમનમાં નિમિત્ત છે; અધર્મદ્રવ્ય, તેને સ્થિર થવામાં નિમિત્ત છે; બંનેનો સ્વભાવ એકબીજાથી વિરુદ્ધ છે.

(૩) આકાશનો સ્વભાવ, તિર્થક પ્રચય છે; કાળનો સ્વભાવ ઊર્ધ્વ પ્રચય છે; બંનેનો સ્વભાવ એકબીજાથી વિરુદ્ધ છે.

આ છ દ્રવ્યનો અનાદિ-અનંત વિરુદ્ધ સ્વભાવ હોવા છતાં પણ, એક સાથે રહી શકે છે. પોતાના ઘરમાં જો છ માણસ છે, પરમાર્થે બધા જ્ઞાયકસ્વભાવી છે; વ્યવહારથી રાગી છે. થોડા સમય માટે ક્યારેક તેની સાથે વિરોધ પણ થાય અને જો તું તેની સાથે સુમેળથી રહેવાનું નથી જાણતો, તો વીતરાગી કઈ રીતે થઈ શકીશ? વિચાર કરો કે અનાદિ-અનંત વિરુદ્ધસ્વભાવી દ્રવ્ય, એક સાથે રહી શકે છે, તો સમાન સમભાવી રહેવામાં આપણને શું આપત્તિ હોઈ શકે? એમ સમજે તો જીવનમાં શાંતિ આવે.

**પ્રશ્ન-૩૬ :- 'કારણશુદ્ધપર્યાય'નો વિષય કેવો છે?**

ઉત્તર :- કારણશુદ્ધપર્યાયનો વિષય ઘણો સૂક્ષ્મ અને સરળ છે, પણ પ્રત્યક્ષજ્ઞાનીઓના સત્સમાગમે સમજવા યોગ્ય છે.



**પ્રશ્ન-૩૭ :- અપેક્ષિતભાવ ક્યા ક્યા છે અને શું તે ભાવ સમ્યગ્દર્શનનું કારણ નથી?**

ઉત્તર :- ઔદયિકભાવ, ઔપશમિકભાવ, ક્ષાયોપશમિકભાવ, ક્ષાયિકભાવ - સાપેક્ષ છે; ઉત્પાદ-વ્યયવાળી પર્યાયરૂપ છે. જેમ સમુદ્રમાં તરંગો ઉઠે છે; તે પ્રકારે આત્મામાં રાગાદિ વિકારીભાવ છે અને તેના અભાવથી પ્રગટ થનારી નિર્મળપર્યાયો છે. આ બધા અપેક્ષિતભાવ છે; ક્ષણિક ઉત્પાદ-વ્યયરૂપ છે; માટે આ ચારેય ભાવ, સમ્યગ્દર્શનના આશ્રયભૂત નથી.

**પ્રશ્ન-૩૮ :- કારણશુદ્ધપર્યાય શું છે?**

ઉત્તર :- કારણશુદ્ધપર્યાય, એટલે કે વિશેષ પારિણામિકભાવ, તે નિરપેક્ષ છે. તેમાં ઔદયિક વગેરે ચાર ભાવોની અપેક્ષા નથી. માટે તેને નિરપેક્ષપર્યાય, એટલે ધ્રુવપર્યાય પણ કહે છે. જેમ સમુદ્રમાં પાણીના દળની સપાટી એક સ્વભાવ છે; તે જ પ્રકારે આત્મામાં 'કારણશુદ્ધપર્યાય' છે. તે સદા એકરૂપ છે. તેને ઔદયિક વગેરે ચાર ભાવોની અપેક્ષા નથી લાગતી. તે આત્મામાં હંમેશા સદશપણે વર્તે છે. તે કારણશુદ્ધપર્યાય, દરેક ગુણમાં પણ છે.

**પ્રશ્ન-૩૯ :- પારિણામિકભાવની પૂર્ણતા શેનાથી છે અને સમ્યગ્દર્શનનું કારણ કોણ છે?**

ઉત્તર :- સામાન્ય પારિણામિકભાવ અને વિશેષ પારિણામિકભાવ, બંને મળીને પારિણામિકભાવની પૂર્ણતા છે. તેને નિરપેક્ષ-સ્વભાવ, એટલે કે શુદ્ધ નિરંજન એક સ્વભાવ, અનાદિનિધનભાવ પણ કહે છે. જેમ સમુદ્રમાં પાણીનું દળ, પાણીનો શીતળ સ્વભાવ અને પાણીની સપાટી આ ત્રણેનું અભેદરૂપ તે સમુદ્ર છે. આ ત્રણે હંમેશા 'એવા ને એવા' જ રહે છે; તે પ્રકારે આત્મામાં આત્મદ્રવ્ય, તેના

જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે ગુણ અને તેનું સદશરૂપ-ધ્રુવ-વર્તમાન, એટલે કે કારણશુદ્ધ પર્યાય આ ત્રણે મળીને વસ્તુસ્વરૂપની પૂર્ણતા છે. તે પરમપારિણામિકભાવ છે અને આ જ સમ્યગ્દર્શનના આશ્રયભૂત છે.

**પ્રશ્ન-૪૦ :- શું દ્રવ્ય, ગુણ અને કારણશુદ્ધપર્યાય ભિન્ન-ભિન્ન છે?**

ઉત્તર :- બિલકુલ નહિ; પણ જેમ 'સમુદ્રની સપાટી' એમ બોલવામાં આવે છે. તોપણ સમુદ્રનું પાણી, તેની શીતળતા અને તેની વર્તમાન એકરૂપ સપાટી, એ ત્રણેય જુદી જુદી નથી; એ પ્રમાણે આત્મામાં દ્રવ્ય, ગુણ જે સામાન્ય પારિણામિકભાવ છે અને તેની કારણશુદ્ધપર્યાય તે વિશેષ પારિણામિકભાવ છે, તોપણ દ્રવ્ય, ગુણ અને તેનું ધ્રુવરૂપ વર્તમાન, તે ત્રણેય એટલે કે સામાન્ય પારિણામિકભાવ અને વિશેષ પારિણામિકભાવ ખરેખર જુદા જુદા નથી; અભેદ જ છે, તે જ વસ્તુસ્વભાવની પૂર્ણતા છે. તેના આશ્રયે સમ્યગ્દર્શન, શ્રાવકપણું, મુનિપણું, શ્રેણીપણું, અરિહંતપણું અને સિદ્ધપણાની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન-૪૧ :- દ્રવ્ય-ગુણ એટલે કે સામાન્ય પારિણામિકભાવ અને કારણશુદ્ધપર્યાય એટલે કે વિશેષ પારિણામિકભાવનું સ્પષ્ટીકરણ કરો?**

ઉત્તર :- (૧) દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સંજ્ઞા, લક્ષણાદિ ભેદ દેખાય છે પણ વસ્તુસ્વરૂપથી ભિન્ન નથી.

(૨) જે દ્રવ્ય-ગુણ તથા નિરપેક્ષ કારણશુદ્ધપર્યાય છે, તે ત્રિકાળ એકરૂપ છે. તેમાં હમેશાં સદશ પરિણમન છે. અપેક્ષિત-પર્યાયોમાં ઉત્પાદ-વ્યયરૂપ વિસદશ પરિણમન છે. યાદ રાખો, સંસાર અને મોક્ષ, બંને પર્યાયોને અપેક્ષિત પર્યાયોમાં ગણ્યા છે.



(૩) જ્યારે અપેક્ષિતપર્યાયનો જુકાવ ધ્રુવવસ્તુ તરફ પરમ પારિણામિકભાવ તરફ જાય છે, ત્યારે તે ધ્રુવવસ્તુ એકરૂપ સંપૂર્ણ થવાથી ત્યાં તે પર્યાયનો ઉપયોગ સ્થિર રહી શકે છે, તે ધર્મની પ્રાપ્તિ છે અને પછી જેમ જેમ સ્થિરતા વધતી જાય છે, તેમ તેમ પર્યાયની નિર્મળતા વધતી જાય છે.

(૪) પરમપારિણામિકના સ્વરૂપને શ્રદ્ધામાં લેવું, તે જ સમ્યગ્દર્શન છે.

(૫) સમ્યગ્દર્શનના ધ્યેયરૂપ પરમપારિણામિકભાવ ધ્રુવ છે અને તેની સાથે ત્રિકાળ અભેદરૂપ રહેલી કારણશુદ્ધપર્યાય છે, તેને 'પૂજિત પંચમભાવપરિણતિ' કહેવામાં આવે છે.

(૬) દ્રવ્યદૃષ્ટિમાં જે પર્યાય ગૌણ કરવાની વાત આવી છે, તે તો ઔદયિક વગેરે ચાર ભાવોની પર્યાય સમજવી જોઈએ. પંચમભાવ પરિણતિ, એટલે કે કારણશુદ્ધપર્યાય ગૌણ નથી થઈ શકતી, કેમકે તે તો વસ્તુની સાથે ત્રિકાળ અભેદ છે. સમ્યગ્દર્શન આદિ નિર્મળ પર્યાયોને, દ્રવ્ય-ગુણ અને કારણશુદ્ધપર્યાય ત્રણેની અભેદતાનું જ અવલંબન છે. ત્રણેનું જુદું જુદું અવલંબન નથી.

(૭) ધર્મ, અધર્મ, આકાશ અને કાળદ્રવ્યોની પર્યાય સદા એકરૂપ પારિણામિકભાવથી જ વર્તે છે. તેનો જ્ઞાતા જીવ છે. જીવની પ્રગટ પર્યાયમાં તો સંસાર, મોક્ષ વગેરે વિસદશતા છે પણ તેના સિવાય એકરૂપ, એક સદશ નિરપેક્ષ 'કારણ શુદ્ધપર્યાય' હંમેશા પારિણામિકભાવથી વર્તે છે. તે બધા પ્રકારની ઉપાધિથી રહિત છે અને બધી નિર્મળપર્યાય પ્રગટવાનું કારણ છે. દ્રવ્યની સાથે સદા અભેદરૂપ વર્તે છે. તે કારણશુદ્ધપર્યાયને 'પરમપારિણામિકભાવની પરિણતિ' કહીને, એમ બતાવ્યું છે કે જેવી ત્રિકાળી સામાન્યવસ્તુ છે, તેવી વિશેષ પણ સદશપણે વર્તે છે.

(૮) આ કારણશુદ્ધ પર્યાયના વ્યક્તપણાનું ભોગવવું થતું નથી કેમકે ભોગવવાનું કાર્ય તો પર્યાયમાં થાય છે. સંસાર-મોક્ષ બંને પર્યાયો છે.

(૯) જગતમાં સંસારપર્યાય, સાધકપર્યાય અને સિદ્ધપર્યાય, સામાન્યપણે અનાદિ-અનંત છે. તેમ આ કારણશુદ્ધપર્યાય એક-એક જીવમાં અનાદિ-અનંત સદશરૂપે છે, તેનો વિરહ નથી. કારણશુદ્ધપર્યાય નવી પ્રગટતી નથી પરંતુ કારણશુદ્ધપર્યાયને સમજનારા જીવને સમ્યગ્દર્શનાદિકનું કાર્ય નવું પ્રગટે છે.

**પ્રશ્ન-૪૨ :- પ્રવચનસારમાં વર્ણિત ૪૭ નયોનું સાચું જ્ઞાન કોને હોય છે અને કોને નથી હોતું?**

ઉત્તર :- જ્ઞાનીઓને જ હોય છે; અજ્ઞાનીને હોતું નથી. કેમકે નય, શ્રુતજ્ઞાનપ્રમાણનો અંશ છે. પ્રમાણજ્ઞાનને પ્રમાણતા ત્યારે જ મળે છે ત્યારે અંતરદષ્ટિમાં વિભાવ તથા પર્યાયભેદોથી રહિત પોતાના શુદ્ધાત્મસ્વરૂપ ધ્રુવજ્ઞાયકની શ્રદ્ધાના અવલંબનનું જોર સતત વર્તતું હોય. ધ્રુવજ્ઞાયકસ્વભાવના અવલંબનનું બળ, જ્ઞાને સદાય વર્તતું હોવાથી તેનું જ્ઞાન, સમ્યક્પ્રમાણ છે અને જ્ઞાનીને જ ક્રિયાનય, જ્ઞાનનય, વ્યવહારનય તથા નિશ્ચયનયાદિ નય દ્વારા વર્ણિત ધર્મોનું સાચું જ્ઞાન થાય છે. અજ્ઞાની મિથ્યાદષ્ટિઓને નથી થતું કેમકે અજ્ઞાનીને નિજ શુદ્ધાત્મસ્વરૂપ ધ્રુવજ્ઞાયક સ્વભાવની પ્રતીતિ નહિ હોવાથી તેનું જ્ઞાન અપ્રમાણ છે, મિથ્યા છે.

**પ્રશ્ન-૪૩ :- જ્ઞાનીની દશા કેવી હોય છે?**

ઉત્તર :- (૧) જ્ઞાનીની પરિણતિ સહજરૂપ હોય છે. સમયે સમયે ભેદજ્ઞાનને યાદ કરવું પડતું નથી. પણ જ્ઞાનીને તો સહજરૂપ પરિણમન થઈ ગયું છે, જેનાથી આત્મામાં એકધારું પરિણમન થયા જ કરે છે.



(૨) જેને પોતાનો અનુભવ થઈ જાય છે, તે બધા જીવોને ચૈતન્યમયી ભગવાન જ દેખે છે.

(૩) જ્ઞાનીની દૃષ્ટિ પોતાના સ્વભાવ પર જ હોય છે. સ્વાનુભૂતિના સમયે કે સવિકલ્પદશાના સમયે ઉપયોગ બહાર હોય તોપણ દૃષ્ટિ સ્વભાવથી છૂટતી નથી.

(૪) જેમ વૃક્ષનું મૂળ પકડવાથી બધું હાથ આવી જાય છે; તેવી રીતે જ જ્ઞાયક પર દૃષ્ટિ થતાં જ બધું હાથ આવી જાય છે. જેણે મૂળસ્વભાવને દૃષ્ટિમાં લીધો, તે દરેક પ્રસંગમાં શાંત જ વર્તે છે અને જ્ઞાતા-દૃષ્ટારૂપ જ રહેશે.

(૫) જેમ આકાશમાં પતંગ ઉડે છે, પણ દોર હાથમાં જ રહે છે; તેમ વિકલ્પ આવે છે, પણ જ્ઞાનીની દૃષ્ટિ પોતાના એક ચૈતન્યસ્વભાવ પર જ રહે છે.

(૬) જ્ઞાનીઓને અસ્થિરતા સંબંધી રાગ કાળા નાગ જેવો લાગે છે કેમકે જ્ઞાની વિભાવભાવોમાં હોવા છતાં પણ વિભાવભાવોને પોતાથી જુદો જાણે છે.

(૭) વર્તમાન કાળમાં કોઈ સમ્યક્ત્વ પામે છે, તે અચંભો છે કેમકે વર્તમાનમાં કોઈ બળવાન યોગ જોવામાં આવતો નથી. એકમાત્ર ક્યાંક ક્યાંક જ સમ્યગ્દષ્ટિનો યોગ છે.

**(પરમાત્મપ્રકાશ, અધ્યાય બીજો, શ્લોક ૧૩૯)**

(૮) સમ્યગ્દષ્ટિને જ્ઞાન-વૈરાગ્યની શક્તિ પ્રગટી છે, તે ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં પણ સંસારના કાર્યોમાં ઊભેલો દેખાય, પણ તેમાં લિપ્ત નથી થતો, નિર્લેપ રહે છે કેમકે જ્ઞાનધારા અને ઉદયધારાનું પરિણમન જુદું જુદું છે. અસ્થિરતાના રાગનો જ્ઞાની જ્ઞાતા રહે છે.

(૯) જેમ મુસાફર એક નગરથી બીજે નગર જાય છે. વચ્ચે આવતા નગરને છોડતો જાય છે, ત્યાં રોકાતો નથી. તે પ્રમાણે

સાધકદશામાં શુભાશુભભાવ વચ્ચે આવે છે, જ્ઞાની તેને છોડતો જાય છે, તેમાં રોકાતો નથી.

(૧૦) જ્ઞાનીની દૃષ્ટિ એક સમય પણ સ્વભાવ પરથી ખસતી નથી. જો એક સમયમાત્ર પણ સ્વભાવથી દૃષ્ટિ ખસી જાય તો અજ્ઞાની થઈ જાય છે.

**પ્રશ્ન-૪૪ :- અરિ-રજ-રહસનો શું અર્થ છે અને ક્યા શાસ્ત્રમાં આ અર્થ કર્યો છે?**

ઉત્તર :- અરિ=મોહનીયકર્મ. રજ=જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય. રહસ=અંતરાય. આ અર્થ બૃહદ દ્રવ્યસંગ્રહ, ગાથા ૫૦ની ટીકામાં અને ચારિત્ર પાહુડ ગાથા ૧-૨ની ટીકામાં કર્યા છે.

**પ્રશ્ન-૪૫ :- પરમાત્મપ્રકાશ, પ્રથમ અધિકાર, ગાથા ૭માં કોને ઉપાદેય અને કોને ત્યાગવાયોગ્ય કહ્યા છે?**

ઉત્તર :- (૧) પાંચ અસ્તિકાયમાં નિજશુદ્ધ જીવાસ્તિકાયને;

(૨) ષટ્દ્રવ્યોમાં, નિજ શુદ્ધદ્રવ્યને;

(૩) સાત તત્ત્વોમાં, નિજ શુદ્ધજીવતત્ત્વને;

(૪) નવ પદાર્થોમાં નિજ શુદ્ધજીવપદાર્થને ઉપાદેય કહ્યો છે; બીજા બધા ત્યાગવા યોગ્ય છે - એમ કહ્યું છે.

**પ્રશ્ન-૪૬ :- પરમાત્મપ્રકાશ, ૧૨મી ગાથાની ટીકામાં શું બતાવ્યું છે?**

ઉત્તર :- સ્વ-સંવેદનજ્ઞાન, પહેલી અવસ્થામાં ચોથા-પાંચમા ગુણસ્થાનવાળા ગૃહસ્થને પણ હોય છે.

**પ્રશ્ન-૪૭ :- પરમાત્મપ્રકાશ, ૨૩માં શ્લોકમાં શું બતાવ્યું છે?**

ઉત્તર :- કેવળીની દિવ્યધ્વનિ, મહામુનિઓના વચનો અને ઈન્દ્રિય-મનથી પણ શુદ્ધઆત્મા જણાતો નથી.



**પ્રશ્ન-૪૮ :-પરમાત્મપ્રકાશ, ૩૪માં શ્લોકમાં શું બતાવ્યું છે?**

ઉત્તર :- આ દેહમાં રહેતો થકો પણ, દેહને સ્પર્શ કરતો નથી, તેને જ તું પરમાત્મા જાણ.

**પ્રશ્ન-૪૯ :- પરમાત્મપ્રકાશ, ૬૮માં શ્લોકમાં શું બતાવ્યું છે?**

ઉત્તર :- દરેક ભગવાન આત્મા, ઉત્પાદ-વ્યયરહિત, બંધ-મોક્ષની પર્યાયથી રહિત અને બંધ-મોક્ષના કારણથી રહિત છે. શુદ્ધ નિશ્ચયનયથી નિત્યાનંદ ધ્રુવ આત્મા છે. તે ભગવાન આત્મા, ઉત્પન્ન નથી થતો, એટલે કે ઉત્પાદની પર્યાયમાં નથી આવતો; મરતો નથી, એટલે કે વ્યયમાં પણ નથી આવતો. એકેન્દ્રિયની પર્યાય હોય કે સિદ્ધની પર્યાય હોય, ધ્રુવ ભગવાન તો સદા જ્ઞાનાનંદરૂપ જ રહે છે.

**પ્રશ્ન-૫૦ :- પરમાત્મપ્રકાશ, અધ્યાય બે, ગાથા ૬૩માં શું બતાવ્યું છે?**

ઉત્તર :- આ જીવ પાપના ઉદયથી નરગતિ અને તિર્યંચગતિ પામે છે; પુણ્યથી દેવ થાય છે, પુણ્ય અને પાપ બંનેના મેળથી મનુષ્યગતિને પામે છે અને પુણ્ય-પાપ બંનેનો નાશ થવાથી મોક્ષને પામે છે - એમ જાણો.

**પ્રશ્ન-૫૧ :- મુમુક્ષુએ શું જાણવું આવશ્યક છે?**

ઉત્તર :- (૧) મારા જીવતત્ત્વનો બીજા દ્રવ્યોની સાથે સર્વથા સંબંધ નથી.

(૨) મારા જીવતત્ત્વથી વિકાર અત્યંત ભિન્ન છે.

(૩) મારા જીવતત્ત્વથી નિર્મળપર્યાય પણ ભિન્ન છે કેમકે દ્રવ્ય, પર્યાયને સ્પર્શતું નથી અને પર્યાય મારા જીવતત્ત્વને સ્પર્શતી નથી.

(૪) દ્રવ્યનું વેદન નથી થતું; વેદન તો પર્યાયનું છે.

**પ્રશ્ન-૫૨ :- જ્ઞાનીઓને પરની મહિમા કેમ ઊડી જાય છે?**

ઉત્તર :- જેમ ગાય, ભેંસ વગેરે જાનવરોનું છાણ મળવાથી ગરીબ સ્ત્રી રાજી થઈ જાય છે અને ધન-વૈભવ મળવાથી શેઠ રાજી થઈ જાય છે, પણ નિશ્ચયથી છાણ અને ધનાદિમાં જરા પણ તફાવત નથી; તે પ્રમાણે જ્ઞાનીને પોતાના ચૈતન્યનિધાનને જોતા જ બહારના કહેવાતા નિધાનો અને વિકારીભાવોની મહિમા ઊડી જાય છે.

**પ્રશ્ન-૫૩ :- જ્ઞાની, બીજાને પોતાનો નાથ કેમ નથી માનતા?**

ઉત્તર :- જેને પોતાના ચૈતન્યસ્વભાવની સાથે પ્રમે છે, એવા સમ્યગ્દૃષ્ટિ પંચ પરમેષ્ઠીની સાથે પણ પ્રેમગાંઠ બાંધતા નથી, કેમકે પોતાના આત્મામાં અનંત સિદ્ધદશા બિરાજે છે, એટલે કે અનંત પરમાત્મદશા જેના ધ્રુવપદમાં પડી છે, એવા જ્ઞાની આત્મા, બીજાને પોતાનો નાથ કેમ બનાવે? ક્યારેય ન બનાવે.

**પ્રશ્ન-૫૪ :- દેવ-ગુરુ-શાસ્ત્ર શું બતાવે છે?**

ઉત્તર :- જેને પોતાના આત્માની મહિમા આવી, તેમાં જ દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા આવી જાય છે અને જેને નિજ આત્માની મહિમા નથી આવી, તેને દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા પણ નથી આવતી.

**પ્રશ્ન-૫૫ :- જૈનના સાચા સંસ્કાર શું છે?**

ઉત્તર :- રાગથી ભિન્ન ચૈતન્યને માનવું, તે જ જૈનના સાચા સંસ્કાર છે.

**પ્રશ્ન-૫૬ :- નિયમસારમાં આશ્રય કરવાયોગ્ય દ્રવ્ય કેવું બતાવ્યું છે?**

ઉત્તર :- (૧) કેવળજ્ઞાનાદિ પૂર્ણ નિર્મળપર્યાય,

(૨) મતિ-શ્રુતજ્ઞાનાદિ, અપૂર્ણપર્યાય,

(૩) અગુરુ-લઘુત્વની પર્યાય,

(૪) નર-નારકાદિ પર્યાયસહિત હોવા છતાં પણ, આ ચાર



પ્રકારોની પર્યાયોથી રહિત એવા શુદ્ધજીવ તત્ત્વને - જ્ઞાયકતત્ત્વને સકળ અર્થની સિદ્ધિ માટે, એટલે કે મોક્ષની સિદ્ધિ માટે નમસ્કાર કરું છું-ભજું છું, એટલે કે શુદ્ધજીવતત્ત્વમાં એકાગ્ર થાવ છું.

**પ્રશ્ન-૫૭ :- પરમાત્મપ્રકાશ, પહેલા અધ્યાયના શ્લોક ૪૩માં કેવું દ્રવ્ય આશ્રય કરવાયોગ્ય બતાવ્યું છે?**

ઉત્તર :- 'જે પર્યાયાર્થિકનયકર ઉત્પાદ-વ્યયસહિત છે, તો પણ દ્રવ્યાર્થિકનયકર ઉત્પાદ-વ્યયથી રહિત છે; સદા ધ્રુવ (અવિનાશી) જ છે. તે જ પરમાત્મા, નિર્વિકલ્પ સમાધિના બળે તીર્થંકરદેવોના દેહમાં પણ જોઈ લીધા છે.'

**પ્રશ્ન-૫૮ :- પરમાત્મપ્રકાશ, પહેલા અધ્યાયના સાતમાં શ્લોકની ટીકામાં કેવું દ્રવ્ય આશ્રય કરવા યોગ્ય બતાવ્યું છે?**

ઉત્તર :- 'અનુપચરિત, એટલે કે ઉપચરિત નથી, તેની સાથે અનાદિ સંબંધ છે પણ અસદ્ભુત (મિથ્યા) છે, એવું વ્યવહાનયકર દ્રવ્યકર્મ, નોકર્મનો સંબંધ હોય છે, તેનાથી રહિત અને અશુદ્ધ નિશ્ચયકર રાગાદિનો સંબંધ છે, તેનાથી તથા મતિજ્ઞાનાદિ વિભાવગુણના સંબંધથી રહિત અને નર-નારકાદિ ચતુર્ગતિરૂપ વિભાવપર્યાયોથી રહિત, એવું જે ચિદાનંદચિદ્રુપ એક અખંડસ્વભાવ શુદ્ધાત્મતત્ત્વ છે, તે સત્ય છે. તેને જ પરમાર્થરૂપ સમયસાર કહેવું જોઈએ. તે જ સર્વ પ્રકારે આરાધવાયોગ્ય છે.'

**પ્રશ્ન-૫૯ :- પરમાત્મપ્રકાશ, અધ્યાય એકના શ્લોક ૬૫માં કેવું દ્રવ્ય આશ્રય કરવા યોગ્ય બતાવ્યું છે?**

ઉત્તર :- 'અહીં જે શુદ્ધ નિશ્ચયનકર બંધ-મોક્ષનો કર્તા નથી, તે જ શુદ્ધાત્મા આરાધવાયોગ્ય છે.'

**પ્રશ્ન-૬૦ :- શાસ્ત્રોમાં શ્રુતજ્ઞાનને પરોક્ષ કહ્યું છે, આપ પ્રત્યક્ષ કઈ રીતે કહો છો?**

ઉત્તર :- (૧) શ્રુતજ્ઞાનપ્રમાણ પરોક્ષ છે, નય પણ પરોક્ષ છે. સ્વાનુભૂતિમાં મનની, રાગની અથવા પરની અપેક્ષા નથી હોતી; માટે સ્વાનુભૂતિપ્રત્યક્ષ છે.

(૨) અસંખ્ય પ્રદેશી સંપૂર્ણ આત્મા જાણવામાં નથી આવતો; માટે મતિ-શ્રુતજ્ઞાનને પરોક્ષ કહ્યું છે. અનુભવ તો સ્વયં સ્વતઃ જ ભોગવે છે, તે અપેક્ષાએ પ્રત્યક્ષ જ છે.

(૩) કેવળજ્ઞાનીની જેમ અસંખ્યાત પ્રદેશોસહિત સંપૂર્ણ આત્માને સીધો નહિ જાણતો હોવાની અપેક્ષાએ, મતિ-શ્રુતજ્ઞાનને પરોક્ષ કહ્યું છે.

**પ્રશ્ન-૬૧ :- શુદ્ધપર્યાયને અસત્ કેમ કહેવામાં આવે છે?**

ઉત્તર :- (૧) જેમ પોતાના આત્માની અપેક્ષાએ પરદ્રવ્ય અનાત્મા છે; તેવી જ રીતે ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ પર્યાય અસત્ છે, કેમકે ત્રિકાળી ધ્રુવદ્રવ્યથી ક્ષણિક પ્રગટ શુદ્ધપર્યાય ભિન્ન છે; માટે અસત્ છે.

**પ્રશ્ન-૬૨ :- શુદ્ધપર્યાય અસત્ છે, એવું કોઈ શાસ્ત્રનું પ્રમાણ છે?**

ઉત્તર :- (૧) સમયસાર, ગાથા ૪૯ની ટીકામાં લખ્યું છે કે વ્યક્તતા (શુદ્ધપર્યાય), અવ્યક્તતા (ત્રિકાળી દ્રવ્ય) એકમેક મિશ્રિતરૂપથી પ્રતિભાસતિ હોવા છતાં, તે (દ્રવ્ય) વ્યક્તતાને (શુદ્ધપર્યાયને) સ્પર્શતી નથી તથા પ્રવચનસાર, ગાથા ૧૭૨માં અલિંગગ્રહણના ૧૯માં બોલમાં કહ્યું છે કે 'પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી,' આ પ્રમાણ છે.

**પ્રશ્ન-૬૩ :- જ્ઞાયકભાવ તો સ્વભાવની અપેક્ષાએ અનાદિથી એવો ને એવો જ છે પણ 'વિકલ્પ તે હું' એવા મિથ્યાત્વભાવની આડમાં તે સહજસ્વભાવ દૃષ્ટિમાં નથી**



**આવતો; માટે જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે. આ વાતને દૃષ્ટાંત દ્વારા સમજાવો?**

ઉત્તર :- જેમ નજર સામે આંગળી આડી કરતાં આખો સમુદ્ર દેખાતો નથી; માટે જોનારને માટે સમુદ્ર તિરોભૂત થઈ ગયો છે, એમ કહેવાય છે. દૃષ્ટિમાં નથી આવતો; માટે તિરોભાવ કહ્યું, પણ સમુદ્ર તો એવો ને એવો જ પડ્યો છે; તેવી રીતે જ્ઞાયકભાવ તો સ્વભાવથી પૂર્ણાનંદનો નાથ ત્રિકાળી નિત્યાનંદપ્રભુ અનંત ગુણનો પિંડ, અનાદિનો એવો ને એવો જ છે; તે કોઈ તિરોભૂત નથી થયો પણ જાણનારની દૃષ્ટિમાં 'રાગાદિ તે હું' - એવા મિથ્યાભાવની એકત્વ બુદ્ધિ હોવાથી જ્ઞાયકભાવ દૃષ્ટિમાં નહિ આવતો હોવાની અપેક્ષાએ તિરોભૂત થયો એમ કહેવાય છે.

**પ્રશ્ન-૬૪ :- દ્રવ્યસંગ્રહ, ગાથા ૪૭માં શું બતાવ્યું છે?**

ઉત્તર :- નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગ બંને એક સાથે ત્રિકાળી આત્મામાં એકાગ્રતારૂપ નિશ્ચયધર્મધ્યાનથી પ્રગટે છે.

**પ્રશ્ન-૬૫ :- અજ્ઞાનીને જ્ઞેયની સાથે મૈત્રી કેમ વર્તે છે?**

ઉત્તર :- ત્રિકાળીક આત્મા જ્ઞાનસ્વરૂપ છે; જાણવું-દેખવું તેનો ત્રિકાળ સ્વભાવ છે પણ અજ્ઞાનીને પોતાના જ્ઞાનસ્વરૂપનું ભાન નથી. જ્ઞાનની અનેક પ્રકારની જુદી જુદી જાણવાની પર્યાય થાય છે, તેમાં જ્ઞેયપદાર્થ નિમિત્તમાત્ર છે પણ અજ્ઞાનીને એમ લાગે છે કે નિમિત્તને કારણે જ્ઞાનની ભિન્ન ભિન્ન પર્યાયો થાય છે, જ્યારે જ્ઞાનની ભિન્ન ભિન્ન પર્યાયો પોતાને કારણે થઈ છે; જ્ઞેયથી નથી થઈ. એમ માનવાથી અજ્ઞાનીઓને જ્ઞેયના (નિમિત્ત પર પદાર્થોની) સાથે મૈત્રી વર્તે છે.

**પ્રશ્ન-૬૬ :- સમ્યગ્દર્શનને મોક્ષમહેલની પ્રથમ સીઢી કેમ કહી છે?**

**ઉત્તર** :- (૧) સમ્યગ્દર્શન થતા એક ચૈતન્યચમત્કારમાત્ર પ્રકાશ પ્રગટરૂપ છે, તે સ્પષ્ટ પ્રતીતિમાં આવે છે.

(૨) સમ્યગ્દર્શન થતાં જન્મ-મરણના દુઃખોનો અંત આવે છે.

(૩) અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ થાય છે; માટે સમ્યગ્દર્શનને મોક્ષમહેલની પ્રથમ સીઢી કહી છે.

**પ્રશ્ન-૬૭ :- સંસારચક્રનું મૂળ કારણ કોણ છે અને શું કામ છે?**

**ઉત્તર** :- સંસારચક્રનું મૂળ કારણ એકમાત્ર મિથ્યાત્વ અને રાગ-દ્વેષ જ છે, કેમકે મિથ્યાત્વ-રાગ-દ્વેષના નિમિત્તથી કર્મબંધ થાય છે. કર્મબંધથી ગતિઓની પ્રાપ્તિ થાય છે. ગતિઓની પ્રાપ્તિથી શરીરનો સંબંધ થાય છે. શરીરના સંબંધથી ઇન્દ્રિયોનો સંબંધ થાય છે. ઇન્દ્રિયોના સંબંધથી વિષયગ્રહણની ઇચ્છા થાય છે. વિષયગ્રહણની ઇચ્છાથી રાગ-દ્વેષ થાય છે અને ફરી રાગ-દ્વેષથી કર્મબંધ થાય છે. આ પ્રમાણે સંસારચક્ર ચાલ્યા જ કરે છે.

**પ્રશ્ન-૬૮ :- સંસારચક્રનો અભાવ કઈ રીતે થાય?**

**ઉત્તર** :- રાગ-દ્વેષ રહિત પોતાના જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરે તો કર્મબંધ નહિ થાય. કર્મબંધ નહિ થવાથી ગતિની પ્રાપ્ત નહિ થાય. ગતિ નહિ મળતા શરીરનો સંયોગ પણ નહિ થાય. શરીરનો સંયોગ નહિ થતાં ઇન્દ્રિયનો સંયોગ પણ નહિ થાય. ઇન્દ્રિયનો સંયોગ નહિ થવાથી વિષયગ્રહણની ઇચ્છા પણ નહિ રહે. જ્યારે વિષયગ્રહણની ઇચ્છા નથી રહેતો તો સંસારચક્રનો અભાવ થઈ જશે.

**જિન-જિનવર-જિનવર વૃષભો દ્વારા પ્રરૂપિત મોક્ષમાર્ગ સંબંધી પ્રકરણ સમાપ્ત થયું.**

જય મહાવીર-જય મહાવીર.



## ૪

# જીવના અસાધારણ પાંચ ભાવ

સ્થાનો ન ક્ષાયિકભાવનાં, ક્ષાયોપશમિક તણાં નહીં;
સ્થાનો ન ઉપશમભાવના કે ઉદયભાવ તણાં નહીં. ૪૧.

**પ્રશ્ન-૧ :- પોતાના આત્માનું હિત ઇચ્છનારાઓએ શું કરવું જોઈએ?**

**ઉત્તર** :- અત્યંત ભિન્ન પરપદાર્થોથી, ઔદારિક-તૈજસ-કાર્મણ શરીરોથી, ભાષાથી અને મનથી તો મારા આત્માને કોઈ પણ પ્રકારનો કોઈપણ અપેક્ષાએ કર્તા-ભોક્તાનો સંબંધ નથી. એમ જાણીને પાત્ર જીવોએ પોતાના નિજભાવોની ઓળખાણ કરવી જોઈએ.

**પ્રશ્ન-૨ :- પોતાના નિજભાવોની ઓળખાણ શા માટે કરવી જોઈએ?**

**ઉત્તર** :- (૧) ક્યો નિજભાવ આશ્રય કરવા યોગ્ય છે.

(૨) ક્યો ભાવ છોડવા યોગ્ય છે.

(૩) ક્યો ભાવ પ્રગટ કરવા યોગ્ય છે - આ પ્રયોજનભૂત વાતોનો નિર્ણય કરવા માટે પાંચ અસાધારણ ભાવોનું સ્વરૂપ જાણવું આવશ્યક છે.

**પ્રશ્ન-૩ :- પંડિત ટોડરમલજીએ આ વિષયમાં શું કહ્યું છે?**

ઉત્તર :- જીવે તત્ત્વાદિકનો નિશ્ચય કરવાનો પ્રયત્ન કરવો જોઈએ, કેમકે તેનાથી ઔપશમિકાદિ સમ્યક્ત્વ પોતાની મેળે થાય છે. દ્રવ્યકર્મના ઉપશમાદિ પુદ્ગલની પર્યાયો છે. જીવ તેનો કર્તા-હર્તા નથી.

**પ્રશ્ન-૪ :- જીવના અસાધારણભાવોને માટે આચાર્યોએ કોઈ સૂત્ર કહ્યું છે?**

ઉત્તર :- '**औपशमिकक्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्व मौदयिक पारिणामिकौ च**' (તત્ત્વાર્થસૂત્ર, અધ્યાય બીજો, સૂત્ર પ્રથમ)

**પ્રશ્ન-૫ :- જીવના અસાધારણ ભાવો કેટલા છે ?**

ઉત્તર :- પાંચ છે; (૧) ઔપશમિક, (૨) ક્ષાયિક, (૩) ક્ષાયોપશમિક, (૪) ઔદયિક અને (૫) પારિણામિક આ પાંચ ભાવ, જીવના નિજભાવ છે. જીવ સિવાય આ ભાવો બીજા કોઈમાં નથી હોતા.

**પ્રશ્ન-૬ :- આ પાંચ ભાવોનો આ ક્રમ હોવાનું શું કારણ છે ?**

ઉત્તર :- (૧) સૌથી ઓછી સંખ્યા ઔપશમિકભાવવાળા જીવોની છે.

(૨) ઔપશમિકભાવવાળાથી વધારે સંખ્યા, ક્ષાયિકભાવવાળા જીવોની છે.

(૩) ક્ષાયિકભાવવાળાથી વધારે સંખ્યા, ક્ષાયોપશમિકબાવવાળા જીવોની છે.

(૪) ક્ષાયોપશમિકભાવવાળા કરતા પણ વધારે સંખ્યા ઔદયિકભાવવાળા જીવોની છે.

(૫) સૌથી વધારે સંખ્યા પારિણામિકભાવવાળા જીવોની છે.



આ ક્રમને જ લક્ષમાં રાખીને ભાવોનો ક્રમ રાખવામાં આવ્યો છે.

**પ્રશ્ન-૭ :- કયા કયા ભાવમાં કયા કયા જીવ આવ્યા અને કયા કયા નીકળી ગયા?**

ઉત્તર :- (૧) પારિણામિકભાવમાં નિગોદથી લઈને સિદ્ધ સુધી બધા જીવ આવી ગયા.

(૨) ઔદયિકભાવમાં સિદ્ધ નીકળી ગયા.

(૩) ક્ષાયોપશમિકભાવમાં અરિહંત નીકળી ગયા.

(૪) ક્ષાયિકભાવમાં છદ્મસ્થ નીકળી ગયા, માત્ર અરિહંત સિદ્ધ રહી ગયા (ક્ષાયિકસમ્યક્ત્વી અને ક્ષાયિકચારિત્રવાળા જીવો ગૌણ છે.)

(૫) ઔપશમિકભાવમાં માત્ર ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ તથા ઔપશમિકચારિત્રવાળા જીવ રહ્યા.

**પ્રશ્ન-૮ :- ઔપશમિકભાવને પહેલા લેવામાં શું કારણ છે ?**

ઉત્તર :- તત્ત્વાર્થસૂત્રમાં ભગવાન ઉમાસ્વામીએ પહેલા અધ્યાયમાં પ્રથમ સમ્યગ્દર્શનની વાત કરી છે કેમકે તેના વિના ધર્મની શરૂઆત નથી થતી. તે જ પ્રકારે બીજા અધ્યાયના પહેલા સૂત્રમાં ઔપશમિકભાવની વાત કરી છે કેમકે ઔપશમિકભાવ વિના સમ્યગ્દર્શન નથી થતું. માટે પ્રથમ ઔપશમિકભાવને લીધો છે.

**પ્રશ્ન-૯ :- આ પાંચ ભાવોથી શું સિદ્ધ થયું?**

ઉત્તર :- (૧) પારિણામિકભાવ વિના કોઈ જીવ નથી.

(૨) ઔદયિકભાવ વિના કોઈ સંસારી નથી.

(૩) ક્ષાયોપશમિકભાવ વિના કોઈ છદ્મસ્થ નથી.

(૪) ક્ષાયિકભાવ વિના અરિહંત અને સિદ્ધ નથી, એટલે કે ક્ષાયિકભાવ વિના કેવળજ્ઞાન અને મોક્ષ નથી.

(૫) ઔપશમિકભાવ વિના ધર્મની શરૂઆત નથી.

**પ્રશ્ન-૧૦ :- અસાધારણભાવ કોને કહે છે?**

ઉત્તર :- (૧) અસાધારણનો અર્થ તો એમ છે કે આ ભાવ, આત્મામાં જ જોવા મળે છે; બીજા પાંચ દ્રવ્યોમાં જોવામાં નથી આવતા.

(૨) આત્મામાં કઈ કઈ જાતિના ભાવ (પરિણામ) જોવા મળે છે અને તેના દ્વારા જીવને પોતાનું સ્પષ્ટ જ્ઞાન, સંપૂર્ણ દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત થઈ જાય છે.

**પ્રશ્ન-૧૧ :- આ ભાવોને જાણવાથી જ્ઞાનમાં સ્પષ્ટતા કઈ રીતે જાય છે?**

ઉત્તર :- હાનિકારક-લાભદાયક પરિણામોનું જ્ઞાન થઈ જાય છે. જેમ કે - (૧) ઔદયિકભાવ હાનિકારક અને દુઃખરૂપ છે.

(૨) ઔપશમિકભાવ અને ધર્મનો ક્ષાયોપશમિકભાવ, મોક્ષમાર્ગરૂપ છે.

(૩) ક્ષાયિકભાવ, મોક્ષસ્વરૂપ છે.

(૪) પારિણામિકભાવ આશ્રય કરવાયોગ્ય ધ્યેયરૂપ છે.

(૫) ક્ષાયિક જ્ઞાન-દર્શન, વીર્ય જીવના પૂર્ણ સ્વભાવ, પર્યાયમાં છે અને ક્ષાયોપશમિક એકદેશ સ્વભાવ પણ પર્યાયમાં છે. મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન મિથ્યજ્ઞાન છે; આ પ્રમાણે સારા-નરસા પરિણામોનું જ્ઞાન થઈ શકે છે.

**પ્રશ્ન-૧૨ :- ઔપશમિકભાવ કોને કહે છે?**

ઉત્તર :- કર્મોના ઉપશમની સાથે સંબંધવાળા આત્માનો જે ભાવ થાય છે, તેને ઔપશમિકભાવ કહે છે.

**પ્રશ્ન-૧૩ :- કર્મનો ઉપશમ શું છે?**

ઉત્તર :- આત્માના પુરુષાર્થનું નિમિત્ત પામીને જડકર્મના પ્રગટરૂપ ફળ, જડકર્મરૂપમાં ન આવે તે કર્મનો ઉપશમ છે.



**પ્રશ્ન-૧૪ :- ઔપશમિકભાવના કેટલા ભેદ છે?**

ઉત્તર :- બે ભેદ છે - ઔપશમિકસમ્યક્ત્વ, ઔપશમિકચારિત્ર.

**પ્રશ્ન-૧૫ :- ઔપશમિકસમ્યક્ત્વ અને ઔપશમિકચારિત્ર શું છે?**

ઉત્તર :- ઔપશમિકસમ્યક્ત્વ, શ્રદ્ધાગુણની ક્ષણિક સ્વભાવ અર્થપર્યાય છે અને ઔપશમિકચારિત્ર, ચારિત્રગુણની ક્ષણિક સ્વભાવઅર્થપર્યાય છે. આ બંને ભાવો સાદિસાંત છે.

**પ્રશ્ન-૧૬ :- ઔપશમિકસમ્યક્ત્વ અને ઔપશમિકચારિત્ર કયા કયા ગુણસ્થાનમાં હોય છે?**

ઉત્તર :- ઔપશમિકસમ્યક્ત્વ, ચોથાથી સાતમા ગુણસ્થાન સુધી હોઈ શકે છે. અને ઔપશમિકચારિત્ર, માત્ર અગિયારમા ગુણસ્થાને હોય છે.

**પ્રશ્ન-૧૭ :- ક્ષાયિકભાવ કોને કહે છે?**

ઉત્તર :- કર્મોનો સર્વથા નાશની સાથે સંબંધવાળા આત્માને જે અત્યંત શુદ્ધભાવ હોય છે, તેને ક્ષાયિકભાવ કહે છે.

**પ્રશ્ન-૧૮ :- કર્મનો ક્ષય શું છે?**

ઉત્તર :- આત્માના પુરુષાર્થનું નિમિત્ત પામીને કર્મ આવરણનો નાશ થવો તે કર્મનો ક્ષય છે.

**પ્રશ્ન-૧૯ :- ક્ષાયિકભાવના કેટલા ભેદ છે?**

ઉત્તર :- નવ ભેદ છે :- (૧) ક્ષાયિકસમ્યક્ત્વ, (૨) ક્ષાયિકચારિત્ર, (૩) ક્ષાયિકજ્ઞાન, (૪) જ્ઞાયકદર્શન, (૫) ક્ષાયિકદાન, (૬) ક્ષાયિકલાભ, (૭) ક્ષાયિકઉપભોગ, (૮) ક્ષાયિકભોગ, (૯) ક્ષાયિકવીર્ય. આને ક્ષાયિકલબ્ધિ પણ કહે છે.

**પ્રશ્ન-૨૦ :- આ નવ ક્ષાયિકભાવ શું છે?**

ઉત્તર :- આત્માના જુદા જુદા અનુજીવી ગુણોની ક્ષાયિક સ્વભાવ અર્થપર્યાયો છે.

**પ્રશ્ન-૨૧ :- આ નવ ક્ષાયિકભાવ ક્યારે પ્રગટે છે અને ક્યાં સુધી રહે છે?**

ઉત્તર :- આ ભાવ તેરમા ગુણસ્થામાં પ્રગટીને સિદ્ધદશામાં અનંતકાળ સુધી ધારાપ્રવાહરૂપે સાદિઅનંત રહે છે. ક્ષાયિકસમ્યક્ત્વ કોઈ કોઈને ચોથા ગુણસ્થાનમાં, કોઈ કોઈ પાંચમા ગુણસ્થાનમાં, કોઈ કોઈને છઠ્ઠા ગુણસ્થાનમાં, કોઈ કોઈને સાતમા ગુણસ્થાનમાં થઈ જાય છે. ક્ષાયિકચારિત્ર બારમા ગુણસ્થાનમાં પ્રગટી જાય છે અને પ્રગટ થયા પછી સાદિ-અનંત રહે છે.

**પ્રશ્ન-૨૨ :- ક્ષાયોપશમિકભાવ કોને કહે છે?**

ઉત્તર :- કર્મોના ક્ષાયોપશમની સાથે સંબંધવાળો આત્માનો જે ભાવ હોય છે તેને ક્ષાયોપશમિકભાવ કહે છે.

**પ્રશ્ન-૨૩ :- કર્મનો ક્ષયોપશમ શું છે?**

ઉત્તર :- આત્માના પુરુષાર્થનું નિમિત્ત પામીને કર્મનો સ્વયં અંશતઃ ક્ષય અને અંશતઃ ઉપશમરૂપ થવું તે કર્મનો ક્ષયોપશમ છે.

**પ્રશ્ન-૨૪ :- ક્ષાયોપશમિકભાવના કેટલા ભેદ છે?**

ઉત્તર :- ૧૮ ભેદ છે - ચાર જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય), ત્રણ અજ્ઞાન (કુમતિ, કુશ્રુત, કુઅવધિ), ત્રણ દર્શન (ચક્ષુ, અચક્ષુ, અવધિ), પાંચ ક્ષાયોપશમિક (દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય), એક ક્ષાયોપશમિકસમ્યક્ત્વ, એક ક્ષાયોપશમિકચારિત્ર, એક સંયમાસંયમ. આ બધા ભાવ સાદિ સાંત છે.

**પ્રશ્ન-૨૫ :- ક્ષાયોપશમિકભાવ કયા કયા ગુણની કઈ કઈ પર્યાય છે?**

ઉત્તર :- ચાર જ્ઞાન = તે જ્ઞાનગુણની એકદેશ સ્વભાવ



અર્થપર્યાયો છે. ત્રણ અજ્ઞાન = તે જ્ઞાનગુણની વિભાવ અર્થપર્યાયો છે. ત્રણ દર્શન = તે દર્શનગુણની અર્થપર્યાયો છે. દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય, તે આત્મામાં પાંચ સ્વતંત્ર ગુણ છે. આ પાંચ સ્વતંત્ર ગુણ, એક દેશ સ્વભાવઅર્થપર્યાયો છે અને અજ્ઞાનીની વિભાવઅર્થપર્યાયો છે. (૧) ક્ષાયોપસમિકસમ્યક્ત્વ = શ્રદ્ધાગુણની ક્ષાયોપશમિક સ્વભાવ અર્થપર્યાય છે. (૨) ક્ષાયોપશમિકસંયમ અને સંયમાસંયમ = ચારિત્રગુણની એકદેશ સ્વભાવઅર્થપર્યાયો છે.

**પ્રશ્ન-૨૬ :- આ ક્ષાયોપશમિકભાવ ક્યા કયા ગુણસ્થાનમાં જોવા મળે છે?**

ઉત્તર :- (૧) ચાર જ્ઞાન=ચોથાથી બારમા ગુણસ્થાન સુધી જોવા મળે છે. (૨) ત્રણ અજ્ઞાન = પહેલા ત્રણ ગુણસ્થાનોમાં જોવા મળે છે. (૩) ત્રણ દર્શન અને પાંચ દાનાદિક=પહેલાથી બારમા ગુણસ્થાન સુધી જોવા મળે છે. (૪) ક્ષાયોપશમિક સમ્યક્ત્વ= ચોથાથી સાતમા ગુણસ્થાન સુધી જોવા મળે છે. (૫) સંયમાસંયમ=પાંચમા ગુણસ્થાનમાં જોવા મળે છે. (૬) ક્ષાયોપશમિક સંયમ (ચારિત્ર) છઠ્ઠાથી દસમા ગુણસ્થાન સુધી જોવા મળે છે.

**પ્રશ્ન-૨૭ :- ઔદયિકભાવ કોને કહે છે?**

ઉત્તર :- કર્મોના ઉદયની સાથે સંબંધ રાખનારા આત્માના જે વિકારીભાવ હોય છે, તેને ઔદયિકભાવ કહે છે.

**પ્રશ્ન-૨૮ :- ઔદયિકભાવના કેટલા ભેદ છે?**

ઉત્તર :- ૨૧ ભેદ છે; ચાર ગતિભાવ; ચાર કષાયભાવ; ત્રણ લિંગભાવ; એક મિથ્યાદર્શનભાવ; એક અજ્ઞાનભાવ; એક અસંયમભાવ; એક અસિદ્ધભાવ; છ લેશ્યાભાવ.

**પ્રશ્ન-૨૯ :- ગતિ નામનો ઔદયિકભાવ કેટલા પ્રકારનો છે?**

ઉત્તર :- બે પ્રકારના છે. (૧) જીવનો ગતિવિષયક મોહભાવ જે બંધનું કારણ છે, તે ઔદયિકભાવ છે.

(૨) જીવમાં સૂક્ષ્મત્વ પ્રતિજીવીગુણ છે તેનું અશુદ્ધ પરિણમન ચૌદમાં ગુણસ્થાન સુધી છે, તે નૈમિત્તિક છે અને અઘાતિકર્મોમાં નામકર્મ અને નામકર્મ અંતર્ગત ગતિકર્મ તથા અંગોપાંગ નામકર્મ નિમિત્ત છે. તે ગતિરૂપ ઔદયિકભાવ જીવના ઉપાદાનપરિણામ છે, જે બંધનું કારણ નથી.

ગતિનામકર્મની સામે જીવની મનુષ્ય આકારાદિ વિભાવ-અર્થ પર્યાય અને વિભાવવ્યંજનપર્યાયમાં સ્થૂળપણાનો વ્યવહાર સંસારદશા સુધી ચાલુ રહે છે, તે ગતિ ઔદયિકભાવ જીવમાં છે, જે ચૌદમા ગુણસ્થાન સુધી રહે છે. યાદ રહે - અઘાતિના ઉદયવાળો ગતિ ઔદયિકભાવ તો બંધનું કારણ નથી પણ મોહરૂપ ગતિ ઔદયિકભાવ, બંધનું કારણ હોવાથી હાનિકારક છે.

**પ્રશ્ન-૩૦ :- મોહરૂપ ગતિ ઔદયિકભાવમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ ગતિસંબંધી ઔદયિકભાવ, નૈમિત્તિક છે અને દર્શનમોહનીયનો ઉદય, નિમિત્ત છે.

**પ્રશ્ન-૩૧ :- અઘાતિ ગતિ ઔદયિકભાવમાં મોહજ ગતિ સંબંધી રાગ-દ્વેષ-મિથ્યાત્વને શું કામ મેળવ્યું?**

ઉત્તર :- મોહના ઉદયને ગતિના ઉદય પર આરોપ કરીને નિરૂપણ કરવાની આગમની પદ્ધતિ છે; માટે ચારે ગતિમાં જે તે તે ગતિ અનુસાર મિથ્યાત્વ—રાગ-દ્વેષરૂપ ભાવ છે - તે જ તે ગતિના ઔદયિકભાવ છે.

**પ્રશ્ન-૩૨ :- મોહ-રાગ-દ્વેષ સંબંધી ગતિ ઔદયિકભાવને જરા દૃષ્ટાંતથી સમજાવો?**



ઉત્તર :- જેમ બિલાડીને ઉંદરને પકડવાનો મોહજભાવ છે, તે, તે તિર્યંચગતિનો ગતિ ઔદયિકભાવના નામથી લોક તથા આગમમાં પ્રસિદ્ધ છે. તે પ્રમાણે ચારેય ગતિમાં તે તે પ્રકારના ગતિ ઔદયિકભાવ છે. જેમ - (૧) સ્ત્રીમાં સ્ત્રી જેવો રાગ; પુરુષમાં પુરુષ જેવો રાગ; દેવમાં દેવ જેવો રાગ; વાંદરામાં વાંદરા જેવો રાગ; કૂતરામાં કૂતરા જેવો રાગ; તે ગતિ ઔદયિકભાવોનો સાર છે.

**પ્રશ્ન-૩૩ :- ગતિ અનુસાર એવો ઔદયિકભાવ શા માટે છે?**

ઉત્તર :- 'જેવી ગતિ તેવી મતિ' એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

**પ્રશ્ન-૩૪ :- ગતિ ઔદયિકભાવમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- (૧) સૂક્ષ્મત્વ પ્રતિજીવીગુણની વિકારીદશા, નૈમિત્તિક છે અને નામકર્મનો ઉદય નિમિત્ત છે પણ તે બંધનું કારણ નથી.

**પ્રશ્ન-૩૫ :- મોહજ ગતિ ઔદયિકભાવમાં નિમિત્ત-નૈમિત્તિક કોણ છે?**

ઉત્તર :- ગતિસંબંધી મોહ-રાગ-દ્વેષભાવ, નૈમિત્તિક છે અને દર્શનમોહનીય, ચારિત્રમોહનીયનો ઉદય નિમિત્ત છે.

**પ્રશ્ન-૩૬ :- કષાય, લિંગ, અસંયમમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- ચારિત્રગુણની વિકારીદશા, નૈમિત્તિક છે અને ચારિત્રમોહનીયનો ઉદય નિમિત્ત છે.

**પ્રશ્ન-૩૭ :- અજ્ઞાન ઔદયિકભાવમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- આત્મામાં જેટલું જ્ઞાન, સુજ્ઞાનરૂપે કે કુમતિ વગેરે રૂપે વિદ્યમાન છે, તે બધા તો ક્ષાયોપશમિક જ્ઞાનભાવ છે અને જીવનો પૂર્ણ સ્વભાવ કેવળજ્ઞાન છે.

જેટલું જ્ઞાનનું પ્રગટપણું છે, તેટલો ક્ષાયોપશમિક જ્ઞાનભાવ છે અને જેટલું જ્ઞાનનું અપ્રગટપણું છે, તેને અજ્ઞાન ઔદયિકભાવ કહે છે; માટે અજ્ઞાનભાવ નૈમિત્તિક છે અને જ્ઞાનાવરણીયનો ઉદય નિમિત્ત છે. તે સંક્લેશરૂપ તો નથી, કેમકે સંક્લેશરૂપ તો રાગ-દ્વેષ-મોહભાવ છે; માટે તે બંધનું કારણ નથી પણ દુઃખરૂપ જરૂર છે કેમકે તેને કારણે સ્વભાવિકજ્ઞાન અને સુખનો અભાવ થઈ રહ્યો છે.

**પ્રશ્ન-૩૮ :- મિથ્યાદર્શનમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- મિથ્યાદર્શન નૈમિત્તિક છે અને દર્શનમોહનીયનો ઉદય નિમિત્ત છે.

**પ્રશ્ન-૩૯ :- અસિદ્ધત્વભાવમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- જેમ સિદ્ધદશાને સિદ્ધત્વભાવ કહે છે; સિદ્ધત્વભાવ નૈમિત્તિક છે અને કર્મોનો સર્વથા અભાવ, નિમિત્ત છે; તે જ પ્રમાણે પહેલા ગુણસ્થાનથી લઈને ચૌદમા ગુણસ્થાન સુધી અસિદ્ધત્વભાવ રહે છે, તે નૈમિત્તિક છે અને આઠેય કર્મોનો ઉદય નિમિત્ત છે.

**પ્રશ્ન-૪૦ :- આપે અસિદ્ધત્વભાવને નૈમિત્તિ કહ્યો અને આઠેય કર્મોને નિમિત્ત કહ્યું, પણ અસિદ્ધત્વભાવ ચૌદમાં ગુણસ્થાન સુધી હોય છે, ત્યાં આઠેય કર્મોનું નિમિત્ત ક્યાં છે?**

ઉત્તર :- જેટલી માત્રામાં પણ આત્મામાં સંસારતત્ત્વ છે, તે અસિદ્ધત્વભાવ છે; કોઈપણ પ્રકારે હોય, ચાહે તે કેવળ યોગજનિક હોય કે પ્રતિજીવીગુણોનું જ વિપરીત પરિણમન હોય, બધો અસિદ્ધત્વભાવ છે તે નૈમિત્તિક છે; જ્યાં જેવો જેવો કર્મનો ઉદય હોય, તેટલું નિમિત્ત સમજવું. જેમ અરિહંતદશામાં પ્રતિજીવીગુણોનો વિકાર નૈમિત્તિક છે અને ચાર અઘાતિકર્મ, નિમિત્ત છે.



**પ્રશ્ન-૪૧ :- લેશ્યાના ભાવોમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- કષાયથી અનુરંજિત યોગને લેશ્યા કહે છે. માટે લેશ્યાનો ભાવ, નૈમિત્તિક છે જે યોગ સહચર છે અને મોહનીયકર્મનો ઉદય નિમિત્ત છે.

**પ્રશ્ન-૪૨ :- ઔદયિકભાવોથી શું તાત્પર્ય છે?**

ઉત્તર :- અજ્ઞાન અને અસિદ્ધત્વભાવને છોડીને, ૧૯ ઔદયિકભાવ તો મોહભાવના અવાંતર ભેદ છે; બંધસાધક છે; જીવને માટે મહા અનિષ્ટકારક છે; અનંત સંસારનું કારણ છે. આમ તો ખરેખર મિથ્યાત્વ (મોહ) જ અનંત સંસાર છે પણ મોહ નિમિત્ત હોવાથી ગતિ વગેરેને દુઃખનું કારણ કહેવામાં આવે છે; છે નહિ. અજ્ઞાન ઔદયિકભાવ, અભાવરૂપ છે, તેમાં સીધો પુરુષાર્થ નથી ચાલતો પણ મોહભાવોનો અભાવ થતાં તે સ્વયં જ નાશ પામે છે; માટે એક પરમપારિણામિકભાવનો આશ્રય લઈને ઔદયિકભાવનો અભાવ કરીને, પાત્ર જીવોએ સ્વભાવિક સિદ્ધત્વપણું પર્યાયમાં પ્રગટ કરી લેવું જોઈએ - તે ઔદયિકભાવોને જાણવાનો સાર છે.

**પ્રશ્ન-૪૩ :- શું બધા ઔદયિકભાવ બંધનું કારણ છે?**

ઉત્તર :- એમ ન સમજવું જોઈએ કે બધા ઔદયિકભાવ બંધનું કારણ છે; માત્ર મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગ એ ચાર બંધનું કારણ છે. (ધવલા, પુસ્તક ૭, પૃષ્ઠ ૯)

**પ્રશ્ન-૪૪ :- શું કર્મનો ઉદય બંધનું કારણ છે?**

ઉત્તર :- (૧) જો જીવ, મોહના ઉદયમાં યુક્ત હોય તો બંધ થાય છે; દ્રવ્યમોહનો ઉદય હોવા છતાં, જો જીવ શુદ્ધાત્મભાવના (એકાગ્રતા)ના બળે મોહભાવરૂપ પરિણમે નહિ તો બંધ નથી થતો.

(૨) જો જીવને કર્મોદયને કારણે બંધ થતો હોય તો સંસારીને સદાય કર્મનો ઉદય વિદ્યમાન છે; માટે તેને સદાય બંધ જ થશે, ક્યારેય મોક્ષ નહિ થાય.

(૩) માટે એમ સમજવું કે કર્મનો ઉદય, બંધનું કારણ નથી પણ જીવનું મોહભાવરૂપ પરિણમન જ બંધનું કારણ છે.

(શ્રી પ્રવચનસાર હિન્દી, જયસેનાચાર્ય ગાથા ૪૫ની ટીકામાંથી)

**પ્રશ્ન-૪૫ :- ઔદયિકભાવોમાં જે અજ્ઞાનભાવ છે અને ક્ષાયોપશમિકભાવોમાં જે અજ્ઞાનભાવ છે, તેમાં શું તફાવત છે?**

ઉત્તર :- 'ઔદયિકભાવોમાં જે અજ્ઞાનભાવ છે, તે અજ્ઞાનરૂપ છે અને ક્ષાયોપશમિકભાવમાં જે અજ્ઞાનભાવ છે, તે મિથ્યાદર્શનના કારણે દુષિત થાય છે.'

(મોક્ષશાસ્ત્ર, હિન્દી, પંડિત ફૂલચંદજી સમ્પાદિત પૃષ્ઠ ૩૧ની ફુટનોટ)

**પ્રશ્ન-૪૬ :- પારિણામિકભાવ કોને કહે છે?**

ઉત્તર :- (૧) કર્મોનો ઉપશમ, ક્ષય, ક્ષયોપશમ અથવા ઉદયની અપેક્ષા રાખ્યા વિના જીવનો જે સ્વભાવમાત્ર હોય તેને પારિણામિકભાવ કહે છે.

(૨) જેનો નિરંતર સદ્‌ભાવ રહે, તેને પારિણામિકભાવ કહે છે. બધા ભેદો જેમાં ગર્ભિત છે, તેવો ચૈતન્યભાવ જ જીવનો પારિણામિકભાવ છે. **(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૧૯૪)**

**પ્રશ્ન-૪૭ :- પાંચ ભાવોને કોઈ દૃષ્ટાંત આપીને સમજાવો?**

ઉત્તર :- (૧) જેમ - એક કાચના ગ્લાસમાં પાણી અને માટી એકમેક દેખાય છે; તે જ પ્રમાણે જીવના જે ભાવની સાથે કર્મનો ઉદય સંબંધ છે, તે ઔદયિકભાવ છે.



(૨) કાદવસહિત પાણીના ગ્લાસમાં ફટકડી નાખવાથી કાદવ નીચે બેસી ગયો, નિર્મળ પાણી ઉપર આવી ગયું; તે પ્રકારે કર્મના ઉપશમ સાથે સંબંધવાળા જીવના ભાવને ઔપશમિકભાવ કહે છે.

(૩) નીચે બેઠેલા કાદવ પાણીના ગ્લાસમાં કાંકરી નાખી તો કોઈ કોઈ મેલ ઉપર આવી ગયો; તે પ્રકારે કર્મના ક્ષયોપશમની સાથે સંબંધવાળા જીવના ભાવને ક્ષાયોપશમિકભાવ કહે છે.

(૪) કાદવ જુદો, પાણી જુદું કર્યું; તે પ્રકારે કર્મના ક્ષયની સાથે સંબંધવાળો ભાવ, ક્ષાયિકભાવ છે.

(૫) જેમાં કાદવ આદિ કોઈપણ પ્રકારનો સંબંધ નથી; તે પ્રમાણે જેમાં કર્મનો ઉદય, ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમની કોઈપણ અપેક્ષા નથી, એવો અનાદિ અનંત એકરૂપ ચૈનત્યભાવ તે પારિણામિકભાવ છે.

**પ્રશ્ન-૪૮ :- પારિણામિકભાવના કેટલા ભેદ છે?**

ઉત્તર :- (૧) જીવત્વ, (૨) ભવ્યત્વ, (૩) અભવ્યત્વ.

**પ્રશ્ન-૪૯ :- જીવત્વભાવના પર્યાયવાચી શબ્દો ક્યા ક્યા છે?**

ઉત્તર :- જ્ઞાયકભાવ, પારિણામિકભાવ, પરમપારિણામિકભાવ, પરમપૂજ્ય પંચમભાવ, કારણશુદ્ધપર્યાય વગેરે અનેક નામ છે.

**પ્રશ્ન-૫૦ :- પારિણામિકભાવ શું બતાવે છે?**

ઉત્તર :- જીવનો અનાદિઅનંત શુદ્ધ ચૈતન્યસ્વભાવ છે, એટલે કે ભગવાન બનવાની શક્તિ છે, એમ પારિણામિકભાવ સિદ્ધ કરે છે.

**પ્રશ્ન-૫૧ :- ઔદયિકભાવ શું બતાવે છે?**

ઉત્તર :- (૧) જીવમાં ભગવાન બનવાની શક્તિ હોવા છતાં તેની અવસ્થામાં વિકાર છે એમ ઔદયિકભાવ સિદ્ધ કરે છે.

(૨) જડકર્મની સાથે જીવને અનાદિકાળથી એક એક સમયનો સંબંધ છે, જીવ તેને વશ થાય છે; માટે વિકાર થાય છે પણ કર્મને કારણે વિકારભાવ નથી થતો, એવું પણ ઔદયિકભાવ સિદ્ધ કરે છે.

**પ્રશ્ન-૫૨ :- ક્ષાયોપશમિકભાવ શું બતાવે છે?**

**ઉત્તર :-** (૧) જીવ અનાદિથી વિકાર કરતો આવ્યો છે તોપણ તે સર્વથા વિકારરૂપ થઈને જડ નથી થઈ જતો કેમકે તેના જ્ઞાન, દર્શન અને વીર્યનો આંશિક વિકાસ તો સદાય રહે છે, એમ ક્ષાયોપશમિકભાવ સિદ્ધ કરે છે.

(૨) સાચી સમજણ થયા પછી જીવ જેમ જેમ સાચો પુરુષાર્થ વધારે છે, તેમ તેમ મોહ અંશે દૂર થતો જાય છે, એવું પણ ક્ષાયોપશમિકભાવ સિદ્ધ કરે છે.

**પ્રશ્ન-૫૩ :- ઔપશમિકભાવ શું બતાવે છે?**

**ઉત્તર :-** (૧) આત્માનું સ્વરૂપ યથાર્થ સમજીને જ્યારે જીવ પોતાના પારિણામિકભાવનો આશ્રય કરે છે, ત્યારે ઔદયિકભાવ દૂર થાય છે, એવું ઔપશમિકભાવ સિદ્ધ કરે છે.

(૨) જો જીવ, પ્રતિહતભાવથી પુરુષાર્થમાં આગળ વધે તો ચારિત્રમોહ પોતાની મેળે દબાય જાય છે અને ઔપશમિકચારિત્ર પ્રગટે છે એમ પણ ઔપશમિકભાવ સિદ્ધ કરે છે.

**પ્રશ્ન-૫૪ :- ક્ષાયિકભાવ શું સિદ્ધ કરે છે?**

**ઉત્તર :-** (૧) અપ્રતિહત પુરુષાર્થ દ્વારા પારિણામિકભાવનો આશ્રય વધાતાં વિકારનો નાશ થઈ શકે છે, એમ ક્ષાયિકભાવ સિદ્ધ કરે છે.

(૨) જોકે કર્મની સાથેનો સંબંધ પ્રવાહરૂપે અનાદિકાળથી છે, તોપણ દરેક સમયે જૂના કર્મ જાય છે એન નવા કર્મોનો સંબંધ



થતો રહે છે. એ અપેક્ષાએ તેમાં પ્રારંભિકતા રહેવાથી (સાદિ હોવાથી) કર્મોની સાથેનો સંબંધ સર્વથા દૂર થઈ જાય છે એમ ક્ષાયિકભાવ સિદ્ધ કરે છે.

**પ્રશ્ન-૫૫ :- ઔપશમિકભાવ, સાધકદશાનો ક્ષાયોપશમિકભાવ અને ક્ષાયિકભાવ શું સિદ્ધ કરે છે?**

**ઉત્તર :-** (૧) કોઈ નિમિત્ત, વિકાર નથી કરાવતું, પણ જીવ પોતે નિમિત્તાધીન થઈને વિકાર કરે છે.

(૨) જીવ જ્યારે પારિણામિકભાવરૂપ પોતાના સ્વભાવ તરફ લક્ષ કરીને સ્વાધીનતા પ્રગટ કરે છે, ત્યારે નિમિત્તની આધીનતા દૂર થઈને શુદ્ધતા પ્રગટ થાય છે, એવો ઔપશમિકભાવ, સાધકદશાનો ક્ષાયોપશમિકભાવ અને ક્ષાયિકભાવ સિદ્ધ કરે છે.

**પ્રશ્ન-૫૬ :- પાંચ ભાવોમાંથી કયા ભાવ તરફની સન્મુખતાથી ધર્મની શરૂઆત, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે?**

**ઉત્તર :-** (૧) પારિણામિકભાવ સિવાયના ચારેય ભાવ ક્ષણિક છે.

(૨) ક્ષાયિકભાવ તો વર્તમાનમાં છે જ નહિ.

(૩) ઔપશમિકભાવ હોય તો તે અલ્પકાળ ટકે છે.

(૪) ઔદયિકભાવ અને ક્ષાયોપશમિકભાવ પણ દરેક સમયે બદલાતા રહે છે.

(૫) માટે આ ચારેય ભાવો ઉપર લક્ષ કરે તો એકાગ્રતા નથી થઈ શકતી અને ન તો ધર્મ પ્રગટ થઈ શકે છે.

(૬) ત્રિકાળી સ્વભાવ પારિણામિકભાવનું મહાત્મ્ય જાણીને, તે બાજુ જીવ પોતાની વૃત્તિ કરે (ઢળે) તો ધર્મની શરૂઆત થાય છે અને ભાવની એકાગ્રતાના બળથી વૃદ્ધિ થઈને ધર્મની પૂર્ણતા થાય છે.

**પ્રશ્ન-૫૭ :- જ્ઞાન-દર્શન-વીર્યગુણમાં ઔપશમિકભાવ કેમ નથી હોતો?**

ઉત્તર :- તેનો ઔપશમિક થઈ જાય તો કેવળજ્ઞાન, કેવળદર્શન વગેરે પ્રગટ થઈ જાય અને કર્મ સત્તામાં પડ્યા રહે, પણ એમ નથી થઈ શકતું; માટે જ્ઞાન-દર્શન-વીર્યગુણમાં ઔપશમિકભાવ નથી હોતો.

**પ્રશ્ન-૫૮ :- શું મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન, પારિણામિકભાવ છે?**

ઉત્તર :- ના; એ તો જ્ઞાનગુણની પાંચ પર્યાયો છે; પારિણામિકભાવ નથી.

**પ્રશ્ન-૫૯ :- જીવમાં વિકાર છે, તે કયો ભાવ બતાવે છે?**

ઉત્તર :- ઔદયિકભાવ બતાવે છે.

**પ્રશ્ન-૬૦ :- વિકારમાં કર્મનો ઉદય નિમિત્ત હોવા છતાં, કર્મ વિકાર નથી કરાવતો, તે કયો ભાવ બતાવે છે?**

ઉત્તર :- ઔદયિકભાવ બતાવે છે.

**પ્રશ્ન-૬૧ :- વિકાર થવા છતાં પણ જ્ઞાન, દર્શન, વીર્યનો સર્વથા અભાવ નથી થતો, તે કયો ભાવ બતાવે છે?**

ઉત્તર :- ક્ષાયોપશમિકભાવ બતાવે છે.

**પ્રશ્ન-૬૨ :- પાત્ર જીવ પોતાના માનસિકજ્ઞાનમાં (૧) હું આત્મા છું અને મારામાં ભગવાન બનવાની શક્તિ છે; (૨) વિકાર એક સમયનો ઔદયિકભાવ છે; અને (૩) હું મારા સ્વભાવનો આશ્રય લઉં, તો કલ્યાણ થાય - એવો નિર્ણય કરી શકે છે, તે કયો ભાવ બતાવે છે?**

ઉત્તર :- અજ્ઞાનદશામાં પાત્ર જીવોને એવો ક્ષાયોપશમિકભાવ બતાવે છે.



**પ્રશ્ન-૬૩ :- ધર્મની શરૂઆત કયો ભાવ બતાવે છે?**

ઉત્તર :- ઔપશમિકભાવ, ધર્મનો ક્ષાયોપશમિકભાવ અને શ્રદ્ધાનો ક્ષાયિકભાવ બતાવે છે.

**પ્રશ્ન-૬૪ :- અગિયારમાં ગુણસ્થાને જે ચારિત્ર છે, તે કયો ભાવ બતાવે છે?**

ઉત્તર :- ચારિત્રનો ઔપશમિકભાવ બતાવે છે.

**પ્રશ્ન-૬૫ :- પરિપૂર્ણ શુદ્ધિનું પ્રગટવું, કયો ભાવ બતાવે છે?**

ઉત્તર :- ક્ષાયિકભાવ બતાવે છે.

**પ્રશ્ન-૬૬ :- ક્યા ભાવના આશ્રયે ધર્મની શરૂઆત થાય છે.**

ઉત્તર :- એક માત્ર પારિણામિકભાવના આશ્રયે જ થાય છે.

**પ્રશ્ન-૬૭ :- અજ્ઞાનીનું કુમતિ વગેરે જ્ઞાન, દુઃખરૂપ છે કે સુખરૂપ છે?**

ઉત્તર :- અજ્ઞાનીનું જ્ઞાન દુઃખરૂપ નથી; તેની સાથે મોહનું જોડાણ થવાને કારણે, દુઃખનું કારણ કહેવામાં આવે છે કેમકે તે પોતાના જ્ઞાનને પ્રયોજનભૂત કાર્યમાં નહિ લગાવીને, અપ્રયોજનભૂત કાર્યમાં લગાવે છે.

**પ્રશ્ન-૬૮ :- સિદ્ધ અવસ્થામાં કેટલા ભાવ હોય છે?**

ઉત્તર :- બે ભાવ હોય છે - પારિણામિકભાવ અને ક્ષાયિકભાવ.

**પ્રશ્ન-૬૯ :- ચૌદમા ગુણસ્થાનમાં કેટલા ભાવ હોય છે?**

ઉત્તર :- ત્રણ ભાવ હોય છે - પારિણામિક, ક્ષાયિક અને ઔદયિકભાવ.

**પ્રશ્ન-૭૦ :- તેરમાં ગુણસ્થાનમાં કેટલા ભાવ હોય છે?**

ઉત્તર :- ત્રણ ભાવ હોય છે - પારિણામિક, ક્ષાયિક અને ઔદયિકભાવ.

**પ્રશ્ન-૭૧ :- બારમાં ગુણસ્થાનમાં કેટલા ભાવ હોય છે?**

ઉત્તર :- ચાર ભાવ હોય છે - પારિણામિકભાવ, શ્રદ્ધા તેમજ ચારિત્રનો ક્ષાયિકભાવ, ઔદયિકભાવ અને ક્ષાયોપશમિકભાવ.

**પ્રશ્ન-૭૨ :- અગિયારમા ગુણસ્થાનમાં કેટલા ભાવ હોય છે?**

ઉત્તર :- (૧) જો ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ, ઉપશમ શ્રેણી માંડે તો અગિયારમાં ગુણસ્થાનમાં પાંચેય ભાવ હોય છે.

(૨) જો દ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિ શ્રેણી માંડે છે તો અગિયારમાં ગુણસ્થાનમાં ક્ષાયિકભાવને છોડીને, ચાર ભાવ હોય છે.

**પ્રશ્ન-૭૩ :- દસમા ગુણસ્થાનમાં કેટલા ભાવ હોય છે?**

ઉત્તર :- (૧) ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ છે તો ઔપશમિકભાવને છોડીને, ચાર ભાવ છે.

(૨) જો દ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિ જીવ છે તો ક્ષાયિકભાવને છોડીને ચાર ભાવ હોય છે.

**પ્રશ્ન-૭૪ :- આઠમા અને નવમા ગુણસ્થાનમાં કેટલા ભાવ હોય છે?**

ઉત્તર :- (૧) જો ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ છે તો ઔપશમિકભાવને છોડીને, ચારેય ભાવ છે.

(૨) જો દ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિ જીવ હોય તો ક્ષાયિકભાવને છોડીને ચાર ભાવ છે.

**પ્રશ્ન-૭૫ :- સાતમા ગુણસ્થાને કેટલા ભાવ હોય છે?**

ઉત્તર :- (૧) ક્ષાયિક સમ્યગ્દષ્ટિ હોય તો ઔપશમિકભાવને



છોડીને, ચાર ભાવ છે.

(૨) ઔપશમિક સમ્યગ્દષ્ટિ હોય તો ક્ષાયિકભાવને છોડીને, ચાર ભાવ હોય છે.

(૩) ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ હોય તો ક્ષાયિક અને ઔપશમિકને છોડીને, ત્રણ ભાવ હોય છે.

**પ્રશ્ન-૭૬ :- છઠ્ઠા, પાંચમા, ચોથા ગુણસ્થાનમાં કેટલા ભાવ હોય છે?**

ઉત્તર :- (૧) ક્ષાયિક સમ્યગ્દષ્ટિ હોય તો ઔપશમિકભાવને છોડીને ચાર હોય છે.

(૨) ઔપશમિક સમ્યગ્દષ્ટિ હોય તો ક્ષાયિકભાવને છોડીને, ચાર હોય છે.

(૩) ક્ષયોપશમ સમ્યગ્દષ્ટિ હોય તો ક્ષાયિકભાવ અને ઔપશમિકભાવને છોડીને, ત્રણ ભાવ હોય છે.

**પ્રશ્ન-૭૭ :- ત્રીજા ગુણસ્થાનમાં કેટલા ભાવ હોય છે?**

ઉત્તર :- પારિણામિક, ઔદયિક અને ક્ષાયોપશમિકભાવ તથા દર્શનમોહનીયની અપેક્ષાએ પારિણામિકભાવ એ પ્રમાણે ચાર હોય છે.

**પ્રશ્ન-૭૮ :- બીજા ગુણસ્થાનમાં કેટલા ભાવ હોય છે?**

ઉત્તર :- પારિણામિકભાવ, ઔદયિકભાવ, ક્ષાયોપશમિકભાવ, અને દર્શનમોહનીયની અપેક્ષાએ પારિણામિકભાવ, આ પ્રમાણે ચાર હોય છે.

**પ્રશ્ન-૭૯ :- પહેલા ગુણસ્થાનમાં કેટલા ભાવ હોય છે?**

ઉત્તર :- પારિણામિકભાવ, ઔદયિકભાવ અને ક્ષાયોપશમિકભાવ આ ત્રણ ભાવ હોય છે.

**પ્રશ્ન-૮૦ :- ચોથાથી ચૌદમા ગુણસ્થાન સુધી કયો ભાવ**

હોઈ શકે છે?

ઉત્તર :- ક્ષાયિકભાવ હોઈ શકે છે.

**પ્રશ્ન-૮૧ :- ચોથેથી અગિયારમાં સુધી ક્યો ભાવ હોઈ શકે છે?**

ઉત્તર :- ઔપશમિકભાવ હોઈ શકે છે.

**પ્રશ્ન-૮૨ :- પહેલા ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાન સુધી ક્યા ભાવ હોય છે?**

ઉત્તર :- ઔદયિકભાવ હોય છે.

**પ્રશ્ન-૮૩ :- પહેલા ગુણસ્થાનથી લઈને બારમા ગુણસ્થાન સુધી ક્યા ભાવ હોય છે?**

ઉત્તર :- ક્ષાયોપશમિકભાવ હોઈ શકે છે.

**પ્રશ્ન-૮૪ :- સિદ્ધ અને બધા સંસારીઓમાં પણ હોય એવો ક્યો ભાવ છે?**

ઉત્તર :- પારિણામિકભાવ, સિદ્ધ અને સંસારી બંનેમાં છે.

**પ્રશ્ન-૮૫ :- સિદ્ધોમાં ન હોય એવા ક્યા ક્યા ભાવ છે?**

ઉત્તર :- ઔદયિકભાવ, ક્ષાયોપશમિકભાવ અને ઔપશમિકભાવ સિદ્ધોમાં નથી.

**પ્રશ્ન-૮૬ :- સંસારીમાં ન હોય તેવા ક્યા ક્યા ભાવ છે?**

ઉત્તર :- એવો કોઈ ભાવ નથી. કેમકે સમુચ્ચયપણે સંસારીઓમાં પાંચેય ભાવો હોઈ શકે છે.

**પ્રશ્ન-૮૭ :- બધા સંસારી જીવોમાં જોવા મળતો ક્યો ભાવ છે?**

ઉત્તર :- ઔદયિકભાવ છે, જે નિગોદથી લઈને ચૌદમા ગુણસ્થાન સુધી બધા જીવોમાં હોય છે.

**પ્રશ્ન-૮૮ :- નિગોદથી લઈને સિદ્ધ સુધીના વધારે**



**જીવોમાં હોય તે કયો ભાવ છે?**

ઉત્તર :- ઔદયિકભાવ છે.

**પ્રશ્ન-૮૯ :- સંસારમાં સૌથી ઓછા જીવોમાં હોય તે ક્યો ભાવ છે?**

ઉત્તર :- ઔપશમિકભાવ છે.

**પ્રશ્ન-૯૦ :- સંપૂર્ણ છદ્મસ્થ જીવોને હોય તે ક્યો ભાવ છે?**

ઉત્તર :- ઔદયિકભાવ અને ક્ષાયોપશમિકભાવ છે.

**પ્રશ્ન-૯૧ :- જ્ઞાનગુણ, દર્શનગુણ અને વીર્યગુણની પર્યાયની સાથે ક્યા ભાવનો સંબંધ નથી?**

ઉત્તર :- ઔપશમિકભાવનો સંબંધ નથી.

**પ્રશ્ન-૯૨ :- જ્યારે જીવને પ્રથમ ધર્મની શરૂઆત થાય છે, ત્યારે ક્યા ક્યા ભાવ હોય છે?**

ઉત્તર :- ઔપશમિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિકભાવ.

**પ્રશ્ન-૯૩ :- દેવગતિમાં ક્યા ક્યા ભાવ હોઈ શકે છે?**

ઉત્તર :- દેવગતિમાં પાંચેય ભાવ હોઈ શકે છે.

**પ્રશ્ન-૯૪ :- મનુષ્યગતિમાં કયા કયા ભાવ હોઈ શકે છે?**

ઉત્તર :- મનુષ્યગતિમાં પાંચેય ભાવો હોઈ શકે છે.

**પ્રશ્ન-૯૫ :- નરગતિમાં કયા કયા ભાવ હોઈ શકે છે?**

ઉત્તર :- નરગતિમાં પાંચેય ભાવો હોઈ શકે છે.

**પ્રશ્ન-૯૬ :- તિર્યંચગતિમાં કયા કયા ભાવ હોઈ શકે છે?**

ઉત્તર :- તિર્યંચગતિમાં પાંચેય ભાવો હોઈ શકે છે.

**પ્રશ્ન-૯૭ :- શ્રદ્ધાનો ક્ષાયિકભાવ કયા ગુણસ્થાનમાં અને**

ક્યાં સુધી હોઈ શકે છે?

ઉત્તર :- ચોથાથી ચૌદમા ગુણસ્થાન સુધી અને સિદ્ધદશામાં હોય છે.

**પ્રશ્ન-૯૮ :- જ્ઞાનગુણનો ક્ષાયિકભાવ ક્યા ગુણસ્થાનમાં થાય છે?**

ઉત્તર :- તેરમા ગુણસ્થાનથી લઈને સિદ્ધદશા સુધી જ્ઞાનનો ક્ષાયિકભાવ હોય છે.

**પ્રશ્ન-૯૯ :- ચારિત્રનો ક્ષાયિકભાવ કયા ગુણસ્થાનમાં હોય છે?**

ઉત્તર :- બારમા ગુણસ્થાનથી લઈને સિદ્ધદશા સુધી હોય છે.

**પ્રશ્ન-૧૦૦ :- પાંચ ભાવોમાંથી સૌથી ઓછો ભાવ ક્યા જીવને હોય છે?**

ઉત્તર :- સિદ્ધ જીવોમાં પારિણામિક અને ક્ષાયિકભાવ જ હોય છે.

**પ્રશ્ન-૧૦૧ :- એક સાથે પાંચ ભાવ કયા જીવમાં હોય છે?**

ઉત્તર :- જો ક્ષાયિકસમ્યગ્દ્દષ્ટિ જીવ ઉપશમશ્રેણી માંડે તો અગિયારમાં ગુણસ્થાનમાં પાંચે ભાવ હોઈ શકે છે.

**પ્રશ્ન-૧૦૨ :- પંદરમું ગુણસ્થાન થયું છે?**

ઉત્તર :- પંદરમું ગુણસ્થાન નથી હોતું પણ ચોદમા ગુણસ્થાનને પાર સિદ્ધદશા છે, તેને કોઈ અપેક્ષાએ પંદરમું ગુણસ્થાન કહી દે છે; છે નહિ.

**પ્રશ્ન-૧૦૩ :- ઔપશમિક સમ્યક્ત્વી જીવ, ક્ષપકશ્રેણી માંડી શકે છે?**

ઉત્તર :- બિલકુલ નહિ.



**પ્રશ્ન-૧૦૪ :- શું ક્ષાયિકસમ્યક્ત્વીને ઉપશમશ્રેણી હોઈ શકે છે?**

ઉત્તર :- હા, હોઈ શકે છે.

**પ્રશ્ન-૧૦૫ :- શું ક્ષપકશ્રેણીવાળા જીવ સ્વર્ગમાં જાય?**

ઉત્તર :- ક્યારેય નહિ, કેમકે તે નિયમથી મોક્ષે જ જાય છે.

**પ્રશ્ન-૧૦૬ :- ઔપશમિકસમ્યક્ત્વી જીવ, સ્વર્ગમાં જાય?**

ઉત્તર :- હા જાય.

**પ્રશ્ન-૧૦૭ :- મનઃપર્યયજ્ઞાન, ક્યો ભાવ છે?**

ઉત્તર :- ક્ષાયોપશમિકભાવ છે.

**પ્રશ્ન-૧૦૮ :- કેવળજ્ઞાન, ક્યો ભાવ છે?**

ઉત્તર :- ક્ષાયિકભાવ છે.

**પ્રશ્ન-૧૦૯ :- સમ્યગ્દર્શન, ક્યો ભાવ છે?**

ઉત્તર :- ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિકભાવ ત્રણેય હોઈ શકે છે, પણ એક સમયમાં એક જ હોય; ત્રણ કે બે નહિ.

**પ્રશ્ન-૧૧૦ :- પૂર્ણ વીતરાગતા ક્યો ભાવ છે?**

ઉત્તર :- ઔપશમિક અને ક્ષાયિકભાવ છે.

**પ્રશ્ન-૧૧૧ :- વર્તમાન સમયમાં ભરતક્ષેત્રમાં ઉત્પન્ન જીવોને ક્યા ક્યા ભાવ હોઈ શકે છે?**

ઉત્તર :- ઔપશમિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિકભાવ હોઈ શકે છે પણ ક્ષાયિકભાવ નથી હોઈ શકતો.

**પ્રશ્ન-૧૧૨ :- આઠ કર્મોમાંથી ઉદય કેટલા કર્મોમાં હોય છે?**

ઉત્તર :- ઉદય આઠેયમાં હોય છે.

**પ્રશ્ન-૧૧૩ :- આઠ કર્મોમાંથી ક્ષય, કેટલા કર્મોમાં હોય છે?**

ઉત્તર :- ક્ષય પણ આઠેયમાં હોય છે.

**પ્રશ્ન-૧૧૪ :- આઠ કર્મોમાંથી ઉપશમ, કેટલા કર્મોમાં હોય છે?**

ઉત્તર :- માત્ર મોહનીયકર્મમાં હોય છે.

**પ્રશ્ન-૧૧૫ :- આઠ કર્મોમાંથી ક્ષયોપશમ, કેટલા કર્મોમાં હોય છે?**

ઉત્તર :- ક્ષયોપશમ, ચાર ઘાતિકર્મોમાં હોય છે.

**પ્રશ્ન-૧૧૬ :- અનાદિઅનંત ક્યો ભાવ છે?**

ઉત્તર :- પારિણામિકભાવ છે.

**પ્રશ્ન-૧૧૭ :- સાદિઅનંત ક્યો ભાવ છે?**

ઉત્તર :- ક્ષાયિકભાવ છે.

**પ્રશ્ન-૧૧૮ :- અનાદિસાંત ક્યો ભાવ છે?**

ઉત્તર :- ઔદયિકભાવ અને ક્ષાયોપશમિકભાવ છે.

**પ્રશ્ન-૧૧૯ :- સાદિસાંત ક્યો ભાવ છે?**

ઉત્તર :- ઔપશમિકભાવ છે.

**પ્રશ્ન-૧૨૦ :- દ્રવ્યલિંગી મુનિમાં ક્યા ક્યા ભાવ છે?**

ઉત્તર :- ઔદયિક, પારિણામિક અને ક્ષાયોપશમિકભાવ છે.

**પ્રશ્ન-૧૨૧ :- ધર્માત્માને કયા કયા ભાવો હોઈ શકે છે?**

ઉત્તર :- ધર્માત્માને પાંચેય ભાવ હોઈ શકે છે.

**પ્રશ્ન-૧૨૨ :- કુંદકુંદ ભગવાનને વર્તમાનમાં ક્યા ક્યા ભાવ છે?**

ઉત્તર :- ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિકભાવ છે.

**પ્રશ્ન-૧૨૩ :- વિદેહક્ષેત્રના ધર્માત્માઓને કયા ક્યા ભાવ હોઈ શકે છે?**

ઉત્તર :- પાંચે ભાવ હોઈ શકે છે.



**પ્રશ્ન-૧૨૪ :- પહેલા ગુણસ્થાને હોય અને તેરમા-ચૌદમા ગુણસ્થાનમાં ન હોય, એવો ક્યો ભાવ છે?**

ઉત્તર :- ક્ષાયોપશમિકભાવ છે.

**પ્રશ્ન-૧૨૫ :- પહેલા ગુણસ્થાનમાં પણ હોય અને તેરમા-ચૌદમા ગુણસ્થાનમાં પણ હોય, પણ સિદ્ધમાં ન હોય, તે કયો ભાવ છે?**

ઉત્તર :- ઔદયિકભાવ છે.

**પ્રશ્ન-૧૨૬ :- પહેલા ગુણસ્થાનમાં પણ ન હોય અને બારમા, તેરમા તથા ચૌદમા ગુણસ્થાનમાં પણ ન હોય, એવો ક્યો ભાવ છે?**

ઉત્તર :- ઔપશમિકભાવ છે.

**પ્રશ્ન-૧૨૭ :- સંસારદશામાં બરાબર રહેનારો કયો ભાવ છે?**

ઉત્તર :- ઔદયિકભાવ છે.

**પ્રશ્ન-૧૨૮ :- એકવાર પ્રાપ્ત થયા પછી ક્યારેય અભાવ ન થાય એવો ક્યો ભાવ છે?**

ઉત્તર :- ક્ષાયિકભાવ છે.

**પ્રશ્ન-૧૨૯ :- જ્ઞાનનો ક્ષાયિકભાવ કઈ ગતિમાં થઈ શકે છે?**

ઉત્તર :- માત્ર મનુષ્યગતિમાં થઈ શકે છે, બીજી ગતિઓમાં ન થઈ શકે.

**પ્રશ્ન-૧૩૦ :- શ્રદ્ધાનો ક્ષાયિકભાવ કઈ ગતિમાં થઈ શકે છે?**

ઉત્તર :- ચારેય ગતિમાં થઈ શકે છે.

**પ્રશ્ન-૧૩૧ :- ચારિત્રનો ક્ષાયિકભાવ કઈ ગતિમાં થઈ**

શકે છે?

ઉત્તર :- માત્ર મનુષ્યગતિમાં જ થઈ શકે છે, બીજી ગતિમાં ન થઈ શકે.

**પ્રશ્ન-૧૩૨ :- શ્રદ્ધાનો ક્ષાયોપશમિકભાવ કઈ કઈ ગતિમાં થઈ શકે છે?**

ઉત્તર :- ચારેય ગતિમાં થઈ શકે છે.

**પ્રશ્ન-૧૩૩ :- જે ચારિત્ર નામ પામે, એવો ચારિત્રનો ક્ષાયોપશમિકભાવ કઈ ગતિમાં હોઈ શકે છે?**

ઉત્તર :- મનુષ્ય અને તિર્યંચમાં જ થઈ શકે છે.

**પ્રશ્ન-૧૩૪ :- જ્ઞાનનો ક્ષાયોપશમિકભાવ ન હોય ત્યારે શું થાય છે?**

ઉત્તર :- જ્ઞાનનો ક્ષાયિકભાવ, એટલે કે કેવળજ્ઞાન હોય છે.

**પ્રશ્ન-૧૩૫ :- દર્શનનો ક્ષાયોપશમિકભાવ ન હોય ત્યારે કયો હોય છે?**

ઉત્તર :- દર્શનનો ક્ષાયિકભાવ એટલે કે કેવળદર્શન હોય છે.

**પ્રશ્ન-૧૩૬ :- એકવાર નાશ થયા પછી પાછો ન આવી શકે એવો ક્યો ભાવ છે?**

ઉત્તર :- ઔપશમિકભાવ છે.

**પ્રશ્ન-૧૩૭ :- ક્ષાયોપશમિકભાવનો નાશ થતા, ક્યુ ગુણસ્થાન હોય છે?**

ઉત્તર :- તેરમું અને ચૌદમું ગુણસ્થાન હોય છે.

**પ્રશ્ન-૧૩૮ :- એકવાર નાશ પામ્યા પછી ફરી ક્યારે પણ ઉત્પન્ન ન થાય તેવા ભાવનું નામ શું છે?**

ઉત્તર :- ઔદયિકભાવ છે.

**પ્રશ્ન-૧૩૯ :- રાગ ક્યા ભાવને બતાવે છે?**



ઉત્તર :- ઔદયિકભાવને બતાવે છે.

**પ્રશ્ન-૧૪૦ :- મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન ક્યા ભાવ છે?**

ઉત્તર :- ક્ષાયોપશમિકભાવ છે.

**પ્રશ્ન-૧૪૧ :- મોક્ષ, ક્યો ભાવ છે?**

ઉત્તર :- પૂર્ણ ક્ષાયિકભાવ છે.

**પ્રશ્ન-૧૪૨ :- જ્ઞાનાવરણીય દ્રવ્યકર્મનો સંપૂર્ણ નાશ થતાં ક્યો ભાવ પ્રગટે છે?**

ઉત્તર :- જ્ઞાનનો ક્ષાયિકભાવ એટલે કે કેવળજ્ઞાન પ્રગટે છે.

**પ્રશ્ન-૧૪૩ :- ઔદયિકભાવની સાથે સદાય રહે તે ભાવનું શું નામ છે?**

ઉત્તર :- પારિણામિકભાવ છે.

**પ્રશ્ન-૧૪૪ :- ચોથા ગુણસ્થાન પહેલા ન હોય એવા ક્યા ક્યા ભાવ છે?**

ઉત્તર :- ઔપશમિકભાવ, ધર્મનો ક્ષાયોપશમિકભાવ અને ક્ષાયિકભાવ છે.

**પ્રશ્ન-૧૪૫ :- અગિયારમા ગુણસ્થાન પછી ન હોય એવો ક્યો ભાવ છે?**

ઉત્તર :- ઔપશમિકભાવ છે.

**પ્રશ્ન-૧૪૬ :- બારમા ગુણસ્થાન પછી ન હોય એવો ક્યો ભાવ છે?**

ઉત્તર :- ક્ષાયોપશમિકભાવ છે.

**પ્રશ્ન-૧૪૭ :- સૌથી ઓછો સમય રહેનારો ક્યો ભાવ છે?**

ઉત્તર :- ઔપશમિકભાવ છે.

**પ્રશ્ન-૧૪૮ :- સાધકભાવના કારણરૂપ ક્યા ક્યા ભાવ**

થાય છે?

ઉત્તર :- ઔપશમિકભાવ, શ્રદ્ધા અને ચારિત્રનો ક્ષાયિકભાવ અને ધર્મનો ક્ષાયોપશમિકભાવ છે.

**પ્રશ્ન-૧૪૯ :- સાધકદશાની શરૂઆત ક્યા ભાવથી થાય છે?**

ઉત્તર :- ઔપશમિકભાવથી થાય છે.

**પ્રશ્ન-૧૫૦ :- સાધકદશાની પૂર્ણતાવાળો ક્યો ભાવ છે?**

ઉત્તર :- ક્ષાયિકભાવ છે.

**પ્રશ્ન-૧૫૧ :- સીમંધર ભગવાનને અત્યારે ક્યા ક્યા ભાવ છે?**

ઉત્તર :- ઔદયિકભાવ, ક્ષાયિકભાવ અને પારિણામિકભાવ છે.

**પ્રશ્ન-૧૫૨ :- મહાવીરભગવાનને અત્યારે ક્યા ક્યા ભાવ છે?**

ઉત્તર :- ક્ષાયિકભાવ અને પારિણામિકભાવ છે.

**પ્રશ્ન-૧૫૩ :- સીમંધર ભગવાનના ગણધરને અત્યારે ક્યા ક્યા ભાવ હોઈ શકે છે?**

ઉત્તર :- ઔદયિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિકભાવ હોઈ શકે છે.

**પ્રશ્ન-૧૫૪ :- શું ભગવાનના ગણધરને ઉપશમ શ્રેણી નથી હોતી?**

ઉત્તર :- નથી હોતી; કેમકે તે ઉત્કૃષ્ટ ૠદ્ધિઓના સ્વામી છે.

**પ્રશ્ન-૧૫૫ :- પાંચ ભાવોમાંથી બંધનું કારણ ક્યો ભાવ છે?**

ઉત્તર :- ઔદયિકભાવ છે.

**પ્રશ્ન-૧૫૬ :- પાંચ ભાવોમાંથી મોક્ષનું કારણ ક્યા ક્યા**



**ભાવ છે?**

ઉત્તર :- ઔપશમિક, ક્ષાયિક અને ધર્મનો ક્ષાયોપશમિકભાવ છે.

**પ્રશ્ન-૧૫૭ :- બંધ-મોક્ષથી રહિત ભાવનું નામ શું છે?**

ઉત્તર :- પારિણામિકભાવ છે.

**પ્રશ્ન-૧૫૮ :- ઔદયિકભાવ ક્યા ક્યા ગુણસ્થાનોમાં હોય છે?**

ઉત્તર :- બધા ગુણસ્થાનોમાં હોય છે.

**પ્રશ્ન-૧૫૯ :- ઔપશમિકભાવના ક્યા ક્યા ગુણસ્થાન છે?**

ઉત્તર :- ચૌથા ગુણસ્થાનથી અગિયારમા ગુણસ્થાન સુધી છે.

**પ્રશ્ન-૧૬૦ :- ક્ષાયોપશમિકભાવના ક્યા ક્યા ગુણસ્થાન છે?**

ઉત્તર :- પહેલા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધી છે.

**પ્રશ્ન-૧૬૧ :- ક્ષાયિકભાવ ક્યા ક્યા ગુણસ્થાનમાં હોઈ શકે છે?**

ઉત્તર :- ક્ષાયિકભાવ ચોથા ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાનમાં હોઈ શકે છે.

**પ્રશ્ન-૧૬૨ :- ઔપશમિકભાવવાળા કેટલા જીવ હોય છે?**

ઉત્તર :- અસંખ્યાત્ જીવ હોય છે.

**પ્રશ્ન-૧૬૩ :- સંસારમાં ઔપશમિક કરતા ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિવાળા કેટલા જીવ છે?**

ઉત્તર :- અસંખ્યાત્ ગુણા છે.

**પ્રશ્ન-૧૬૪ :- જગતમાં ઔપશમિક કરતા ક્ષાયિકભાવવાળા કેટલા જીવ છે?**

ઉત્તર :- અનંતગુણા અધિક છે.

**પ્રશ્ન-૧૬૫ :- વર્તમાનમાં સીમંધર ભગવાનમાં ન હોય અને અપણામાં હોય, એવો ક્યો ભાવ છે?**

ઉત્તર :- ક્ષાયોપશમિકભાવ છે.

**પ્રશ્ન-૧૬૬ :- વર્તમાનમાં સીમંધરભગવાનમાં હોય અને આપણામાં અત્યારે ન હોય, તે ક્યો ભાવ છે?**

ઉત્તર :- ક્ષાયિકભાવ છે.

**પ્રશ્ન-૧૬૭ :- સીમંધર ભગવાનમાં પણ હોય અને આપણામાં પણ હોય તેવા ક્યા ક્યા ભાવ છે?**

ઉત્તર :- ઔદયિકભાવ અને પારિણામિકભાવ છે.

**પ્રશ્ન-૧૬૮ :- કેવળજ્ઞાન થતા, આત્મામાંથી ક્યા ભાવ નીકળી જાય છે?**

ઉત્તર :- ક્ષાયોપશમિકભાવ નીકળી જાય છે.

**પ્રશ્ન-૧૬૯ :- એક જીવ અરિહંતથી સિદ્ધ થયો તો ક્યો ભાવ પૃથક્ થયો?**

ઉત્તર :- ઔદયિકભાવ પૃથક્ થયો.

**પ્રશ્ન-૧૭૦ :- ભાવ હોવા છતાં પણ બંધ ન થાય શું એવું બની શકે છે?**

ઉત્તર :- (૧) ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન હોવાથી અત્યારે કમી છે પણ સમ્યક્ત્વમોહનીયનો ઉદય હોવા છતાં પણ સમ્યક્ત્વસંબંધી બંધ નથી થતો.

(૨) દસમા ગુણસ્થાનમાં સંજ્વલન લોભકષાય હોવા છતાં પણ અને ચારિત્રમોહનીય સંજ્વલનના લોભનો ઉદય હોવા છતાં પણ, ચારિત્ર સંબંધી બંધ નથી થતો.

(૩) બારમા ગુણસ્થાનમાં જ્ઞાન, દર્શન, વીર્યનો ક્ષાયોપશમિકભાવ હોવા છતાં પણ અને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાયનો ક્ષયોપશમ હોવા છતાં બંધ નથી થતો.



(૪) તેરમા અને ચૌદમા ગુણસ્થાનમાં અસિદ્ધત્વ ઔદયિકભાવ હોવા છતાં અને અઘાતિકર્મોનો ઉદય હોવા છતાં પણ બંધ નથી થતો.

અહીંયાં ભાવ હોવા છતાં તે તે પ્રકારનો બંધ નથી થતો, કારણ કે જઘન્ય અંશ બંધનું કારણ નથી થતો એમ ભગવાન ઉમાસ્વામીએ કહ્યું છે.

**પ્રશ્ન-૧૭૧ :- કર્મ કોને કહે છે અને તે કેટલા છે?**

ઉત્તર :- આત્મસ્વભાવના પ્રતિપક્ષી સ્વભાવને ધારણ કરનારા નિમિત્તરૂપ કાર્મણવર્ગણા સ્કંધરૂપ પરિણમનને દ્રવ્યકર્મ કહે છે. તે આઠ છે; જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર, અંતરાય.

**પ્રશ્ન-૧૭૨ :- દ્રવ્યકર્મના મૂળ ભેદ કેટલા છે?**

ઉત્તર :- બે છે - (૧) ઘાતિકર્મ અને (૨) અઘાતિકર્મ.

**પ્રશ્ન-૧૭૩ :- ઘાતિકર્મ કોને કહે છે, તે કેટલા છે?**

ઉત્તર :- જે જીવના અનુજીવીગુણોના ઘાતમાં નિમિત્તમાત્ર કારણ છે, તેને ઘાતિયાકર્મ કહે છે. ઘાતિકર્મ ચાર છે - જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય.

**પ્રશ્ન-૧૭૪ :- અઘાતિકર્મ કોને કહે છે અને કેટલા છે?**

ઉત્તર :- (૧) જે આત્માના અનુજીવીગુણોના ઘાતમાં નિમિત્ત નથી તેને અઘાતિકર્મ કહે છે.

(૨) જે આત્માને પરવસ્તુના સંયોગમાં નિમિત્તમાત્ર કારણ હોય તેને અઘાતિકર્મ કહે છે.

(૩) જે આત્માના પ્રતિજીવી ગુણોના ઘાતમાં નિમિત્તમાત્ર હોય, તેને અઘાતિકર્મ કહે છે. અઘાતિકર્મ ચાર છે - વેદનીય, આયુ,

નામ અને ગોત્ર.

**પ્રશ્ન-૧૭૫ :- દ્રવ્યકર્મની પુણ્ય અને પાપરૂપ પ્રકૃતિ કઈ કઈ છે?**

**ઉત્તર :-** ઘાતિકર્મ પ્રકૃતિ બધી પાપરૂપ જ છે અને અઘાતિકર્મોમાં પુણ્ય-પાપના ભેદ પડે છે.

**પ્રશ્ન-૧૭૬ :- ઘાતિ પાપપ્રકૃતિ હોવા છતાં જીવ પુણ્યરૂપ પરિણમન કરે શું એમ બની શકે છે?**

**ઉત્તર :-** મોહનીયકર્મપ્રકૃતિ પારરૂપ જ છે પણ મોહનીય પાપપ્રકૃતિનો ઉદય હોવાથી જીવ, પુણ્યભાવ કરે તો તે મોહનીયની પાપરૂપ પ્રકૃતિ ઉપર પુણ્ય પ્રકૃતિનો આરોપ આવે છે. એમ તો મોહનીય, પાપપ્રકૃતિ જ છે; પુણ્યપ્રકૃતિ નથી.

**પ્રશ્ન-૧૭૭ :- અઘાતિકર્મોમાં કઈ કઈ અવસ્થા થાય છે?**

**ઉત્તર :-** ઉદય અને ક્ષય આ બે અવસ્થાઓ થાય છે.

**પ્રશ્ન-૧૭૮ :- અઘાતિકર્મોનો ઉદય ક્યાંથી ક્યાં સુધી રહે છે અને ક્ષય ક્યારે થાય છે?**

**ઉત્તર :-** પહેલા ગુણસ્થાનથી લઈને ચૌદમા ગુણસ્થાન સુધી ઉદય રહે છે અને ચૌદમા ગુણસ્થાનના અંતે અત્યંત અભાવ (ક્ષય) થાય છે.

**પ્રશ્ન-૧૭૯ :- જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મમાં કેટલી કેટલી અવસ્થાઓ હોય છે?**

**ઉત્તર :-** ત્રણ ત્રણ અવસ્થાઓ હોય છે - ઉદય, ક્ષયોપશમ અને ક્ષય.

**પ્રશ્ન-૧૮૦ :- જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાયકર્મમાં ઉદય, ક્ષયોપશમ, અને ક્ષય ક્યાંથી ક્યાં સુધી રહે છે?**

**ઉત્તર :-** (૧) બારમા ગુણસ્થાન સુધી તેનો ક્ષયોપશમ છે.



(૨) બારમા ગુણસ્થાન સુધી જે જે ગુણસ્થાનમાં જેટલી જેટલી ખામી છે તે ઉદય છે.

(૩) બારમા ગુણસ્થાનના અંતમાં આ ત્રણેની ક્ષય અવસ્થા હોય છે.

**પ્રશ્ન-૧૮૧ :- મોહનીયકર્મમાં કેટલી અવસ્થાઓ થાય છે?**

**ઉત્તર :-** ચાર થાય છે - ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષય.

**પ્રશ્ન-૧૮૨ :- મોહનીયકર્મનો ઉદય-ઉપશમ-ક્ષયોપશમ અને ક્ષય, ક્યા ક્યા ગુણસ્થાનમાં હોય છે?**

**ઉત્તર :-** મોહનીયકર્મમાં (૧) ચોથાથી અગિયારમા ગુણસ્થાન સુધી ઉપશમ હોઈ શકે છે.

(૨) ચોથાથી દસમા ગુણસ્થાન સુધી ક્ષયોપશમ હોઈ શકે છે.

(૩) ચોથાથી શરૂ કરીને બારમા ગુણસ્થાન સુધી ક્ષય થઈ શકે છે.

(૪) પહેલાથી ત્રીજા ગુણસ્થાન સુધી ઉદય રહે છે.

**પ્રશ્ન-૧૮૩ :- જીવના ચારિત્રગુણના પરિણમનમાં ઔદયિક, ક્ષાયોપશમિક, ઔપશમિક અને ક્ષાયિકપણું કયા કયા પ્રકારે છે?**

**ઉત્તર :-** (૧) ચોથા ગુણસ્થાનમાં અનંતાનુબંધી કષાયના અભાવરૂપ ક્ષાયોપશમિકભાવ થયો છે, તે તો ક્ષાયોપશમિકચારિત્ર છે, બાકી ઔદયિકભાવરૂપ છે.

(૨) પાંચમા ગુણસ્થાનમાં અપ્રત્યાખ્યાનકષાયના અભાવરૂપ ક્ષાયોપશમિકભાવ છે, તે તો ક્ષાયોપશમિકરૂપ દેશચારિત્ર છે, બાકી ઔદયિકભાવરૂપ છે.

(૩) છઠ્ઠા ગુણસ્થાનમાં ત્રણ ચોકડી કષાયના અભાવરૂપ ક્ષાયોપશમિકચારિત્ર છે, તે તો સકળચારિત્ર છે, બાકી ઔદયિકભાવરૂપ છે.

(૪) સાતમા ગુણસ્થાનમાં સંજ્વલનનો મંદ ઉદય છે, તે ઔદયિકભાવ છે અને જે શુદ્ધ છે, તે ક્ષાયોપશમિકચારિત્ર છે.

(૫) દસમા ગુણસ્થાનમાં સંજ્વલનનો લોભ છોડીને બાકીની ક્ષયોપશમદશા છે, તે ક્ષાયોપશમિકચારિત્ર છે અને લોભનો ઔદયિકભાવ છે.

(૬) અગિયારમાં ગુણસ્થાને ઔપશમિકચારિત્ર છે અને બારમા ગુણસ્થાને ક્ષાયિકચારિત્ર છે. ચારિત્રમાં ક્ષાયિકપણું હોવાથી સાદિઅનંત રહે છે.

**પ્રશ્ન-૧૮૪ :- જ્ઞાનગુણની પર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- (૧) જ્ઞાનગુણની ઔદયિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક, ત્રણ પ્રકારની અવસ્થાઓ, નૈમિત્તિક છે અને જ્ઞાનાવરણીયકર્મનો ઉદય, ક્ષયોપશમ અને ક્ષય - એ ત્રણે પ્રકારની અવસ્થાઓ નિમિત્ત છે.

(૨) ક્ષયોપશમ પહેલા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધી હોય છે, તે જ્ઞાનનો ક્ષાયોપશમિકભાવ છે અને જેટલો જેટલો ઉદયરૂપ છે, તે ઔદયિકભાવ છે.

(૩) તેરમા ગુણસ્થાનથી સિદ્ધદશા સુધી ક્ષાયિક કેવળજ્ઞાનદશા છે.

**પ્રશ્ન-૧૮૫ :- જ્ઞાનની આઠ પર્યાયોમાંથી ક્ષાયોપશમિકદશા કેટલી પર્યાયોમાં છે?**

ઉત્તર :- જ્ઞાનની સાત પર્યાયોમાં ક્ષાયોપશમિકદશા છે.

**પ્રશ્ન-૧૮૬ :- જ્ઞાનની આઠ પર્યાયોમાંથી ક્ષાયિકદશા કઈ પર્યાયમાં છે?**

ઉત્તર :- માત્ર એક પર્યાયમાં હોય છે અને તે કેવળજ્ઞાન છે.

**પ્રશ્ન-૧૮૭ :- દર્શનગુણની પર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- દર્શનગુણની ક્ષાયોપશમિક, ઔદયિક અને ક્ષાયિક ત્રણ દશાઓ, નૈમિત્તિક છે અને દર્શનાવરણીયકર્મની ક્ષયોપશમ, ઉદય અને ક્ષય, ત્રણ દશા નિમિત્ત છે.

**પ્રશ્ન-૧૮૮ :- દર્શનગુણની ચાર પર્યાયોમાંથી ક્ષાયોપશમિક અને ઔદયિકપણું કેટલામાં છે?**

ઉત્તર :- દર્શનગુણની ત્રણ પર્યાયોમાં ક્ષાયોપશમિકપણું છે અને ક્ષયોપશમની સાથે જેટલા જેટલા દર્શનાવરણીયકર્મનો ઉદય છે, તેટલું તેટલું ઔદયિકપણું છે.

**પ્રશ્ન-૧૮૯ :- દર્શનગુણની ચાર પર્યાયોમાંથી ક્ષાયિકદશા કઈ પર્યાયમાં છે?**

ઉત્તર :- માત્ર એકમાં અને તે કેવળદર્શન છે.

**પ્રશ્ન-૧૯૦ :- દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યની પર્યાયોમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય, આત્માના સ્વતંત્ર ગુણ છે. આ બધા ગુણોની ક્ષાયોપશમિક, ઔદયિક અને ક્ષાયિકદશા, નૈમિત્તિક છે અને અંતરાયકર્મની ક્ષયોપશમ, ઉદય અને ક્ષયદશા નિમિત્ત છે.

**પ્રશ્ન-૧૯૧ :- દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યમાં ક્ષાયોપશમિક અને ઔદયિકદશા ક્યાંથી ક્યાં સુધી છે?**

ઉત્તર :- પહેલા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધી બધાની ક્ષાયોપશમિકદશા છે અને જેટલો જેટલો ઉદય છે, તેટલા તેટલા ઔદયિકભાવ છે.

**પ્રશ્ન-૧૯૨ :- દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યમાં ક્ષાયિકદશા ક્યાંથી ક્યાં સુધી છે?**

ઉત્તર :- તેરમા ગુણસ્થાનથી સિદ્ધદશા સુધી બધાની ક્ષાયિકદશા છે.

**પ્રશ્ન-૧૯૩ :- શ્રદ્ધાગુણની પર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- શ્રદ્ધાગુણમાં ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક ચાર પ્રકારની દશા, નૈમિત્તિક છે અને દર્શનમોહનીયની ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષયદશા, નિમિત્ત છે.

**પ્રશ્ન-૧૯૪ :- શ્રદ્ધાગુણની ચાર દશાનું સ્પષ્ટીકરણ કરો?**

ઉત્તર :- (૧) શ્રદ્ધાગુણની પહેલાથી ત્રીજા ગુણસ્થાન સુધી મિથ્યાત્વસ્વરૂપ ઔદયિકદશા છે.

(૨) ચોથાથી સાતમા ગુણસ્થાન સુધી પ્રથમ ઔપશમિક અવસ્થા છે.

(૩) આઠમાથી અગિયારમાં ગુણસ્થાન સુધી દ્વિતીયોપશમ અવસ્થા છે.

(૪) ચોથાથી સાતમા ગુણસ્થાન સુધી ક્ષાયોપશમિકદશા છે.

(૫) ચોથા ગુણસ્થાનથી સિદ્ધદશા સુધી ક્ષાયિકદશા છે. આ બધી નૈમિત્તિકદશાઓ છે.

**પ્રશ્ન-૧૯૫ :- દર્શનમોહનીયની ચાર દશાનું સ્પષ્ટીકરણ કરો?**

ઉત્તર :- (૧) પહેલાથી ત્રીજા ગુણસ્થાન સુધી ઉદયરૂપ અવસ્થા છે.

(૨) ચોથાથી સાતમા ગુણસ્થાન સુધી પ્રથમ ઉપશમદશા છે.

(૩) આઠમાથી અગિયારમા ગુણસ્થાન સુધી દ્વિતીયોપશમદશા છે.

(૪) ચોથાથી સાતમા ગુણસ્થાન સુધી ક્ષયોપશમદશા છે.



(૫) ચોથા ગુણસ્થાનથી સિદ્ધદશા સુધી ક્ષયરૂપદશા છે. આ બધા નિમિત્ત છે.

**પ્રશ્ન-૧૯૬ :- ચારિત્રગુણની પર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- ચારિત્રગુણમાં ક્ષાયોપશમિક, ઔદયિક, ઔપશમિક અને ક્ષાયિકદશા, નૈમિત્તિક છે અને ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ, ઉદય, ઉપશમ અને ક્ષયદશા નિમિત્ત છે.

**પ્રશ્ન-૧૯૭ :- ચારિત્રગુણની પર્યાયમાં પૂર્ણ વિભાવરૂપ પરિણમન કયા ગુણસ્થાનથી ક્યાં સુધી છે તથા તેમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- પહેલાથી ત્રીજા ગુણસ્થાન સુધી પૂર્ણ વિભાવરૂપ પરિણમન છે, તે ઔદયિકભાવ નૈમિત્તિક છે અને ચારિત્રમોહનીયનો ઉદય નિમિત્ત છે.

**પ્રશ્ન-૧૯૮ :- ચારિત્રગુણના પરિણમનમાં ક્ષાયોપશમિક ચારિત્ર ક્યા ગુણસ્થાનથી ક્યા ગુણસ્થાન સુધી છે?**

ઉત્તર :- ચોથાથી દસમા ગુણસ્થાન સુધી ક્ષાયોપશમિકચારિત્ર છે, તે નૈમિત્તિક છે અને ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ નિમિત્ત છે.

**પ્રશ્ન-૧૯૯ :- ઔપશમિકચારિત્રમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે અને કયા ગુણસ્થાનમાં હોય છે?**

ઉત્તર :- અગિયારમા ગુણસ્થાનમાં ઔપશમિકચારિત્ર પ્રગટે છે, તે નૈમિત્તિક છે અને ચારિત્રમોહનીયકર્મનો ઉપશમ નિમિત્ત છે.

**પ્રશ્ન-૨૦૦ :- ચારિત્રગુણમાં ક્ષાયિક પરિણમન ક્યાંથી ક્યાં સુધી છે તથા તેમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- બારમા ગુણસ્થાનથી લઈને સિદ્ધદશા સુધીનું ક્ષાયિક પરિણમન નૈમિત્તિક છે અને ચારિત્રમોહનીયકર્મનો ક્ષય નિમિત્ત છે.

**પ્રશ્ન-૨૦૧ :- ચોથા ગુણસ્થાનમાં તો શાસ્ત્રોમાં અસંયમભાવ બતાવ્યો છે તોપણ ક્ષાયોપશમિકચારિત્ર કઈ રીતે?**

ઉત્તર :- જેમ પાંચમા ગુણસ્થાનમાં દેશચારિત્ર અને છઠ્ઠા ગુણસ્થાનમાં સકળચારિત્ર નામ પામે છે, તેમ ચારિત્ર ન થવાની અપેક્ષાએ અસંયમ કહ્યો છે પણ ચોથા ગુણસ્થાનમાં અનંતાનુબંધીના અભાવરૂપ સ્વરૂપાચરણચારિત્ર હોય છે.

**પ્રશ્ન-૨૦૨ :- ચોથા ગુણસ્થાનમાં ક્ષાયોપશમિકચારિત્રમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે?**

ઉત્તર :- સ્વરૂપાચરણચારિત્ર, નૈમિત્તિક અને અનંતાનુબંધી ક્રોધાદિનો ક્ષયોપશમ નિમિત્ત છે.

**પ્રશ્ન-૨૦૩ :- કર્મોની સાથે 'સંબંધવાળા'થી શું તાત્પર્ય છે?**

ઉત્તર :- 'સંબંધવાળો' તે જીવનો ભાવ છે અને દ્રવ્યકર્મ, તે કાર્મણવર્ગણાનું કાર્ય છે. બંનેમાં નિમિત્ત-નૈમિત્તિકસંબંધ હોવાથી 'સંબંધવાળો' શબ્દ જોડ્યો છે.

**પ્રશ્ન-૨૦૪ :- કર્મ જીવને દુઃખ દે છે, શું એ વાત સાચી છે?**

ઉત્તર :- (૧) બિલકુલ જૂઠી છે; કેમકે જડકર્મ સ્પર્શ-રસ-ગંધ-વર્ણવાળા છે અને આત્મા, સ્પર્શાદિકથી રહિત છે; બેમાં અત્યંતાભાવ છે.

(૨) કર્મ દુઃખનું કારણ નથી, ઔદયિકભાવ દુઃખનું કારણ છે.

(૩) કર્મમાં જ્ઞાન નથી, જીવમાં જ્ઞાન છે. જડકર્મ, જ્ઞાનવંતને દુઃખી કરે - શું એવું ક્યારેય બની શકે છે? ક્યારેય નહિ.

(૪) શ્રી ચંદ્રપ્રભુભગવાનની પૂજામાં આવ્યું છે.

**कर्म बिचारे कौन, भूल मेरी अधिकाई,**
**अग्नि सहे घनघात, लोहे की संङ्गत पाई।।**



**અર્થ** :- કર્મ બિચારા કોણ? ભૂલ તો મારી જ મોટી છે. જેમ અગ્નિ લોઢાની સંગતિ કરે છે તો તેને ઘણના ઘા સહન કરવા પડે છે; એ પ્રમાણે જો જીવ કર્મોદયથી યુક્ત હોય તો તેને રાગ-દ્વેષાદિ વિકાર થાય છે. (૫) દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજામાં પણ આવ્યું છે કે 'जडकर्म घुमाता है मुजको, यह मिथ्या भ्रांति रही मेरी.'

**પ્રશ્ન-૨૦૫ :- શું જીવને કર્મનો ઉપશમ, ક્ષયોપશમ અને ઉદય કરવો પડે છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, કેમકે કર્મની અવસ્થાનો કર્તા કાર્મણવર્ગણા છે; જીવ કે બીજી વર્ગણાઓ નથી.

**પ્રશ્ન-૨૦૬ :- છદ્મસ્થનો શું અર્થ છે?**

ઉત્તર :- છદ્‌મ = આવરણ. સ્થ = સ્થિતિ. એટલે કે આવરણવાળી સ્થિતિ હોય તેને છદ્મસ્થ કહે છે.

**પ્રશ્ન-૨૦૭ :- છદ્મસ્થના કેટલા ભેદ છે?**

ઉત્તર :- બે ભેદ છે - સાધક અને બાધક. ત્રીજા ગુણસ્થાન સુધી બાધક છે અને ચોથાથી બારમા ગુણસ્થાન સુધી સાધક છે.

**પ્રશ્ન-૨૦૮ :- પારિણામિકભાવને ૩૨૦ ગાથા જયસેનાચાર્યની ટીકામાં ક્યા નામથી કહ્યો છે?**

ઉત્તર :- 'સકળનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષ-પ્રતિભાસમય અવિનશ્વર, શુદ્ધ-પારિણામિક-પરમભાવ લક્ષણ-નિજ પરમાત્મદ્રવ્ય, તે જ હું છું.' એ નામથી સંબોધન કર્યું છે.

**પ્રશ્ન-૨૦૯ :- મોક્ષનું કારણ કોને કહે છે?**

ઉત્તર :- શુદ્ધ પારિણામિકભાવનું અવલંબન લેવાથી જે શુદ્ધદશારૂપ ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિકભાવ પ્રગટે છે, જે વ્યવહાર રત્નત્રયાદિથી રહિત છે, તે શુદ્ધ ઉપાદાનકારણ (ક્ષણિક ઉપાદાન) હોવાથી મોક્ષનું કારણ છે. આ પ્રગટરૂપ મોક્ષની વાત છે.

**પ્રશ્ન-૨૧૦ :- શુદ્ધ પારિણામિકભાવ શું છે?**

ઉત્તર :- ધ્યેયરૂપ છે; ધ્યાનરૂપ નથી.

**પ્રશ્ન-૨૧૧ :- શુદ્ધ પારિણામિકભાવ ધ્યાન કેમ નથી?**

ઉત્તર :- ધ્યાન વિનશ્વર છે અને શુદ્ધ પારિણામિકભાવ તો અવિનાશી છે.

**પ્રશ્ન-૨૧૨ :- જ્ઞાની પોતે ધ્યાનરૂપ પરિણમિત છે તો તે કોનું ધ્યાન કરે છે?**

ઉત્તર :- એકમાત્ર ત્રિકાળી પરમ પારિણામિકભાવ નિજ પરમાત્માનું ધ્યાન કરે છે.

**પ્રશ્ન-૨૧૩ :- જ્ઞાનીની દૃષ્ટિ કયા ભાવ ઉપર હોય છે?**

ઉત્તર :- જ્ઞાનીની દૃષ્ટિ માત્ર પોતાના અખંડસ્વભાવ ઉપર જ હોય છે. જ્ઞાનીની દૃષ્ટિ શુદ્ધપર્યાય ઉપર પણ નથી હોતી, તો વિકાર અને પરદ્રવ્યોની તો વાત જ નથી.

**પ્રશ્ન-૨૦૪ :- અમે તો જ્ઞાનીને સંસારના કાર્યોમાં પ્રવર્તતા જોઈએ છીએ.**

ઉત્તર :- જેમ - છોકરીની દૃષ્ટિ લગ્ન પછી મા-બાપના ઘરે આવવા છતાં પણ, ઘરનું બધું કામ કરવા છતાં પણ, પોતાના પતિ ઉપર જ રહે છે; તે પ્રમાણે જ્ઞાની ચાહે સંસારના કાર્યોમાં હોય અને કોઈ યુદ્ધમાં હોય, તેની દૃષ્ટિ એકમાત્ર પોતાના સ્વભાવ પર જ હોય છે.

**પ્રશ્ન-૨૧૫ :- અમારું કલ્યાણ કેમ થાય?**

ઉત્તર :- અનાદિઅનંત ત્રિકાળી જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ કરે તો ધર્મની શરૂઆત થઈને, ક્રમથી વૃદ્ધિ થઈને સિદ્ધ પરમાત્મા બની જાય છે.

**પ્રશ્ન-૨૧૬ :- શુદ્ધોપયોગ કોને કહે છે?**



ઉત્તર :- 'શુદ્ધાત્માભિમુખ પરિણામ'ને શુદ્ધોપયોગ કહે છે.

**પ્રશ્ન-૨૧૭ :- આગમભાષામાં શુદ્ધોપયોગ કોને કહેવામાં આવે છે?**

ઉત્તર :- ઔપશમિકભાવ, ધર્મનો ક્ષાયોપશમિકભાવ અને ક્ષાયિકભાવ; એ ભાવોને શુદ્ધોપયોગ કહે છે.

**પ્રશ્ન-૨૧૮ :- પાંચ ભાવોનું સ્વરૂપ, પંચાસ્તિકાયમાં શું બતાવ્યું છે?**

ઉત્તર :- પંચાસ્તિકાય, ગાથા ૫૬માં બતાવ્યું છે કે ''કર્મોનું ફળદાન સામર્થ્યરૂપથી ઉદભવે તે 'ઉદય' છે; અનુભવ 'ઉપશમ' છે; ઉદ્‌ભવ તથા અનુદભવ તે 'ક્ષયોપશમ' છે; અત્યંત વિશ્લેષ (વિયોગ) તે ક્ષય છે. દ્રવ્યનો આત્મલાભ (અસ્તિત્વ) જેનો હેતુ છે તે 'પરિણામ' છે. ત્યાં ઉદયથી યુક્ત તે 'ઔદયિક' છે; ઉપશમથી યુક્ત તે 'ઔપશમિક' છે; ક્ષયોપશમથી યુક્ત 'ક્ષાયોપશમિક' છે; ક્ષયથી મુક્ત, તે 'ક્ષાયિક' છે; પરિણામથી યુક્ત, તે 'પારિણામિક' છે. કર્મોપાધિની ચાર પ્રકારની દશા (ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષય) જેનું નિમિત્ત છે, એવા ચાર ભાવ છે અને જેમાં કર્મોપાધિરૂપ નિમિત્ત બિલકુલ નથી, માત્ર દ્રવ્યસ્વભાવ જ કારણ છે, એવો એક પારિણામિકભાવ છે.''

**જિન, જિનવર અને જિનવરવૃષભો દ્વારા કથિત પાંચ અસાધારણ ભાવોનું વર્ણન પૂરું થયું.**

- - - - -

પરિશિષ્ટ પ્રશ્નોત્તર (સંકલિત)

# પંચાધ્યાયી પ્રશ્નોત્તર

## દૃષ્ટિ પરિજ્ઞાન, પહેલા ભાગથી

સત્ સ્વભાવથી જ અનેક ધર્માત્મકરૂપથી બનેલો અખંડ પિંડ છે. એનું જીવને જ્ઞાન નથી. તેનું જ્ઞાન કરાવવા માટે જૈનધર્મ, દૃષ્ટિઓથી કામ લે છે —

(૧) જગતમાં અભેદને ભેદ વગર કોઈ સમજી નથી શકતું; માટે સૌથી પહેલા જીવને ભેદભાષાથી એવું પરિજ્ઞાન કરાવે છે કે દ્રવ્ય છે, ગુણ છે, પર્યાય છે. દરેકનું લક્ષણ શીખવાડે છે કે જો ગુણ-પર્યાયોનો સમૂહ છે, તે દ્રવ્ય છે-વગેરે પ્રકારે. આ ભેદરૂપ પદ્ધતિને વ્યવહારનય કહે છે. આ દૃષ્ટિ, દ્રવ્યને ખંડ ખંડ કરી દે છે. એ દૃષ્ટિનું કહેવું છે કે દ્રવ્ય જુદું છે; ગુણ જુદા છે; પર્યાય જુદી છે. ત્યાં સુધી કે એક એક ગુણ, તેના એક એક અવિભાગપ્રતિચ્છેદ અને એક એક પ્રદેશ સુદ્ધા જુદા છે. આ બધું શીખીને શિષ્યને એવું ભાન થાય છે કે જે પ્રમાણે એક વૃક્ષમાં ફળ, ફુલ, પાંદડા, સ્કંધ, મૂળ, શાખા જુદી જુદી સત્તાવાળા છે અને તે બધું મળીને એક સત્તાવાળું વૃક્ષ બનેલું છે, તે પ્રમાણે દ્રવ્યમાં અનેક અવયવ છે અને તે બધા મળીને બનેલો એક દ્રવ્યપદાર્થ છે અથવા જેમ અનેક જુદી જુદી સત્તાવાળી દવાઓથી એક ગોળી



બને છે, તેમ ગુણ-પર્યાયોથી બનેલું દ્રવ્ય છે, પણ પદાર્થ એવો નથી; માટે તે તો પદાર્થનું ખોટું જ્ઞાન થઈ ગયું. ત્યારે...

(૨) આચાર્યોએ બીજી દૃષ્ટિથી કામ લીધું તેને સમજાવવા માટે તેઓ શિષ્યને કહેવા લાગ્યા કે જો ભાઈ! એમ કહે, કેરીમાં કેટલા ગુણ છે? શિષ્ય વિચારીને બોલ્યો, ચાર-સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ. ત્યારે ગુરુ મહારાજ કહેવા લાગ્યા, ઠીક; હવે એમ કરો કે રસ મને આપી દો અને રૂપ તમે રાખી લ્યો, સ્પર્શ રામને આપી દો અને ગંધ શ્યામને. ત્યારે શિષ્ય વિચારમાં પડ્યો અને કહેવા લાગ્યે કે મહારાજ! એમ તો ન થઈ શકે, કેમકે કેરી તો અખંડપદાર્થ છે, તેમાં એમ થવું અશક્ય છે. બસ ભાઈ! જેમ, તે કેરીમાં ચારેયના લક્ષણ જુદા જુદા કહ્યા છે પણ જુદા કરી શકાતા નથી; ઠીક તે જ પ્રમાણે આ જે દ્રવ્ય છે, તેમાં આ ગુણ-પર્યાય માત્ર લક્ષણભેદથી જુદા જુદા છે, ખરેખર તેને જુદા નથી કરી શકાતા. આ તો તને અખંડ સત્નું પરિજ્ઞાન કરાવવા માટે અમારો પ્રયાસ હતો. એક પ્રકાર હતો. ખરેખર તો તે ભેદરૂપ નથી; અભેદ છે. ત્યારે શિષ્યની આંખ ખુલી અને તે એમ અનુભવ કરવા લાગ્યો કે સત્ તો સ્વતઃસિદ્ધ, નિર્વિકલ્પ એટલે કે ભેદરહિત અખંડ છે. આ તે કહે છે શુદ્ધદૃષ્ટિ. અહીં 'શુદ્ધ' શબ્દનો અર્થ રાગરહિત નથી, પણ ભેદરહિત છે. આ દૃષ્ટિનું પૂરું નામ છે શુદ્ધદ્રવ્યાર્થિકદૃષ્ટિ, એટલે કે તે દૃષ્ટિ જે સત્નું અભેદરૂપ જ્ઞાન કરાવે.

ગુરુજીએ શિષ્યને પૂછયું - કે આ પુસ્તક કોનું છે? શિષ્યે કહ્યું, મહારાજ! મારું છે. હવે તેને પૂછે છે કે તું તો જીવ છે, ચેતન છે; પુસ્તક તો અજીવ છે, જડ છે - એ તારું ક્યાંથી થઈ ગયું? ત્યારે શિષ્ય પાછો ચક્કરમાં પડી ગયો અને ઘણો વિચાર કર્યા પછી કાંઈ જવાબ ન મળ્યો તો કહેવા લાગ્યો કે, મહારાજ! અત્યારે

મારી પાસે છે, હું વાંચુ છું; માટે વ્યવહારથી મારું કહ્યું. ખરેખર તે મારું નથી. અરે! બસ આ જ વાત છે. દ્રવ્ય છે, ગુણ છે, પર્યાય છે. અહીં પણ ભેદથી એમ કહી દે છે, અહીંયાં પણ આ વ્યવહાર છે; ખરેખર એમ નથી. ખરેખર એટલે નિશ્ચયથી.

જે દ્રવ્યને ભેદરૂપ કહે તે વ્યવહાર છે અને જે અભેદરૂપ કહે તે નિશ્ચય છે. માટે તેનું બીજું નામ નિશ્ચયનય રાખ્યું. આ પ્રમાણે તેને શુદ્ધદ્રવ્યાર્થિકદષ્ટિ, નિશ્ચયદષ્ટિ, ભેદનિષેધકદષ્ટિ, વ્યવહારનિષેધકદષ્ટિ, અખંડદષ્ટિ, અભેદદષ્ટિ, અનિર્વચનીયદષ્ટિ વગેરે અનેક નામોથી આગમમાં કહ્યું છે.

હવે, શિષ્યને ત્રીજી દષ્ટિનું પરિજ્ઞાન કરાવે છે.

(૩) આચાર્ય કહેવા લાગ્યા કે સારું હવે કહો! આત્મામાં કેટલા પ્રદેશ છે? તે બોલ્યો-અસંખ્યાત્. વ્યવહારથી કે નિશ્ચયથી? વ્યવહારથી. કેમકે હવે તે જાણતો હતો કે ભેદ, વ્યવહારથી છે; ગુરુએ પૂછ્યું કે નિશ્ચયથી કેવો છે? તે બોલ્યો અખંડપ્રદેશ. શાબાશ! તું હોશિયાર છે, અમારી વાત સમજી ગયો. જુઓ! એ જે વ્યવહારથી અસંખ્યાત છે, તે જ નિશ્ચયથી એક અખંડદેશ છે આને જ પ્રમાણદષ્ટિ કહે છે. જે આમ જ છે, તે આમ છે- એ જ એની બોલવાની રીત છે. તે પદાર્થને ભેદાભેદાત્મક કહે છે, એટલે કે જે ભેદરૂપ છે, તે અભેદરૂપ છે. આ પ્રમાણે ત્રણેય દષ્ટિઓ દ્વારા પદાર્થનું ઠીક ઠીક જ્ઞાન થઈ જાય છે અને જેવો પદાર્થ સ્વતઃ સિદ્ધ બનેલો છે તેવો જ ઠીક ખ્યાલમાં-પકડમાં આવી જાય છે.

અહીં ગ્રંથાકારે પહેલા વ્યવહારદષ્ટિનું પરિજ્ઞાન, શ્લોક ૭૪૭ની બીજી પંક્તિમાં તથા ૭૪૯માં કરાવ્યું છે. બીજી નિશ્ચયદષ્ટિનું પરિજ્ઞાન, શ્લોક ૭૪૭ની પહેલી પંક્તિ અને ૭૫૦ની પહેલી પંક્તિમાં કરાવ્યું છે અને ત્રીજી પ્રમાણદષ્ટિનું પરિજ્ઞાન, શ્લોક ૭૪૮માં અને ૭૫૦ની



બીજી પંક્તિમાં કરાવ્યું છે અને આ ગ્રંથમાં શ્લોક આઠ થી ૭૦ સુધી નિશ્ચય અભેદદષ્ટિથી સત્‌નું નિરૂપણ કર્યું છે અને શ્લોક ૭૧ થી ૨૬૦ સુધી ભેદદષ્ટિ-વ્યવહારદષ્ટિથી સત્‌નું નિરૂપણ કર્યું છે અને શ્લોક ૨૬૧માં ત્રીજી પ્રમાણદષ્ટિથી સત્‌નું નિરૂપણ કર્યું છે. શ્લોક ૮૪, ૮૮, ૨૧૬ અને ૨૪૭માં ભેદ અને અભેદદષ્ટિઓને લગાવીને પણ દેખાડ્યું છે. આ પ્રકારે દ્રવ્યના ભેદાભેદાત્મક સ્વરૂપને બતાવ્યું છે.

હવે, બીજી વાત એ જાણવાની છે કે આવા ભેદાભેદાત્મક દ્રવ્યમાં બે સ્વરૂપ જોવા મળે છે - એક તો એ કે તે પોતાના સ્વરૂપને (સ્વભાવને) ત્રિકાળ એકરૂપ બનાવી રાખે છે અને બીજો સ્વભાવ એ કે તે, તે સ્વભાવને બનાવી રાખવા છતાં પણ દરેક સમયે સ્વતંત્ર નિરપેક્ષ સ્વભાવ કે વિભાવરૂપ* પરિણમન કર્યા કરે છે અને તે પરિણમનમાં હાનિ-વૃદ્ધિ પણ થાય છે. સ્વભાવનું નામ દ્રવ્ય સત્ત્વ, વસ્તુ, પદાર્થ વગેરે અને તે પરિણમનનું નામ પર્યાય, અવસ્થા, દશા, પરિણમન વગેરે છે.

અહીંયાં પણ દ્રવ્યને બે રીતે જોવામાં આવે છે - જ્યારે સ્વભાવને જોવો હોય તો આખે આખું દ્રવ્ય, સ્વભાવરૂપ, ત્રિકાળ એકરૂપ, અવસ્થિત જોવામાં આવશે તેને કહે છે દ્રવ્યદષ્ટિ, સ્વભાવદષ્ટિ, અન્વયદષ્ટિ, ત્રિકાળીદષ્ટિ, નિશ્ચયદષ્ટિ, સામાન્યદષ્ટિ વગેરે. જ્યારે અવસ્થાને જોવી હોય તો આખું દ્રવ્ય, પરિણામરૂપ-પર્યાયરૂપ, અનવસ્થિત, હાનિ-વૃદ્ધિરૂપ, અવસ્થારૂપ દષ્ટિગત થશે -

* જુઓ, સમયસાર, ગાથા ૧૧૬ થી ૧૨૫ સુધી તથા કળશ નં. ૬૪, ૬૫ અને શ્રી પંચાસ્તિકાય, ગાથા ૬૨ની ટીકા તથા શ્રી તત્ત્વાર્થસાર, ત્રીજા અજીવ અદિકારનો શ્લોક ૪૩, શ્રી પ્રવચનસાર ગાથા ૧૬, ૯૫ ટીકાપ શ્રી પંચાધ્યાયી, બીજો ભાગ ૧૦૩૦.

તેને પર્યાયદષ્ટિ, વ્યવહારદષ્ટિ, વિશેષદષ્ટિ વગેરે કહે છે.

અહીં એ વાત ધ્યાન રાખવાની છે કે એમ નથી કે ત્રિકાળીસ્વરૂપ તો કોઈ કોઠામાં જુદું પડ્યું છે એન પર્યાયનું સ્વરૂપ ક્યાંક ઉપર છે. પર્યાયરૂપ પરિણમન તે સ્વભાવવાનનું જ છે. તેમાં બંને ધર્મોના પ્રદેશ તો જુદા નથી, પણ બેય સ્વરૂપ એવી સરસ રીતે વસ્તુમાં રહે છે કે તમે તેને કોઈ પણ દષ્ટિથી જુઓ, તે એવી ને એવી જ જોવામાં આવશે. જેમ એક જીવ વર્તમાનમાં મનુષ્ય છે. હવે સ્વભાવદષ્ટિથી જુઓ તો ચાહે તે મનુષ્ય હોય કે દેવ; સિદ્ધ હોય કે સંસારી; જીવ તો એક જેવો જ છે; માટે તો જગતમાં કહેવાય છે કે જે કર્તા છે, તે ભોક્તા છે. સિદ્ધ-સંસારીમાં ક્યાંય જીવના સ્વરૂપમાં તફાવત નથી થઈ ગયો અને જો પર્યાદષ્ટિથી જોવે, પરિણામદષ્ટિથી જોવે તો ક્યાં દેવ, ક્યાં મનુષ્ય; ક્યાં સંસારી, ક્યાં સિદ્ધ. તે પરિણામસ્વભાવની કમાલ છે કે સ્વકાળની યોગ્યતા પ્રમાણે ક્યાંક સ્વભાવનો અધિક અંશ પ્રગટ છે, ક્યાંક ઓછો અંશ પ્રગટ છે. માત્ર પ્રગટતા-અપ્રગટતાને કારણે; અવગાહનને કારણે; ભૂત્વાભવનને કારણે; આકારાંતરને કારણે આ તફાવત થયો છે. સ્વભાવને બનાવી રાખવો અગુરુલઘુત્વગુણનું કામ છે; પરિણમન કરાવતા રહેવું તે દ્રવ્યત્વગુણનું કામ છે. શું કહીએ! વસ્તુ જ કંઈક એવી બની છે. આ ગ્રંથમાં તેને શ્લોક ૬૫, ૬૬, ૬૭ અને ૧૯૮માં લગાવીને બતાવ્યું છે.

હવે, એક વાત હજી બાકી રહી ગઈ, તે એ કે દ્રવ્યદષ્ટિ પ્રથમ વર્ણિત અભેદ અખંડ માટે પ્રયોગ કરી છે અને પર્યાયદષ્ટિ ભેદ માટે પ્રયોગ કરી છે; અને ક્યાંક દ્રવ્યદષ્ટિ, સ્વભાવ માટે; પર્યાયદષ્ટિ, પરિણામ માટે પ્રયોગ કરવામાં આવે છે. હવે ક્યાં શું અર્થ છે? – તે ગુરુગમથી સારી રીતે શીખવાની વાત છે, નહિતર અર્થનો



અનર્થ થઈ જશે અને પદાર્થનું ભાન નહિ થાય.

આ ગ્રંથમાં શ્લોક ૮૪, ૮૮, ૨૧૬, ૨૪૭માં અભેદ માટે દ્રવ્યદષ્ટિ અને ભેદ માટે પર્યાયદષ્ટિનો પ્રયોગ કર્યો છે, અને શ્લોક ૬૫, ૬૬, ૬૭, ૧૯૮માં સ્વભાવ માટે દ્રવ્યદષ્ટિ અને પરિણામ માટે પર્યાયદષ્ટિનો પ્રયોગ કર્યો છે. આપ સાવધાન રહો – આમાં મોટા મોટા શાસ્ત્રપાઠી પણ ભૂલ કરી બેસે છે.

અધ્યાત્મના ચક્રવર્તી શ્રી અમૃતચંદ્રસુરીએ શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય ગાથા ૫૮માં લખ્યું છે કે આ અજ્ઞાની આત્માને વસ્તુસ્વરૂપનું ભાન કરાવવામાં નયચક્રને ચલાવવામાં ચતુર, જ્ઞાની ગુરુ જ શરણ થઈ શકે છે. સદ્‌ગુરુ વિના આજ સુધી કોઈ તત્ત્વને પામ્યા નથી, અને ન પામી શકે છે – એવો જ અનાદિ-અનંત માર્ગ છે, વસ્તુસ્વભાવ છે. કોઈ શું કરે. આનો અર્થ એમ છે કે જ્યારે જીવમાં યથાર્થ બોધની 'સ્વકાળ'માં યોગ્યતા હોય છે તો સામે પોતાને કારણે વસ્તુસ્વભાવના નિયમ અનુસાર જ્ઞાનીગુરુ હોય છે, ત્યારે તેમના પર આરોપ આવે છે કે ગુરુદેવની કૃપાથી વસ્તુ મળી. નિશ્ચયથી આત્માનો ગુરુ આત્મા જ છે.

જગતમાં સત્‌નું પરિજ્ઞાન થયા વિના, કોઈની પરમાં એકત્વબુદ્ધિ, પરકર્તૃત્વ, ભોક્તૃત્વનો ભાવ મટતો નથી અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતી નથી અને સત્‌નું પરિજ્ઞાન કરવા માટે આનાથી સારો ગ્રંથ જગતમાં આજે ઉપલબ્ધ નથી. આ ગ્રંથરાજ છે. જો મોક્ષમાર્ગી બનવાની ઇચ્છા હોય તો આનો રુચિપૂર્વક અભ્યાસ કરો. તેને વાર્તાની જેમ વાંચવાનો નથી; કોર્સ ગ્રંથ છે. તેનું વારંવાર મંથન કરો, વિચાર કરો. સદ્‌ગુરુદેવનો સમાગમ કરો તો થોડા જ દિવસમાં પદાર્થનું સ્વરૂપ ઝળકવા લાગશે.

**ૐ શાંતિ. સદ્‌ગુરુદેવની જય.**

કંઠસ્થ કરવા યોગ્ય પ્રશ્નોત્તર -

દ્રવ્યત્વ અધિકાર

**પ્રશ્ન-૧ :- શુદ્ધદ્રવ્યાર્થિકનયથી (નિશ્ચયદષ્ટિથી અભેદ દષ્ટિથી) દ્રવ્યનું શું લક્ષણ છે?**

ઉત્તર :- જે સત્‌સ્વરૂપ, સ્વતઃસિદ્ધ, અનાદિ-અનંત, સ્વસહાય અને નિર્વિકલ્પ (અખંડિત) છે, તે દ્રવ્ય છે.

(૮, ૭૪૭ **પ્રથમ પંક્તિ**, ૭૫૦ **પ્રથમ પંક્તિ**)

**પ્રશ્ન-૨ :- પર્યાયાર્થિકનયથી (વ્યવહારદષ્ટિથી-ભેદદષ્ટિથી) દ્રવ્યનું શું લક્ષણ છે?**

ઉત્તર :- (૧) ગુણપર્યયવદ્દ્રવ્યં (૨) ગુણપર્યયસમુદાયો દ્રવ્યં (૩) ગુણસમુદાયો દ્રવ્યં (૪) સમગુણપર્યાયો દ્રવ્યં (૫) ઉત્પાદવ્યય-ધ્રૌવ્યયુક્ત સત્-સત્ દ્રવ્ય લક્ષણં - આ બધા પર્યાયવાચી છે. બધા ગુણો અને ત્રિકાળવર્તી બધી પર્યાયોનો તન્મય પિંડ દ્રવ્ય છે. આ તેનો અર્થ છે. (૭૨, ૭૩, ૮૬, ૭૪૭ **બીજી પંક્તિ**, ૭૪૯)

**પ્રશ્ન-૩ :- પ્રમાણથી (ભેદાભેદદષ્ટિથી) દ્રવ્યનું લક્ષણ શું છે?**

ઉત્તર :- જે દ્રવ્ય - ગુણપર્યાયવાળું છે, ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્ત છે, તે દ્રવ્ય અખંડસત્ અનિર્વચનીય છે.

**(૨૬૧ પ્રથમ પંક્તિ**, ૭૪૮, ૭૫૦ **બીજી પંક્તિ)**

**પ્રશ્ન-૪ :- દ્રવ્યના નામાંતર બતાવો?**

ઉત્તર :- દ્રવ્ય, તત્ત્વ, સત્ત્વ, સત્તા, સત્, અન્વય, વસ્તુ, અર્થ, પદાર્થ, સામાન્ય, ધર્મી, દેશ, સમવાય, સમુદાય-વિધિ. (૧૪૩)

**પ્રશ્ન-૫ :- સ્વતઃસિદ્ધ કોને કહે છે?**

ઉત્તર :- વસ્તુ, પરથી સિદ્ધ નથી. ઈશ્વર વગેરે દ્વારા બનાવાઈ



નથી; સ્વતઃ સ્વભાવથી સ્વયંસિદ્ધ છે. (૮)

**પ્રશ્ન-૬ :- અનાદિ-અનંત કોને કહે છે?**

ઉત્તર :- વસ્તુ, ક્ષણિક નથી. સત્‌ની ઉત્પત્તિ નથી, ન સત્‌નો નાશ છે, તે અનાદિથી છે અને અનંતકાળ સુધી રહેશે. (૮)

**પ્રશ્ન-૭ :- સ્વસહાય કોને કહે છે?**

ઉત્તર :- પદાર્થ પદાર્થાંતરના સંબંધથી પદાર્થ નથી. નિમિત્ત કે અન્ય પદાર્થથી ટકતો નથી અને પરિણમન પણ કરતો નથી. અનાદિ-અનંત સ્વભાવ કે વિભાવરૂપથી સ્વયં પોતાના પરિણામસ્વભાવને કારણે પરિણમે છે. ક્યારેય કોઈ પદાર્થનો અંશ પોતામાં લેતો નથી અને પોતાનો અંશ કોઈ બીજાને દેતો નથી. (૮)

**પ્રશ્ન-૮ :- અનાદિ-અનંત અને સ્વસહાયમાં શું અંતર છે?**

ઉત્તર :- અનાદિ-અનંતમાં તેને ઉત્પત્તિ-નાશથી રહિત બતાવવો છે અને સ્વસહાયમાં તેની સ્વતંત્ર સ્થિતિ તથા સ્વતંત્ર પરિણમન બતાવવું છે. (૮)

**પ્રશ્ન-૯ :- નિર્વિકલ્પ કોને કહે છે?**

ઉત્તર :- દ્રવ્યના પ્રદેશ ભિન્ન, ગુણના પ્રદેશ ભિન્ન, પર્યાયના પ્રદેશ ભિન્ન, ઉત્પાદના પ્રદેશ ભિન્ન, વ્યયના પ્રદેશ ભિન્ન, ધ્રુવના પ્રદેશ ભિન્ન જેમાં ન હોય, એટલે કે જેમાં દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી કોઈ પ્રકારે સર્વથા ખંડ ન થઈ શકે, તેને નિર્વિકલ્પ અથવા અખંડ કહે છે. (૮)

**પ્રશ્ન-૧૦ :- મહાસત્તા કોને કહે છે?**

ઉત્તર :- સામાન્યને, અખંડને, અભેદને. (૨૬૫)

**પ્રશ્ન-૧૧ :- અવાંતરસત્તા કોને કહે છે?**

ઉત્તર :- વિશેષને, ખંડને, ભેદને. (૨૬૬)

**પ્રશ્ન-૧૨ :- શું મહાસત્તા અને અવાંતરસત્તા જુદી જુદી છે?**

ઉત્તર :- ના, પ્રદેશ એક જ છે, સ્વરૂપ એક જ છે; માત્ર અપેક્ષાકૃત ભેદ છે. વસ્તુ, સામાન્ય-વિશેષાત્મક છે. અભેદની દૃષ્ટિથી તે આખી મહસત્તારૂપ દેખાય છે; ભેદની દૃષ્ટિથી તે આખી અવાંતરસત્તારૂપ દેખાય છે; જેમકે એક જ વસ્તુને સત્‌રૂપ જોવી, મહાસત્તા અને તેને જ જીવરૂપ જોવી, અવાંતરસત્તા છે.

(૧૫, ૧૯, ૨૬૪, ૨૬૭, ૨૬૮)

**પ્રશ્ન-૧૩ :- સામાન્ય-વિશેષથી શું સમજો છો?**

ઉત્તર :- દ્રવ્યને અખંડ સત્‌રૂપ જોવું, સામાન્ય છે અને તેને જ કોઈ ભેદરૂપે જોવા તે વિશેષ છે. જેમ કે એક જ વસ્તુને સત્‌રૂપ જોવી તે સામાન્ય છે; તેને જ જીવરૂપ જોવી, તે વિશેષ છે. વસ્તુ, ઉભયાત્મક છે. (૧૫, ૧૯)

**પ્રશ્ન-૧૪ :- સત્‌ને અખંડરૂપથી જોનારી દૃષ્ટિઓના નામ શું છે?**

ઉત્તર :- સત્‌ને અખંડ/અભેદદૃષ્ટિથી દેખવાને સામાન્ય દૃષ્ટિ, શુદ્ધદ્રવ્યાર્થિકદૃષ્ટિ, અખંડદૃષ્ટિ, અભેદદૃષ્ટિ, નિર્વિકલ્પદૃષ્ટિ, અનિર્વચનીયદૃષ્ટિ, નિશ્ચયદૃષ્ટિ, શુદ્ધદૃષ્ટિ વગેરે અને નામોથી કહેવામાં આવે છે. (૮૪, ૮૮, ૨૧૬, ૨૪૭)

**પ્રશ્ન-૧૫ :- સત્‌ને ખંડરૂપે દેખનારી દૃષ્ટિના નામ શું છે?**

ઉત્તર :- સત્‌ને ખંડ/ભેદદૃષ્ટિથી દેખવાને વિશેષદૃષ્ટિ, પર્યાયદૃષ્ટિ, અંશદૃષ્ટિ, ખંડદૃષ્ટિ, વ્યવહારદૃષ્ટિ, ભેદદૃષ્ટિ કહેવાય છે.

(૮૪, ૮૮, ૨૪૭)

**પ્રશ્ન-૧૬ :- દ્રવ્યનો વિભાગ કયા પ્રકારે કરવામાં આવે છે?**



ઉત્તર :- એક વિસ્તારક્રમથી, બીજો પ્રવાહક્રમથી. વિસ્તારક્રમમાં એ જાણવાની આવશ્યકતા છે કે દરેક દ્રવ્ય કેટલા પ્રદેશોનો અખંડ પિંડ છે અને પ્રવાહક્રમથી તેના અનંત ગુણ, પ્રત્યેક ગુણના અનંત અવિભાગપ્રતિચ્છેદ અને તેનું અનાદિ-અનંત હીનાધિક પરિણમન જાણવાની આવશ્યકતા છે.

**પ્રશ્ન-૧૭ :- દ્રવ્યોનો વિસ્તારક્રમ (લંબાઈ) બતાવો?**

ઉત્તર :- ધર્મ, અધર્મ અને એક જીવદ્રવ્ય, અસંખ્યાત પ્રદેશી છે; આકાશ, અનંત પ્રદેશી છે; કાળાણુ અને શુદ્ધ પુદ્‌ગલપરમાણુ, અપ્રદેશી, એટલે કે એકપ્રદેશી છે. (૨૫)

**પ્રશ્ન-૧૮ :- એક દ્રવ્યના દરેક પ્રદેશને એક સ્વતંત્ર દ્રવ્ય માનવામાં શું આપત્તિ છે?**

ઉત્તર :- ગુણનું પરિણમન, દરેક પ્રદેશમાં ભિન્ન-ભિન્નપણે થવું જોઈએ, જે પ્રત્યક્ષબાધિત છે. (૩૨ થી ૩૭)

**પ્રશ્ન-૧૯ :- દ્રવ્યના ચતુષ્ટય કોને કહે છે?**

ઉત્તર :- દેશ-દેશાંશ-ગુણ-ગુણાંશને દ્રવ્યના ચતુષ્ટય કહે છે.

**પ્રશ્ન-૨૦ :- દેશ કોને કહે છે?**

ઉત્તર :- પ્રદેશોના અભિન્ન પિંડને દેશ અથવા દ્રવ્ય કહે છે.

**પ્રશ્ન-૨૧ :- દેશાંશ કોને કહે છે?**

ઉત્તર :- જુદા જુદા દરેક પ્રદેશને દેશાંશ કે ક્ષેત્ર કહે છે.

**પ્રશ્ન-૨૨ :- ગુણ કોને કહે છે?**

ઉત્તર :- ત્રિકાળી શક્તિઓને ગુણ કે ભાવ કહે છે.

**પ્રશ્ન-૨૩ :- ગુણાંશ કોને કહે છે?**

ઉત્તર :- ગુણના એક-એક અવિભાગપ્રતિચ્છેદને ગુણાંશ કે પર્યાય કહે છે.

**પ્રશ્ન-૨૪ :- દેશ, દેશાંશને માનવાથી શું લાભ છે?**

ઉત્તર :- દેશમાં દ્રવ્યના અસ્તિત્વનો થાય છે અને દેશાંશને માનવાથી કાયત્વ-અકાયત્વ અને મહત્વ-અમહત્વનું અનુમાન થાય છે. જેમ કે કાળદ્રવ્ય અકાયત્વ અને આત્મા કાયત્વ છે તથા આકાશ, આત્માથી મહાન (ક્ષેત્રથી મોટું) છે. (૨૮, ૨૯, ૩૦)

**પ્રશ્ન-૨૫ :- કાયત્વ, અકાયત્વ, મહત્વ, અમહત્વ કોને કહે છે?**

ઉત્તર :- બહુપ્રદેશીને કાયત્વ કે અસ્તિકાય કહે છે અને અપ્રદેશી, એટલે કે એક પ્રદેશીને અકાયત્વ કહે છે. નાના-મોટાના પરિજ્ઞાનને મહત્વ-અમહત્વ કહે છે. (૬૪)

**પ્રશ્ન-૨૬ :- ગુણ-ગુણાંશને માનવાથી શું લાભ છે?**

ઉત્તર :- ગુણદષ્ટિથી વસ્તુ અવસ્થિત-ત્રિકાળ એકરૂપ છે; પર્યાયદષ્ટિથી વસ્તુ અનવસ્થિત સમયે સમયે ભિન્ન છે - એવું પરિજ્ઞાન થાય છે. (૧૯૮)

**પ્રશ્ન-૨૭ :- દ્રવ્યનો સ્વભાવ શું છે?**

ઉત્તર :- દ્રવ્ય, સ્વતઃસિદ્ધ પરિણામી છે. 'સ્થિત રહેતું થકું બદલતું રહે છે' આ જ દ્રવ્યનો સ્વભાવ છે. તે સ્વભાવને કારણે જ ગુણપર્યાયમય કે ઉત્પાદવ્યયધ્રૌવ્યમય છે. સ્વતઃ સિદ્ધસ્વભાવને કારણે દ્રવ્યમાં ગુણધર્મ કે ધ્રૌવ્યધર્મ છે. પરિણમનસ્વભાવને કારણે, દ્રવ્યમાં પર્યાયધર્મ કે ઉત્પાદ-વ્યયધર્મ છે. (૮૯, ૧૭૮)

**પ્રશ્ન-૨૮ :- દ્રવ્ય અને પર્યાય, બેય માનવાની શું જરૂર છે?**

ઉત્તર :- દ્રવ્યદષ્ટિથી વસ્તુ અવસ્થિત છે અને પર્યાયદષ્ટિથી વસ્તુ અનવસ્થિત છે. દ્રવ્યદષ્ટિને નિશ્ચયદષ્ટિ, અન્વયદષ્ટિ સામાન્ય



દષ્ટિ પણ કહે છે. પર્યાયદષ્ટિને અવસ્થાદષ્ટિ, વિશેષદષ્ટિ, વ્યવહારદષ્ટિ પણ કહે છે. (૬૫, ૬૬, ૬૭)

**પ્રશ્ન-૨૯ :- અવસ્થિત-અનવસ્થિતથી શું સમજો છો?**

ઉત્તર :- તે દ્રવ્ય 'તેનું તે છે' અને 'તેવું ને તેવું' જ છે. તેને અવસ્થિત કહે છે. એટલે કે દ્રવ્યનું ત્રિકાળી સ્વરૂપ સદા એક જેવું રહે છે - તે અપેક્ષાએ વસ્તુ અવસ્થિત છે અને દરેક સમયની પર્યાયમાં હીનાધિક પરિણમન થયા કરે છે તે અપેક્ષાએ અનવસ્થિત છે.

**પ્રશ્ન-૩૦ :- અવસ્થિતને ન માનવાથી શું હાનિ છે?**

ઉત્તર :- દ્રવ્યના સદા એકરૂપ રહેનારા ત્રિકાળી સ્વરૂપને ન માનવાથી મોક્ષનો પુરુષાર્થ, જ્ઞાની કોના આશ્રયે કરશે?

**પ્રશ્ન-૩૧ :- અનવસ્થિત ન માનવાથી શું હાનિ છે?**

ઉત્તર :- દ્રવ્યના પરિણમનસ્વભાવને ન માનવાથી મોક્ષ અને સંસારનો તફાવત મટી જાશે, મોક્ષનો પુરુષાર્થ વ્યર્થ થઈ જશે.

**પ્રશ્ન-૩૨ :- અવસ્થિતના પર્યાયવાચી નામ બતાવો?**

ઉત્તર :- અવસ્થિત, ધ્રુવ, નિત્ય, ત્રિકાળ એકરૂપ, દ્રવ્ય, ગુણ, સામાન્ય, ટંકોત્કીર્ણ.

**પ્રશ્ન-૩૩ :- અનવસ્થિતના પર્યાયવાચી નામ બતાવો?**

ઉત્તર :- અનવસ્થિત, અધ્રુવ, અનિત્ય, સમય સમયમાં ભિન્ન ભિન્નરૂપ, પર્યાય, વિશેષ. ●●

## ગુણત્વ અધિકાર

પ્રશ્ન-૩૪ :- ગુણ કોને કહે છે?

ઉત્તર :- (૧) જે દેશના આશ્રયે રહેતા હોય;

(૨) દેશના વિશેષ હોય;

(૩) સ્વયં નિર્વિશેષ હોય;

(૪) બધા તે જ પ્રદેશોમાં ભેગા રહેતા હોય; અને
(૫) કથંચિત્ પરિણમનશીલ હોય તેને ગુણ કહે છે. (૩૮, ૧૦૩)

પ્રશ્ન-૩૫ :- ગુણોને જાણવાથી શું લાભ છે

ઉત્તર :- ગુણો દ્વારા દરેક વસ્તુ જુદા જુદા હાથ પર રાખેલી હોય તેમ દૃષ્ટિગત થઈ જાય છે. જેનાથી ભેદવિજ્ઞાનની સિદ્ધિ થાય છે અને પરમાં કર્તૃત્વબુદ્ધિનો ભ્રમ મટી જાય છે. (૨૦૪)

પ્રશ્ન-૩૬ :- એક દ્રવ્યમાં કેટલા ગુણ હોય છે?

ઉત્તર :- દરેક દ્રવ્યમાં અનંતગુણ હોય છે. (૫૨)

પ્રશ્ન-૩૭ :- ગુણોના નામાંતર બતાવો?

ઉત્તર :- ગુણ, શક્તિ, લક્ષણ, વિશેષ, ધર્મ, રૂપ, સ્વભાવ, ધ્રુવ, પ્રકૃતિ, શીલ, આકૃતિ, અર્થ, અન્વયી, સહભૂ, ધ્રુવ, નિત્ય, અવસ્થિત, ટંકોત્કીર્ણ, ત્રિકાળ એકરૂપ. (૪૮, ૧૩૮, ૪૭૯)

પ્રશ્ન-૩૮ :- ગુણોને સહભૂ કેમ કહે છે?

ઉત્તર :- કેમકે તે બધા સાથે મળીને રહે છે; પર્યાયોની જેમ ક્રમથી નથી થતાં. (૧૩૯)

પ્રશ્ન-૩૯ :- ગુણને અન્વયી કેમ કહે છે?

ઉત્તર :- કેમકે બધા ગુણોનું અન્વય દ્રવ્ય એક છે, બધા મળીને સાથે રહે છે અને બધા અનેક હોવા છતાં પણ પોતાને એકરૂપે જ પ્રગટ કરે છે. (૧૪૪, ૧૫૩ થી ૧૫૬)

પ્રશ્ન-૪૦ :- ગુણોને અર્થ કેમ કહે છે?

ઉત્તર :- કેમકે તે સ્વતઃસિદ્ધ પરિણામી છે, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત છે. (૧૫૮, ૧૫૯)

પ્રશ્ન-૪૧ :- ગુણોના ભેદ, લક્ષણસહિત બતાવો?

ઉત્તર :- ગુણોના બે ભેદ છે - સાધારણ અને અસાધારણ,



એટલે કે સામાન્ય અને વિશેષ. જે છયે દ્રવ્યોમાં જોવામાં આવે તેને સામાન્યગુણ કહે છે. જેમ કે અસ્તિત્વ, પ્રદેશત્વ વગેરે. જે છયે દ્રવ્યોમાં જોવા મળતા નથી, કોઈ કોઈ દ્રવ્યમાં જોવા મળે છે તેને વિશેષગુણ કહે છે; જેમ કે જીવમાં જ્ઞાન-દર્શન કે પુદ્ગલમાં સ્પર્શ-રસ વગેરે. (૧૬૦, ૧૬૧)

પ્રશ્ન-૪૨ :- ગુણોના આ ભેદથી શું સિદ્ધિ છે?

ઉત્તર :- સામાન્ય ગુણોથી દ્રવ્યત્વ સિદ્ધ કરવામાં આવે છે અને વિશેષગુણોથી દ્રવ્યવિશેષ સિદ્ધ કરવામાં આવે છે કેમકે ઉભયગુણાત્મક વસ્તુ છે. જે અસ્તિત્વગુણવાળું જ છે, તે જ્ઞાનગુણવાળું છે. તેનાથી દરેક વસ્તુ જુદી જુદી સામાન્ય-વિશેષાત્મક સિદ્ધ થઈ જાય છે. અને જીવની અનાદિકાળની એકત્વબુદ્ધિનો નાશ થઈને ભેદવિજ્ઞાનની સિદ્ધિ થાય છે. પરમાં કર્તૃત્વબુદ્ધિનો નાશ થાય છે. સ્વનો આશ્રય કરીને સ્વભાવપર્યાય પ્રગટ કરવાની રુચિ જાગૃત થાય છે. (૧૬૨, ૧૬૩) ●●

## પર્યાયત્વ અધિકાર

પ્રશ્ન-૪૩ :- પર્યાય કોને કહે છે?

ઉત્તર :- અખંડ સત્માં અંશ કલ્પનાને પર્યાય કહે છે. (૨૬, ૬૧)

પ્રશ્ન-૪૪ :- પર્યાયના નામાંતર બતાવો?

ઉત્તર :- પર્યાય, અંશ, ભાગ, પ્રકાર, ભેદ, છેદ, ભંગ, ઉત્પાદ-વ્યય, ક્રમવર્તી, ક્રમભૂ, વ્યતિરેકી, અનિત્ય, અનવસ્થિત. (૬૦, ૧૬૫)

પ્રશ્ન-૪૫ :- વ્યતિરેકી કોને કહે છે?

ઉત્તર :- ભિન્ન-ભિન્નને વ્યતિરેકી કહે છે. 'આ તે જ છે, આ કે નથી' તે તેનું લક્ષણ છે. (૧૫૨, ૧૫૪)

**પ્રશ્ન-૪૬ :- વ્યતિરેકના ભેદ લક્ષણસહિત બતાવો?**

ઉત્તર :- વ્યતિરેક ચાર પ્રકારના હોય છે.

(૧) દેશવ્યતિરેક, (૨) ક્ષેત્રવ્યતિરેક, (૩) કાળવ્યતિરેક, (૪) ભાવવ્યતિરેક. એક-એક પ્રદેશનું ભિન્નત્વ દેશવ્યતિરેક છે. એક એક પ્રદેશ ક્ષેત્રનું ભિન્નત્વ ક્ષેત્રવ્યતિરેક છે. એક દ્રવ્યની દરેક પર્યાયનું ભિન્નત્વ પર્યાય(કાળ) વ્યતિરેક છે. એક એક ગુણના એક એક અંશનું ભિન્નત્વ, ભાવ વ્યતિરેક છે.(૧૪૭ થી ૧૫૦ સુધી)

**પ્રશ્ન-૪૭ :- ક્રમવર્તી કોને કહે છે?**

ઉત્તર :- એક, પછી બીજી, પછી ત્રીજી, પછી ચોથી; આ પ્રમાણે પ્રવાહક્રમથી જે વર્તન કરે, તેને ક્રમવર્તી કે ક્રમભૂ કહે છે. ક્રમ વ્યતિરેકપૂર્વક અને વ્યતિરેક વિશિષ્ટ જ હોય છે. (૧૬૮)

**પ્રશ્ન-૪૮ :- તથાત્વ, અન્યથાત્વ કોને કહે છે?**

ઉત્તર :- આ તે જ છે, તેને તથાત્વ કહે છે અને આ તે નથી તેને અન્યથાત્વ કહે છે. જેમ કે આ તે જ જીવ છે જે પહેલા માણસ હતો, તે તથાત્વ છે અને દેવજીવ, મનુષ્યજીવ નથી, તે અન્યથાત્વ છે. (૧૭૪)

**પ્રશ્ન-૪૯ :- પર્યાયના કેટલા ભેદ છે?**

ઉત્તર :- પર્યાયના બે ભેદ છે - (૧) પ્રદેશત્વગુણની પર્યાયને દ્રવ્યપર્યાય કે વ્યંજનપર્યાય કહે છે, (૨) બાકીના ગુણોની પર્યાયને ગુણપર્યાય કહે છે. (૧૩૫, ૬૧, ૬૨, ૬૩)

**પ્રશ્ન-૫૦ :- પર્યાયને ઉત્પાદ-વ્યય કેમ કહે છે?**

ઉત્તર :- જે ઉત્પન્ન થાય અને નાશ થાય. પર્યાય સદા ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. કોઈપણ પર્યાય, ગુણની જેમ સદાય નથી રહેતી; માટે પર્યાયોને ઉત્પાદ-વ્યય કહે છે. (૧૬૫)●●



## ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યત્વ અધિકાર

**પ્રશ્ન-૫૧ :- ઉત્પાદ કોને કહે છે?**

ઉત્તર :- દ્રવ્યમાં નવીન પર્યાયની ઉત્પત્તિને ઉત્પાદ કહે છે, જેમ કે જીવમાં દેવપર્યાયનો ઉત્પાદ. (૨૦૧)

**પ્રશ્ન-૫૨ :- વ્યય કોને કહે છે?**

ઉત્તર :- દ્રવ્યમાં પૂર્વ પર્યાયના નાશને વ્યય કહે છે, જેમ કે દેવપર્યાયના ઉત્પાદથી મનુષ્યપર્યાયનો નાશ થાય છે. (૨૦૨)

**પ્રશ્ન-૫૩ :- ધ્રૌવ્ય કોને કહે છે?**

ઉત્તર :- બંને પર્યાયોમાં (ઉત્પાદ અને વ્યયમાં) દ્રવ્યનું સદશતારૂપ સ્થાયી રહેવું, તેને ધ્રૌવ્ય કહે છે; જેમ કે દેવ અને મનુષ્યપર્યાયમાં જીવનું નિત્ય સ્થાયી રહેવું.

**પ્રશ્ન-૫૪ :- ઉત્પાદના નામાંતર બતાવો?**

ઉત્તર :- ઉત્પાદ, સંભવ, ભવ, સર્ગ, સૃષ્ટિ, ભાવ.

**પ્રશ્ન-૫૫ :- વ્યયના નામાંતર બતાવો?**

ઉત્તર :- વ્યય, ભંગ, ધ્વંસ, સંહાર, નાશ, વિનાશ, અભાવ, ઉચ્છેદ.

**પ્રશ્ન-૫૬ :- ધ્રુવના નામાંતર બતાવો?**

ઉત્તર :- ધ્રુવ, ધ્રૌવ્ય, સ્થિતિ, નિત્ય, અવસ્થિત.

**પ્રશ્ન-૫૭ :- ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વિષે કંઈક કહો?**

ઉત્તર :- ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં અવિનાભાવ છે. તે એક સમયમાં થાય છે. સ્વયં સત્‌નો ઉત્પાદ, સત્‌નો વ્યય અને સત્‌નું ધ્રૌવ્ય નથી થતાં, પણ સત્‌ની કોઈ પર્યાયનો વ્યય, કોઈ પર્યાયનો ઉત્પાદ અને કોઈ પર્યાય ધ્રૌવ્ય છે.

**પ્રશ્ન-૫૮ :- ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય બેયને માનવાથી શું લાભ છે?**

ઉત્તર :- ધ્રૌવ્યદષ્ટિથી વસ્તુ અવસ્થિત અને ઉત્પાદ-વ્યયદષ્ટિથી અનવસ્થિત છે.

**પ્રશ્ન-૫૯ :- ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં અને સત્‌માં શું તફાવત છે?**

ઉત્તર :- અભેદદષ્ટિથી સત્, ગુણ કહેવાય છે અને ભેદદષ્ટિથી તેને જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય કહેવાય છે.

**પ્રશ્ન-૬૦ :- સત્ અને દ્રવ્યમાં શું તફાવત છે?**

ઉત્તર :- ભેદદષ્ટિથી સત્, ગુણ અને દ્રવ્ય, ગુણી કહેવાય છે. અભેદદષ્ટિથી જો સત્ ગુણ છે તે જ દ્રવ્યસ્વરૂપ છે. (૮૮)

**પ્રશ્ન-૬૧ :- દ્રવ્ય અને ગુણમાં શું તફાવત છે?**

ઉત્તર :- દ્રવ્ય અવયવી છે અને દરેક ગુણ તેનો એક એક અવયવ છે.

**પ્રશ્ન-૬૨ :- ગુણ અને પર્યાયમાં શું અંતર છે?**

ઉત્તર :- ગુણ, ત્રિકાળી શક્તિને કહે છે અને પર્યાય, તેના એક અવિભાગપ્રતિચ્છેદને અથવા એક સમયના પરિણમનને કહે છે.

**પ્રશ્ન-૬૩ :- ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યમાં શું અંતર છે?**

ઉત્તર :- ધ્રુવ તો દ્રવ્યના સ્વતઃસિદ્ધ સ્વભાવને કહે છે અને ઉત્પાદ-વ્યય તેના પરિણમનસ્વભાવને કહે છે.

**પ્રશ્ન-૬૪ :- વ્યતિરેકી, અને અન્વયીમાં શું અંતર છે?**

ઉત્તર :- વ્યતિરેકી અનેકને ભિન્ન ભિન્નને કહે છે, તે પર્યાયો છે અને જે અનેક થઈને પણ એક હોય તેને અન્વયી કહે છે, તે ગુણ છે.

**પ્રશ્ન-૬૫ :- વ્યતિરેકી અને ક્રમવર્તીમાં શું અંતર છે?**

ઉત્તર :- છે તો બેય એક સમયની પર્યાયની વાચક, પણ પ્રત્યેક પર્યાયની ભિન્નતાને વ્યતિરેકી કહે છે અને પર્યાયના ક્રમબદ્ધ



ઉત્પાદને ક્રમવર્તી કહે છે.

**પ્રશ્ન-૬૬ :- વ્યતિરેક અને અન્વયના લક્ષણ બતાવો?**

ઉત્તર :- 'આ તે નથી' તે વ્યતિરેકનું લક્ષણ છે અને 'આ તે જ છે' તે અન્વયનું લક્ષણ છે.

**પ્રશ્ન-૬૭ :- દ્રવ્ય અને પર્યાયમાં શું તફાવત છે?**

ઉત્તર :- સ્વતઃ સિદ્ધ સ્વભાવને દ્રવ્ય કહે છે અને તેના પરિણમનને પર્યાય કહે છે. ●●

**નયપ્રમાણ અધિકાર**

**પ્રશ્ન-૬૮ :- પર્યાયાર્થિકનયનો વિષય શું છે?**

ઉત્તર :- જે દ્રવ્યનું ભેદરૂપ જ્ઞાન કરાવે - જેમ કે દ્રવ્ય છે, ગુણ છે, પર્યાય છે, ઉત્પાદ છે, ધ્રૌવ્ય છે બધા જુદાં જુદાં છે. જે દ્રવ્ય છે તે ગુણ નથી; જે ગુણ છે તે દ્રવ્ય નથી; જે દ્રવ્ય-ગુણ છે, તે પર્યાય નથી; જે ઉત્પાદ છે, તે વ્યય-ધ્રૌવ્ય નથી વગેરે. (૮૪, ૮૮, ૨૪૭, ૭૪૭ **બીજી પંક્તિ**, ૭૪૯)

**પ્રશ્ન-૬૯ :- શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય શું છે?**

ઉત્તર :- જે દ્રવ્યનું અભેદરૂપ જ્ઞાન કરાવે - જેમ કે ભેદરૂપથી ન તો દ્રવ્ય છે, ન ગુણ છે, ન પર્યાય છે, ન ઉત્પાદ છે, ન વ્યય છે, ન ધ્રૌવ્ય છે; એક અખંડ સત્ અનિર્વચનીય છે અને જે દ્રવ્ય છે, તે જ ગુણ છે, તે જ પર્યાય છે, તે જ ઉત્પાદ છે, તે જ વ્યય છે, તે જ ધ્રૌવ્ય છે, એટલે કે એક અખંડ સત્ છે. (૮, ૮૪, ૮૮, ૨૧૬, ૨૪૭, ૪૪૭ **પ્રથમ પંક્તિ**)

**પ્રશ્ન-૭૦ :- પ્રમાણનો વિષય શું છે?**

ઉત્તર :- જે દ્રવ્યનું સામાન્ય-વિશેષાત્મક ભેગું જ્ઞાન કરાવે જેમ કે જે ભેદરૂપ છે, તે જ અભેદરૂપ છે. જે ગુણ-પર્યાયવાળું છે, તે જ ગુણ-પર્યાયવાળું નથી પણ. જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત

છે, તે જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત નથી પણ. જે દ્રવ્ય, ગુણ-પર્યાયવાળું છે, તે જ દ્રવ્ય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત છે અને તે જ દ્રવ્ય, અનિર્વચનીય છે. આ એક સાથે બંને કોટીનું જ્ઞાન કરાવી દે છે અને બેય વિરોધી ધર્મોને દ્રવ્યમાં સાપેક્ષપણે મૈત્રીભાવથી અવિરોધરૂપણે સિદ્ધ કરે છે.

(૨૬૧ પ્રથમ પંક્તિ, ૭૪૮ તથા ૭૫૦ની બીજી પંક્તિ)

**પ્રશ્ન-૭૧ :- દ્રવ્યદૃષ્ટિ અને પર્યાયદૃષ્ટિનો બીજો અર્થ શું છે?**

**ઉત્તર :-** વસ્તુ જેમ સ્વભાવથી સ્વતઃસિદ્ધ છે, તેમ જ તે સ્વભાવથી પરિણમનશીલ પણ છે. તે સ્વભાવને દ્રવ્ય, વસ્તુ, પદાર્થ, અન્વય, સામાન્ય વગેરે કહે છે. પરિણમનસ્વભાવને કારણે તેમાં પર્યાય, અવસ્થા, પરિણામની ઉત્પત્તિ થાય છે. જે દૃષ્ટિ, પરિણામને ગૌણ કરીને સ્વભાવની મુખ્યતાથી કહે તેને દ્રવ્યદૃષ્ટિ, અન્વયદૃષ્ટિ, વસ્તુદૃષ્ટિ, નિશ્ચયદૃષ્ટિ, સામાન્યદૃષ્ટિ વગેરે નામોથી કહેવામાં આવે છે અને જે દૃષ્ટિ સ્વભાવને ગૌણ કરીને, પરિણામને મુખ્યતાથી કહે તેને પર્યાયદૃષ્ટિ, અવસ્થાદૃષ્ટિ, વિશેષદૃષ્ટિ વગેરે નામથી કહેવાય છે. જેની મુખ્યતા હોય છે, આખી વસ્તુ તે રૂપે દેખાવા લાગે છે.

(૬૫, ૬૬, ૬૭, ૧૯૮)

• • • •



## પંચાધ્યાયી, ભાગ-૧નું સારભૂત તાત્પર્ય

આમ તો આત્મા અનંતગુણનો પિંડ છે પણ મોક્ષમાર્ગની અપેક્ષાએ ત્રણ ગુણોથી પ્રયોજન છે — જ્ઞાન, શ્રદ્ધાન અને ચારિત્ર. સર્વ પ્રથમ જ્યારે જીવને હિતની અભિલાષા થાય છે ત્યારે જ્ઞાનથી કામ લેવાય છે. પહેલા જ્ઞાન દ્વારા પદાર્થનું સ્વરૂપ, તેનું લક્ષણ અને પરીક્ષા શીખવી પડે છે. પદાર્થ, સામાન્ય-વિશેષાત્મક છે; માટે પહેલા સામાન્ય પદાર્થનું જ્ઞાન કરવાનું હોય છે, પછી વિશેષવું. કેમકે જે વસ્તુ સત્‌રૂપ છે, તે જ તો જીવરૂપ છે. સામાન્યવસ્તુને સત્ પણ કહે છે. માટે પહેલા તમને સત્‌નું પરિજ્ઞાન કરાવવામાં આવે છે. સત્‌નું તમને અભેદરૂપ, ભેદરૂપ, ઉભયરૂપ દરેક પ્રકારે જ્ઞાન કરાવ્યું. તેને જ્ઞાનદૃષ્ટિ કે પંડિતાઈની દૃષ્ટિ કહે છે. તેનાથી જીવને પદાર્થ જ્ઞાન થતું જાય છે અને તે અગિયાર અંગ સુધી ભણી લે છે પણ મોક્ષમાર્ગી રંચમાત્ર પણ નથી થતો. આ જ્ઞાન, મોક્ષમાર્ગમાં ક્યારે સહાયક થાય છે? જ્યારે જીવના બીજા જે શ્રદ્ધાગુણ છે, તેનાથી કામ લેવામાં આવે એટલે કે મિથ્યાદર્શન છોડીને સમ્યગ્દર્શન ઉત્પન્ન કરવામાં આવે. તે શું છે?

અનાદિકાળથી જીવની પરમાં એકત્વબુદ્ધિ છે, અહંકાર-મમકારભાવ છે, એટલે કે આ છે તે હું છું અને આ મારું છે અને પરમાં કર્તૃત્વ-ભોક્તૃત્વભાવ એટલે કે હું પરની પર્યાયને ફેરવી શકું છું અને હું પરપદાર્થને ભોગવી શકું છું. તેના નાશનું નામ સમ્યગ્દર્શન છે. તેનો નાશ ક્યારે થાય? તે ત્યારે નાશ પામે, જ્યારે તમને એ પરિજ્ઞાન

હોય કે દરેક પદાર્થ સ્વતંત્ર સત્ છે, અનાદિ-નિધન છે, સ્વસહાય છે. તેનું ભલું કે બુરું પરિણમન પૂરેપૂરું તેને આધીન છે.

જ્યાં સુદી સ્વતંત્ર સત્‌નું જ્ઞાન ન થાય, ત્યાં સુધી પરમાં એકત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વભાવ ન કોઈનો મટી શકે છે, ન મટ્યો છે; માટે પહેલા જ્ઞાનગુણ દ્વારા સત્‌નું જ્ઞાન કરવું પડે છે કેમકે તે જ્ઞાન સમ્યગ્દર્શનમાં કારણ પડે જ છે પણ વ્યાપ્તિ ત્યાંથી છે અહીંથી નથી, અર્થાત્ બધા જાણવાવાળાને સમ્યગ્દર્શન થાય જ, એમ નથી. પરંતુ જેને થાય છે, તેને સત્‌ના જ્ઞાનપૂર્વક જ થાય છે. તેનાથી ખબર પડે છે કે જ્ઞાનગુણ સ્વતંત્ર છે અને શ્રદ્ધાગુણ સ્વતંત્ર છે. દૃષ્ટાંત પણ મળે છે. અભવ્યસેન જેવા અગિયાર અંગના પાઠી, શ્રદ્ધા ન કરવાથી નરકમાં ચાલ્યા ગયા અને શ્રદ્ધા કરનારા અલ્પશ્રુતિ પણ મોક્ષમાર્ગી થઈ ગયા. માટે પંડિતાઈ બીજી ચીજ છે અને મોક્ષમાર્ગી બીજી ચીજ છે. મોક્ષમાર્ગી થયા વિના કોરા જ્ઞાનથી જીવનું રંચમાત્ર પણ ભલું નથી. પંડિતાઈની દૃષ્ટિ તો ભેદાત્મકજ્ઞાન, અભેદાત્મકજ્ઞાન અને ઉભયાત્મકજ્ઞાન છે, જે આપને કરાવી દીધું.

જેમકે જે શ્રદ્ધાગુણથી કામ ન લેતા માત્ર, જ્ઞાનથી જ કામ લે, તે માત્ર પંડિત રહી જાય છે અને મોક્ષમાર્ગી નથી બની શકતા; એ જ પ્રમાણે જો શ્રદ્ધાગુણથી કામ નહિ લઈને, પહેલા ચારિત્રથી કામ લેવા માંડે છે અને બાબાજી બનવાનો પ્રયત્ન કરે છે, તે માત્ર માનનું પોષણ કરે છે. મોક્ષમાર્ગ તેમાં ક્યાં! જ્યાં સુધી પરિણતિ, સ્વરૂપને ન પકડે ત્યાં સુધી લાખ સંયમ, ઉપવાસ કરે તેનાથી શું? શ્રી સમયસારજીમાં કહ્યું છે કે કોરી ક્રિયાઓને કરતા મરી પણ જાય તો શું? અરે! આ તો ભાન કરીને શુદ્ધ ભોજનની, પરપદાર્થની અને શુભ કે અશુભ શરીરની ક્રિયા તો આત્મા કરી શકતો જ નથી. એમાં ન તો પાપ છે, ન પુણ્ય છે, ન ધર્મ છે; એ તો સ્વતંત્ર બીજા દ્રવ્યની ક્રિયા છે. હવે રહી શુભવિકલ્પની વાત, તો તે આસ્રવતત્ત્વ છે, બંધ છે, પાપ છે. વિચાર! તું શું કરી રહ્યો છે અને શું થઈ રહ્યું છે? ભાઈ! જ્યાં સુધી પરિણતિ સ્વરૂપને ન ગ્રહે, આ તો પાખંડ છે, લુખ્ખો સંસાર છે, પશુવત્ ક્રિયા છે. છ ઢાળામાં રોજ તો વાંચે છે - 'મુનિવ્રતધાર અનંત બાર ગ્રૈવેયક ઉપજાયો' તે તો શુદ્ધવ્યવહારીની દશા કહી છે, અહીંયાં તો વ્યવહારની પણ ખબર નથી અને સમજે છે કે પોતે મોક્ષનો અધિકારી કે સમાજમાં મહાન ઊંચો છું.



મોક્ષમાર્ગમાં નિયમ છે કે વિકલ્પ (રાગ) સંસાર છે અને નિર્વિકલ્પ (વીતરાગતા) મોક્ષમાર્ગ છે. હવે તે રાગ કેમ મટે અને વીતરાગતા કેમ પ્રગટે? તેનો વિચાર કરવાનો છે. જુઓ, વિષય-કષાયનો રાગ તો સંસારનું કારણ છે જ, એમાં તો બે મત જ નથી. જેનો પિંડ (પીછો) હજી તેનાથી અલ્પ પણ છૂટ્યો નથી, તે તો કરશે જ શું? એવા અપાત્રોની તો અહીંયાં વાત જ નથી. અહીંયાં તો મુમુક્ષુનું પ્રકરણ છે. માટે તેને કહે છે કે ભાઈ! એ તો ઠીક છે કે વસ્તુ ભેદાભેદાત્મક જ છે પણ ભેદમાં એ ખરાબી છે કે તેનો અવિનાભાવી વિકલ્પ ઊઠે છે અને તે આસ્રવ-બંધતત્ત્વ છે; માટે તે ભેદને વિષય કરનારો વ્યવહારનય તારા માટે હિતકર નથી. અભેદને બતાવનાર જે શુદ્ધદ્રવ્યાર્થિકનય છે, તેનો વિષય વચનાતીત છે, વિકલ્પાતીત છે. પદાર્થનું જ્ઞાન કરીને સંતુષ્ટ થઈ જા; ભેદની પાછળ પડ્યો ન રહે. આ પણ વિષય-કષાયની જેમ એક બિમારી છે. તે તો માત્ર અભેદવસ્તુ પકડાવવાનું સાધન હતું, તે વસ્તુ તેં પકડી લીધી. હવે 'વ્યવહારથી આવો છે.' 'વ્યવહારથી આવો છે' અરે! એ રાગને છોડ અને પ્રયોજનભૂત કાર્યમાં લાગ. તે પ્રયોજનભૂત કાર્ય શું છે? સાંભળ! અમે તને શીખવાડતા આવ્યા છીએ કે દરેક સત્ સ્વતંત્ર

છે, તેના ચતુષ્ટય સ્વતંત્ર છે; માટે પરને પોતાના માનવા છોડી દે.

બીજું, જ્યારે વસ્તુના પરિણામ સ્વતંત્ર છે તો તું તેમાં શું કરીશ? જો તે તારી કરેલી પરિણમશે તો તેનો પરિણમનસ્વભાવ વ્યર્થ થઈ જશે અને જે શક્તિ જેમાં છે જ નહિ. તે બીજો દે પણ ક્યાંથી? માટે તેનું આવું પરિણમન કરાવી દઉં કે આ આમ પરિણમે તો ઠીક, આવી પરની કર્તૃત્વબુદ્ધિ છોડી દે.

ત્રીજું, જ્યારે એક દ્રવ્ય, બીજાને સ્પર્શી પણ શકતું નથી તો ભોગવે શું? માટે આ જે પરને ભોગવાનની ઈચ્છા છે, તેને છોડ. આ તો નાસ્તિનો ઉપદેશ છે, પણ આ કાર્યની સિદ્ધિ 'અસ્તિ'થી થશે અને તે એ પ્રકારે છે કે જેમ તને શીખવાડ્યું છે - તારા આત્મામાં બે સ્વભાવ છે - એક ત્રિકાળી સ્વભાવ-અવસ્થિત, બીજું પરિણામ-પર્યાયધર્મ. અજ્ઞાની જગત તો અનાદિથી પોતાને પર્યાયબુદ્ધિમાં દેખીને તેમાં રત છે. તું તો જ્ઞાની બનવા માગે છે; માટે પોતાને ત્રિકાળી સ્વભાવરૂપ સમજ! એવો જ પોતાને જોવાનો અભ્યાસ કર. આ તારો ઉપયોગ જે પરમાં ભટકી રહ્યો છે, પાણીની જેમ તેનું વહેણ પલટ. પર તરફ ન જવા દે, સ્વભાવ તરફ તેને વાળ. જ્યાં તારી પર્યાયે પરને બદલે પોતાના ઘરને પકડ્યું અને નિજ સમુદ્રમાં ભળી કે સ્વભાવપર્યાય પ્રગટ થઈ. બસ તેનો સ્વભાવપર્યાય પ્રગટવાનું નામ જ સમ્યગ્દર્શન છે. ત્રણ કાળ અને ત્રણ લોકમાં તેને પ્રાપ્ત કરવાનો બીજો કોઈ ઉપાય નથી. આ તે થવાથી તારું પૂર્વનું બધું જ્ઞાન સમ્યક્ થશે. જ્ઞાનનું વલણ (પ્રવાહ, જુકાવ, વલણ) પરથી રોકાઈને, સ્વમાં થવા લાગશે. આ બંને ગુણ, જે અનાદિથી સંસારનું બનેલા હતા, પછી મોક્ષમાર્ગનું કારણ થશે. જેમ જેમ તે પરથી છૂટીને સ્વઘરમાં આવતું રહેશે, તેમ તેમ ઉપયોગની



સ્થિરતા આત્મામાં થતી રહેશે. સ્વની સ્થિરતાનું નામ જ ચારિત્ર છે અને તે સ્થિરતા ક્રમશઃ પૂરી થઈને તું પોતાના સ્વરૂપમાં જઈ ભળીશ. (એટલ કે સિદ્ધ થઈ જઈશ).

**સદ્ગુરુદેવની જય! ૐ શાંતિ.**

## દૃષ્ટિ પરિજ્ઞાન, બીજા ભાગથી

આ ગ્રંથમાં ચાર દૃષ્ટિથી કામ લેવામાં આવ્યું છે, તે જાણવું પરમ આવશ્યક છે. નહિતર તમે ગ્રંથનું રહસ્ય નહિ સમજી શકો. AB બે વ્યવહાર દૃષ્ટિ C એક પ્રમાણદૃષ્ટિ D એક દ્રવ્યદૃષ્ટિ.

AB (૧) રામ સારો છોકરો છે. અહીં રામ વિશેષ્ય છે અને સારું એ તેનું વિશેષણ છે. જેના વિષે કાંઈક કહેવામાં આવે, તેને વિશેષ્ય કહે છે અને જે કહેવામાં આવે તેને વિશેષણ કહે છે. એ જ પ્રમાણે અહીંયાં 'સત્' વિશેષ્ય છે અને ચાર જોડકા, એટલે કે આઠ તેના વિશેષણ છે. સત્ સામાન્ય પણ છે અને સત્ વિશેષ પણ છે; માટે એમ કહેવું કે 'સત્' સામાન્ય છે, અહીં સત્ વિશેષ્ય છે અને સામાન્ય, તેનું વિશેષણ છે. આ વાક્યે સત્‌ના બે ખંડ કરી દીધા, એક સામાન્ય અને એક વિશેષ. તેમાં સામાન્ય ને કહ્યું. માટે જે વિશેષ્ય, વિશેષણરૂપથી કહે, તે ચોક્કસ સત્‌નો ભેદ કરે છે. જે ભેદ કરે તેને વ્યવહારનય કહે છે. ક્યો વ્યવહારનય કહેવાય છે? તો ઉત્તર આપે છે કે જે રૂપે કહ્યું એ જ તે નયનું નામ છે. તે સામાન્ય વ્યવહારનય છે.

(૨) પછી આપણી દૃષ્ટિ વિશેષ ઉપર ગઈ. અમે કહ્યું 'સત્ વિશેષ છે' અહીંયાં સત્ વિશેષ્ય છે અને વિશેષ તેનું વિશેષણ છે. આ વિશેષ નામવાળો વ્યવહારનય છે. જે રૂપે કહેવું હોય તે અસ્તિ, બીજું નાસ્તિ. અસ્તિ એટલ કે મુખ્ય; નાસ્તિ એટલે ગૌણ. તેનું વર્ણન શ્લોક ૭૫૬, ૭૫૭માં છે. સત્‌રૂપ દેખવું સામાન્ય,



જીવરૂપ દેખવું વિશેષ છે.

હવે, નિત્ય-અનિત્યને સમજાવે છે.

(૩) તમારી દૃષ્ટિ ત્રિકાળી સ્વભાવ ઉપર ગઈ. તમે કહ્યું કે 'સત્ નિત્ય છે'. અહીં સત્, વિશેષ્ય અને નિત્ય તેનું વિશેષણ છે. આ, સત્‌માં ભેદસૂચક નિત્યાત્મક વ્યવહારનય થયો. તેનું વર્ણન શ્લોક ૭૬૧માં છે.

(૪) પછી તમારી દૃષ્ટિ વસ્તુના પરિણમનસ્વભાવ ઉપર (પરિણામ ઉપર, પર્યાય ઉપર) ગઈ. આપે કહ્યું 'સત્ અનિત્ય છે.' અહીં સત્ વિશેષ્ય છે અને અનિત્ય તેનું વિશેષણ છે. તે અનિત્યનામક વ્યવહારનય છે. તેનું વર્ણન શ્લોક ૭૬૦માં છે.

હવે, તત્-અતત્‌નયને સમજાવે છે.

(૫) જ્યારે તમે વસ્તુને પરિણમન કરતી જોઈ, તો તમને દૃષ્ટિ થઈ કે અરે! આ તો તે જ છે, જેણે મનુષ્યગતિમાં પુણ્ય કમાણા હતા, તે જ સ્વર્ગમાં ફળ ભોગવી રહ્યા છે. તો તમે કહ્યું 'સત્ તત્ છે'. આ તત્ નામનો વ્યવહારનય છે. તેનું વર્ણન શ્લોક ૭૬૫માં છે.

(૬) પછી તમારી દૃષ્ટિ પરિણામ ઉપર ગઈ, આપે કહ્યું - અરે! એ તો મનુષ્ય હતો, આ દેવ છે, બીજો જ છે, તો આપે કહ્યું 'સત્ અતત્ છે.' તે અતત્ નામનો વ્યવહારનય છે, તેનું વર્ણન શ્લોક ૭૬૪માં છે.

હવે, એક-અનેકનું પરિજ્ઞાન કરાવે છે.

(૭) કોઈએ તમને પૂછ્યું કે સત્ એક છે કે અનેક? તો પહેલા તમારી દૃષ્ટિ એક ધર્મ ઉપર પહોંચી. તમે વિચાર્યું કે તેમાં પ્રદેશભેદ તો નથી, કેટલાય સત્ મળીને એક સત્ બન્યું જ નથી, તો આપે જલ્દી કહ્યું કે 'સત્ એક છે' તે એક નામનો વ્યવહારનય છે, તેનું

વર્ણન શ્લોક ૭૫૩માં છે.

(૮) પછી આપની દૃષ્ટિ અનેક ધર્મો ઉપર ગઈ. આપે વિચાર્યું કે અરે! દ્રવ્યનું લક્ષણ ભિન્ન છે, ગુણનું લક્ષણ ભિન્ન છે, પર્યાયનું લક્ષણ ભિન્ન છે, આ બધા અવયવોને લઈને તો સત્ છે, તો આપે કહ્યું 'સત્ અનેક છે.' તે અનેક નામનો વ્યવહારનય છે. તેનું વર્ણન શ્લોક ૭૫૨માં છે.

આ પ્રમાણે આ ગ્રંથમાં આઠ પ્રકારના વ્યવહારનયોનું પરિજ્ઞાન કરાવ્યું છે.

C હવે, તમને પ્રમાણદૃષ્ટિનું પરિજ્ઞાન કરાવે છે.

જ્યારે તમારી દૃષ્ટિ, સત્ એક એક ધર્મ ઉપર ભિન્ન-ભિન્ન રીતે ન પહોંચતા એક સાથે બેય ધર્મોને પકડે છે તો તમને સત્ બંને રૂપે દૃષ્ટિગત થાય છે. બેયને સંસ્કૃતમાં ઉભય કહે છે.

(૯) ઠીક ત્યારે બતાવો કે સત્ સામાન્ય છે કે વિશેષ? તો તમે કહેશો જે સામાન્ય સતૂરૂપ છે, તે તો વિશેષ જીવરૂપ છે; બીજું થોડું છે? સામાન્ય-વિશેષ જોકે બંને વિરોધી ધર્મો છે, પણ વસ્તુમાં વસ્તુમાં બેય ધર્મ પ્રત્યક્ષ દેખાય છે. એકબીજા સાથે પ્રેમથી રહે છે એમ કહો કે પરસ્પર સાપેક્ષતાથી કહો કે મિત્રતાથી કહો કે અવિરોધપૂર્વક કહો. માટે જે દૃષ્ટિ પરસ્પર બે વિરોધી ધર્મોને અવિરોધરૂપથી એક જ સમયે એક જ વસ્તુમાં કહે, તેને પ્રમાણદૃષ્ટિ કે ઉભયદૃષ્ટિ કહે છે. માટે સત્, સામાન્ય વિશેષાત્મક છે, તે અસ્તિ-નાસ્તિને બતાવનારી પ્રમાણદૃષ્ટિ છે, તેનું વર્ણન શ્લોક ૭૫૯માં છે.

(૧૦) ત્યારબાદ તમારી દૃષ્ટિ વસ્તુનો ત્રિકાળીસ્વભાવ અને પરિણમનસ્વભાવ-બેય સ્વભાવો ઉપર એક સાથે પહોંચી તો તમે કહેવા લાગ્યા કે નિત્ય પણ છે, અનિત્ય પણ છે; નિત્યાનિત્ય



છે - ઉભયરૂપ છે, તે પ્રમાણદૃષ્ટિ છે, તેનું વર્ણન શ્લોક ૭૬૩માં છે.

(૧૧) પછી પરિણમન કરતી વસ્તુમાં તમારી દૃષ્ટિ તત્-અતત્ધર્મ ઉપર ગઈ. તમને જોવામાં આવ્યું કે તેનો તે છે. તે જ તો નવું નવું છે - અન્ય-અન્ય છે; બીજું થોડું છે? તેને - તત્-અતત્ને બતાવનારી પ્રમાણદૃષ્ટિ કહે છે. તેનું વર્ણન શ્લોક ૭૬૭માં છે.

(૧૨) પછી તમારી દૃષ્ટિ વસ્તુના એક-અનેક ધર્મો ઉપર ગઈ - જ્યારે તમે પ્રદેશોથી જોવા લાગ્યા તો અખંડ એક દેખાવા લાગી, લક્ષણોથી જોતાં તો અનેક દેખાવા લાગ્યું તો જલ્દી તમે કહ્યું કે વસ્તુ એકાનેક છે - જે એક છે, તે જ અનેક છે. તેને કહે છે -એક-અનેકને બતાવનારી પ્રમાણદૃષ્ટિ. આ દૃષ્ટિનું વર્ણન શ્લોક ૭૫૫માં છે.

D હવે, તમને **અનુભયદૃષ્ટિનું** પરિજ્ઞાન કરાવે છે.

(૧૩) ઉપર તમે એમ જાણ્યું કે એક દૃષ્ટિથી વસ્તુ સામાન્યરૂપ છે; બીજી દૃષ્ટિથી વસ્તુ વિશેષરૂપ છે; ત્રીજી દૃષ્ટિથી વસ્તુ, સામાન્ય-વિશેષાત્મક છે. હવે, એક ચોથી દૃષ્ટિ, વસ્તુને જોવાની છે, તે દૃષ્ટિનું નામ છે **અનુભયદૃષ્ટિ.**

જરા શાંતિથી વિચાર કરો - વસ્તુમાં ન તો સામાન્ય છે, ન વિશેષ છે, એ તો જે છે તે છે - અખંડ છે. આ તો તમને વસ્તુનું પરિજ્ઞાન કરાવવાની એક રીત હતી. સામાન્યના પ્રદેશ ભિન્ન અને વિશેષના પ્રદેશ ભિન્ન છે શું? નહિ. આ દૃષ્ટિમાં આવીને વસ્તુ માત્ર અનુભવનો વિષય રહી જાય છે. શબ્દોમાં તમે કહી નથી શકતા કેમકે શબ્દમાં તો વિશેષણ-વિશેષ્યરૂપથી જ બોલવાનો નિયમ છે. આ નિયમ વિના કોઈ શબ્દ કહી નથી શકાતો. જે આપ કહેશો તે વિશેષણ-વિશેષરૂપ થશે; માટે તમને અનુભવમાં તો બરાબર

આવવા લાગ્યું કે વસ્તુ ન સામાન્યરૂપ છે, ન વિશેષરૂપ છે; તે તો અખંડ છે - જે છે, તે છે. અનુભય શબ્દનો અર્થ છે - બંને રૂપ નથી. માટે તેનું નામ **અનુભયદષ્ટિ** રાખ્યું. બેય રૂપ નથી એનો ભાવ એમ નથી કે કાંઈ છે જ નહિ, પણ એ છે બેયરૂપ, એટલે કે ભેદરૂપ નથી, પણ અખંડ છે. ભેદના નિષેધમાં અખંડતાનું સમર્થન નિહિત છે.

(ક) કેમકે તેને વિશેષણ-વિશેષ્યરૂપે શબ્દમાં કહી શકાતું નથી; માટે તેનું નામ રાખ્યું અનિર્વચનીયદષ્ટિ કે અવ્યક્તદષ્ટિ.

(ખ) કેમકે વસ્તુમાં કોઈ પ્રકારનો ભેદ થઈ શકતો નથી. ભેદને વ્યવહાર કહે છે, અભેદને નિશ્ચય કહે છે; માટે એ દષ્ટિનું નામ રાખ્યું નિશ્ચયદષ્ટિ.

(ગ) કેમકે તે ભેદનો નિષેધ કરે છે; માટે, તેનું નામ થયું - ભેદ નિષેધકદષ્ટિ અથવા વ્યવહાર નિષેધકદષ્ટિ.

(ઘ) શબ્દોમાં જે કાંઈ તમે બોલશો તેમાં વસ્તુના એક અંગનું નિરૂપણ થશે, બધાનું નહિ થાય.

જુઓ, આપે કહ્યું 'દ્રવ્ય' એ તો દ્રવ્યત્વગુણનો દ્યોતક છે, વસ્તુ તો અનંત ગુણનો પિંડ છે. પછી તમે કહ્યું 'વસ્તુ'. વસ્તુ તો વસ્તુત્વગુણની દ્યોતક છે, પણ વસ્તુમાં તો અનંત ગુણ છે. પછી આપે કહ્યું 'સત્' કે 'સત્ત્વ' એ અસ્તિત્વગુણની દ્યોતક છે. પછી આપે કહ્યું 'અનવ્ય' એ ત્રિકાળી સ્વભાવનું દ્યોતક છે, પર્યાય રહી જાય છે. આપ ક્યાંય સુધી કહેતા ગયા, જગતમાં એવો કોઈ શબ્દ નથી જે વસ્તુના પૂરા સ્વરૂપને એક શબ્દમાં કહી દે; માટે જે આપ કહેશો તે વિશેષણ-વિશેષ્યરૂપ-ભેદરૂપ થશે. જ્યારે તમે ભેદરૂપે બધી વસ્તુનું નિરૂપણ કર્યું હશે અને પછી આ દષ્ટિ તમારી સામે આવશે તો આપ જલ્દી કહેશો કે 'આમ નહિ' એનો અર્થ



છે, ભેદરૂપ નથી, પણ અખંડ છે. તેને સંસ્કૃતમાં 'न इति' કહે છે. સંધિ કરીને 'नेति' કહે છે. 'नेति'નો એવો અર્થ નથી કે કાંઈ નથી, પણ આ અર્થ છે કે ભેદરૂપ કાંઈ નથી, પણ અભેદ છે. શબ્દરૂપ કાંઈ નથી, પણ અનુભવગમ્ય છે; માટે તેનું નામ રાખ્યું 'न इति दृष्टि' કે 'नेतिदृष्टि'.

(ઘ) જૈનધર્મમાં ભેદને અશુદ્ધ પણ કહે છે અને અભેદને શુદ્ધ કહે છે; માટે તેનું નામ છે શુદ્ધદષ્ટિ.

(ચ) જૈનધર્મમાં અખંડને દ્રવ્ય કહે છે અને અખંડના એક અંશને પર્યાય કહે છે; માટે તેનું નામ છે દ્રવ્યદષ્ટિ. દ્રવ્ય શબ્દનો અર્થ અખંડદષ્ટિ.

(છ) ક્યારેક તેને વિશેષ સ્પષ્ટ કરવા માટે શુદ્ધ અને દ્રવ્ય બંને શબ્દ બેયને ભેગા કરીને બોલાય છે, ત્યારે તેનું નામ છે શુદ્ધદ્રવ્યદષ્ટિ કે શુદ્ધદ્રવ્યાર્થિકદષ્ટિ. શુદ્ધદષ્ટિ પણ આનું જ નામ છે, દ્રવ્યદષ્ટિ પણ તેનું જ નામ છે, શુદ્ધદ્રવ્યદષ્ટિ પણ તેનું જ નામ છે.

(જ) ભેદને જૈનધર્મમાં વિકલ્પ પણ કહે છે. વિકલ્પ નામ રાગ પણ છે. અહીં ભેદ અર્થ ઈષ્ટ છે. તેમાં ભેદ નથી; માટે તેનું નામ છે નિર્વિકલ્પદષ્ટિ કે વિકલ્પાતીતદષ્ટિ.

(ઝ) અભેદને સામાન્ય પણ કહે છે; માટે તેનું નામ થયું સામાન્યદષ્ટિ. આ દષ્ટિનું વર્ણન શ્લોક ૧૩માં છે. સત્‌માં સામાન્ય-વિશેષનો ભેદ નથી, તેનું વર્ણન તો ૭૫૮માં કર્યું છે.

(૧૪) સત્‌માં નિત્ય-અનિત્યનો ભેદ નથી, તેનું વર્ણન શ્લોક ૭૬૨માં કર્યું છે.

(૧૫) સત્‌માં તત્-અતત્‌નો ભેદ નથી, તેનું વર્ણન શ્લોક ૭૬૬માં કર્યું છે.

(૧૬) સત્‌માં એક-અનેકનો ભેદ નથી, તેનું વર્ણન શ્લોક

૭૫૪માં કર્યું છે.

આ પ્રમાણે ગ્રંથમાં ઉપરયુક્ત ૧૬ દષ્ટિથી કામ લીધું છે. બધાનું નિરૂપણ આ ૧૬ દષ્ટિઓને આધારે છે, જે મૂળ ગ્રંથમાં શ્લોક ૭૫૨ થી ૭૬૭ સુધી ૧૬ શ્લોક દ્વારા કહેવામાં આવ્યું છે. અમારી હાર્દિક ભાવના એ જ છે કે તમારું ભલું થાય, તમે જ્ઞાની બનો. એ અમે જાણીએ છીએ કે કોઈ કોઈને જ્ઞાની નથી બનાવી શકતું; ન અમારા ભાવમાં એવી એકત્વબુદ્ધિ છે, પણ આશીર્વાદરૂપથી એમ બોલવાની વ્યવહારપદ્ધતિ છે. જેના ઉપાદાનમાં સમજવાની યોગ્યતા હશે, તેને ગ્રંથ નિમિત્તરૂપ થશે.

**આવી અલૌકિક પરંતુ સુંદર વસ્તુસ્થિતિ સમજાવનારા શ્રી કહાનપ્રભુ સદ્‌ગુરુદેવનો જય. ૐ શાંતિ.**

## સપ્તભંગી વિજ્ઞાન*

એક પ્રમાણ સપ્તભંગી હોય છે, એક નય સપ્તભંગી હોય છે. જે બે દ્રવ્યો ઉપર લગાવામાં આવે છે, તે પ્રમાણ સપ્તભંગી કહેવાય છે. માટે શ્રી પંચાસ્તિકાયની ગાથા ૧૪માં તો પ્રમાણ સપ્તભંગીનું કથન છે 'જેમ એક દ્રવ્યનો બીજા દ્રવ્યમાં અભાવ' તે આ પ્રમાણે ચાલે છે. બીજી નય સપ્તભંગી છે, તે સામાન્ય-વિશેષ ઉપર ચાલે છે, જે શ્રી પ્રવચનસારની ગાથા ૧૧૫માં છે. તે આ પ્રમાણે ચાલે છે કે સામાન્યનો વિશેષમાં અભાવ, વિશેષનો સામાન્યમાં અભાવ. ચલાવવાની રીત બેયમાં એક પ્રકારની છે.

શ્રી પંચાસ્તિકાયમાં છ દ્રવ્યનો એક વિષય હતો; માટે ત્યાં

*આ લેખ ગ્રંથના શ્લોક નં.૨૮૭, ૨૮૮, ૩૩૫, ૪૯૯ નો મર્મ ખોલવા માટે લખવામાં આવ્યો છે. પ્રમાણ માટે જુઓ પંચાસ્તિકાય, ગાથા-૧૪ તથા શ્રી પ્રવચનસાર ગાથા-૧૧૫.



છ દ્રવ્યો પર લાગતી દ્રવ્ય સપ્તભંગીની આવશ્યકતા પડી અને શ્રી પ્રવચનસારમાં એક જ દ્રવ્યના સામાન્ય-વિશેષનો વિષય ચાલી રહ્યો હતો; માટે ત્યાં નય સપ્તભંગી બતાવી.

આ ગ્રંથમાં બધા વિષય સપ્તભંગીના છે કેમકે તે સંપૂર્ણ ગ્રંથ એક જ દ્રવ્ય પર જ લખવામાં આવ્યમ છે. બીજા દ્રવ્યને તે સ્પર્શતો પણ નથી. તે સપ્તભંગી અહીંયાં સામાન્ય-વિશેષના ચાર ચાર જોડકા ઉપર લાગશે. માટે સૌથી પહેલા એક નિત્ય-અનિત્ય જોડકું લગાવીને બતાવે છે. તેથી તમને સરળતાથી સમજણમાં આવી જશે.

જુઓ, દ્રવ્યમાં બે સ્વભાવ છે, એક એ છે કે પોતાના સ્વભાવને ત્રિકાળ એકરૂપ રાખે છે. બીજો એ કે તે દરેક સમયે પરિણમન કરીને નવા-નવા પરિણામ ઉત્પન્ન કરે છે. સ્વભાવ, ત્રિકાળ સ્થાયી છે; પરિણામ એક સમય સ્થાયી છે; માટે બંને ભિન્ન છે. હવે જેને તમારે કહેવો છે, તે મુખ્ય થઈ જાય છે. મુખ્યને 'સ્વ' કહે છે. બીજો ધર્મ ગૌણ થઈ જાય છે. ગૌણને 'પર' કહે છે. તે ધ્યાન રહે કે સ્વ કે પર કોઈ ખાસનું નામ નથી. જેના વિષે કહેવું હોય, તે જ સ્વ કહેવાય છે. હવે તમારે ત્રિકાળી સ્વભાવને કહેવો છે, તો ત્રિકાળી સ્વભાવનું નામ સ્વ થઈ જશે અને પરિણામનું નામ પર થઈ જશે તો તમે આ પ્રમાણે કહેશો —

(૧) વસ્તુ સ્વથી છે, એટલે કે ત્રિકાળી સ્વભાવની અપેક્ષાથી છે. આ દષ્ટિવાળાને આખી વસ્તુ એક સ્વભાવરૂપ દષ્ટિગત થશે -જીવરૂપ દેખાશે; મનુષ્ય, દેવરૂપ નહિ દેખાય. તે ધર્મ બિલકુલ ગૌણ થઈ જશે. એ પહેલો અસ્તિનય છે. અસ્તિ એટલે મુખ્ય - જેને કહેવાની તમે મુખ્યતા કરી છે.

(૨) તે જ સમયે વસ્તુ, પરરૂપથી નથી. એટલે કે પરિણામની અપેક્ષાથી નથી. આ દષ્ટિવાળાને વસ્તુ પર્યાયરૂપ-મનુષ્યરૂપ નથી

દેખાતી. તે ધર્મ બિલકુલ ગૌણ છે, ગૌણવાલાને નાસ્તિ કહે છે. એ બીજો નાસ્તિનય છે. તે જ્ઞાનીઓની જોવાની રીત છે.

હવે, અજ્ઞાની કેમ દેખે છે - તે બતાવે છે, તેને દ્રવ્યદૃષ્ટિનું તો જ્ઞાન જ નથી, તેમની માત્ર પર્યાયદૃષ્ટિ જ હોય છે. હવે તમે પણ જો આ દૃષ્ટિથી જોવા માગો છો તો પર્યાયને મુખ્ય કરો - સ્વભાવને ગૌણ કરો. પર્યાય સ્વ થઈ જશે, સ્વભાવ પર થઈ જશે. હવે કહો -

(૧) વસ્તુ, સ્વ છે તે - અસ્તિ, તેને આખો જીવ, મનુષ્યરૂપ દૃષ્ટિગત થશે.

(૨) વસ્તુ, પરથી નથી. સ્વભાવ અત્યંત ગૌણ છે. આ સપ્તભંગીનો પ્રયોગ તો જ્ઞાની જ જાણે છે. ઉપર અજ્ઞાનીનું તો દૃષ્ટાંતરૂપે લખ્યું છે. અજ્ઞાનીને તો એકત્વદૃષ્ટિ છે. સપ્તભંગીનો પ્રયોગ તો અનેકાંતદૃષ્ટિવાળા જ્ઞાની પ્રયોજનસિદ્ધિ માટે કરે છે.

(૩) હવે, બંને ધર્મોનું ક્રમશઃ જ્ઞાન કરાવવા માટે કહે છે કે વસ્તુ સ્વ (ત્રિકાળ સ્વભાવથી છે) અને પર (પરિણામ)થી નથી અથવા વસ્તુ સ્વ (પરિણામ)થી અને પર (ત્રિકાળી સ્વભાવ)થી નથી - તે અસ્તિ-નાસ્તિનો ત્રીજો ભંગ છે. તેનો લાભ એ છે કે વસ્તુના બંને પડખાનું ક્રમશઃ જ્ઞાન થઈ જાય છે.

(૪) હવે, આ બેય ધર્મો, વસ્તુમાં તો એક સમયમાં યુગપદ્ ભેગા છે અને તમે ક્રમથી કહો છો. હવે, તમને ઈચ્છા થઈ કે હું એક સાથે જ કહું તો તે ભાવને પ્રગટ કરવા માટે અવક્તવ્ય શબ્દ નિયુક્ત કરવામાં આવ્યો. અવક્તવ્ય કહેનારા અને સમજનારાને આ શબ્દથી એ ભાવ સ્પષ્ટ થઈ જાય છે કે તે બંને ભાવોને યુગપત કહી રહ્યા છે. એ ચોથો અવક્તવ્યભંગ છે. એક વાત અહીંયાં ખાસ સમજવાની છે કે અવક્તવ્ય બીજી છે અને દૃષ્ટિ પરિજ્ઞાનમાં



જે અનુભયદૃષ્ટિ બતાવી હતી તે જુદી ચીજ છે. અહીંયાં વસ્તુના બંને ધર્મોનું ભિન્ન-ભિન્ન સ્વીકારવું છે. કહેનારા બેયને એક સમયમાં કહેવા ઈચ્છે છે પણ શબ્દ નથી; માટે અવક્તવ્યનય નામ રાખ્યું. જ્યારે ત્યાં (અનુભયદૃષ્ટિમાં) સામાન્ય-વિશેષના ભેદ જ નથી. તેનું લક્ષણ એ છે કે ન તો તે સામાન્ય છે, ન વિશેષ છે. આ ભેદ જ જ્યાં નથી, તેની દૃષ્ટિમાં, વસ્તુમાં ભેદ કહેવો તે જ ભૂલ છે. જે છે તે છે. તેનો વિષય અનુભવગમ્ય છે; શબ્દમાં અનિર્વચનીય છે, અવક્તવ્ય છે પણ તે અખંડ વસ્તુની દ્યોતક છે.

નયભંગીમાં અવક્તવ્યનય, વસ્તુના એક અંશને કહેનારી છે. તે ભેદસહિત બંને ધર્મોને યુગપદ્ સ્વીકારે છે. તે બંને ધર્મોને જ વસ્તુમાં સ્વીકારતી નથી. એટલો તફાવત છે. તે દૃષ્ટિ શ્રી સમયસાર, ગાથા ૨૭૨માંથી કાઢી છે. ત્યાં તેનું લક્ષણ વ્યવહારપ્રતિષેધ લખ્યું છે. તે આધ્યાત્મિક વસ્તુ છે. તે દૃષ્ટિ શ્રી પંચાસ્તિકાય, ગાથા ૧૪ તથા શ્રી પ્રવચનસાર, ગાથા ૧૧૫માંથી કાઢી છે. તેનું લક્ષણ આ બંનેમાં એમ લખ્યું છે. '**स्यादस्त्यवक्तव्यमेव स्वरूपपररूपयौगपद्याभ्यां**' (૧) આ આગમની વસ્તુ છે, (૨) નિર્વિકલ્પ છે, તે સવિકલ્પ છે. (૩) તે અખંડની દ્યોતક છે, આ અંશની દ્યોતક છે. (૪) તે નયાતીત અવસ્થા છે, આ નયદૃષ્ટિ છે. આગમમાં ક્યાંય અનુભય શબ્દ કે અવક્તવ્ય શબ્દ કે અનિર્વચનીય શબ્દ કોના માટે આવ્યો છે? તે ગુરુગમથી ધ્યાન રાખવાની વાત છે. ભાવ પોતાના હૃદયમાં ઝળકવો જોઈએ, પછી તમે માર નહિ ખાઓ. બાવ ભાસિત થયા વિના તો આગમનું નિરૂપણ મોક્ષશાસ્ત્રમાં કહ્યું છે કે સત્ (સાચા) અને અસત્ (જૂઠા)ની વિશેષતા વિના, ગાંડાની જેમ ઈનચ્છાનુસાર બકે છે. તે ચોથો નય (ભંગ) પૂરો થયો. બાકીના ત્રણ તો તેના સંયોગરૂપ છે અને તેમાં કોઈ વિશિષ્ટ

વાત નથી.

(B) હવે તેના એક-અનેક જોડકાઓ ઉપર લગાવે છે. એક કે અનેક, જેને આપ કહેવા ઈચ્છો છો કે જે રૂપે વસ્તુને જોવા ઈચ્છો છો, તેનું નામ હશે સ્વ અને બીજાનું પર. માનો તમે એકરૂપે કહેવા માગો છો તો —

(૧) વસ્તુ, સ્વ (એકરૂપ)થી છે. તેમાં આખી વસ્તુ અખંડ દેખાશે.

(૨) અને તે વખતે વસ્તુ, પરરૂપથી (અનેકરૂપથી) નથી. તે ધર્મ બિલકુલ ગૌણ થઈ જશે. જો અનેકરૂપ જોવાની ઈચ્છા છે તો કહીએ—

(૧) વસ્તુ સ્વ (અનેક)રૂપે છે. આ દષ્ટિવાળાને દ્રવ્ય પોતાના લક્ષણથી ભિન્ન નજર આવશે, ગુણ પોતાના લક્ષણથી ભિન્ન નજર આવશે, પર્યાય પોતાના લક્ષણથી જુદી નજરમાં આવશે અને તે સમયે તે વસ્તુ-

(૨) પર (એકત્વ)થી નથી. વસ્તુના અખંડપણાનો લોપ થઈ જશે-ડૂબી જશે. જ્ઞાનીને એકત્વદષ્ટિની મુખ્યતા રહે છે. અજ્ઞાનીને જગતની સર્વથા અનેકત્વદષ્ટિ છે.

(૩) એક-અનેક બંનેને એક સાથે જોવા હોય તો કહો કે ‘સ્વથી છે, પરથી નથી.’ તે અસ્તિ-નાસ્તિ.

(૪) એક-અનેક બંનેરૂપ એક સાથે જોવા હોય તો કહેશે ‘વસ્તુ અવક્તવ્ય છે.’ બાકી ત્રણ ભંગ આ પ્રમાણે જાણી લેવા.

(C) હવે, તત્-અતત્ પર લગાવે છે. જ્યારે તમારે એમ જોવું હોય કે વસ્તુ તેની તે જ છે, તો તત્ ધર્મની મુખ્યતા થશે અને તેનું નામ ‘સ્વ’ હશે. હવે કહો -

(૧) વસ્તુ, સ્વ (તત્ ધર્મથી) છે. તેમાં આખી વસ્તુ તેની



તે દેખાશે.

(૨) વસ્તુ, પરથી નથી. તેમાં અતત્ધર્મ (નવી-નવી વસ્તુ) બિલકુલ ગૌણ થઈ જશે. જો તમારે અતત્ધર્મ જોવો છે તો અતત્ધર્મ સ્વ થઈ જશે. (૧) વસ્તુ સ્વ (અતત્) રૂપે છે. તેમાં સમય-સમયની વસ્તુ નવી નવી દેખાશે. (૨) વસ્તુ પરથી નથી. તેમાં વસ્તુ તેની તે છે, તે ધર્મ બિલકુલ ગૌણ થઈ જશે. (૩) ક્રમથી તેની તે જ અને નવી-નવી જોવી છે તો કહો અસ્તિ-નાસ્તિ. (૪) એક સમયમાં બેરૂપે જોવી છે તો અવક્તવ્ય. બાકી ત્રણ આ પ્રમાણે જાણી લેવી.

જ્ઞાનીઓને તત્ધર્મની મુખ્યતા રહે છે. અજ્ઞાની જગત તો દેખે છે કે અતત્ધર્મથી છે; તત્ ધર્મનું તેને જ્ઞાન જ નથી.

(D) હવે, સામાન્ય-વિશેષ પર લગાડે છે. તમારે સામાન્યરૂપે વસ્તુ જોવી છે તો સામાન્યધર્મ સ્વ થશે.

(૧) કહો - વસ્તુ સ્વથી છે. તેમાં આખી વસ્તુ સત્રૂપ જ દેખાશે, પછી કહો -

(૨) વસ્તુ, પરથી નથી. વિશેષરૂપથી બિલકુલ ગૌણ થઈ જશે - જીવરૂપ નહિ દેખાય. જો તમે વિશેષરૂપથી જોવા ઈચ્છો છો તો વિશેષને સ્વ બનાવી લ્યો. કહો (૧) વસ્તુ, સ્વથી છે તો તમને આખી વસ્તુ વિશેષરૂપ દેખાશે. -જીવરૂપ જ દષ્ટિગત થશે. (૨) વસ્તુ, પરથી નથી. સામાન્યપક્ષ તે જ સમયે બિલકુલ દેખાશે નહિ - સત્રૂપે નહિ દેખાય. (૩) બેય ધર્મોને ક્રમથી જોવા હોય તો અસ્તિ-નાસ્તિ. (૪) યુગપદ્ જોવા હોય તો અવક્તવ્ય. બાકીના ત્રણ તેને આ પ્રમાણે જાણી લેવા.

જ્ઞાની, સદાય વિશેષને ગૌણ કરીને સામાન્યથી જોવે છે. અજ્ઞાની સદાય વિશેષને જોવે છે, તે બિચારો સામાન્યને સમજતો

જ નથી. વિશેષની દષ્ટિ હલકી પડે તો સામાન્ય પકડમાં આવે - એવો ગ્રંથકારનો આશય ઉપર પ્રમાણે ચાર શ્લોકમાં નિહિત છે.

**અનેકાંતને જાણવાનો લાભ**

હવે, એ જોવાનું છે કે આ મદારીનો ખેલ છે કે આમાં કાંઈ સાર વાત પણ છે? ભાઈ! આને કહે છે 'સ્યાદ્વાદ-અનેકાંત' આ જ અમારા સિદ્ધાંતની દિવાલ છે. આપણા શિરતાજ શ્રી અમૃતચંદ્રસૂરિએ શ્રી પુરુષાર્થસિદ્ધિમાં આને જીવભૂત કે બીજભૂત કહ્યું છે. શ્રી સમયસારના પરિશિષ્ટમાં તેને નહિ જાણનારને સીધો પશુ શબ્દથી સંબોધિત કર્યો છે. જો આધ્યાત્મિક સંત આવા કડક શબ્દો ન કહેત, પરંતુ વધારે કરુણાબુદ્ધિથી શિષ્યને એ બતાવવા માટે કે જો આ ન સમજ્યો તો કાંઈ નથી સમજ્યો. એમ કહ્યું છે. શ્રી પ્રવચનસાર તથા શ્રી સમયસારના બીજા કળશમાં તેને મંગલાચરણમાં સ્મરણ કર્યું છે - તેનું કારણ શું છે? તેનું કારણ અમે તમને આ ગ્રંથની શરૂઆતના શ્લોક ૨૬૧, ૨૬૨, ૨૬૩માં કહી ચુક્યા છીએ કે વસ્તુ ઉપર્યુક્ત ચાર જોડકાથી ગુંથાયેલી છે અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એ પ્રમાણે ગુંથાયેલી છે. તે ચીજ જેમ છે તેવી રીતે તેનું જ્ઞાન થવું જોઈએ, નહિતર મિથ્યા થઈ જશે.

હવે, જુઓ તેના લાભ શું છે.

(૧) વસ્તુમાં નિત્યધર્મ છે, જેને કારણે વસ્તુ અવસ્થિત છે. આ ધર્મને જાણવાથી માલૂમ થાય છે કે દ્રવ્યરૂપે તો મોક્ષ, વસ્તુમાં વર્તમાનમાં વિદ્યમાન જ છે, તો પછી તેનો આશ્રય કરીને કેમ પ્રગટ ન કરવામાં આવે?

(B) અનિત્યધર્મથી જણાય છે કે પર્યાયમાં મિથ્યાત્વ છે, રાગ છે, દુઃખ છે. સાથે સાથે એમ પણ જણાય છે કે પરિણમનસ્વભાવ દ્વારા બદલીને તે સમ્યક્ત્વ, વીતરાગતા અને સુખરૂપ પરિવર્તિત



કરી શકાય છે, તો ભવ્ય જીવ, નિત્ય સ્વભાવનો આશ્રય કરીને, પર્યાયના દુઃખને સુખમાં બદલી નાખે છે.

(C) ધારોકે વસ્તુ એમ ખ્યાલમાં ન આવે - માત્ર એકાંત નિત્ય ખ્યાલમાં આવે તો પોતાને પણ બધું સર્વથા મુક્ત સમજીને નિશ્ચયાભાસી થઈ જશે અને પુરુષાર્થનો લોપ કરશે.

(D) માત્ર અનિત્ય વસ્તુ જ જણાય તો મૂળતત્ત્વ જ જતું રહે, આખી રમત બગડી ગઈ. પુરુષાર્થ કરનારો કર્તા જ ન રહ્યો. આ રીતે વસ્તુ અનેકાંતાત્મક છે, તે પ્રત્યક્ષ અનુભવમાં આવે છે.

(૨) એક જગ્યાએ દુઃખ થવાથી આખામાં દુઃખ થાય છે, તેનાથી તેની અભેદતા, અખંડતા, એકતા ખ્યાલમાં આવે છે.

(B) ચોથા ગુણસ્થાનમાં ક્ષાયિકસમ્યક્ત્વ થઈ જાય છે. ચારિત્રમાં પુરુષાર્થની નબળાઈને કારણે કૃષ્ણલેશ્યા ચાલે છે, તેનાથી વસ્તુની ભેદતા, અનેકતા, ખંડતાનું પરિજ્ઞાન પ્રત્યક્ષ થાય છે.

(૩) જે અહીંયાં પુણ્ય કરે છે, તે જ સ્વર્ગમાં સુખ ભોગવે છે; જે અહીંયાં પાપ કરે છે, તે જ નરકમાં દુઃખ ભોગવે છે; જે અહીંયાં શુદ્ધભાવ કરે છે, તે જ મોક્ષમાં નિરાકુળ સુખ પામે છે - તેનાથી તેને તત્ધર્મનું જ્ઞાન થાય છે.

(B) આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ કે છોકરો મરી જાય છે, ઘરવાળા રોવે છે; જેને ત્યાં તે જન્મે છે, તે જન્મોત્સવ મનાવે છે. આ પર્યાયદષ્ટિથી જણાય છે કે અહીંનો જીવ નાશ પામ્યો, ત્યાં નવો જન્મ્યો. આ પ્રત્યક્ષ અજ્ઞાની જગતની અતત્દૃષ્ટિ છે.

(૪) તમને શું એ અનુભવ નથી કે આપ સત્ છો? તેનાથી વસ્તુના સામાન્યધર્મનું પરિજ્ઞાન થાય છે.

(B) પણ તમે જીવ છો, પુદ્ગલ તો નથી, તેનાથી વસ્તુ વિશેષ પણ છે, તે ખ્યાલમાં છે. તે પ્રકારે વસ્તુ ચાર જોડકાથી

ગુંથાયેલી છે. તે સર્વ સાધારણ પ્રત્યક્ષ અનુભવમાં આવે છે. આ જે અમે અનેકાંતના લાભ લખ્યા છે. જોકે આ વિષય આ પુસ્તકમાં નથી, આમાં તો માત્ર વસ્તુનું અનેકાંતાત્મકતાનું પરિજ્ઞાન કરાવ્યું છે. અમે ચૂલિકારૂપથી તમારી અનેકાંતના મર્મને જાણવાની રુચિ થઈ જાય, એ ધ્યેયથી ટૂંકામાં લખ્યું છે. અનેકાંતનો વિષય ઘણો શુષ્ક છે; માટે લોકોને સમજવાની રુચિ નથી થતી અને વિવેચન પણ પંડિતાઈના ઢંગથી ઘણું કઠણ કરવામાં આવે છે, જે સમજાતું નથી. અમે તો સરળ દેશી ભાષામાં આપના હિતાર્થે લખ્યું છે.

**શ્રી સદ્‌ગુરુદેવનો જય. ૐ શાંતિ.**



# પ્રશ્નોત્તર

## અસ્તિ-નાસ્તિ યુગલ

**પ્રશ્ન-૭૨ :- વસ્તુની અનેકાંતાત્મક સ્થિતિ બતાવો?**

ઉત્તર :- દરેક વસ્તુ, સ્યાત્ અસ્તિ-નાસ્તિ; સ્યાત્ તત્-અતત્; સ્યાત્ નિત્ય-અનિત્ય; સ્યાત્ એક-અનેક; આ ચાર જોડકાથી ગુંથાયેલી છે. એનો અર્થ એ છે કે જે વસ્તુ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી અસ્તિરૂપ છે; તે જ વસ્તુ તે જ સમયે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી નાસ્તિરૂપ પણ છે અને તે જ વસ્તુ તે પ્રમાણે બીજા ચાર જોડકારૂપ પણ છે. એક દૃષ્ટિથી વસ્તુના ચતુષ્ટય ત્રિકાળ એકરૂપ છે; એક દૃષ્ટિથી વસ્તુના ચતુષ્ટય સમય સમયના ભિન્ન-ભિન્નરૂપ છે. (૨૬૨-૨૬૩)

**પ્રશ્ન-૭૩ :- 'અસ્તિ-નાસ્તિ' જોડકાના નામાંતર બતાવો? તેનું વર્ણન ક્યા ક્યાં આવ્યું છે?**

ઉત્તર :- અસ્તિ-નાસ્તિ જોડકાને સત્-અસત્ યુગલ પણ કહે છે, મહાસત્તા-અવાંતરસત્તા યુગલ પણ કહે છે, સામાન્ય-વિશેષ યુગલ પણ કહે છે, ભેદાભેદ યુગલ પણ કહે છે. તેનું વર્ણન શરૂઆતમાં શ્લોક ૧૫ થી ૨૨ સુધી, મધ્યમાં ૨૬૪ થી ૩૦૮ સુધી, છેલ્લે ૭૫૬ થી ૭૫૯ સુધી આવ્યું છે.

**પ્રશ્ન-૭૪ :- મહાસત્તાના નામાંતર બતાવો?**

ઉત્તર :- મહાસત્તા, સામાન્ય, વિધિ, નિરંશ, સ્વ, શુદ્ધ, પ્રતિષેધક, નિરપેક્ષ, અસ્તિ, વ્યાપક.

**પ્રશ્ન-૭૫ :- અવાંતરસત્તાના નામાંતર જણાવો?**

ઉત્તર :- અવાંતરસત્તા, વિશેષ, પ્રતિષેધ, સાંશ, પર, અશુદ્ધ, પ્રતિષેધ્ય, સાપેક્ષ, નાસ્તિ, વ્યાપ્ય.

**પ્રશ્ન-૭૬ :- દ્રવ્યથી અસ્તિ-નાસ્તિ જણાવો?**

ઉત્તર :- વસ્તુ, સ્વભાવથી જ સામાન્ય-વિશેષાત્મક બનેલી છે. તેને સામાન્યરૂપે એટલે કે માત્ર સત્રૂપે જોવી, મહાસત્તા અને દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રુવ વગેરે કોઈ ભેદરૂપથી જોવી તે અવાંતરસત્તા છે. પ્રદેશ, બંનેના એક જ છે. સ્વરૂપ બંનેનું એક જ છે, જે દૃષ્ટિથી દેખે છે, તેને અસ્તિ અથવા મુખ્ય કહે છે. અને જે દૃષ્ટિથી નથી દેખતા તેને નાસ્તિ અથવા ગૌણ કહે છે. જે વસ્તુ, સત્રૂપ છે એ જ તો જીવરૂપ છે.

(૨૬૪થી ૨૬૮ સુધી)

**પ્રશ્ન-૭૭ :- ક્ષેત્રથી અસ્તિ-નાસ્તિ બતાવો?**

ઉત્તર :- વસ્તુ, સ્વભાવથી દેશ-દેશાંશરૂપ બનેલી છે. પ્રદેશ તે જ છે, સ્વરૂપ તે જ છે. દેશદૃષ્ટિથી જોવું તે તો સામાન્યદૃષ્ટિ છે. તેનાથી વસ્તુઓમાં ભેદ નથી થતો. દેશાંશદૃષ્ટિથી જોવું તે વિશેષદૃષ્ટિ છે. જે દૃષ્ટિથી દેખવું હોય, તે ક્ષેત્રથી અસ્તિ, બીજી નાસ્તિ. જે વસ્તુ દેશમાત્ર છે, તે તો વિશેષ દેશરૂપ છે; જેમકે જે દેશરૂપ છે, તે જ તો અસંખ્યાત્ પ્રદેશી આત્મા છે.

(૨૭૦ થી ૨૭૨ સુધી)

**પ્રશ્ન-૭૮ :- કાળથી અસ્તિ-નાસ્તિ બતાવો?**

ઉત્તર :- વસ્તુ, સ્વભાવથી જ કાળ-કાળાંશરૂપ બનેલી છે.



પ્રદેશ એ જ છે, સ્વરૂપ એ જ છે. કાળથી જોવું તે સામાન્યદૃષ્ટિ, કાળાંશદૃષ્ટિથી જોવું તે વિશેષદૃષ્ટિ. જે દૃષ્ટિથી જોવે તે કાળથી અસ્તિ અને જેનાથી ન જોવું કાળથી નાસ્તિ. જે વસ્તુ સામાન્યપરિણમનરૂપ છે, તે તો વિશેષપરિણમનરૂપ છે; જેમ કે આત્મામાં પર્યાય, તે સામાન્યકાળ; મનુષ્યપર્યાય, તે વિશેષકાળ.

(૨૭૪ થી ૨૭૭ સુધી, ૭૫૬, ૭૫૭)

**પ્રશ્ન-૭૯ :- ભાવથી અસ્તિ-નાસ્તિ જણાવો?**

ઉત્તર :- વસ્તુ, સ્વભાવથી જ ભાવ-ભાવાંશરૂપ બનેલી છે. પ્રદેશ એ જ છે; સ્વરૂપ એ જ છે. ભાવની દૃષ્ટિથી જોવે તો સામાન્યદૃષ્ટિ છે, ભાવાંશની દૃષ્ટિથી જોવું તે વિશેષદૃષ્ટિ છે. જે દૃષ્ટિથી જુઓ, તે ભાવથી અસ્તિ-બીજી નાસ્તિ. જે વસ્તુ, ભાવસામાન્યરૂપ છે, તે જ તો ભાવવિશેષ (જ્ઞાનગુણ) રૂપ છે.

(૨૭૯ થી ૨૮૨ સુધી)

**પ્રશ્ન-૮૦ :- ઉપરયુક્ત ચારેયનો સાર શું છે?**

ઉત્તર :- વસ્તુ, સત્ સામાન્યની દૃષ્ટિથી દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી દરેક પ્રકારે નિરંશ છે અને તે જ વસ્તુ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ અંશોમાં વિભાજીત થઈ જાય છે; માટે સાંશ છે. વસ્તુ બેયરૂપ છે. તે આખી જે રૂપે જોવી હોય, તેને મુખ્ય અથવા અસ્તિ કહે છે; બીજાને ગૌણ કે નાસ્તિ કહે છે.

(૨૮૪ થી ૨૮૬)

**પ્રશ્ન-૮૧ :- અસ્તિ-નાસ્તિનો ઉભયભંગ બતાવો?**

ઉત્તર :- જે સ્વ (સામાન્ય કે વિશેષ જેની વિવક્ષા હોય)થી અસ્તિ છે, તે પર (સામાન્ય કે વિશેષ જેની વિવક્ષા ન હોય)થી નાસ્તિ છે, તથા તે જ નિર્વચનીય છે. આ ઉભયભંગ કે પ્રમાણદૃષ્ટિ છે. (૨૮૬ થી ૩૦૮ સુધી તથા ૭૫૯)

**પ્રશ્ન-૮૨ :- અસ્તિ-નાસ્તિના અનુભયભંગ બતાવો?**

ઉત્તર :- વસ્તુ ક્યા સ્વરૂપે છે અને ક્યા સ્વરૂપે નથી, તે ભેદ જ જ્યાં નથી, પણ વસ્તુની અનિર્વચનીય-અવક્તવ્ય-નિર્વિકલ્પ (અખંડ) દૃષ્ટિ છે, તે અનુભયનય કે શુદ્ધ (અખંડ) દ્રવ્યાર્થિકનયનો પક્ષ છે. (૭૫૮)

**પ્રશ્ન-૮૩ :- પર્યાયાર્થિકનયના નામાંતર જણાવો?**

ઉત્તર :- પર્યાયદૃષ્ટિ, વ્યવહારદૃષ્ટિ, વિશેષદૃષ્ટિ, ભેદદૃષ્ટિ, ખંડદૃષ્ટિ, અંશદૃષ્ટિ, અશુદ્ધદૃષ્ટિ, મ્લેચ્છદૃષ્ટિ.

**પ્રશ્ન-૮૪ :- ઉભયદૃષ્ટિના નામાંતર જણાવો?**

ઉત્તર :- પ્રમાણદૃષ્ટિ, ઉભયદૃષ્ટિ, અવિરુદ્ધદૃષ્ટિ, મૈત્રીભાવદૃષ્ટિ, સાપેક્ષદૃષ્ટિ.

**પ્રશ્ન-૮૫ :- અનુભયદૃષ્ટિના નામાંતર જણાવો?**

ઉત્તર :- અનુભયદૃષ્ટિ, અનિર્વચનીયદૃષ્ટિ, અવક્તવ્યદૃષ્ટિ, નિશ્ચયદૃષ્ટિ, ભેદનિષેધકદૃષ્ટિ, વ્યવહારનિષેધકદૃષ્ટિ, નેતિદૃષ્ટિ, શુદ્ધદૃષ્ટિ, દ્રવ્યદૃષ્ટિ કે દ્રવ્યાર્થિકદૃષ્ટિ, શુદ્ધદ્રવ્યદૃષ્ટિ, નિર્વિકલ્પદૃષ્ટિ, વિકલ્પાતીતદૃષ્ટિ, સામાન્યદૃષ્ટિ, અભેદદૃષ્ટિ, અખંડદૃષ્ટિ.

**તત્-અતત્ યુગલ**

**પ્રશ્ન-૮૬ :- તત્-અતત્માં કઈ વાતનો વિચાર કરવામાં આવે છે?**

ઉત્તર :- નિત્ય-અનિત્ય અધિકારમાં દર્શાવેલા પરિણમન સ્વભાવને કારણે વસ્તુમાં જે સમય સમયના પરિણામ ઉત્પન્ન થાય છે, તે પરિણામ સદૃશ છે કે વિસદૃશ છે કે સદૃશવિસદૃશ છે - તેનો વિચાર તત્-અતત્માં કરવામાં આવે છે. (૩૧૨)

**પ્રશ્ન-૮૭ :- તત્ કોને કહે છે?**

ઉત્તર :- પરિણમન કરતી વસ્તુ, તેની તે જ છે; બીજી નથી



- તેને તત્ભાવ કહે છે. (૩૧૦, ૭૬૪)

**પ્રશ્ન-૮૮ :- અતત્ કોને કહે છે?**

ઉત્તર :- પરિણમન કરતી વસ્તુ સમયે સમયે નવી નવી ઉત્પન્ન થઈ રહી છે; તેની તે નથી, તેને અતત્ભાવ કહે છે. એ દૃષ્ટિથી દરેક સમયનું સત્ જ ભિન્ન-ભિન્નરૂપ છે. (૩૧૦, ૭૬૫)

**પ્રશ્ન-૮૯ :- તત્-અતત્ યુગલનું બીજું નામ શું છે?**

ઉત્તર :- તત્-અતત્ને ભાવ-અભાવ યુગલ પણ કહે છે. સદૃશ-વિસદૃશ યુગલ પણ કહે છે. સત્-અસત્ યુગલ પણ કહે છે.

**પ્રશ્ન-૯૦ :- તત્ધર્મનો શું લાભ છે?**

ઉત્તર :- તેનાથી તત્ત્વની સિદ્ધિ થાય છે. (૩૧૪, ૩૩૧)

**પ્રશ્ન-૯૧ :- અતત્ધર્મનો શું લાભ છે?**

ઉત્તર :- તેનાથી ક્રિયા, ફળ, કારક, સાધન, સાધ્ય, કારણ, કાર્ય વગેરે ભાવોની સિદ્ધિ થાય છે. (૩૧૪, ૩૩૧)

**પ્રશ્ન-૯૨ :- તત્-અતત્ યુગલ પર નય-પ્રમાણ લગાવીને બતાવો?**

ઉત્તર :- વસ્તુ, એક સમયમાં તત્-અતત્ બંને ભાવોથી ગુંથાયેલી છે.

(૧) આખી વસ્તુને તેની તે છે, તે દૃષ્ટિથી જોવી તે તત્દૃષ્ટિ છે.

(૨) આખી વસ્તુને સમયે સમયે નવી નવી ઉત્પન્ન થઈ રહી છે, એ દૃષ્ટિએ જોવું અતત્દૃષ્ટિ છે.

(૩) જે તેની તે છે, તે જ નવી નવી ઉત્પન્ન થઈ રહી છે; આ પ્રમાણે બંને ધર્મોથી પરસ્પર સાપેક્ષ જોવું, ઉભયદૃષ્ટિ કે પ્રમાણદૃષ્ટિ છે, તથા

(૪) બંને રૂપ ન દેખવી, એટલે કે તેની તે છે - ન તો

નવી નવી છે, પણ અખંડ છે; તે પ્રમાણે જોવી અનુભયદૃષ્ટિ કે શુદ્ધદ્રવ્યાર્થિકદૃષ્ટિ છે. (૩૩૩, ૩૩૪, ૭૩૪ થી ૭૩૭)

**નિત્ય-અનિત્ય યુગલ**

**પ્રશ્ન-૯૩ :- નિત્ય-અનિત્ય યુગલનું રહસ્ય બતાવો?**

ઉત્તર :- વસ્તુ, જેમ સ્વભાવથી સ્વતઃસિદ્ધ છે, તેમ તે સ્વભાવથી પરિણમનશીલ પણ છે. સ્વતઃસિદ્ધસ્વભાવને કારણે તેમાં નિત્યપણું (વસ્તુપણું) છે અને પરિણમનસ્વભાવને કારણે તેમાં અનિત્યપણું (પર્યાયપણું-અવસ્થાપણું) છે. બંને સ્વભાવ, વસ્તુમાં એક સમયમાં છે. (૩૩૮)

**પ્રશ્ન-૯૪ :- બંને સ્વભાવને એક સમયમાં એક જ પદાર્થમાં જોવાનું દૃષ્ટાંત બતાવો?**

ઉત્તર :- (૧) જીવ અને તેમાં થનારી મનુષ્યપર્યાય.

(૨) દીપક અને તેમાં થનારો પ્રકાશ.

(૩) પાણી અને તેમાં થનાર કલ્લોલ.

(૪) માટી અને તેમાંથી થવાવાળો ઘડો. જગતના દરેક પદાર્થ આ જ સ્વરૂપે છે. (૪૧૧, ૪૧૨, ૪૧૩)

**પ્રશ્ન-૯૫ :- નિત્ય કોને કહે છે?**

ઉત્તર :- પર્યાય ઉપર દૃષ્ટિ ન દેતા, જ્યારે દ્રવ્યદૃષ્ટિથી માત્ર અવિનાશી-ત્રિકાળી સ્વભાવને જોવામાં આવે છે તો વસ્તુ નિત્ય (અવસ્થિત) પ્રતીત થાય છે. (૩૩૯, ૭૬૧)

**પ્રશ્ન-૯૬ :- નિત્યસ્વભાવની સિદ્ધિ કઈ રીતે થાય છે?**

ઉત્તર :- 'આ તે જ છે' આવા પ્રત્યભિજ્ઞાનથી તેની સિદ્ધિ થાય છે. (૪૧૪)

**પ્રશ્ન-૯૭ :- અનિત્ય કોને કહે છે?**

ઉત્તર :- ત્રિકાળી સ્વતઃસિદ્ધસ્વભાવ ઉપર દૃષ્ટિ નહિ દઈને,



જ્યારે પર્યાયથી માત્ર ક્ષણિક અવસ્થા જોવામાં આવે છે, તો વસ્તુ અનિત્ય (અવસ્થિત) પ્રતીત છે. (૩૪૦, ૭૬૦)

**પ્રશ્ન-૯૮ :- અનિત્યની સિદ્ધિ કઈ રીતે થાય છે?**

ઉત્તર :- 'આ તે નથી' એ અનુભૂતિથી તેની સિદ્ધિ થાય છે. (૪૧૪)

**પ્રશ્ન-૯૯ :- ઉભય કોને કહે છે?**

ઉત્તર :- જ્યારે એક સાથે સ્વતઃસિદ્ધસ્વભાવ અને તેના પરિણામ, બંને ઉપર દૃષ્ટિ હોય છે, તો વસ્તુ ઉભયરૂપ દેખાય છે - તે પ્રમાણદૃષ્ટિ છે. જેમ કે જે જીવ છે, તે જ તો મનુષ્ય છે; જે માટી છે તે જ તો ઘડો છે; જે દીપક છે એ જ તો પ્રકાશ છે; જે પાણી છે એ જ તો કલ્લોલ છે. (૪૧૫, ૭૬૩)

**પ્રશ્ન-૧૦૦ :- અનુભય કોને કહે છે?**

ઉત્તર :- વસ્તુ ન તો નિત્ય છે ન અનિત્ય છે; અખંડ છે અને અખંડનો વાચક શબ્દ કોઈ છે જ નહિ. જે કહેશો તે વિશેષણ-વિશેષ્યરૂપ થઈ જશે અને તે ભેદરૂપ થશે; માટે અખંડદૃષ્ટિથી અનુભય છે. તેને શુદ્ધ (અખંડ) દ્રવ્યાર્થિકદૃષ્ટિ પણ કહે છે. (૪૧૫, ૭૬૨)

**પ્રશ્ન-૧૦૧ :- પૂર્વોક્ત પ્રશ્ન 'નિત્ય કોને કહે છે' ના ઉત્તરમાં જે દ્રવ્યદૃષ્ટિ કહી છે, તેમાં અને અનુભયના ઉત્તરમાં જે શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ છે, એ બંનેમાં શું તફાવત છે?**

ઉત્તર :- તે પર્યાય(અંશ)ને ગૌણ કરીને ત્રિકાળી સ્વભાવ અંશની દ્યોતક છે, તેને દ્રવ્યદૃષ્ટિ કે નિત્ય પર્યાયદૃષ્ટિ પણ કહે છે અને અહીંયાં બંને અંશોના અખંડ પિંડને નિત્ય-અનિત્યનો ભેદ ન કરતા, અખંડનું ગ્રહણ કરે તે શુદ્ધદ્રવ્યદૃષ્ટિ છે. અહીં શુદ્ધ શબ્દ અખંડના

અર્થમાં છે. (૭૬૧, ૭૬૨)

**પ્રશ્ન-૧૦૨ :- શુદ્ધદ્રવ્યદૃષ્ટિ અને પ્રમાણમાં શું તફાવત છે? કેમકે તે પણ આખી વસ્તુને ગ્રહણ કરે છે અને પ્રમાણ પણ આખી વસ્તુને ગ્રહણ કરે છે?**

ઉત્તર :- પ્રમાણદૃષ્ટિમાં નિત્ય-અનિત્ય બંને પડખાના જોડકાનું જ્ઞાન કરવામાં આવે છે. જેમકે જે નિત્ય છે, તે જ અનિત્ય છે. આમાં વસ્તુ ઉભયરૂપ છે અને તેમાં વસ્તુ, અનુભવગોચર છે; શબ્દથી અગોચર છે, અનિર્વચનીય છે. તેમાં નિત્ય-અનિત્યનો ભેદ નથી, તેમાં વસ્તુ અખંડ, એકરૂપ અખંડ છે. (૭૬૨, ૭૬૩)

**પ્રશ્ન-૧૦૩ :- વ્યસ્ત-સમસ્ત કોને કહે છે?**

ઉત્તર :- ભિન્ન-ભિન્નને વ્યસ્ત કહે છે, અભિન્નને સમસ્ત કહે છે. સ્વભાવદૃષ્ટિથી સમસ્તરૂપ છે કેમકે સ્વભાવનો કદી ભેદ નથી થતો, જેમકે - જીવ. અવસ્થાદૃષ્ટિથી વ્યસ્તરૂપ છે કેમકે સમય સમયનું પરિણામ એટલે કે અવસ્થા પ્રત્યક્ષ ભિન્ન-ભિન્નરૂપ છે, જેમ કે - મનુષ્ય, દેવ. (૪૧૬)

**પ્રશ્ન-૧૦૪ :- ક્રમવર્તી-અક્રમવર્તી કોને કહે છે?**

ઉત્તર :- સ્વભાવદૃષ્ટિને અક્રમવર્તી કહે છે કેમકે તે સદા એકરૂપ છે, જેમ કે જીવ. પરિણામ-અવસ્થા-પર્યાયદૃષ્ટિને ક્રમવર્તી કહે છે કેમકે અનાદિથી અનંતકાળ સુધી ક્રમબદ્ધપરિણમન કરવું તે પણ વસ્તુનો સ્વભાવ છે, જેમ કે - મનુષ્ય, દેવ. (૪૧૭)

**પ્રશ્ન-૧૦૫ :- પરિણામના નામાંતર બતાવો?**

ઉત્તર :- પરિણામ, પર્યાય, અવસ્થા, દશા, પરિણમન, વિક્રિયા, કાર્ય, ક્રમ, પરિણતિ, ભાવ.

**પ્રશ્ન-૧૦૬ :- સર્વથા નિત્યપક્ષમાં શું હાનિ છે?**

ઉત્તર :- સત્‌ને સર્વથા નિત્ય માનવાથી વિક્રિયા (પરિણતિ)નો અભાવ થઈ જશે અને તેના અભાવમાં તત્ત્વ, ક્રિયા, ફળ, કારક, કારણ, કાર્ય કાંઈ પણ નહિ રહે. (૪૨૩)



**પ્રશ્ન-૧૦૭ :- તત્ત્વ કયા પ્રકારે નહિ થાય?**

ઉત્તર :- પરિણામ, સત્‌ની અવસ્થા છે અને તેનો તમે અભાવ માનો છો તો પરિણામના અભાવમાં પરિણામીનો અભાવ સ્વયંસિદ્ધ છે. વ્યતિરેકના અભાવમાં અન્વય પોતાની રક્ષા નથી કરી શકતું; આ પ્રકારે તત્ત્વનો અભાવ થઈ જશે. (૪૨૪)

**પ્રશ્ન-૧૦૮ :- ક્રિયા, ફળ વગેરે કયા પ્રકારે નહિ થાય?**

ઉત્તર :- તમે તો વસ્તુને કૂટસ્થ/નિત્ય માનો છો. ક્રિયા, ફળ, કાર્ય વગેરે તો બધા પર્યાયમાં થાય છે. પર્યાયની તમે નાસ્તિ માનો છે; માટે તે પણ નથી થતા.

**પ્રશ્ન-૧૦૯ :- તત્ત્વ અને ક્રિયા બંને કેમ નથી થતા?**

ઉત્તર :- મોક્ષનું સાધન જે સમ્યગ્દર્શન આદિ શુદ્ધભાવ છે, તે પરિણામ છે અને તેનું ફળ જે મોક્ષ છે, તે પણ નિરાકુળ સુખરૂપ પરિણામ છે. તે બંને સાધન અને સાધ્યરૂપ ભાવ છે, પરિણામ છે. પરિણામ તમે માનતા નથી; આ રીતે તો ક્રિયાનો અભાવ થયો અને તે બંને ભાવોનો કર્તા-સાધક આત્મદ્રવ્ય છે, તે વિશેષ વિના સામાન્યમાં રહેવાથી બનતો નથી; એ રીતે તત્ત્વનો પણ અભાવ થાય છે, એટલે કે કર્તા-કર્મ શું કોઈ પણ કારક નથી બનતા. (૪૨૬)

**પ્રશ્ન-૧૧૦ :- સર્વથા અનિત્યપક્ષમાં શું હાનિ છે?**

ઉત્તર :- (૧) સત્‌ને સર્વથા અનિત્ય માનનારાને સત્‌નો પહેલા જ નાશ થઈ જશે, પછી પ્રમાણ અને પ્રમાણનું ફળ નહિ બને. (૪૨૯)

(૨) જે સમયે તે સત્‌ને અનિત્ય સિદ્ધ કરવા માટે અનુમાન

પ્રયોગમાં આ પ્રતિજ્ઞા બોલશે કે 'જે સત્ છે તે અનિત્ય છે' એમ કહેવું તે તો સ્વયં પોતાને પકડવાનું કારણ થઈ જશે કેમકે સત્ તો છે જ નહિ તો પછી 'જે સત્ છે તે' આ શબ્દ કેવો? (૪૩૦)

(૩) સત્‌ને નહિ માનનારા, તેનો અભાવ કઈ રીતે સિદ્ધ કરશે. (૪૩૧)

(૪) સત્‌ને નિત્ય સિદ્ધ કરવામાં જે પ્રત્યભિજ્ઞાન પ્રમાણ છે, તે ક્ષણિકએકાંતનું બાધક છે. (૪૩૨)

(૫) સામાન્ય (અન્વય)ના અભાવમાં વિશેષ (વ્યતિરેક) તો ગધેડાના શીંગડા સમાન છે. વસ્તુના અભાવમાં પરિણમન કોનું?

**એક-અનેક યુગલ**

**પ્રશ્ન-૧૧૧ :- સત્ એક છે, તેમાં શું યુક્તિ છે?**

**ઉત્તર :-** દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી ગુણ-પર્યાય કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ અંશોના અભિન્નપ્રદેશી હોવાથી, સત્ એક છે, એટલે કે કેમકે તે નિરંશ દેશ છે; માટે અખંડ સામાન્યની અપેક્ષાએ સત્ એક છે. (૪૩૬, ૪૩૭)

**પ્રશ્ન-૧૧૨ :- દ્રવ્યથી સત્ એક કઈ રીતે છે?**

**ઉત્તર :-** કેમકે તે ગુણ-પર્યાયોનો એક તન્મય પિંડ છે; માટે એક છે. એમ નથી કે તેનો કોઈ ભાગ ગુણરૂપ છે અને કોઈ ભાગ પર્યાયરૂપ છે, એટલે કે ગોરસની જેમ, અંધ સ્વર્ણપાષાણની જેમ, છાયા આદર્શની જેમ અનેકહેતુક એક નથી, પણ સ્વતઃસિદ્ધ એક છે. (૪૩૮ થી ૪૪૮, ૭૫૩)

**પ્રશ્ન-૧૧૩ :- ક્ષેત્રથી સત્ એક કઈ રીતે છે?**

**ઉત્તર :-** જે સમયે જે દ્રવ્યના એક દેશમાં જેટલા, જેમ,



જે સત્ સ્થિત છે, તે જ સમયે તે દ્રવ્યના બધા દેશોમાં પણ તેટલા તે જ અને તેવા જ સમુદિત સ્થિત છે. એક અખંડ ક્ષેત્રમાં દીપકના પ્રકાશની જેમ ક્યારેય હાનિ-વૃદ્ધિ નથી થતી. (૪૫૩, ૭૫૩)

**પ્રશ્ન-૧૧૪ :- કાળથી સત્ એક કઈ રીતે છે?**

**ઉત્તર :-** એક સમયમાં રહેનારું જે, જેટલા અને જે પ્રકારે સંપૂર્ણ સત્ છે - તે જ તેટલા અને તે જ પ્રકારે સંપૂર્ણ સત્ સમુદિત બધા સમયમાં પણ છે. કાળ અનુસાર શરીરની હાનિ-વૃદ્ધિની જેમ, સત્‌માં કાળની અપેક્ષાથી હાનિ-વૃદ્ધિ નથી થતી. તે સદા અખંડ છે. (૪૭૩, ૭૫૩)

**પ્રશ્ન-૧૧૫ :- ભાવથી સત્ એક કઈ રીતે છે?**

**ઉત્તર :-** સત્, બધા ગુણોમાં તાદાત્મ્ય એક પિંડ છે. ગુણો સિવાય એમાં બીજું કાંઈ નથી. કોઈ એક ગુણની અપેક્ષાથી જેટલું સત્ છે, દરેક ગુણની અપેક્ષાએ પણ તે તેટલું જ છે અને સમસ્ત ગુણોની અપેક્ષાએ પણ તે તેટલું જ છે, તે ભાવથી એકત્વ છે. સ્કંધમાં પરમાણુઓની હાનિ-વૃદ્ધિની જેમ, સત્‌ના ગુણોમાં કદી હાનિ-વૃદ્ધિ નથી થતી. (૪૮૧ થી ૪૮૫ સુધી, ૭૫૩)

**પ્રશ્ન-૧૧૬ :- સત્‌ના અનેક હોવામાં શું યુક્તિ છે?**

**ઉત્તર :-** વ્યતિરેક વિના અન્વયપક્ષ નથી રહી શકતો, એટલે કે અવયવોના અભાવમાં અવયવીનો પણ અભાવ ઠરે છે; માટે અવયવોની અપેક્ષાથી સત્ અનેક પણ છે. (૪૯૪)

**પ્રશ્ન-૧૧૭ :- દ્રવ્યથી સત્ અનેક કઈ રીતે છે?**

**ઉત્તર :-** ગુણ પોતાના લક્ષણથી છે, પર્યાય પોતાના લક્ષણથી છે. દરેક અવયવ પોતપોતાના લક્ષણથી (પ્રદેશથી નહિ) ભિન્ન ભિન્ન છે; માટે સત્ દ્રવ્યથી અનેક છે. (૪૯૫, ૭૫૨)

**પ્રશ્ન-૧૧૮ :- ક્ષેત્રથી સત્ અનેક કઈ રીતે છે?**

ઉત્તર :- દરેક દેશાંશનું સત્ જુદું જુદું છે, તે અપેક્ષાએ ક્ષેત્રથી અનેક પણ છે. પ્રતીતિ અનુસાર અનેક છે; સર્વથા નથી. (૪૯૬, ૭૫૨)

**પ્રશ્ન-૧૧૯ :- કાળથી સત્ અનેક કઈ રીતે છે?**

ઉત્તર :- પર્યાયદષ્ટિથી દરેક કાળ (પર્યાય)નું સત્ ભિન્ન ભિન્ન છે; આ પ્રમાણે સત્ કાળની અપેક્ષાએ અનેક છે. (૪૯૭, ૭૫૨)

**પ્રશ્ન-૧૨૦ :- ભાવની અપેક્ષાથી સત્ અનેક કઈ રીતે છે?**

ઉત્તર :- દરેક ભાવ(ગુણ) પોતપોતાના લક્ષણથી (પ્રદેશથી નહિ) જુદા જુદા છે; આ પ્રકારે સત્ ભાવની અપેક્ષાએ અનેક છે. (૪૯૮, ૭૫૨)

**પ્રશ્ન-૧૨૧ :- એક-અનેક ઉપર ઉભયનય લગાવો?**

ઉત્તર :- જે સત્ ગુણ પર્યાયાદિ અંશોથી વિભાજિત અનેક છે, તે જ સત્, અનંશી હોવાથી અભેદ્ય એક છે, તે ઉભયનય કે પ્રમાણપક્ષ છે. (૭૫૪)

**પ્રશ્ન-૧૨૨ :- એક-અનેક પર અનુભયનય લગાવો?**

ઉત્તર :- અખંડ હોવાથી જેમાં દ્રવ્ય-ગુણ-પર્યાયની કલ્પના જ નથી. જે કોઈ કલ્પનાથી પ્રગટ નથી કરી શકાતું તે શુદ્ધદ્રવ્યાર્થિકનય કે અનુભયપક્ષ છે. (૭૫૪)

## નિરપેક્ષ-સાપેક્ષ વિચાર

**પ્રશ્ન-૧૨૩ :- નિરપેક્ષથી શું સમજો છો?**

ઉત્તર :- અસ્તિ-નાસ્તિ, તત્-અતત્, નિત્ય-અનિત્ય, એક-



અનેક, ચારેય યુગલો ભિન્ન ભિન્ન સર્વથા પૃથક્ માનવામાં આવે, તો મિથ્યા છે અને ચારેય જો પરસ્પરના મૈત્રીભાવથી સમ્મિલિત માનીને મુખ્ય-ગૌણની વિધિથી પ્રયોગ કરવામાં આવે તો સમ્યક્ છે.

**પ્રશ્ન-૧૨૪ :- પરસ્પર સાપેક્ષતાનું કે મુખ્ય-ગૌણનું રહસ્ય શું છે?**

ઉત્તર :- પરસ્પર સાપેક્ષતાનું રહસ્ય એ છે કે તમે વસ્તુને જે ધર્મથી જોવા માંગો છો તે આખી વસ્તુ તમને તે રૂપે દષ્ટિગત થશે; એમ નથી કે તેનો કોઈ ભાગ તો તમને એક ધર્મરૂપ નજરમાં આવે અને બીજો ભાગ બીજા રૂપે; જેમ કે નિત્યાનિત્યાત્મક વસ્તુમાં નિત્ય-અનિત્ય બંને ધર્મ આ પ્રમાણે પરસ્પર સાપેક્ષ છે કે ત્રિકાળી સ્વભાવની દષ્ટિથી વસ્તુને જુઓ તો આખી સ્વભાવરૂપ; અને પરિણામની દષ્ટિથી વસ્તુને જુઓ તો આખી પરિણામરૂપ દેખાશે. હવે તમે પોતાને ગમે તે રીતે જુઓ જ્ઞાની પોતાને સદાય નિત્ય અવસ્થિત સ્વભાવની દષ્ટિથી દેખે છે; અજ્ઞાની જગત પોતાને સદા પરિણામદષ્ટિથી દેખે છે કેમકે તેમાં બંને ધર્મો રહે છે; માટે જે રૂપે દેખવા ચાહો તે જ રૂપે દેખાવા લાગે છે - તેને જ મુખ્ય-ગૌણ કહે છે. નિરપેક્ષ માનનારાને વસ્તુ સર્વથા એકરૂપ નજરમાં આવશે. એ જ વાત બીજા ચાર યુગલમાં પણ છે.

**પ્રશ્ન-૧૨૫ :- સર્વથા નિરપેક્ષપણાનો નિષેધ ક્યાં ક્યાં કર્યો છે?**

ઉત્તર :- (૧) સામાન્ય અને વિશેષ, બંનેના નિરપેક્ષપણાનો નિષેધ, શ્લોક ૧૬ થી ૧૯ સુધી અને ૨૮૯ થી ૩૦૮ સુધી કર્યો છે.

(૨) તત્-અતત્નો સર્વથા નિરપેક્ષનો નિષેધ, શ્લોક ૩૩૨માં

કર્યો છે.

(૩) સર્વથા નિત્યનો નિષેધ, શ્લોક ૪૨૩ થી ૪૨૮ સુધી અને સર્વથા અનિત્યનો નિષેધ, શ્લોક ૪૨૯ થી ૪૩૨ સુધી કર્યો છે.

(૪) સર્વથા એકનો નિષેધ, શ્લોક ૫૦૧માં અને સર્વથા અનેકનો નિષેધ, શ્લોક ૫૦૨માં કર્યો છે.

**પ્રશ્ન-૧૨૬ :- પરસ્પર સાપેક્ષતાનું સમર્થન ક્યાં ક્યાં કર્યું છે?**

**ઉત્તર :-** (૧) સામાન્ય-વિશેષની સાપેક્ષતા, શ્લોક ૧૫, ૧૭, ૨૦, ૨૧, ૨૨ અને ૨૮૯ થી ૩૦૮ સુધી છે.

(૨) તત્-અતત્‌ની સાપેક્ષતા, શ્લોક ૩૩૨ થી ૩૩૪માં બતાવી છે.

(૩) નિત્ય-અનિત્યની સાપેક્ષતા, શ્લોક ૪૩૩માં કહી છે.

(૪) એક-અનેકની સાપેક્ષતા, શ્લોક ૫૦૦માં કહી છે.

**પ્રશ્ન-૧૨૭ :- નિરપેક્ષના નામાંતર બતાવો?**

**ઉત્તર :-** નિરપેક્ષ, નિરંકુશ, સ્વતંત્ર, સર્વથા, ભિન્ન ભિન્ન પ્રદેશ.

**પ્રશ્ન-૧૨૮ :- સાપેક્ષના નામાંતર બતાવો?**

**ઉત્તર :-** સાપેક્ષ, પરસ્પર મિત્ર : પ્રેમ, કથંચિત્, સ્યાત/ કોઈ અપેક્ષાએ, બંનેના અભિન્ન પ્રદેશ, અવિરુદ્ધપણે મૈત્રીભાવ, સપ્રતિપક્ષ.

**પ્રશ્ન-૧૨૯ :- મુખ્યના નામાંતર બતાવો?**

**ઉત્તર :-** વિવક્ષિત, ઉન્મગ્ન, અર્પિત, મુખ્ય, અનુલોમ, ઉન્મજ્જત, અસ્તિ, જે દષ્ટિએ જોવું હોય અપેક્ષા, સ્વ.

**પ્રશ્ન-૧૩૦ :- ગૌણના નામાંતર બતાવો?**

**ઉત્તર :-** અવિવક્ષિત, અવમગ્ન, અનર્પિત, ગૌણ, પ્રતિલોમ, નિમજ્જત, નાસ્તિ, જે દષ્ટિથી ન જોવું હોય, ઉપેક્ષા, પર.



**શેષવિધિ વિચાર**

**પ્રશ્ન-૧૩૧ :- 'શેષવિધિ પૂર્વવત્ જાણી લેવી' તેમાં શું રહસ્ય છે?**

**ઉત્તર :-**અસ્તિ-નાસ્તિ, તત્-અતત્, નિત્ય-અનિત્ય, એક-અનેક, ચારેય યુગલ પોતપોતાના રૂપે અસ્તિ અને નાસ્તિ (જેની મુખ્યતા હોય, તે અસ્તિ; બીજો નાસ્તિ) રૂપ તો છે જ (એક એક નયદષ્ટિ) પણ, તે ઉભય (પ્રમાણદષ્ટિ) અને અનુભય (શુદ્ધ અખંડ દ્રવ્યાર્થિકદષ્ટિ) રૂપે પણ છે, આ વાત પણ દષ્ટિમાં ચોક્કસ રહે અને તેનું વિસ્મરણ ન થાય આ જ તેનું રહસ્ય છે.

**પ્રશ્ન-૧૩૨ :- 'શેષવિધિ પૂર્વવત્ જાણી લેવી' - આ કથન ક્યાં ક્યાં છે?**

**ઉત્તર :-** અસ્તિ-નાસ્તિનું શ્લોક ૨૮૭, ૨૮૮માં; તત્-અતત્‌નું શ્લોક ૩૩૫માં; નિત્ય-અનિત્યનું શ્લોક ૪૧૪ થી ૪૧૭માં; એક-અનેકનું શ્લોક ૪૯૯માં કર્યું છે. (તેનો પરસ્પર અભ્યાસ કરવાથી અનેકાંતની બધી વિધિ લગાવવાનું પરિજ્ઞાન થઈ જાય છે.

## દૃષ્ટિ પરિજ્ઞાન, ત્રીજા ભાગથી

પહેલાં પુસ્તકમાં ત્રણ દષ્ટિથી કામ લેવામાં આવ્યું હતું. અખંડને બતાવનારી દ્રવ્યદષ્ટિ; તેના એક એક ગુણ, પર્યાય વગેરે અંશોને બતાવનારી પર્યાયદષ્ટિ; ખંડ-અખંડ ઉભયરૂપ બતાવનારી પ્રમાણદષ્ટિ.

બીજા પુસ્તકમાં ચાર દષ્ટિથી કામ લેવામાં આવ્યું છે. વસ્તુ ચાર યુગલોથી ગુંથાયેલી છે. તે યુગલોના એક એક ધર્મને બતાવનારી, એક એક પર્યાયદષ્ટિ; બેયને ભેગી બતાવનારી, પ્રમાણદષ્ટિ; તથા અભેદ-અખંડ બતાવનારી; અનુભયદષ્ટિ કે શુદ્ધદષ્ટિ.

હવે, આ ત્રીજા પુસ્તકમાં બીજા પ્રકારની દષ્ટિથી કામ લેવામાં આવ્યું છે. પહેલી વ્યવહારદષ્ટિ, બીજી નિશ્ચયદષ્ટિ, ત્રીજી પ્રમાણદષ્ટિ, ચોથી નયાતીત/આત્માનુભૂતિદશા. તેની શુદ્ધિ માટે નયભાસોનું પણ પરિણાન કરાવ્યું છે. હવે, તેના પર ટૂંકમાં કંઈક પ્રકાશ કરે છે.

(૧) સૌથી પહેલાં એ સમજવાની જરૂર છે કે જૈનધર્મ, એક દ્રવ્યનો બીજા દ્રવ્ય સાથે કોઈ સંબંધ માનતો નથી. તેમાં કોઈ પ્રકારનો સંબંધ બતાવવો તે નયાભાસ છે, ચાહે તે કર્તાસંબંધી હોય કે ભોક્તાસંબંધી હોય કે કોઈ બીજા પ્રકારે હોય. એટલી વાત બહુ સારી રીતે નિશ્ચિત હોવી જોઈએ, ત્યારે ગાડી આગળ ચાલશે.

(૨) ત્યારબાદ એ જાણવાની જરૂર છે કે વિભાવસહિત એક અખંડ ધર્મીનું પરિજ્ઞાન કરવું છે. ભેદ વિના જાણવાનું બીજું કોઈ સાધન નથી; માટે તે દ્રવ્યના ચતુષ્ટયમાં બે અંશ છે - એક વિભાવઅંશ, શેષ સ્વભાવઅંશ. વિભાવઅંશ, ક્ષણિક છે, મેલ છે,



આગંતુકભાવ છે, બહાર નીકળી જનારી ચીજ છે; તેનું નામ અસદ્‌ભૂત છે એટલે કે જે દ્રવ્યનો મૂળ પદાર્થ નથી, તેને દર્શાવનારી દૃષ્ટિ અસદ્‌ભૂતવ્યવહારનય છે. આ નય, વિભાવને તે દ્રવ્યનો બતાવે છે અને અસદ્‌ભુત બતાવે છે. આ નય માત્ર જીવ-પુદ્‌ગલમાં જ લાગે છે કેમકે વિભાવ આ બેમાં જ થાય છે. તે વિભાવ એક બુદ્ધિપૂર્વક/વ્યક્ત-પોતાના જ્ઞાનમાં પકડાય એવો; બીજા અવ્યક્ત/પોતાને ન પકડાય એવો. પક્કડમાં આવનારાને ઉપચરિત અસદ્‌ભુત કહે છે. ઉપચરિતનો અર્થ જ પક્કડમાં આવનાર અને અસદ્‌ભૂતનો અર્થ વિભાવ; અને પક્કડમાં નહિ આવનાર, અનુપચરિત અસદ્‌ભુત. આ નયના પરિજ્ઞાનથી જીવને મૂળ વાતનું અને મેલનું જુદું જુદું પરિજ્ઞાન થાય છે અને તે સ્વભાવનો આશ્રય કરીને મેલને કાઢી શકે છે.

પછી જે વધ્યો તેને સદ્‌ભુત કહે છે. તેમાં પર્યાયને ઉપચરિત સદ્‌ભૂત અને ગુણને અનુપચરિત સદ્‌ભૂત કહે છે. કેમકે પર્યાય સદાય પરથી ઉપચરિત કરાય છે અને ગુણ, પરથી ઉપચરિત નથી હોતા; માટે અનુપચરિત. તે નય, છ દ્રવ્યો ઉપર લાગે છે. જેમકે જ્ઞાન, સ્વ-પરને જાણે છે, તે તો જીવમાં સદ્‌ભુત ઉપચરિત; પુદ્‌ગલમાં લીલા-પીળા વગેરે ઉપચરિત; ધર્મદ્રવ્યમાં, જેજીવ-પુદ્‌ગલને ચાલવામાં મદદ કરે - તે સ્પષ્ટ પરથી ઉપચરિત કરાયો છે; અધર્મમાં જે જીવ-પુદ્‌ગલને સ્થિર થવામાં મદદ કરે; આકાશમાં, જે બધાને જગ્યા દે; અને કાળમાં જે બધાને પરિણમાવે-આ બધા ઉપચરિત સદ્‌ભૂત વ્યવહારનયના કથન છે. હવે, પર્યાયદષ્ટિને ગૌણ કરીને દ્રવ્ય અને ગુણના ભેદ કરીને કહેવું તે અનુપચરિત છે; જેમકે આત્માનો જ્ઞાનગુણ; પુદ્‌ગલનો સ્પર્શ, રસ, ગંધ, વર્ણગુણ; ધર્મનો ગતિહેતુત્વગુણ; અધર્મનો સ્થિતિહેતુત્વગુણ; આકાશનો

અવગાહત્વગુણ; કાળનો પરિણમનહેતુત્વગુણ. આ ગુણોને દ્રવ્યના અનુજીવીગુણ કહેવા. સ્વતઃસિદ્ધ પોતાને કારણે રહેનારા, તે અનુપચરિત સદ્‌ભૂત વ્યવહારનય છે. અનુપચરિત એટલે કે પરથી બિલકુલ ઉપચાર નહિ કરાયેલા, પણ સ્વથી ઉપચાર કરેલા છે.

હવે, એક દૃષ્ટિ હજી સમજવાની છે. તે એ છે કે બીજો ધર્મી તો બીજો જ છે. તેની તો વાત જ શું? વિભાવ ક્ષણિક છે, નીકળી જાય છે; તે કોઈ મૂળવસ્તુ જ નથી; માટે તેની પણ શું વાત કરવી? હવે દ્રવ્યમાં માત્ર પૂર્ણ સ્વભાવપર્યાય અને ગુણ બચે છે કેમકે એકદેશ સ્વભાવપર્યાય પણ, સાથે વિબાવના અસ્તિત્વને કારણે હતી; જ્યારે વિભાવ નીકળી ગયો તો એકદેશ સ્વભાવપર્યાયને કોઈ અવકાશ ન રહ્યો. પૂર્ણ શુદ્ધપર્યાય, દ્રવ્યનું સોળ આના નિરપેક્ષ સ્વતઃસિદ્ધ ગુણ પરિણમન છે. ગુણોનો સ્વભાવ જ નિત્યાનિત્યાત્મક છે. જ્યાં સુધી પર્યાયમાં વિભાવ હતો, ત્યાં સુધી ગુણ અને પર્યાનો સ્વભાવ, ભેદ દેખાડવો પ્રયોજનવાન હતો. હવે પર્યાયને ગુણથી ભિન્ન કહેવાનું કોઈ પ્રયોજન ન રહ્યું. તે ગુણમાં સમાવિષ્ટ થઈ જાશે. જે આચાર્યોએ માત્ર ગુણસમુદાય, દ્રવ્ય કહ્યું છે, તે આ જ દૃષ્ટિની મુખ્યતાથી કહ્યું છે. હવે તે દ્રવ્યને અસદ્‌ભુતનયથી કાંઈ પ્રયોજન ન રહ્યું અને પર્યાય ભિન્ન નહિ રહેવાથી ઉપચરિત સદ્‌ભુતથી પણ પ્રયોજન ન રહ્યું. અનુપચરિત સદ્‌ભુત તો ઉપચરિતની સરખામણીમાં હતું. જ્યારે ઉપચરિત ન રહ્યું તો અનુપચરિત પણ વ્યર્થ થઈ ગયું. તેના માટે આચાર્યોએ કહ્યું કે હવે દ્રવ્યનો ભેદ કરવાની બીજી રીત છે અને આ નયોની પણ હવે જરૂર નથી. હવે તો બીજા પ્રકારે જ ભેદ થશે, તે પ્રકાર છે ગુણભેદ. જેટલા ગુણનો તે અખંડ પિંડ છે, બસ માત્ર તેટલા જ ભેદ હશે અને બીજા કોઈ ભેદ નહિ થાય અને નથી થઈ શકતા. એક એક ગુણને બતાવનાર, એક



એક નય. જે ગુણનું નામ તે જ નયનું નામ; જેમ કે જ્ઞાનગુણને બતાવનારી જ્ઞાનનય. જ્યાં સુધી ગુણગુણીનો ભેદ છે, ત્યાં સુધી વ્યવહારનય છે. તે બધો વ્યવહારનયનો વિસ્તાર છે, પરિવાર છે. તે બધા કાલ્પનિક ભેદ, માત્ર સમજાવવાની દૃષ્ટિથી કર્યા છે. જે અભેદમાં ભેદ કરે તે બધો વ્યવહાર છે.

હવે, નિશ્ચયનયને સમજાવે છે. નિશ્ચયનો વિષય, પરવસ્તુરહિત, વિભાવરહિત, એકદેશ સ્વભાવપર્યાયરહિત, પૂર્ણ સ્વભાવપર્યાયને ગુણોમાં સમાવિષ્ટ કરીને, ગુણભેદને દ્રવ્યમાં સમાવિષ્ટ કરીને, અખંડ વસ્તુ છે. વસ્તુનો એવો કાંઈક નિયમ છે કે પૂર્ણ અખંડ દ્રવ્યનો દ્યોતક કોઈ શબ્દ જ જગતમાં નથી. જે કહેશો તે એક ગુણભેદનો દ્યોતક હશે, જેમકે - સત્ અસ્તિત્વગુણનો દ્યોતક છે; વસ્તુ-વસ્તુત્વગુણનો, જીવ-જીવત્વગુણનો; દ્રવ્ય-દ્રવ્યત્વગુણનો; માટે લાચાર થઈને અભેદને માટે આપે એમ જ કહેવું પડશે કે ભેદરૂપ નથી, એટલે કે 'નેતિ' - શબ્દથી તે આશય પ્રગટ કરવામાં આવશે. એનો અર્થ થશે ભેદરૂપ નથી; અભેદરૂપ છે. તે જીવને દરેક સમયે એમ દેખાડે છે, જેવો સિદ્ધમાં છે. પુદ્‌ગલને દરેક સમયે એક શુદ્ધ પરમાણુ. ધર્માદિક તો શુદ્ધ જ છે.

હવે, પ્રમાણદૃષ્ટિ સમજાવે છે. તે કહે છે કે, જે ભેદરૂપ છે, તે જ તો અભેદરૂપ છે; જે નિત્ય છે, તે જ તો અનિત્ય છે - વગેરે રૂપે બંને વિરોધી ધર્મોને એકધર્મીમાં અવિરોધપૂર્વક સ્થાપિત કરે છે.

ઉપર્યુક્ત ત્રણે દૃષ્ટિનું જ્ઞાન થવાથી, વસ્તુનું પરિજ્ઞાન દરેક પડખેથી થઈ જાય છે. વસ્તુ સ્વતંત્ર, પરથી નિરપેક્ષ ખ્યાલમાં આવી જાય છે. અહીં સુધી બધું જ્ઞાનનું કાર્ય છે. આનાથી આગળ હવે નયાતીતદશાને સમજાવે છે. જે કોઈ જીવ, ઉપર બતાવેલી બધી

વિકલ્પજાળને જાણીને, વસ્તુના પરિજ્ઞાનથી સંતુષ્ટ થઈ જાય છે અને પોતાને મૂળભૂત શુદ્ધ જીવાસ્તિકાયરૂપ જાણીને, તેનું શ્રદ્ધાન કરે છે; ઉપયોગ જે અનાદિકાળથી પરની એકત્વબુદ્ધિ, પરકર્તૃત્વ, પરભોક્તૃત્વમાં અટકેલો છે, તેને ત્યાંથી ખસેડીને પોતાના સામાન્યસ્વરૂપ બાજુ વાળે છે, અને બધા પ્રકારના નય-પ્રમાણ-નિક્ષેપોની વિકલ્પજાળથી ખસીને સામાન્ય તત્ત્વમાં લીન થતો થકો, અતીન્દ્રિય સુખને ભોગવે છે. તે પુરુષ, નયાતીતદશાને પામે છે. તેને આત્માનુભૂતિ, સમયસાર, આત્મખ્યાતિ, આત્મદર્શન, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર વગેરે અનેક નામોથી કહ્યું છે. તેનું ફળ, કર્મકલંકથી રહિત પૂર્ણ શુદ્ધ આત્માની પ્રાપ્તિ છે.

## પ્રશ્નોત્તર

**પ્રશ્ન-૧૩૩ :- નય કોને કહે છે?**

ઉત્તર :- નિત્ય-અનિત્ય વગેરે વિરુદ્ધ બે ધર્મસ્વરૂપ દ્રવ્યમાં કોઈ એક ધર્મનો વાચક નય છે - જેમ સત્, નિત્ય છે; કે સત્, અનિત્ય છે અથવા અનંત ધર્માત્મક વસ્તુને દેખીને, તેના એક-એક ધર્મનું નામ રાખવું તે નય છે - જેમ કે જ્ઞાન-દર્શન વગેરે. (૫૦૪, ૫૧૩)

**પ્રશ્ન-૧૩૪ :- નયના ઔપચારિકભેદ, લક્ષણસહિત બતાવો?**

ઉત્તર :- (૧) દ્રવ્યનય, (૨) ભાવનય. પૌદ્‌ગલિક શબ્દોને દ્રવ્યનય કહે છે, તેને અનુસાર પ્રવૃત્તિ કરનારા વિકલ્પસહિત જીવના શ્રુતજ્ઞાનાંશને ભાવનય કહે છે. (૫૦૫)

**પ્રશ્ન-૧૩૫ :- નય શું કરે છે?**

ઉત્તર :- વસ્તુને અનંત ધર્મોનું ભિન્ન-ભિન્ન જ્ઞાન કરાવીને,



વસ્તુને અનંત ધર્માત્મક સિદ્ધ કરે છે તથા તેનો અનુભવ કરે છે. (૫૧૫)

**પ્રશ્ન-૧૩૬ :- નયોના મૂળભેદ કેટલા છે?**

ઉત્તર :- બે (૧) દ્રવ્યાર્થિકનય કે નિશ્ચયનય, (૨) પર્યાયાર્થિકનય કે વ્યવહારનય. (૫૧૭)

**પ્રશ્ન-૧૩૭ :- દ્રવ્યાર્થિકનય કોને કહે છે અને તે કેટલા છે?**

ઉત્તર :- માત્ર અખંડ સત્ જ જેનો વિષય છે, તે દ્રવ્યાર્થિક છે; તે એક જ હોય છે; તેમાં ભેદ નથી. (૫૧૮)

**પ્રશ્ન-૧૩૮ :- પર્યાયાર્થિકનય કોને કહે છે?**

ઉત્તર :- અંશોને પર્યાય કહે છે. તે અંશોમાંથી કોઈ એક વિવક્ષિત અંશને કહેનાર પર્યાયાર્થિકનય છે. (૫૧૯)

**પ્રશ્ન-૧૩૯ :- વ્યવહારનયનું લક્ષણ, કારણ અને ફળ બતાવો?**

ઉત્તર :- અભેદ સત્‌માં વિધિપૂર્વક ગુણ-ગુણી ભેદ કરવો વ્યવહારનય છે. સાધારણ કે અસાધારણગુણ તેની પ્રવૃત્તિમાં કારણ છે. અનંત ધર્માત્મક એક ધર્મીમાં આસ્તિક્યબુદ્ધિનું થવું એ તેનું ફળ છે કેમકે ગુણના સદ્‌ભાવમાં નિયમથી દ્રવ્યનું અસ્તિત્વ પ્રતીતિમાં આવી જાય છે.

**પ્રશ્ન-૧૪૦ :- સદ્‌ભૂત વ્યવહારનયનું લક્ષણ, કારણ, ફળ બતાવો?**

ઉત્તર :- વિવક્ષિત કોઈ દ્રવ્યના ગુણને, તે જ દ્રવ્યમાં ભેદરૂપથી પ્રવૃત્તિ કરાવનારા નયને સદ્‌ભુત વ્યવહારનય કહે છે. સત્‌નો અસાધારણગુણ તેની પ્રવૃત્તિમાં કારણ છે. તેની વસ્તુનું અસ્તિત્વ, બીજી વસ્તુથી સર્વથા ભિન્ન છે તથા પ્રત્યેક વસ્તુ પૂર્ણ સ્વતંત્ર

અને સ્વસહાય છે - એવું ભેદવિજ્ઞાન થવું તેનું ફળ છે.
(૫૨૫ થી ૫૨૮)

**પ્રશ્ન-૧૪૧ :- અસદ્ભૂત વ્યવહારનયનું લક્ષ, કારણ, ફળ અને દૃષ્ટાંત બતાવો?**

ઉત્તર :- મૂળદ્રવ્યમાં વૈભાવિકપરિણમનને કારણે જે એક દ્રવ્યના ગુણ, બીજા દ્રવ્યમાં સંયોજિત કરવા તે અસદ્ભૂત વ્યવહારનયનું લક્ષણ છે. તેની વૈભાવિકશક્તિની ઉપયોગિતા તેનું કારણ છે. વિભાવભાવ ક્ષણિક છે, તેને છોડીને જે કાંઈ બચે છે, તે મૂળદ્રવ્ય છે - એમ માનીને સમ્યગ્દૃષ્ટિ થવું એ તેનું ફળ છે. પુદ્‌ગલના ક્રોધને જીવનો ક્રોધ કહેવો એ તેનું દૃષ્ટાંત છે. (૫૨૯ થી ૫૩૩)

**પ્રશ્ન-૧૪૨ :- અનુપચરિત સદ્ભૂતવ્યવહારનયનું લક્ષણ, ઉદાહરણ તથા ફળ બતાવો?**

ઉત્તર :- જે સત્‌માં જે શક્તિ અંતર્લિન છે, તેને તેની પર્યાયનિરપેક્ષ, માત્ર ગુણરૂપથી કહેવું તે અનુપચરિત સદ્ભુતવ્યવહારનય છે. જેમ કે જીવનો જ્ઞાનગુણ. તેનાથી દ્રવ્યની ત્રિકાળ સ્વતંત્ર સત્તાનું પરિજ્ઞાન થાય છે. (૫૩૪ થી ૫૩૯)

**પ્રશ્ન-૧૪૩ :- ઉપચરિત સદ્ભૂતવ્યવહાનયનું લક્ષણ, ઉદાહરણ, કારણ અને ફળ બતાવો?**

ઉત્તર :- અવિરુદ્ધતાપૂર્વક કોઈ કારણવશ કોઈ વસ્તુનો ગુણ, તેમાં જ પરની અપેક્ષાથી ઉપચાર કરવો તે ઉપચરિત સદ્ભૂતવ્યવહારનય છે. અર્થવિકલ્પજ્ઞાન પ્રમાણ છે, તે તેનું ઉદાહરણ છે. પર વિના સ્વગુણ ઉપચાર કરવામાં નથી આવતો, તે તેની પ્રવૃત્તિમાં કારણ છે. વિશેષને સાધન બનાવીને, સામાન્યની સિદ્ધિ કરવી તે તેનું ફળ છે. (૫૪૦ થી ૫૪૫ સુધી)

**પ્રશ્ન-૧૪૪ :- અનુપચરિત અસદ્ભૂતવ્યવહારનયનું લક્ષણ,**



**કારણ, ફળ બતાવો?**

ઉત્તર :- અબુદ્ધિપૂર્વક વિભાવભાવોને જીવના કહેવા તે અનુપચરિત અસદ્ભૂતવ્યવહારનય છે. વૈભાવિકશક્તિની ઉપયોગદશામાં દ્રવ્યથી અનન્યમય થવું તેની પ્રવૃત્તિમાં કારણ છે. વિભાવભાવમાં હેયબુદ્ધિ થવી તે તેનું ફળ છે. (૫૪૬ થી ૫૪૮)

**પ્રશ્ન-૧૪૫ :- ઉપચરિત અસદ્ભૂતવ્યવહારયનું લક્ષણ, કારણ, ફળ બતાવો?**

ઉત્તર :- બુદ્ધિપૂર્વક વિભાવભાવોને જીવના કહેવા તે ઉપચરિત અસદ્ભૂતવ્યવહારનય છે. તેમાં પર નિમિત્ત છે, તે તેનું કારણ છે. અવિનાભાવને કારણે અબુદ્ધિપૂર્વકભાવોની સત્તાનું પરિજ્ઞાન થવું તે તેનું ફળ છે.

**પ્રશ્ન-૧૪૬ :- ઉપચરિત સદ્ભૂતવ્યવહારનયનો મર્મ શું છે?**

ઉત્તર :- 'જ્ઞાન, પરને જાણે છે.' - એમ કહેવું અથવા તો જ્ઞાનમાં રાગ જણાવાથી 'રાગનું જ્ઞાન છે' - એમ કહેવું અથવા જ્ઞાતાસ્વભાવના ભાનપૂર્વક, જ્ઞાની 'વિકારને પણ જાણે છે' - એમ કહેવું, તે ઉપચરિત સદ્ભૂતવ્યવહારનયનું કથન છે.

**પ્રશ્ન-૧૪૭ :- અનુપચરિત સદ્ભૂતવ્યવહારયનો મર્મ શું છે?**

ઉત્તર :- જ્ઞાન અને આત્મા વગેરે ગુણ-ગુણીના ભેદથી આથ્માને જાણવો, તે અનુપચરિત સદ્ભૂતવ્યવહારનય છે. સાધકને રાગરહિત જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ થઈ હોય, તોપણ અત્યારે પર્યાયમાં રાગ પણ થાય છે. સાધકને સ્વભાવની શ્રદ્ધામાં રાગનો નિષેધ થયો હોય, તોપણ તેને ગુણભેદને કારણે ચારિત્રગુણની પર્યાયમાં હજી રાગ હોય છે - એવા ગુણભેદથી આત્માને જાણવો, તે અનુપચરિત

સદ્ભુતવ્યવહારનય છે.

**પ્રશ્ન-૧૪૮ :- ઉપચરિત અસદ્ભૂતવ્યવહારનયનો મર્મ બતાવો?**

ઉત્તર :- સાધક એમ જાણે છે કે અત્યારે મારી પર્યાયમાં વિકાર થાય છે; તેમાં વ્યક્તરાગ-બુદ્ધિપૂર્વકનો રાગ, પ્રગટ ખ્યાલમાં આવી શકે છે - તે બુદ્ધિપૂર્વકના વિકારને આત્માનો જાણવો તે ઉપચરિત અસદ્ભૂતવ્યવહારનય છે.

**પ્રશ્ન-૧૪૯ :- અનુપચરિત અસદ્ભૂતવ્યવહારનયનો મર્મ બતાવો?**

ઉત્તર :- જે સમયે બુદ્ધિપૂર્વકનો વિકાર છે, તે સમયે પોતાના ખ્યાલમાં ન આવી શકે એવો અબુદ્ધિપૂર્વકનો વિકાર પણ છે; તેને જાણવો તે અનુપચરિત અસદ્ભૂતવ્યવહારનય છે.

**પ્રશ્ન-૧૫૦ :- સમ્યક્નયનું સ્વરૂપ શું છે?**

ઉત્તર :- જે નય, તદ્ગુણસંવિજ્ઞાન સહિત (જીવના ભાવ, તે જીવના તદ્ગુણ છે અને પુદ્ગલના ભાવ તે પુદ્ગના તદ્ગુણ છે એવા વિજ્ઞાનસહિત હોય), ઉદાહરણ સહિત હોય, હેતુ સહિત અને ફળવાન (પ્રયોજનવાન) હોય, તે સમ્યક્નય છે. જે તેનાથી વિપરીતનય છે, તે નયાભાસ (મિથ્યાનય) છે કેમકે પરભાવને પોતાનો કહેવાથી આત્માને શું સાધ્ય (લાભ) છે? (કાંઈ નહિ.)

**પ્રશ્ન-૧૫૧ :- નયાભાસનું શું સ્વરૂપ છે?**

ઉત્તર :- જીવને પરનો કર્તા-ભોક્તા માને તો તે ભ્રમ છે. વ્યવહારથી પણ જીવ, પરનો કર્તા-ભોક્તા નથી. વ્યવહારથી તો આત્મા, રાગનો કર્તા-ભોક્તા છે. કેમકે રાગ, તે પોતાની પર્યાયનો ભાવ છે; માટે તેમાં તદ્ગુણસંવિજ્ઞાન લક્ષણ લાગુ થાય છે જે તેનાથી વિરુદ્ધ કહે, તે નયાભાસ (મિથ્યાનય) છે.



**પ્રશ્ન-૧૫૨ :- સમ્યક્નય અને મિથ્યાનયની શું ઓળખાણ છે?**

ઉત્તર :- જે ભાવ એક ધર્મનો હોય તેને તેનો કહેવો તે સમ્યક્નય છે અને એક ધર્મીના ધર્મને બીજા ધર્મીનો ધર્મ કહેવો, મિથ્યાનય છે. જેમકે રાગને આત્માનો કહેવો તે સમ્યક્નય છે અને વર્ણને આત્માનો કહેવો, મિથ્યાનય છે.

**પ્રશ્ન-૧૫૩ :- નયાભાસોના થોડા દૃષ્ટાંત બતાવો?**

ઉત્તર :- (૧) શરીરને જીવ કહેવું (૨) દ્રવ્યકર્મ-નોકર્મનો કર્તા-ભોક્તા આત્માનો કહેવો (૩) ઘર, ધન, ધાન્ય, સ્ત્રી-પુત્ર વગેરે બાહ્યપદાર્થોનો કર્તા-ભોક્તા જીવને કહેવો. (૪) જ્ઞાનને જ્ઞેયગત કે જ્ઞાનને જ્ઞાનગત કહેવું વગેરે. બે દ્રવ્યમાં કાંઈપણ સંબંધ માનવો, નયાભાસ છે.

**પ્રશ્ન-૧૫૪ :- વ્યવહાનયના નામ બતાવો?**

ઉત્તર :- દરેક દ્રવ્યમાં જેટલા ગુણ છે, તેમાં દરેક ગુણને ભેદરૂપે વિષય કરે તેનું નામ નય છે. જેટલા એક વસ્તુમાં ગુણ છે, તેટલા નય છે. આ શુદ્ધદ્રવ્યને જાણવાની રીત છે. જેમકે આત્માના અસ્તિત્વગુણને બતાવનારી અસ્તિનય; જ્ઞાનગુણને બતાવનારી જ્ઞાનનય.

**પ્રશ્ન-૧૫૫ :- ઉપર્યુક્ત નયોને ઓળખવાની શું રીત છે?**

ઉત્તર :- વિશેષણ-વિશેષ્યરૂપથી ઉદાસહરણસહિત જેટલા પણ કથન છે, તે બધા વ્યવહારનય છે. તે તેને જાણવાનો ગુણ છે.

**પ્રશ્ન-૧૫૬ :- નિશ્ચયનયનું લક્ષણ શું છે?**

ઉત્તર :- જે વ્યવહારનો પ્રતિષેધક હોય, તે નિશ્ચયનય છે. 'નેતિ'થી તેનો પ્રયોગ થાય છે. તે ઉદાહરણરહિત છે.

**પ્રશ્ન-૧૫૭ :- વ્યવહાર, પ્રતિષેધ્ય કેમ છે?**

ઉત્તર :- કેમકે તે મિથ્યા વિષયનો ઉપદેશ કરે છે. તે એ પ્રમાણે દ્રવ્યમાં ગુણ-પર્યાયોના ટૂકડા કરે છે, જેમ ફરસીથી લાકડીના ટૂકડા કરી નાખવામાં આવે છે, પણ દ્રવ્ય અખંડ એક છે, તેમાં એવા ટૂકડા નથી; માટે વ્યવહારનય મિથ્યા છે. વ્યવહારનયના કથન અનુસાર શ્રદ્ધા કરનારા મિથ્યાદષ્ટિ છે.

**પ્રશ્ન-૧૫૮ :- જ્યારે તે મિથ્યા છે તો તેને માનવાની જરૂર જ શું છે?**

ઉત્તર :- નિશ્ચયનય અનિર્વચનીય છે; માટે વસ્તુ સમજવા-સમજાવવા માટે વ્યવહારનયની જરૂર છે. તે માત્ર વસ્તુને પકડાવી દે છે, એટલું જ તેમાં કાર્યકારીપણું છે. કેમકે વસ્તુને પકડવાનું બીજું કોઈ સાધન નથી.

**પ્રશ્ન-૧૫૯ :- નિશ્ચયનયનો વિષય શું છે?**

ઉત્તર :- જે વ્યવહારનયનો વિષય છે, તે જ નિશ્ચયનયનો વિષય છે. વ્યવહારનયમાંથી ભેદનો વિકલ્પ કાઢી નાખવાથી, નિશ્ચનયનો જ વિષય બચે છે.

**પ્રશ્ન-૧૬૦ :- નિશ્ચયનયાલંબી સ્વસમયી છે કે પરસમયી?**

ઉત્તર :- નિશ્ચયનયાલંબી પણ પરસમયી છે. કેમકે તેમાં નિષેધરૂપ વિકલ્પ છે. બીજું બંને નયો સાપેક્ષ છે. જ્યાં વિધિરૂપ વિકલ્પ હોય, ત્યાં નિષેધરૂપ વિકલ્પ પણ ચોક્કસ હશે.

**પ્રશ્ન-૧૬૧ :- સ્વસમયી જીવ કોણ છે?**

ઉત્તર :- જે નિશ્ચયનયના વિકલ્પને પણ પાર કરીને સ્વાત્માનુભૂતિમાં પ્રવેશ કરી લીધો છે. નયાતીત અવસ્થાને સ્વસમય પ્રતિબદ્ધ અવસ્થા કહે છે.

**પ્રશ્ન-૧૬૨ :- નિશ્ચયનયના કેટલા ભેદ છે? કારણસહિત બતાવો.**



ઉત્તર :- નિશ્ચયનયના કોઈ ભેદ નથી, કેમકે તે અખંડ સામાન્યને વિષય કરે છે; માટે તેમાં ભેદ હોય જ ન શકે. તે માત્ર એક જ છે.

**પ્રશ્ન-૧૬૩ :- નિશ્ચયનયના શુદ્ધનિશ્ચય, અશુદ્ધનિશ્ચય વગેરે ભેદો છે કે નહિ?**

ઉત્તર :- નથી! તે વ્યવહારનયના જ નામાંતર છે. માત્ર કથનશૈલીનો તફાવત છે. જે, તે કથનોને ખરેખર સામાન્યની દ્યોતક નિશ્ચયનય માની લે તો તે મિથ્યાદષ્ટિ છે.

**પ્રશ્ન-૧૬૪ :- વ્યવહારનય અને નિશ્ચયનયનું ફળ શું છે?**

ઉત્તર :- વ્યવહારનયને હેય શ્રદ્ધાન કરવું જોઈએ. જો તેને ઉપાદેય માને તો તેનું ફળ અનંત સંસાર છે. નિશ્ચયનયનો વિષય ઉપાદેય છે. નિશ્ચયનયનો વિષય જે સામાન્યમાત્ર વસ્તુ છે, જો તેનો આશ્રય કરે અને નિશ્ચનયનો વિકલ્પ પણ છોડે તો સ્વસમયી છે. તેનું ફળ આત્મસિદ્ધિ છે.

**પ્રશ્ન-૧૬૫ :- નિશ્ચય અને વ્યવહારને જાણવાનો શું લાભ છે?**

ઉત્તર :- વ્યવહાર, ભેદને કહે છે; ભેદમાં રાગ, આસ્રવ, બંધ અને સંસાર છે. નિશ્ચય, અભેદને કહે છે; અભેદમાં મોક્ષમાર્ગ, વીતરાગતા, સંવર અને નિર્જરા છે.

**પ્રશ્ન-૧૬૬ :- તો પછી આચાર્યોએ ભેદનો ઉપદેશ કેમ આપ્યો?**

ઉત્તર :- માત્ર અભેદને સમજાવવા માટે; ભેદમાં અટકવા માટે નહિ. જે માત્ર વ્યવહારની પાછળ હાથ ધોઈને પડ્યા છે, તેને માટે જિનોપદેશ છે જ નહિ - એવું શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યું છે. શ્રી સમયસારજીમાં વ્યવહારને મ્લેચ્છભાષા અને

વ્યવહારાવલંબીને મલેચ્છ કહ્યો છે કેમકે મ્લેચ્છોને ધર્મ નથી હોતો.

**પ્રશ્ન-૧૬૭ :- વ્યવહાર તો જ્ઞાનીઓને પણ હોય છે ને?**

ઉત્તર :- જ્ઞાનીઓને વ્યવહારનું અવલંબન - આશ્રય, શ્રદ્ધામાં કદાપિ નથી હોતું, પણ એ તો વ્યવહારનો માત્ર જ્ઞાતા થાય છે. વ્યવહારનું અસ્તિત્વ, વસ્તુસ્વભાવના નિયમાનુસાર તેને ચોક્કસ હોય છે. પણ જ્ઞેયરૂપે.

**પ્રશ્ન-૧૬૮ :- વ્યવહારને શ્રીસમયસારજીમાં પ્રયોજનવાન કહ્યો છે ને?**

ઉત્તર :- તમે ધ્યાનથી નથી વાંચ્યું. કેમકે ત્યાં લખ્યું છે કે 'જાણવામાં આવતો થકો તે કાળે પ્રયોજનવાન છે.' તેનો અર્થ ગુરુગમ અનુસાર એ છે કે વ્યવહાર, જ્ઞાનની પર્યાયમાં તે સમયમાત્ર માટે જ્ઞેયરૂપે હયાત છે; ન કે તેનો એ અર્થ છે કે જ્ઞાનીને તેનો આશ્રય હોય છે. **(શ્રીસમયસારજી, ગાથા ૧૨ ટીકા)**

શ્રી પંચાસ્તિકાય, ગાથા ૭૦ની ટીકામાં લખ્યું છે 'કર્તૃત્વ અને ભોક્તૃત્વના અધિકારને સમાપ્ત કરીને, સમ્યક્પણે પ્રગટ પ્રભુત્વશક્તિવાળું હોતો થકો જ્ઞાનને જ અનુસરણ કરનારા માર્ગમાં ચરે છે-પ્રવર્તે છે-પરિણમે છે-આચરણ કરે છે, ત્યારે તે વિશુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ અપવર્ગનગરને પામે છે.' ત્રણ કાળ અને ત્રણ લોકમાં આ જ એક મોક્ષ પ્રાપ્તિનો ઉપાય છે. શ્રી પ્રવચનસાર, છેલ્લી પંચરત્ન ગાથામાં શુદ્ધને જ મુનિપણું, જ્ઞાન, દર્શન, નિર્વાણ કહ્યું છે અને નવમી ગ્રૈવેયકમાં જનારા પૂર્ણ શુદ્ધ વ્યવહારી મુનિને સંસારતત્ત્વ એટલે કે વિભાવનો રાજા અથવા મિથ્યાદષ્ટિઓનો શિરતાજ કહ્યા છે. આવી રહસ્યની વાતો સદ્ગુરુના સમાગમ વિના સમજાતી નથી. જો ગુરુગમ વિના તત્ત્વ હાથ આવી જતું હોય તો સમ્યક્ત્વમાં દેશનાલબ્ધિની આવશ્યકતા ન રહેત; માત્ર શાસ્ત્રોથી જ કામ ચાલી જાત.



**પ્રશ્ન-૧૬૯ :- પ્રમાણજ્ઞાનનું સ્વરૂપ શું છે?**

ઉત્તર :- જે જ્ઞાન, સામાન્ય-વિશેષ બંને સ્વરૂપોને મૈત્રીપૂર્વક જાણે છે, તે પ્રમાણ છે, એટલે કે વસ્તુના સંપૂર્ણ અંશોને અવિરોધપૂર્વક ગ્રહણ કરનારું જ્ઞાન, પ્રમાણ છે, તેનો વિષય સંપૂર્ણ વસ્તુ છે. તેના દ્વારા સંપૂર્ણ વસ્તુનો અનુભવ એક સાથે થઈ જાય છે. (૬૬૫, ૬૭૬)

**પ્રશ્ન-૧૭૦ :- પ્રમાણજ્ઞાનનો ભેદ બતાવો?**

ઉત્તર :- પ્રમાણના બે ભેદ છે - (૧) પ્રત્યક્ષ, (૨) પરોક્ષ. અસહાય જ્ઞાનને પ્રત્યક્ષ કહે છે અને સહાય/સાપેક્ષ જ્ઞાનને પરોક્ષ કહે છે. પ્રત્યક્ષજ્ઞાનના બે ભેદ છે. સકળ પ્રત્યક્ષ અને વિકળપ્રત્યક્ષ. કેવળજ્ઞાન, સકળપ્રત્યક્ષ છે. અવધિ-મનઃપર્યય, વિકલપ્રત્યક્ષ છે. મતિ-શ્રુતજ્ઞાન, પરોક્ષ છે પણ તેમાં એટલી વિશેષતા છે કે અવધિ-મનઃપર્યય નિશ્ચયથી પરોક્ષ છે, ઉપચારથી પ્રત્યક્ષ છે. મતિ-શ્રુતજ્ઞાન સ્વાત્માનુભૂતિમાં પ્રત્યક્ષ છે, પરપદાર્થને જાણતી વખતે પરોક્ષ છે. એટલી વિશેષતા એ પણ છે કે **આત્મસિદ્ધિમાં બે-મતિ-શ્રુતજ્ઞાન જ ઉપયોગી છે; અવધિ મનઃપર્યય નહિ.**

**પ્રશ્ન-૧૭૧ :- નિક્ષેપોનું સ્વરૂપ બતાવો?**

ઉત્તર :- ગુણોના આક્ષેપને નિક્ષેપ કહે છે. તેના ચાર ભેદ છે. (૧) નામ, (૨) સ્થાપના, (૩) દ્રવ્ય, અને (૪) ભાવ. અતદ્ગુણ વસ્તુમાં વ્યવહાર ચલાવવા માટે જે નામ રાખવામાં આવે છે, તે **નામનિક્ષેપ** છે, જેમકે - કોઈ વ્યક્તિમાં જિનના ગુણ નથી, પણ તેનું નામ જિન રાખ્યું. તેવા જ આકારવાળી વસ્તુમાં આ એ જ છે - એવી બુદ્ધિ થવી, **સ્થાપનાનિક્ષેપ** છે, જેમકે -

પ્રતિમા. વર્તમાનમાં ભલે એમ ન હોય, પણ ભવિષ્યમાં નિયમથી એવો થનારને **દ્રવ્યનિક્ષેપ** કહે છે, જેમ કે - ગર્ભ જન્મમાં જ ભગવાનને જિન કહેવા. જે શબ્દથી કહેવામાં આવે તેજ પર્યાયમાં થનારી વસ્તુને **ભાવનિક્ષેપ** કહે છે, જેમ કે - સાક્ષાત્ કેવળીને જિન કહેવા.

**નય-પ્રમાણ પ્રયોગ પદ્ધતિ**

**પ્રશ્ન-૧૭૨ :- દ્રવ્ય-ગુણ-પર્યાય ઉપર પર્યાયાર્થિકનયનો પ્રયોગ કરીને બતાવો?**

ઉત્તર :- દ્રવ્ય, ગુણ-પર્યાયવાળું છે, એટલે કે જે દ્રવ્યને ભેદરૂપ કહે - જેમ કે ગુણ છે, પર્યાય છે અને તેનો સમૂહ દ્રવ્ય છે. તે દ્રવ્યમાં જે દ્રવ્ય છે તે ગુણ નથી; જે ગુણ છે તે દ્રવ્ય નથી; પર્યાય પણ દ્રવ્ય-ગુણ નથી. તે પર્યાયાર્થિકનયનું કહેવું છે.

(૭૪૭, બીજી પંક્તિ, ૭૪૯)

**પ્રશ્ન-૧૭૩ :- દ્રવ્ય, ગુણ, પર્યાય ઉપર શુદ્ધદ્રવ્યાર્થિકનયનો પ્રયોગ કરો?**

ઉત્તર :- તત્ત્વ, અનિર્વચનીય છે, એટલે કે જે દ્રવ્ય છે, તે જ ગુણ-પર્યાય છે. જે ગુણ-પર્યાય છે, તે દ્રવ્ય પદાર્થ અખંડ છે. તે શુદ્ધદ્રવ્યાર્થિકનયનું કહેવું છે.

(૭૪૭ પ્રથમ પંક્તિ, ૭૫૦ પ્રથમ પંક્તિ)

**પ્રશ્ન-૧૭૪ :- દ્રવ્ય, ગુણ, પર્યાય ઉપર પ્રમાણનો પ્રયોગ કરો?**

ઉત્તર :- જે અનિર્વચનીય છે, તે ગુણ-પર્યાયવાળું છે; બીજું નથી અથવા જે ગુણ પર્યાયવાળું છે, તે જ અનિર્વચનીય છે; આ પ્રમાણે જે વ્યવહાર-નિશ્ચય બેય પક્ષને મૈત્રીપૂર્વક કહે, તે પ્રમાણ છે. (૭૪૮, ૭૫૦ બીજી પંક્તિ)



**પ્રશ્ન-૧૭૫ :- અનેકનયનો પ્રયોગ બતાવો?**

ઉત્તર :- દ્રવ્ય છે, ગુણ છે, પર્યાય છે, ત્રણેય અનેક છે. પોત પોતાના લક્ષણથી ભિન્ન ભિન્ન છે - તે અનેક નામક વ્યવહારનયનો પક્ષ છે. (૭૫૨)

**પ્રશ્ન-૧૭૬ :- એકનયનો પ્રયોગ બતાવો?**

ઉત્તર :- નામથી ચાહે દ્રવ્ય કહો અથવા ગુણ કહો અથવા પર્યાય કહો, પણ સામાન્યપણે આ ત્રણેય અભિન્ન એક સત્ છે; માટે આ ત્રણેમાંથી કોઈ એકને કહેવાથી બાકીના બે પણ કહ્યા વિના ગ્રહણ થઈ જ જાય છે, તે એક નામક વ્યવહાર છે.

**પ્રશ્ન-૧૭૭ :- શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો પ્રયોગ બતાવો?**

ઉત્તર :- નિરંશ દેશ હોવાથી ન દ્રવ્ય છે, ન ગુણ છે, ન પર્યાય છે અને ન વિકલ્પથી પ્રગટ છે - તે શુદ્ધદ્રવ્યાર્થિકનયનો પક્ષ છે. (૭૫૪)

**પ્રશ્ન-૧૭૮ :- પ્રમાણનો પ્રયોગ બતાવો?**

ઉત્તર :- પર્યાયાર્થિકનયથી જે સત્, દ્રવ્ય-ગુણ-પર્યાયો દ્વારા અનેકરૂપ ભેદ કરવામાં આવે છે, તે જ સત્, અંશરહિત (અખંડ) હોવાથી અભેદ એક છે - તે પ્રમાણનો પક્ષ છે. (૭૫૫)

**પ્રશ્ન-૧૭૯ :- અસ્તિનયનો પ્રયોગ બતાવો?**

ઉત્તર :- વિપક્ષની અવિવક્ષા રહેતા વસ્તુ, સામાન્ય અથવા વિશેષ જેની વિવક્ષા હોય, એ રૂપે છે - એમ કહેવું એક અસ્તિનામક વ્યવહારનય છે. (૭૫૬)

**પ્રશ્ન-૧૮૦ :- નાસ્તિનયનો પ્રયોગ બતાવો?**

ઉત્તર :- વિપક્ષની વિવક્ષા રહેતા વસ્તુ સામાન્ય અથવા વિશેષ, જે રૂપે નથી તે નાસ્તિપક્ષ છે.

**પ્રશ્ન-૧૮૧ :- અસ્તિ-નાસ્તિ ઉપર દ્રવ્યાર્થિકનયનો**

પ્રયોગ બતાવો?

ઉત્તર :- તત્ત્વ, સ્વ-રૂપથી છે, તે પણ નથી, તત્ત્વ પર-રૂપથી નથી, એમ પણ નથી કેમકે વસ્તુ બધા વિકલ્પોથી રહિત છે - તે શુદ્ધદ્રવ્યાર્થિકનયનો પક્ષ છે. (૭૫૮)

પ્રશ્ન-૧૮૨ :- અસ્તિ-નાસ્તિ ઉપર પ્રમાણનો પ્રયોગ બતાવો?

ઉત્તર :- જે પરસ્વરૂપના અભાવથી નથી, તે જ સ્વરૂપના સદ્ભાવથી છે, તથા તે જ અનિર્વચનીય છે, તે જ બધા પ્રમાણપક્ષ છે. (૭૫૮)

પ્રશ્ન-૧૮૩ :- અનિત્યનયનો પ્રયોગ બતાવો?

ઉત્તર :- સત્, દરેક સમયે ઉત્પન્ન થાય છે અને નાશ થાય છે, તે અનિત્ય નામનો વ્યવહારનય છે. (૭૬૦)

પ્રશ્ન-૧૮૪ :- નિત્યનયનો પ્રયોગ બતાવો?

ઉત્તર :- સત્, ન ઉત્પન્ન થાય છે, ન તો નાશ થાય છે; તે સદાય એકરૂપ ધ્રુવ રહે છે, તે નિત્ય નામનો વ્યવહારનય છે. (૭૬૧)

પ્રશ્ન-૧૮૫ :- નિશ્ચયનયનો પ્રયોગ બતાવો?

ઉત્તર :- સત્નો ન તો નાશ થાય છે, ન તો ઉત્પન્ન થાય છે, ન ધ્રુવ છે, તે તો નિર્વિકલ્પ છે, તે નિશ્ચયનયનો પક્ષ છે. (૭૬૨)

પ્રશ્ન-૧૮૬ :- પ્રમાણનો પ્રયોગ બતાવો?

ઉત્તર :- જે અનિત્યની વિવક્ષામાં નિત્યરૂપે નથી, તે નિત્યની વિવક્ષામાં અનિત્યરૂપે નથી; આ પ્રમાણે તત્ત્વ નિત્યાનિત્ય છે. તે પ્રમાણપક્ષ છે. (૭૬૩)

પ્રશ્ન-૧૮૭ :- અતત્નયનો પ્રયોગ બતાવો?



ઉત્તર :- વસ્તુમાં નવીન ભાવરૂપ પરિણમન થવાથી 'આ વસ્તુ તો અપૂર્વ છે' - એ અતત્ નામનો વ્યવહારનયનો પક્ષ છે. (૭૬૪)

પ્રશ્ન-૧૮૮ :- તત્નયનો પ્રયોગ બતાવો?

ઉત્તર :- વસ્તુના નવીન ભાવોથી પરિણમન કરવા છતા અને પૂર્વના ભાવોથી નષ્ટ થવા છતાં પણ તે અન્ય વસ્તુ નથી, પણ તેની તે જ છે, તે તત્નય નામનો વ્યવહારનયનો પક્ષ છે. (૭૬૫)

પ્રશ્ન-૧૮૯ :- શુદ્ધદ્રવ્યાર્થિકનયનો પ્રયોગ બતાવો?

ઉત્તર :- વસ્તુમાં ન નવીન ભાવ થાય છે, ન જૂના ભાવનો નાશ થાય છે, કેમકે વસ્તુ ન તો અન્ય છે, ન તે જ છે પણ અનિર્વચનીય અખંડ છે, તે શુદ્ધદ્રવ્યાર્થિકનયનો પક્ષ છે. (૭૬૬)

પ્રશ્ન-૧૯૦ :- પ્રમાણનો પ્રયોગ બતાવો?

ઉત્તર :- જે સત્ દરેક ક્ષણે નવા નવા ભાવોથી પરિણમન કરી રહ્યું છે, તે ન તો અસત્ ઉત્પન્ન છે અને ન સત્ વિનષ્ટ છે, તે પ્રમાણપક્ષ છે. (૭૬૭)

## ચોથા ભાગનું પરિશિષ્ટ

પ્રશ્ન-૧૯૧ :- સામાન્યધર્મ કોને કહે છે?

ઉત્તર :- જે ધર્મ બધા દ્રવ્યોમાં જોવામાં મળે તેને સામાન્યધર્મ કહે છે - જેમ કે દ્રવ્યત્વ, ગુણત્વ, પર્યાયત્વ, ઉત્પાદવ્યયધ્રુવત્વ, અસ્તિત્વ-નાસ્તિત્વ, નિત્યત્વ-અનિત્યત્વ, તત્પણું-અતત્પણું, એકત્વ-અનેકત્વ વગેરે. (૭, ૭૭૦)

પ્રશ્ન-૧૯૨ :- વિશેષધર્મ કોને કહે છે?

ઉત્તર :- જે બધા દ્રવ્યોમાં જોવા ન મળે, પણ અમુકમાં

જોવામાં આવે તેને વિશેષધર્મ કહે છે - જેમકે ચેતનત્વ-અચેતનત્વ, ક્રિયત્વ-ભાવત્વ, મૂર્તત્વ-અમૂર્તત્વ, લોકત્વ-અલોકત્વ વગેરે. (૭, ૭૭૦)

**પ્રશ્ન-૧૯૩ :- જીવ-અજીવની વિશેષતા બતાવો?**

ઉત્તર :- ચેતનાલક્ષણ, જીવ છે; અચેતનલક્ષણ, અજીવ છે. જીવ, ચેતન છે; બાકીના પાંચ અચેતન છે. (૭૭૧)

**પ્રશ્ન-૧૯૪ :- મૂર્ત-અમૂર્તની વિશેષતા બતાવો?**

ઉત્તર :- જે ઈન્દ્રિયને ગ્રહણ થવા યોગ્ય હોય અથવા જેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જોવામાં આવે, તે મૂર્ત છે. તેનાથી વિપરીત તે અમૂર્ત છે. એક પુદ્‌ગલ, મૂર્ત છે; બાકીના પાંચ અમૂર્ત છે. (૭૭૫, ૭૭૭)

**પ્રશ્ન-૧૯૫ :- લોક-અલોકની વિશેષતા બતાવો?**

ઉત્તર :- ષટ્‌દ્રવ્યાત્મક લોક છે, તેનાથી વિપરીત, એટલે કે (લોકાકાશ સિવાયનું) આકાશમાત્ર અલોક છે. (૭૯૦, ૭૯૧)

**પ્રશ્ન-૧૯૬ :- ક્રિયા; ભાવની વિશેષતા બતાવો?**

ઉત્તર :- પ્રદેશોનું ચલનાત્મક પ્રતિસ્પંદન, ક્રિયા છે અને પ્રત્યેક વસ્તુમાં ધારાવાહી પરિણામ, ભાવ છે. ક્રિયાવાન બે - જીવ અને પુદ્‌ગલદ્રવ્ય છે; ભાવવાન, છએ દ્રવ્ય છે. (૭૯૪)

**પ્રશ્ન-૧૯૭ :- સામાન્યજીવનું સ્વરૂપ બતાવો?**

ઉત્તર :- જીવ, સ્વતઃસિદ્ધ, અનાદિ-અનંત, અમૂર્તિક, જ્ઞાનાદિ અનંત ધર્મમય, સાધારણ-અસાધારણ ગુણયુક્ત, લોકપ્રમાણ અસંખ્યાત પણ અખંડ પોતાના પ્રદેશમાં રહેનાર, બધાને જાણનાર પણ તે બધાથી ભિન્ન તેનાથી બીજો કોઈ સંબંધ ન રાખનારું અવિનાશી દ્રવ્ય છે. બધા જીવ સામાન્યપણે આ જ સ્વભાવના ધારી છે. (૭૯૮, ૭૯૯, ૮૦૦)



**પ્રશ્ન-૧૯૮ :- પર્યાયદૃષ્ટિથી જીવના ભેદસ્વરૂપ બતાવો?**

ઉત્તર :- એક બદ્ધ, એક મુક્ત. જે સંસારી છે અને અનાદિથી જ્ઞાનાવરણાદિ કર્મોથી મૂર્છિત થવાને કારણે સ્વરૂપને અપ્રાપ્ત છે, તે બદ્ધ છે. જે સર્વ પ્રકારના કર્મરહિત સ્વરૂપને પૂર્ણ પ્રાપ્ત છે, તે મુક્ત છે. (૮૦૨)

**પ્રશ્ન-૧૯૯ :- બંધનું સ્વરૂપ ભેદસહિત બતાવો?**

ઉત્તર :- બંધ ત્રણ પ્રકારના હોય છે. (૧) ભાવબંધ, (૨) દ્રવ્યબંધ, અને (૩) ઉભયબંધ. રાગ અને જ્ઞાનના બંધને ભાવબંધ કે જીવબંધ કહે છે. પુદ્‌ગલકર્મોને અથવા તેની કર્મત્વશક્તિને દ્રવ્યબંધ કહે છે. જીવ અને કર્મના નિમિત્ત-નૈમિત્તિકસંબંધને ઉભયબંધ કહે છે. (૮૧૫, ૮૧૬)

**પ્રશ્ન-૨૦૦ :- નિમિત્તમાત્રના નામાંતર બતાવો?**

ઉત્તર :- કર્તા, અસર, પ્રભાવ, બલવાન, પ્રેરક, સહાયક, સહાય, આ બધા શબ્દોનો અર્થ નિમિત્તમાત્ર છે.

(શ્રીતત્ત્વાર્થસાર, ત્રીજો અજીવ અધિકાર, શ્લોક ૪૩)

**પ્રશ્ન-૨૦૧ :- નિમિત્ત-નૈમિત્તિકસંબંધના નામાંતર બતાવો?**

ઉત્તર :- નિમિત્ત-નૈમિત્તિક, અવિનાભાવ, કારણ-કાર્ય, હેતુ-હેતુમત, કર્તા-કર્મ, સાધ્ય-સાધક, બંધ્ય-બંધક, એકબીજાના ઉપકારક વસ્તુસ્વભાવ, કાનુને કુદરત, Autometic system-આ શબ્દો પર્યાયવાચી છે. બધા શબ્દનો પ્રયોગ આગમમાં મળે છે. અર્થ માત્ર નિમિત્તની ઉપસ્થિતિમાં ઉપાદાનનું સ્વતંત્ર નિરપેક્ષ નૈમિત્તિક પરિણમન છે.

**પ્રશ્ન-૨૦૨ :- જીવ, કર્મ અને તેના બંધની સિદ્ધિ કરો?**

ઉત્તર :- પ્રત્યક્ષ પોતામાં સુખ-દુઃખનું સંવેદન હોવાથી અને 'હું-હું' રૂપે પોતાના શરીરથી ભિન્ન અનુભવ થવાથી, જીવની સિદ્ધિ

છે. કોઈ દરિદ્ર, કોઈ ધનવાનને જોઈને તેના અવિનાભાવીરૂપ કારણ, કર્મપદાર્થની સિદ્ધિ થાય છે. જીવમાં રાગ-દ્વેષ-મોહ અને સુખ-દુઃખરૂપ વિભાવભાવોની ઉત્પત્તિ, તેના બંધને સિદ્ધ કરે છે. જો તેનો બંધ ન હોય તો જીવ, ધર્મદ્રવ્યત્વ વિભાવ ન કરી શકે.

(૭૭૩, ૮૧૮, ૮૧૯)

**પ્રશ્ન-૨૦૩ :- વૈભાવિકી શક્તિ કોને કહે છે?**

**ઉત્તર :-** આત્મામાં જ્ઞાનાદિ અનંત શુદ્ધશક્તિઓની જેમ આ પણ એક શુદ્ધશક્તિ છે. પુદ્‌ગલકર્મનું નિમિત્ત મળવાથી, એટલે કે નિમિત્તનું લક્ષ કરવાથી તેનું ભાવ પરિણમન થાય છે. નિમિત્ત નાશ થવાથી સ્વતઃ સ્વભાવ પરિણમન થાય છે. એ જ પ્રમાણે પુદ્‌ગલમાં પણ આ એક શક્તિ છે અને તેનું બે પ્રકારે પરિણમન થાય છે. એ શક્તિને કારણે જીવ, સંસારી અને સિદ્ધરૂપ જ બન્યો છે.

(૮૪૮, ૮૪૯)

**પ્રશ્ન-૨૦૪ :- આત્માને મૂર્ત કેમ કહે છે?**

**ઉત્તર :-** જ્યાં સુધી આત્મા, વિભાવ પરિણમન કરે છે, ત્યાં સુધી વિભાવને કારણે તે ઉપચારથી મૂર્ત કહેવાય છે. ખરેખર તે અમૂર્ત જ છે. (૮૨૮)

**પ્રશ્ન-૨૦૫ :- બદ્ધજ્ઞાન કોને કહે છે?**

**ઉત્તર :-** જે જ્ઞાન, મોહકર્મથી આચ્છાદિત છે, પ્રત્યક્ષ પરિણમનશીલ છે, એટલે કે ઈષ્ટ-અનિષ્ટ પદાર્થોના સંયોગમાં રાગી-દ્વેષી-મોહી થાય છે, તે બદ્ધજ્ઞાન છે. પહેલા ગુણસ્થાનવર્તી અજ્ઞાનીના જ્ઞાનને બદ્ધજ્ઞાન કહે છે. (૮૩૫)

**પ્રશ્ન-૨૦૬ :- અબદ્ધજ્ઞાન કોને કહે છે?**

**ઉત્તર :-** જે મોહકર્મથી રહિત છે, ક્ષાયિક છે, શુદ્ધ છે, લોકાલોકનું પ્રકાશક છે, તે અબદ્ધજ્ઞાન છે. કેવળીના જ્ઞાનને અબદ્ધજ્ઞાન કહે છે. (૮૩૬)



**પ્રશ્ન-૨૦૭ :- વિભાવના નામાંતર બતાવો?**

**ઉત્તર :-** પરકૃતભાવ, પરભાવ, પરાકારભાવ, પુદ્‌ગલભાવ, કર્મજન્યભાવ, પ્રકૃતિ શીલસ્વભાવ, પરદ્રવ્ય, કર્મકૃત, તદ્‌ગુણાકારસંક્રાંતિ, પરગુણાકાર, કર્મપદસ્થિતભાવ, જીવમાં થનારા અજીવભાવ, જીવ સંબંધી અજીવભાવ, તદ્‌ગુણાકૃતિ, પરયોગકૃતભાવ, નિમિત્તકૃતભાવ, વિભાવભાવ, રાગ, ઉપરક્તિ, ઉપાધિ, ઉપરંજક, બંધભાવ, બદ્ધભાવ, બદ્ધત્વ, ઉપરાગ, પરગુણાકારક્રિયા, આગંતુકભાવ, ક્ષણિકભાવ, ઉપરતરતાભાવ, સ્વગુણચ્યુતિ, સ્વસ્વરૂપચ્યુતિ, વગેરે ઘણા નામો છે.

**પ્રશ્ન-૨૦૮ :- બદ્ધત્વ કોને કહે છે?**

**ઉત્તર :-** પદાર્થમાં એક વિભાવિક શક્તિ છે. તે જો ઉપયોગી થાય, એઠલે કે વિભાવરૂપ કાર્ય કરતી હોય તો તે પદાર્થની પોતાના ગુણના આકારની એટલે કે મૂળ સ્વરૂપની જે સંક્રાંતિ-ચ્યુતિ વિભાવપરિણતિ છે, તે સંક્રાતિ જ અન્ય છે નિમિત્ત જેમાં, એવો બંધ છે, એટલે કે દ્રવ્યનું વિભાવપરિણમન બદ્ધત્વ છે, જેમકે - જ્ઞાનનું રાગરૂપ પરિણમવું, બદ્ધત્વ છે. પુદ્‌ગલનું કર્મત્વરૂપ પરિણમવું, બદ્ધત્વ છે, એટલે કે પરગુણાકાર ક્રિયા બદ્ધત્વ છે.

(૮૪૦, ૮૪૪, ૮૯૮)

**પ્રશ્ન-૨૦૯ :- અશુદ્ધત્વ કોને કહે છે?**

**ઉત્તર :-** પોતાના ગુણથી ચ્યુત થવું તે અશુદ્ધત્વ છે, એટલે કે વિભાવને કારણે અદ્વૈતથી દ્વૈત થઈ જવો તે અશુદ્ધત્વ છે. જેમ કે - જ્ઞાનનું અજ્ઞાનરૂપ થવું. (૮૮૦, ૮૯૮)

**પ્રશ્ન-૨૧૦ :- બદ્ધત્વ અને અશુદ્ધત્વમાં શું તફાવત છે?**

**ઉત્તર :-** એક તફાવત તો એ છે કે તે બંધ, કારણ છે અને

અશુદ્ધત્વ, કાર્ય છે કેમકે બંધ વિના અશુદ્ધતા નથી હોતી એટલે કે વિભાવપરિણમન કર્યા વિના જ્ઞાનની અજ્ઞાનરૂપ દશા નથી હોતી. જ્ઞાનનું વિભાવપરિણમન બદ્ધત્વ છે અને તેની અજ્ઞાનદશા, અશુદ્ધત્વ છે; સમય બંનેનો એક જ છે. અહીં બદ્ધત્વ કારણ છે અને અશુદ્ધત્વ કાર્ય છે. (૮૯૯)

બીજો તફાવત એ છે કે બંધ, કાર્ય છે કેમકે બંધ એટલે કે વિભાવ પૂર્વબદ્ધકર્મોના ઉદયથી થાય છે અને અશુદ્ધત્વ, કારણ છે કેમકે તે નવા કર્મોને ખેંચે છે, એટલે કે તેના બંધને માટે નિમિત્તમાત્ર કારણ થઈ જાય છે. (૯૦૦)

પહેલા તફાવતમાં બંધ, કારણ છે, બીજામાં બંધ કાર્ય છે. પહેલા તફાવતમાં અશુદ્ધત્વ કાર્ય છે, બીજામાં કારણ છે. એ જ બદ્ધત્વ અને અશુદ્ધ બંનેમાં તપાવત છે.

**પ્રશ્ન-૨૧૧ :- શુદ્ધ-અશુદ્ધનો ભાવ શું છે?**

ઉત્તર :- ઔદયિકભાવ અશુદ્ધ છે; ક્ષાયિકભાવ શુદ્ધ છે. તે પર્યાયમાં શુદ્ધ-અશુદ્ધનો અર્થ છે. બીજો અર્થ એ છે કે ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક ચારેય નૈમિત્તિકભાવ, અશુદ્ધ છે. અને તેમાં અન્વયરૂપે જોવા મળતા સામાન્ય શુદ્ધ છે. (૯૦૧)

**પ્રશ્ન-૨૧૨ :- નિશ્ચયનયનો વિષય શું છે અને બદ્ધાબદ્ધનય (વ્યવહારનય)નો વિષય શું છે?**

ઉત્તર :- નિશ્ચયનયનો વિષય, ઉપર મુજબ શુદ્ધ સામાન્ય છે અને વ્યવહારનયનો વિષય જીવની નવ પર્યાયો એટલે કે અશુદ્ધ નવ તત્ત્વ છે. (૯૦૩)

**પ્રશ્ન-૨૧૩ :- દ્રવ્યદષ્ટિથી જીવતત્ત્વનું નિરૂપણ કરો?**

ઉત્તર :- પહેલા ૧૯૭ પ્રશ્નના ઉત્તરમાં કહી ગયા છીએ, ત્યાં જુઓ.



**પ્રશ્ન-૨૧૪ :- પર્યાયદષ્ટિથી જીવતત્ત્વનું નિરૂપણ કરો?**

ઉત્તર :- જીવ, ચેતનારૂપ છે. તે ચેતના બે પ્રકારની છે - એક જ્ઞાનચેતના, બીજી અજ્ઞાનચેતના; માટે તેના સ્વામી પણ બે પ્રકારના છે. જ્ઞાનચેતનાનો સ્વામી સમ્યગ્દષ્ટિ; અજ્ઞાનચેતનાનો સ્વામી મિથ્યાદષ્ટિ. પર્યાયદષ્ટિથી ત્રણ લોકના જીવ આ બે રૂપ છે. (૯૫૮ થી ૧૦૦૫)

**પ્રશ્ન-૨૧૫ :- સમ્યગ્દષ્ટિનું સ્વરૂપ બતાવો?**

ઉત્તર :- (૧) જે જ્ઞાનચેતનાનો સ્વામી હોય;

(૨) ઈન્દ્રિયસુખ તથા ઈન્દ્રિયસુખમાં જેની હેયબુદ્ધિ હોય;

(૩) અતીન્દ્રિયસુખ અને અતીન્દ્રિય જ્ઞાનમાં જેની ઉપાદેયબુદ્ધિ હોય;

(૪) જેને પોતાના આત્માનો પ્રત્યક્ષ (સાક્ષાત્કાર/અનુભવ) થઈ ગયો હોય;

(૫) વસ્તુસ્વરૂપને, વિશેષતયા નવ તત્ત્વોને અને તેમાં અન્વયપણે જોવા મળતા સામાન્યને જાણનાર હોય;

(૬) ભેદવિજ્ઞાનને પ્રાપ્ત હોય;

(૭) કોઈ કર્મમાં વિશેષરૂપે સાતાવેદનીયમાં અને કર્મોના કાર્યમાં જેની ઉપાદેયબુદ્ધિ ન હોય;

(૮) જેના વીર્યનો જુકાવ દરેક સમયે પોતા તરફ હોય;

(૯) પર પ્રત્યે અત્યંત ઉપેક્ષારૂપ વૈરાગ્ય હોય;

(૧૦) કર્મચેતના અને કર્મફળચેતનાનો જ્ઞાતા-દષ્ટા હોય;

(૧૧) સામાન્યનું સંવેદન કરનારો હોય;

(૧૨) વિષય સુખમાં અને પરમાં અત્યંત અરુચિભાવ હોય; અને

(૧૩) માત્ર જ્ઞાનમયભાવોને ઉત્પન્ન કરનારા હોય. આ ઉપર

ઉપરના લક્ષણો છે. ખરેખર તો 'એક જ્ઞાનચેતના' જ સમ્યગ્દષ્ટિનું લક્ષણ છે. તેના ગર્ભમાં આ બધું આવી જાય છે.

(૯૬૬, ૧૦૦૦, ૧૧૩૯, ૧૧૪૨)

**પ્રશ્ન-૨૧૬ :- મિથ્યાદષ્ટિનું સ્વરૂપ શું છે?**

ઉત્તર :- (૧) જે કર્મચેતના અને કર્મફળચેતનાનો સ્વામી હોય;

(૨) ઈન્દ્રિયસુખ અને ઈન્દ્રિયજ્ઞાનમાં જેની ઉપાદેયબુદ્ધિ હોય;

(૩) વસ્તુસ્વરૂપથી અજાણ હોય;

(૪) સાતાવેદનીયના કાર્યમાં જેની અત્યંત રુચિ હોય;

(૫) દરેક સમયે પરના ગ્રહણનો અત્યંત અભિલાષી હોય;

(૬) પોતાને પર્યાય જેટલો જ માનીને, તેનું જ સંવેદન કરનારો હોય; અને

(૭) માત્ર અજ્ઞાનમયભાવોનો ઉત્પાદક હોય.

આ ઉપર ઉપરના લક્ષણો છે. ખરેખર તો 'એક અજ્ઞાનચેતના' જ મિથ્યાદષ્ટિનું લક્ષણ છે. તેના ગર્ભમાં આ બધું આવી જાય છે.

**પ્રશ્ન-૨૧૭ :- ચેતનાના પર્યાયવાચી નામો બતાવો?**

ઉત્તર :- (૧) ચેતના, ઉપલબ્ધિ, પ્રાપ્તિ, સંવેદન, સંચેતન, અનુભવન, અનુભૂતિ અથવા આત્મોપલબ્ધિ - આ શબ્દોનો એક અર્થ છે. ચાહે તે સંવેદન, જ્ઞાનરૂપ હોય કે અજ્ઞાનરૂપ હોય. તે શબ્દ સામાન્યરૂપથી બેયમાં પ્રયોગ થાય છે.

(૨) શુદ્ધચેતના, જ્ઞાનચેતના, શુદ્ધોપલબ્ધિ, શુદ્ધાત્મોપલબ્ધિ તે પર્યાયવાચી છે; જ્ઞાનીને જ હોય છે.

(૩) અશુદ્ધચેતના, અજ્ઞાનચેતના, કર્મચેતના અના કર્મફળચેતના અશુદ્ધોપલબ્ધિ - તે પર્યાયવાચી છે; અજ્ઞાનીને જ હોય છે.

**પ્રશ્ન-૨૧૮ :- જ્ઞાનચેતનાનું સ્વરૂપ શું છે?**

ઉત્તર :- જ્ઞાનચેતનામાં શુદ્ધ આત્મા એટલે કે જ્ઞાનમાત્રનો



સ્વાદ આવે છે. તે જ્ઞાનની સમ્યગ્જ્ઞાનરૂપ અવસ્થાંતર છે. તે શુદ્ધ જ હોય છે. આનાથી કર્મબંધ નથી થતો. (૯૬૪, ૯૬૫)

**પ્રશ્ન-૨૧૯ :- અજ્ઞાનચેતનાનું સ્વરૂપ બતાવો?**

ઉત્તર :- પોતાનો સર્વથા રાગ-દ્વેષ કે સુખ-દુઃખરૂપ અનુભવ કરવો તે અજ્ઞાનચેતના છે. જે આત્મા, સ્વભાવથી જ્ઞાયક હતો તે પોતે વેદક બનીને અજ્ઞાનભાવનું સંવેદન કરે છે. તેમાં જ્ઞાનનું રંચમાત્ર સંવેદન નથી. આ બધું જગતમાં (જગતના બધા મિથ્યાદષ્ટિજીવોમાં) જોવા મળે છે. અશુદ્ધ જ હોય છે અને તેમાં કર્મબંધ જ થાય છે. (૯૭૬)

**પ્રશ્ન-૨૨૦ :- કર્મચેતનાનું સ્વરૂપ શું છે?**

ઉત્તર :- પોતાને સર્વથા રાગ-દ્વેષ-મોહરૂપ જ અનુભવવો, જ્ઞાયકનો રંચમાત્ર અનુભવ ન થવો, તે કર્મચેતના છે. જીવ, ભેદજ્ઞાનના અભાવને કારણે, આત્માના જ્ઞાયકસ્વરૂપને ભૂલીને સર્વથા પરપદાર્થને પોતારૂપ અથવા પોતાને પરપદાર્થરૂપ સમજે છે, તો મોહભાવની ઉત્પત્તિ થાય છે. જેને ઈષ્ટ માને છે, તેના પ્રત્યેને રાગની ઉત્પત્તિ થાય છે. જેને અનિષ્ટ માને છે, તેના પ્રત્યે દ્વેષની ઉત્પત્તિ થાય છે. પછી સર્વથા રાગ-દ્વેષ-મોહનો અનુભવ કરવા લાગે છે. તેને આત્મા, માત્ર રાગ-દ્વેષ-મોહ જેટલો જ અનુભવમાં આવે છે. (૯૭૫)

**પ્રશ્ન-૨૨૧ :- કર્મફળચેતનાનું સ્વરૂપ બતાવો?**

ઉત્તર :- પોતાને સર્વથા સુખ-દુઃખરૂપ જ અનુભવ કરવો. જ્ઞાયકનો રંચમાત્ર અનુભવ ન કરવો, તે કર્મફળચેતના છે. જીવ, ભેદજ્ઞાનના અભાવને કારણે આત્માના જ્ઞાનસ્વરૂપને ભૂલીને ઈષ્ટ વિષયોમાં સુખની કલ્પના કરે છે તથા અનિષ્ટ વિષયોમાં દુઃખભાવથી સર્વથા તન્મય થઈને તેનું જ સંવેદન કરે છે. તેને આત્મા, માત્ર

સુખ-દુઃખ જેટલો જ અનુભવમાં આવે છે.

**પ્રશ્ન-૨૨૨ :- જ્ઞાનીને સાધારણ ક્રિયાથી બંધ કેમ નથી પડતો?**

ઉત્તર :- કેમકે તે કર્મચેતના અને કર્મફળચેતનાનો સ્વામી નથી; જ્ઞાનચેતનાનો સ્વામી છે. જ્ઞાનચેતનાના સ્વામીને કર્મચેતના અને કર્મફળચેતનાથી બંધ નથી પડતો; નહિતર મોક્ષ જ ન થાય. (૯૯૭, ૧૦૦)

**પ્રશ્ન-૨૨૩ :- જ્ઞાની-અજ્ઞાનીની પરિભાષા શું છે?**

ઉત્તર :- જે પોતાને સામાન્યરૂપ સંવેદન કરે, તે જ્ઞાની અને જે પોતાને વિશેષરૂપ સંવેદન કરે, તે અજ્ઞાની; બાકી પરલક્ષી જ્ઞાનના ક્ષયોપશમ કે બહિરંગ ચારિત્રથી તેને કોઈ સંબંધ નથી. જગતમાં એક સમ્યગ્દષ્ટિ જ જ્ઞાની છે; બાકી આખું જગત અજ્ઞાની છે. (૯૮૯, ૯૯૦, ૯૯૧)

**પ્રશ્ન-૨૨૪ :- આત્માનું સામાન્યસ્વરૂપ શું છે?**

ઉત્તર :- (૧) અબદ્ધસ્પૃષ્ટ, (૨) અનન્ય, (૩) નિયત, (૪) અવિશેષ, (૫) અસંયુક્ત, (૬) શુદ્ધ, (૭) જ્ઞાનની એક મૂર્તિ, (૮) સિદ્ધ સમાન આઠ ગુણસહિત, (૯) મેલરહિત શુદ્ધ સ્ફટિકવત્, (૧૦) પરિગ્રરહિત આકાશવત્, (૧૧) ઈન્દ્રિયોથી ઉપેક્ષિત, અનંત જ્ઞાન-દર્શન-વીર્યની મૂર્તિ, (૧૨) અનંત અતીન્દ્રિય સુખરૂપ, (૧૩) અનંત સ્વાભાવિકગુણોથી અન્વિત (યુક્ત) આત્માનું સામાન્યસ્વરૂપ છે. (૧૦૦૧, ૧૦૦૫)

**પ્રશ્ન-૨૨૫ :- અબદ્ધસ્પૃષ્ટાદિનું કાંઈક સ્વરૂપ બતાવો?**

ઉત્તર :- (૧) આત્મા, દ્રવ્યકર્મ-ભાવકર્મથી બદ્ધ નથી તથા નોકર્મથી સ્પર્શાયેલો નથી, તેને અબદ્ધસ્પૃષ્ટ કહે છે.

(૨) આત્મા, મનુષ્ય-તિર્યંચ આદિ અનેક વિભાવવ્યંજનપર્યાયરૂપ



નથી, તે અનન્યભાવ છે.

(૩) આત્મામાં જ્ઞાનાદિગુણોના સ્વાભાવિક અવિભાગ પ્રતિચ્છેદની હાનિ-વૃદ્ધિ નથી, તે નિયતભાવ છે.

(૪) આત્મામાં ગુણભેદ નથી, તે અવિશેષભાવ છે.

(૫) આત્મા, રાગથી સંયુક્ત નથી, તે અસંયુક્તભાવ છે.

(૬) આત્મા, નવ પદાર્થરૂપ નથી, તે શુદ્ધભાવ છે. (૧૦૦૧, ૧૦૦૫)

**પ્રશ્ન-૨૨૬ :- ઈન્દ્રિયસુખનું સૈદ્ધાંતિક સ્વરૂપ બતાવો?**

ઉત્તર :- (૧) જે પરાધીન છે, કેમકે કર્મ, ઈન્દ્રિય અને વિષયને આધીન છે.

(૨) બાધાસહિત છે કેમકે આકુળતામય છે.

(૩) વ્યચ્છિન્ન છે કેમકે અસાતાના ઉદયથી તૂટી જાય છે.

(૪) બંધનું કારણ છે કેમકે રાગનું અવિનાભાવી છે.

(૫) અસ્થિર છે કેમકે હાનિ-વૃદ્ધિસહિત છે.

(૬) દુઃખરૂપ છે કેમકે તૃષ્ણાનું બીજ છે; માટે સમ્યગ્દષ્ટિને આમાં રુચિ નથી હોતી. (૧૦૧૩)

**પ્રશ્ન-૨૨૭ :- ઈન્દ્રિયજ્ઞાનમાં સૌથી મોટો દોષ શું છે?**

ઉત્તર :- ઈન્દ્રિયજ્ઞાનમાં સૌથી મોટો દોષ એ છે કે તે જે પદાર્થને જાણે છે, તેમાં મોહ-રાગ-દ્વેષની કલ્પના કરીને આકુળિત થઈ જાય છે અને આકુળતા જ આત્મા માટે મહાન દુઃખ છે. તેને પ્રત્યર્થપરિણમન કહે છે. (૧૦૪૩)

**પ્રશ્ન-૨૨૮ :- અબુદ્ધિપૂર્વક દુઃખ કોને કહે છે?**

ઉત્તર :- ચાર ઘાતિકર્મોના નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી જે જીવને અનંત ચતુષ્ટયનો ઘાત પડે છે, તે અબુદ્ધિપૂર્વક મહાન દુઃખ છે.

અનંત ચતુષ્ટયરૂપ સ્વભાવનો અભાવ જ તેની સિદ્ધિમાં કારણ છે. (૧૦૭૩ થી ૧૧૧૨)

**પ્રશ્ન-૨૨૯ :- અતીન્દ્રિયજ્ઞાન અને સુખની સિદ્ધિ કરો?**

**ઉત્તર :-** આ આત્માના બે અનુજીવીગુણ છે. અનાદિથી ઘાતિકર્મોના નિમિત્તથી તેમનું વિભાવરૂપ પરિણમન થઈ રહ્યું છે. સ્વરૂપના અવલંબના બળ દ્વારા તે ઘાતિકર્મોનો અભાવ થતા જ તેની સ્વભાવપર્યાય પ્રગટે છે, તેનું નામ અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિય સુખ છે. તેને જ અનંત-ચતુષ્ટય પણ કહે છે કેમકે અનંત વીર્ય અને અનંત દર્શન તેના અવિનાભાવી છે. આ જ ખરેખર આત્માનું પૂર્ણ સ્વરૂપ છે, જેના ઉપર ઉપાદેયપણે સમ્યગ્દષ્ટિને દૃષ્ટિ જામી છે. (૧૧૧૩ થી ૧૧૩૮ સુધી)



## પાંચમા ભાગનું પરિશિષ્ટ

### સમ્યક્ત્વના લક્ષણોનું તુલનાત્મક અધ્યયન

શ્રીસમયસારજીમાં કહ્યું છે કે —

भूदत्थेणाभिगया जीवाजीवा य पुण्णपावं च।
आसवसंवरणिज्जरबन्धो मोक्खो य सम्मत्तं।।१३।।

એટલે કે ભૂતાર્થનયથી જાણેલા જીવ, અજીવ અને પુણ્ય, પાપ તથા આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ આ નવ તત્ત્વ સમ્યક્ત્વ છે.

ભાવ એમ છે કે નવ તત્ત્વમાં અન્વયરૂપથી પ્રાપ્ત સામાન્યનો અનુભવ તે સમ્યગ્દર્શન છે. તે સમ્યગ્દર્શનનું સ્વાત્માનુભૂતિરૂપ અનાત્મભૂત લક્ષણ છે; જેનું શ્રી પંચાધ્યાયીકારે શ્લોક ૧૧૫૫થી ૧૧૭૭ સુધી ૨૩ શ્લોકોમાં વિવેચન કર્યું છે.

શ્રી નિયમસારજીમાં કહ્યું છે -

अत्तागमतच्चाणं सद्दहणादो हवेइ सम्मत्तं।।५।।
विवरीयाभिणिवेसविवज्जियसद्दहणमेव सम्मत्तं।।५१।।
चलमलिणमगाढत्तविवज्जियसद्दहणमेव सम्मत्तं।।५२।।

એટલે કે, આપ્ત, આગમ અને તત્ત્વોની શ્રદ્ધાથી સમ્યક્ત્વ થાય છે. ૫.

વિપરીત-અભિનિવેષ (અભિપ્રાય-આગ્રહ) રહિત શ્રદ્ધાન, તે જ સમ્યક્ત્વ છે. ૫૧.

ચળતા, મલિનતા અને અગાઢતારહિત શ્રદ્ધાન, તે જ સમ્યક્ત્વ છે. ૫૨.

આમાં વ્યવહારસમ્યગ્દર્શનનું વર્ણન છે, જે આ ગ્રંથમાં શ્લોક ૧૧૭૬ થી ૧૧૯૧ સુધી ૧૪ શ્લોકમાં છે.

શ્રી પંચાસ્તિકાય, પૃષ્ઠ ૧૬૯ શ્રી જયસેનાચાર્યની ટીકામાં કહ્યું છે -

एवं जिणपण्णत्ते सद्द्हमाणस्य भावदो भावे।
पुरसिस्साभिणिबोधे दंसणसद्दो हवदिजुत्ते।।१।।
एवं जिनप्रज्ञप्तान् श्रद्दधतः भावतः भावान्।
पुरुषस्य आभिनिबोधे दर्शनशब्दः भवति युक्तः।।

એટલે કે આ પ્રકારે જિનેન્દ્ર ભગવાન દ્વારા કહેલા પદાર્થોનું ભાવપૂર્વક શ્રદ્ધાન કરનારા પુરુષને મતિ-(શ્રુત) જ્ઞાનમાં દર્શનશબ્દ પ્રયુક્ત થાય છે.

આ લક્ષણમાં નિરૂપણ તો શ્રદ્ધાગુણની સાચી સમ્યગ્દર્શનની પર્યાયનું છે, પણ તે નીચેની ભૂમિકાવાળાને સમ્યગ્દષ્ટિના જ્ઞાનને સહચર કરીને નિરૂપણ કર્યું છે કેમકે લેખકને આગળ સમ્યગ્દષ્ટિના જ્ઞાનના જ્ઞેયભૂત નવ પદાર્થોનું વર્ણન કરવાનું હતું અને તેની ભૂમિકારૂપ આ સૂત્ર રચવામાં આવ્યું છે. તેનું નિરૂપણ પંચાધ્યાયીકારે શ્લોક ૧૧૭૮ થી ૧૧૯૧ સુધી ૧૪ સૂત્રોમાં કર્યું છે.

શ્રી પ્રવચનસારજી, ગાથા ૨૪૨ની ટીકામાં કહ્યું છે -

'ज्ञेयज्ञातृतत्त्वतथाप्रतीतिलक्षणेन सम्यग्दर्शनपर्यायेण'

એટલે કે જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની તથા પ્રકારે (જેમ છે તેમ યથાર્થ) પ્રતીતિ જેનું લક્ષણ છે, તે સમ્યગ્દર્શન પર્યાય છે...

અહીંયાં સમ્યગ્દર્શનરૂપ સાચી પર્યાયનું નિરૂપણ છે. સ્વ-પર શ્રદ્ધાન લક્ષણથી તેનું નિરૂપણ કર્યું છે. તે લક્ષણ પંચાધ્યાયીકારે શ્લોક ૧૧૭૮ થી ૧૧૯૧માં નિરૂપણ કર્યું છે.

શ્રી દર્શનપ્રાભૃતમાં કહ્યું છે -



जीवादीसद्दहणं सम्मत्तं जिणवरेहिं पण्णत्तं।
ववहारा णिच्छयदो अप्पाणं हवइ सम्मत्तं।।२०।।

એટલે કે જીવાદિ કહેલા જે પદાર્થ, તેનું શ્રદ્ધાન તે તો વ્યવહારથી સમ્યક્ત્વ જિન ભગવાને કહ્યું છે. નિશ્ચયથી પોતાના આત્માનું જ શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે.

ત્યાં વ્યવહારસમ્યક્ત્વ તો વિકલ્પરૂપ છે, જે નિશ્ચયસમ્યગ્દર્શનનું અવિનાભાવી ચારિત્રગુણનો વિકલ્પ છે. તેનું નિરૂપણ પંચાધ્યાયીકારે શ્લોક ૧૧૭૮ થી ૧૧૯૧ સુધી કર્યું છે. નીચેની પંક્તિમાં સમ્યક્ત્વનું સ્વાત્માનુભૂતિ લક્ષણ છે, જેને નિશ્ચયસમ્યક્ત્વ કહ્યું છે, તેનું નિરૂપણ અહીં સૂત્ર ૧૧૫૫ થી ૧૧૭૭ સુધી ૨૩ સૂત્રોમાં કર્યું છે.

શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યું છે -

जीवाजीवादीनां तत्त्वार्थनां सदैव कर्तव्यम्।
श्रद्धानं विपरीताऽभिनिवेशविविक्तमात्मरूपं तत्।।२२।।

એટલે કે જીવ-અજીવ આદિ નવ તત્ત્વોનું શ્રદ્ધાન હંમેશા કરવું જોઈએ. તે શ્રદ્ધાન, વિપરીત-અભિપ્રાયથી રહિત છે અને તે 'આત્મરૂપ' છે. આત્મરૂપ, રાગને નથી કહેતા; શુદ્ધભાવને જ કહે છે.

તે લક્ષણ શ્રદ્ધાગુણની સાચી સમ્યગ્દર્શનપર્યાયનું છે; આરોપિત નથી. જેનું નિરૂપણ પંચાધ્યાયીકારે શ્લોક ૧૧૪૩ થી ૧૧૫૩ સુધી ૧૧ શ્લોકોમાં કર્યું છે.

શ્રી દ્રવ્યસંગ્રહજીમાં કહ્યું છે -

जीवादिसद्दहणं सम्मत्तं रूवमप्पणो तं तु।
दुरभिणिवेसविमुक्कं णाणं सम्मं खु होदि सदि जह्मि।।४१।।

એટલે કે જીવાદિ નવ તત્ત્વોનું શ્રદ્ધાન, સમ્યગ્દર્શન છે અને તે આત્માનું રૂપ છે. જેના હોવાથી નિશ્ચય કરીને જ્ઞાન વિપરીતાભિનિવેશ

(મિથ્યા અભિપ્રાય)થી રહિત, સમ્યક્ થઈ જાય છે.

તે લક્ષણ જેમનું તેમ ઉપરના શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય સાથે મળે છે. આત્મરૂપ લખીને તેમાં આરોપિત લક્ષણોનું તથા રાગનો નિષેધ કરી દીધો છે અને શ્રદ્ધાગુણની સાચી સ્વભાવપર્યાયરૂપ સમ્યગ્દર્શનનું દ્યોતક છે. તેના હોવાથી જ્ઞાન, સમ્યગ્જ્ઞાન થઈ જાય છે, તે તેનો લાભ છે. તેનું નિરૂપણ આ ગ્રંથમાં સૂત્ર ૧૧૪૩ થી ૧૧૫૩ સુધી છે.

શ્રી રત્નકરંડશ્રાવકાચારજીમાં કહ્યું છે -

श्रद्धानं परमार्थानामाप्तागम तपोभृताम्।
त्रिमूढापोढमष्टांगं सम्यग्दर्शनमस्ययम्।।४।।

એટલે કે, સાચા દેવ, આગમ અને ગુરુઓનું ત્રણ મૂઢતારહિત, આઠ મદરહિત અને આઠ અંગસહિત શ્રદ્ધાન કરવું, સમ્યગ્દર્શન છે.

આ લક્ષણ ઉપર્યુક્ત શ્રી નિયમસારના લક્ષણમાંથી લેવામાં આવ્યું છે. છે તો તે સાચું સમ્યગ્દર્શનનું લક્ષણ, પણ સમ્યગ્દર્શનના અવિનાભાવી ચારિત્રગુણના બુદ્ધિપૂર્વકના વિકલ્પ ઉપર આરોપ કરીને નિરૂપણ કર્યું છે, કેમકે તેમને ચરણાનુયોગનો ગ્રંથ બનાવવો મહત્વનો હતો. તેનું નિરૂપણ પંચાધ્યાયીકારે શ્લોક ૧૧૭૮ થી ૧૫૮૫ સુધી કર્યું છે.

શ્રી મોક્ષશાસ્ત્રજીમાં કહ્યું છે-

'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनं' સાત તત્ત્વોનું શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે. છે તો આ પણ સાચા સમ્યગ્દર્શનનું લક્ષણ, પણ અવિનાભાવી જ્ઞાનની પર્યાયને સહચર કરીને નિરૂપણ કર્યું છે. કેમકે તેમણે સાત તત્ત્વોનું જ્ઞાન કરાવવાના ઉદ્દેશથી ગ્રંથ લખ્યો છે. બાકી બધા ગ્રંથોના લક્ષણ ઉપર્યુક્ત બધા લક્ષણોના ગર્ભમાં આવી જાય છે અને ઉપર્યુક્ત સમજી લેવાથી પાઠક બીજા પુસ્તકોના લક્ષણને સ્વયં સમજી જાય છે.



**સમ્યગ્દર્શન : નિરૂપણની અપેક્ષાએ**

આ વિષય સમજવો પરમ આવશ્યક છે; માટે તેના ઉપર થોડો પ્રકાશ કરવાનો પ્રયત્ન કરીએ છીએ. આ વિષય વાસ્તવિકપણે તેને જ સમજાશે, જેને દ્રવ્ય-ગુણ-પર્યાયનું વ્યવસ્થિત જ્ઞાન હશે. આ વિષયમાં જેટલી ભૂલ, જગતમાં ચાલે છે, તે બધી દ્રવ્ય-ગુણ-પર્યાયની અજ્ઞાનને કારણે ચાલે છે. અસ્તુ.

(૧) આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય વગેરે અનંત ગુણોની જેમ એક સમ્યક્ત્વ નામનો ગુણ છે, તેને શ્રદ્ધાગુણ પણ કહે છે. તેની માત્ર છ પર્યાયો હોય છે. (૧) મિથ્યાત્વ, (૨) સાસાદન, (૩) મિશ્ર, એટલે કે સમ્યક્ મિથ્યાત્વ, (૪) ઔપશમિકસમ્યગ્દર્શન, (૫) ક્ષાયોપશમિકસમ્યગ્દર્શન, (૬) ક્ષાયિકસમ્યગ્દર્શન. સાતમી કોઈ પર્યાય આ ગુણમાં નથી હોતી. વ્યવહારસમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્દર્શન નામનો કોઈ પર્યાયભેદ, આ ગુણમાં છે નહિ. આ સિદ્ધાંત પદ્ધતિ છે. કેવળજ્ઞાનને આધારે તેનું નિરૂપણ થાય છે. આ પદ્ધતિમાં એક ગુણની પર્યાયનો આરોપ, બીજા ગુણ પર નથી થતો, પણ દરેક ગુણના જુદો જુદો વિચાર કરવામાં આવે છે. આ પદ્ધતિમાં ક્ષાયિકસમ્યગ્દર્શનને વીતરાગસમ્યગ્દર્શન પણ કહે છે અને ઔપશમિક તથા ક્ષાયોપશમિકસમ્યગ્દર્શનને સરાગ સમ્યગ્દર્શન પણ કહે છે; આ પ્રમાણે સરાગ અને વીતરાગસમ્યગ્દર્શન, બંને શ્રદ્ધાગુણની વાસ્તવિક પર્યાય બની જાય છે. તે પદ્ધતિ શ્રી રાજવાર્તિકજીમાં છે અને શ્રી અમિતગતિશ્રાવકાચારમાં આ શ્લોક છે :

वीतरागं सरागं च सम्यक्त्व कथितं द्विधा।
विरागं क्षायिकं तत्र सरागमपरं द्वयम्।।६५।।

એટલે કે, (૧) વીતરાગ અને સરાગ - એવા સમ્યક્ત્વ બે પ્રકારે કહ્યા છે અને ક્ષાયિકસમ્યક્ત્વ, વીતરાગ છે અને ક્ષયોપશમ,

ઉપશમ એ બેય સમ્યક્ત્વ, સરાગ છે.

(૨) અધ્યાત્મમાં પહેલી ત્રણ પર્યાયોને સામાન્ય રીતે મિથ્યાદર્શન કહેવામાં આવે છે અને પછીની ત્રણ પર્યાયોને સામાન્ય રીતે સમ્યગ્દર્શન કહેવાય છે અથવા એમ પણ કહી શકાય કે સાસાદન અને સમ્યક્ મિથ્યાત્વનું અધ્યાત્મમાં નિરૂપણ નથી થતું; માત્ર મિથ્યાત્વપર્યાયનું નિરૂપણ થાય છે, જે શ્રદ્ધાગુણની વિભાવ કે વિપરીતપર્યાય કહેવાય છે, કેમકે અધ્યાત્મનું નિરૂપણ એવા પ્રમાણે હોય છે, જે આપણી પક્કડમાં આવી શકે. તે પ્રકારે ઔપશમિકસમ્યક્ત્વ, ક્ષાયોપશમિકસમ્યક્ત્વ અને ક્ષાયિકસમ્યક્ત્વ - તત્ત્વાર્થશ્રદ્ધાન કે આત્મશ્રદ્ધાન તેનું લક્ષણ છે. આ પર્યાયમાં નિશ્ચય-વ્યવહારનો કોઈ ભેદ નથી. ગુણભેદ કરીને, માત્ર શ્રદ્ધાગુણની અપેક્ષાએ જો જાણવા ઇચ્છે તો બસ સમ્યગ્દર્શનના વિષયમાં આટલી જ વાત છે.

(૩) હવે અભેદની દૃષ્ટિએ થોડું નિરૂપણ કરે છે. આત્મામાં સમ્યક્ત્વની ઉત્પત્તિના કાળે ચોથા ગુણસ્થાનમાં જ જ્ઞાન, સમ્યગ્જ્ઞાન થઈ જાય છે. તે જ્ઞાનગુણનું પરિણમન, ઉપયોગરૂપ પણ છે. તે ઉપયોગ કોઈ સમયે સ્વને જાણે છે તો કોઈ સમયે પરને જાણે છે. જે વખતે ચોથા ગુણસ્થાનમાં જ તે સમ્યગ્દૃષ્ટિ આત્માનો જ્ઞાનોપયોગ, બધા પરજ્ઞેયોથી ખસીને માત્ર આત્મસંચેતન કરવા લાગે છે, ત્યારે તેને સ્વાત્માનુભૂતિ કહે છે. તે સમયે બુદ્ધિપૂર્વક વિકલ્પ (રાગ) નથી હોતો; આત્માનો ઉપયોગ કેવળ સ્વસન્મુખ થઈને પોતાના અતીન્દ્રિયસુખને ભોગવે છે. આ જ્ઞાનની સ્વાત્માનુભૂતિને, અખંડ આત્મા હોવાને કારણે 'સમ્યગ્દર્શન' પણ કહે છે, પણ એટલો વિવેક રાખવો જોઈએ કે તે મતિ-શ્રુતજ્ઞાનની પર્યાય છે; શ્રદ્ધાગુણની પર્યાય નથી અને તેને સમ્યગ્દર્શન કહેવું, સમ્યગ્દર્શનનું અનાત્મભૂત લક્ષણ છે; આત્મભૂત લક્ષણ નથી કેમકે તે સ્વાત્માનુભૂતિમાં



બુદ્ધિપૂર્વક વિકલ્પ (રાગ) નથી હોતો; માટે તેને નિશ્ચયસમ્યગ્દર્શન પણ કહેવામાં આવે છે. સમ્યગ્દર્શનની સાથે નિશ્ચય વિશેષણ લગાવવાથી બુદ્ધિપૂર્વકના રાગનો નિષેધ થઈ જાય છે અને તે સ્વાત્માનુભૂતિદશાનું દ્યોતક થઈ જાય છે. શ્રીસમયસારજીમાં આ પદ્ધતિનું નિરૂપણ છે. તે દશા ચોથા ગુણસ્થાનમાં પણ હોય છે, પાંચમાં, છઠ્ઠામાં પણ હોય છે અને સાતમાથી સિદ્ધ સુધી તો સ્વાત્માનુભૂતિરૂપ દશા છે જ.

**(શ્રી આત્માવલોકન, પૃષ્ઠ ૧૬૫-૧૬૬ના આધારે)**

(૪) જે સમયે સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન, સ્વાનુભૂતિથી છૂટીને પરમાં જાય છે અને જીવાદિ નવ પદાર્થોને ભેદરૂપ જાણે છે, તે સમયે, તેના જ્ઞાનમાં બુદ્ધિપૂર્વકનો રાગ પણ આવી જાય છે; માટે તે સમયે બુદ્ધિપૂર્વ જ્ઞાનની અપેક્ષાએ તથા નવ તત્ત્વોના ભેદસહિત અને રાગસહિત જાણવાને કારણે, તે જ્ઞાનના પરિણમનને વ્યવહાર સમ્યગ્દર્શન કહેવાય છે. તેમાં સમ્યગ્દર્શન શબ્દ તો એમ બતાવે છે કે જ્ઞાન, શ્રદ્ધાગુણની સમ્યક્ત્વપર્યાયને લઈને છે અને વ્યવહાર શબ્દ બતાવે છેકે તે જ્ઞાનમાં બુદ્ધિપૂર્વકનો રાગ પણ છે. આ જે નવ પદાર્થોને જાણવારૂપ જ્ઞાનની પર્યાયને વ્યવહારસમ્યક્ત્વ કહેવાય છે, ત્યાં તે વિવેક રહેવો જોઈએ કેતે સમ્યક્ત્વનું સહચર લક્ષણ છે અને વસ્તુસ્થિતિ ઉપર્યુક્ત અનુસાર છે, તે પણ સમ્યક્ત્વ નિરૂપણની પદ્ધતિ છે. તત્ત્વાર્થોનું શ્રદ્ધાન, સમ્યગ્દર્શન - આ પદ્ધતિએ જ કહેવાય છે.

(૫) સમ્યગ્દૃષ્ટિ આત્મામાં સમ્યક્ત્વની ઉત્પત્તિના સમયે, ચારિત્ર પણ સમ્યક્ચારિત્ર થઈ જાય છે. જે સમયે ચોથા ગુણસ્થાનથી જ સમ્યગ્દૃષ્ટિ આત્મા, ઉપયોગાત્મક સ્વાત્માનુભૂતિ કરે છે, તે સમયે તે ગુણમાં અબુદ્ધિપૂર્વક તો રાગ રહે છે, પણ બુદ્ધિપૂર્વક રાગ નથી

રહેતો; માટે સ્વાત્માનુભૂતિના સમયે જ્યારે સમ્યગ્દષ્ટિના સમ્યક્ત્વને નિશ્ચય સમ્યક્ત્વ કહેવામાં આવે છે તો તેમાં આ ગુણનો વીતરાગ અંશ પણ સમાવિષ્ટ છે. જે સમયે સ્વાત્માનુભૂતિથી છૂટીને, સમ્યગ્દષ્ટિ આત્મા, પરમાં પ્રવૃત્ત થાય છે - જેમ કે પૂજા, પાઠ, શાસ્ત્ર સ્વાધ્યાય, પ્રવચન વગેરેમાં; તે સમયે તે ગુણમાં બુદ્ધિપૂર્વકના રાગનું પરિણમન રહે છે, તે બુદ્ધિપૂર્વક વિકલ્પને વ્યવહારસમ્યક્ત્વ કે વ્યવહારજ્ઞાન કહી દે છે પણ કહે છે કે તે જીવમાં, જેમાં દર્શનમોહનો ઉપશમાદિ થઈને ખરેખર સમ્યગ્દર્શન સાથે હોય. **મિથ્યાદષ્ટિનું શ્રદ્ધાન કે જ્ઞાન કે ચારિત્રને નિશ્ચય કે વ્યવહાર કોઈ પણ સમ્યક્ત્વ નથી કહેતા - તે વાત બહુ સારી રીતે ધ્યાનમાં રહેવી જોઈએ.** ક્યાંક મિથ્યાદષ્ટિના વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કહ્યા પણ હોય, તો સમજી લેવું કે ત્યાં શ્રદ્ધાભાસ, જ્ઞાનાભાસ અને ચારિત્રાભાસને વ્યવહાર શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્રનું નામ આપ્યું છે અને સમ્યક્ શબ્દ તો મિથ્યાદષ્ટિને માટે પ્રયોગ કરાતો જ નથી.

હવે, આ કથનને ઉપર મુજબ આગમપ્રમાણથી મેળવીને દેખાડે છે.

શ્રી સમયસારજીમાં ઉપયોગાત્મક સ્વાત્માનુભૂતિને નિશ્ચય સમ્યગ્દર્શન કહ્યું છે, જે મતિ-શ્રુતજ્ઞાનની પર્યાય છે, કેમકે તે સમ્યગ્દષ્ટિને જ હોય છે; માટે તે કથન નિર્દોષ છે.

શ્રી પંચાસ્તિકાયમાં સમ્યગ્દર્શનના સહભાવી જ્ઞાનને સમ્યગ્દર્શન કહ્યું છે.

શ્રીદર્શનપાહુડમાં સમ્યક્ત્વના અવિનાભાવી ચારિત્રગુણના બુદ્ધિપૂર્વક વિકલ્પસહિત જ્ઞાનના પરિણમનને વ્યવહારસમ્યક્ત્વ કહ્યું છે અને ઉપયોગાત્મક સ્વાત્માનુભૂતિને નિશ્ચયસમ્યક્ત્વ કહ્યું છે.

શ્રીપ્રવચનસારમાં સમ્યક્ત્વના અવિનાભાવી સામાન્યજ્ઞાનને



સમ્યગ્દર્શન કહ્યું છે, ભલે તે જ્ઞાન લબ્ધિરૂપ હોય કે ઉપયોગરૂપ હોય.

શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય તથા શ્રી દ્રવ્યસંગ્રહમાં શ્રદ્ધાગુણની સીધી સમ્યગ્દર્શન પર્યાયનું નિરૂપણ છે, તેમાં નિશ્ચય-વ્યવહારનો ભેદ નથી.

શ્રી રત્નકરંડશ્રાવકાચારમાં સમ્યક્ત્વના અવિનાભાવી ચારિત્રગુણના દેવ-શાસ્ત્ર-ગુરુના વિકલ્પાત્મક પરિણમનને સમ્યગ્દર્શન કહ્યું છે.

શ્રીમોક્ષશાસ્ત્રમાં સમ્યક્ત્વના અવિનાભાવી જ્ઞાનને સમ્યગ્દર્શન કહ્યું છે.

શ્રીસર્વાર્થસિદ્ધિમાં પ્રશમ, સંવેગ, અનુકંપા, સમ્યક્ત્વના લક્ષણ મળે છે, તે સમ્યક્ત્વનું અવિનાભાવી ચારિત્રગુણનું વિકલ્પાત્મક પરિણમન છે.

શ્રી આત્માનુશાસનમાં જે સમ્યક્ત્વના મૂળસમ્યક્ત્વ વગેરે દસ ભેદ કર્યા છે, તે અનેક નિમિત્તોની અપેક્ષાએ સમ્યક્ત્વના અવિનાભાવી છે.

શ્રીપ્રવચનસાર, ગાથા-૨૪૨ની ટીકામાં એક બીજા જ પ્રકારનો વ્યવહાર-નિશ્ચય મળે છે. ત્યાં અપ્રમત્તદશાની વાત છે. અપ્રમત્તદશામાં રત્નત્રયમાં બુદ્ધિપૂર્વક વિકલ્પનો તો અભાવ થઈ જાય છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું ભિન્ન ભિન્ન વેદન નહિ થઈને પાનકવત્ એકાગ્ર વેદન થાય છે; માટે આચાર્ય કહે છે કે ગુણભેદ કરીને ભિન્ન ભિન્ન ગુણની પર્યાયથી જો મોક્ષમાર્ગ કહો તો તે જ વ્યવહારમોક્ષમાર્ગ છે અને જો ગુણ ભેદ નહિ કરતા અભેદથી કહો તો તે જ નિશ્ચયમોક્ષમાર્ગ છે. અહીં રાગને વ્યવહાર અને વીતરાગતાને નિશ્ચય નહિ, પણ પર્યાયભેદને વ્યવહાર અને પર્યાય-અભેદને નિશ્ચય કહ્યો છે.

શ્રીદ્રવ્યસંગ્રહમાં બહુ સરસ વિવેચન છે. તેમણે સમ્યગ્દર્શન, જે શ્રદ્ધાગુણની સાચી પર્યાય છે, તેને તો નિશ્ચયસમ્યગ્દર્શન લખ્યું છે. જ્ઞાનની પર્યાય, સ્વ-પરને જાણવારૂપ છે, તેમાં નિશ્ચય-વ્યવહારનો ભેદ નથી કર્યો. ચારિત્રગુણનું પરિણમન કેમકે વીતરાગરૂપ પણ હોય છે અને સરાગરૂપ પણ; માટે પર્યાયના ટૂકડા કરીને જેટલા અંશમાં તે ચારિત્રગુણ, શુભવિકલ્પરૂપ પરિણમન કરી રહ્યો છે, તેટલા અંશમાં તો તેને વ્યવહારચારિત્ર કહ્યું છે, તે જ્ઞાનીનો વ્યવહાર છે. જેટલા અંશમાં ચારિત્ર વીતરાગરૂપ પરિણમન કરી રહ્યું છે, તેને નિશ્ચયસમ્યક્ચારિત્ર કહ્યું છે. તેમણે સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયના હિસાબે લખ્યું છે અને બધા વિવાદનો નાશ કરી દીધો છે. તે વિવેચન શુદ્ધ છે, એટલે કે ભિન્ન-ભિન્ન ગુણભેદની પર્યાય અનુસાર છે; આરોપનું કામ નથી.

શ્રી નિયમસાર, ગાથા ૫ તથા ૫૧-૫૨ની પ્રથમ પંક્તિમાં વ્યવહાર-સમ્યક્ત્વનું નિરૂપણ છે. ગાથા ૫૧-૫૨ની છેલ્લી પંક્તિઓમાં સમ્યગ્જ્ઞાનનું અને ૫૪-૫૫ની પહેલી પંક્તિઓમાં નિશ્ચયસમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાનનું નિરૂપણ છે. ગાથા ૫૬ થી ૭૬ સુધી જ્ઞાનીના વિકલ્પરૂપ શુભવ્યવહારચારિત્રનું વિવેચન છે અને ૭૭ થી ૧૫૮ સુધી વીતરાગ અંશરૂપ, નિશ્ચયચારિત્રનું વર્ણન છે.

શ્રીદ્રવ્યસંગ્રહ, ગાથા ૪૧માં સમ્યગ્દર્શનનું, ગાથા ૪૨માં શુદ્ધ સમ્યગ્જ્ઞાનનું, ગાથા ૪૫માં વ્યવહારચારિત્રનું કથન છે. તેમાં ચારિત્રનું સમ્યક્ વિશેષણ નથી, તે ખાસ જોવાની વાત છે, જોકે તે જ્ઞાનીનો વિકલ્પ છે. ગાથા ૪૬માં વીતરાગચારિત્રનું કથન છે, અજ્ઞાનીને વ્યવહાર પણ નથી કહ્યો.

શ્રીપુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં ત્રણેય શુદ્ધભાવરૂપ લીધા છે. રાગને અંગીકાર નથી કર્યો, પરંતુ રાગનો તો નિષેધ કર્યો છે.



શ્રીતત્ત્વાર્થસારમાં જ્ઞાની, મુનિની વિકલ્પાત્મક પ્રવૃત્તિને વ્યવહાર સંજ્ઞા આપી છે અને નિર્વિકલ્પ મુનિને, નિશ્ચય સંજ્ઞા આપી છે. શ્રીપંચાસ્તિકાયમાં પણ આ જ વાત છે.

શ્રીસમયસારમાં શુદ્ધ અંશને નિશ્ચયરત્નત્રય અને રાગ અંશને વ્યવહાર કહ્યો છે, તે રાગની સાથે સમ્યક્ વિશેષણ નથી.

પંડિત ટોડરમલજી કૃત મોક્ષમાર્ગપ્રકાશકમાં છેલ્લા નવમા અધ્યાયમાં, શુદ્ધ/સાચું સમ્યક્ત્વ છે, તેને તો નિશ્ચયસમ્યક્ત્વ કહ્યું છે અને જેટલા અંશે રાગ છે, એટલે કે જ્ઞાનની સાથે તે જાતિનો બુદ્ધિપૂર્વકનો વિકલ્પ છે, તેને વ્યવહારસમ્યક્ત્વ કહ્યું છે; આ પ્રમાણે બંને પ્રકારના સમ્યક્ત્વને એક સમયમાં કહ્યા છે. તેમાં આગળ લખે છે કે સમ્યગ્દષ્ટિના રાગ પર જ વ્યવહારસમ્યક્ત્વનો આરોપ આવે છે; મિથ્યાદષ્ટિના રાગ પર નહિ, એટલે કે મિથ્યાદષ્ટિના રાગને વ્યવહારસમ્યક્ત્વ નથી કહેતા. સમ્યક્ત્વની ઉત્પત્તિ થયા પહેલા, જે વિકલ્પાત્મક નવ પદાર્થની શ્રદ્ધા છે - તે મિથ્યાશ્રદ્ધા છે, તેને વ્યવહારસમ્યક્ત્વ નથી કહેતા, આગળ તેઓ લખે છે કે જે જીવને નિયમથી સમ્યક્ત્વ થવાનું છે અને તે કરણલબ્ધિમાં સ્થિત છે, તેની વિકલ્પાત્મક શ્રદ્ધાને તો વ્યવહારસમ્યક્ત્વ કહી શકાય, કેમકે ત્યાં નિયમથી નિશ્ચયસમ્યક્ત્વ ઉત્પન્ન થવાનું છે.

શ્રીજયસેન આચાર્ય તથા શ્રી બ્રહ્મદેવ સૂરિ વગેરે જે આચાર્યોએ એક સમયમાં વ્યવહાર-નિશ્ચયરૂપ બંને પ્રકારે મોક્ષમાર્ગ માન્યો છે, તેમણે તો શુદ્ધ દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાયોને તો નિશ્ચય કહ્યું છે અને રાગને વ્યવહાર કહ્યો છે અને જેણે ભિન્ન ભિન્ન સમયની મુખ્યતાથી કહ્યું છે, તેમણે સમ્યગ્દષ્ટિ મુનિની સવિકલ્પ અવસ્થાને વ્યવહારરત્નત્રય અને નિર્વિકલ્પ અવસ્થાને નિશ્ચયરત્નત્રય કહ્યું છે. (બૃહદદ્રવ્યસંગ્રહ, ગાથા ૩૯ની ટીકા આ બેય પદ્ધતિનું સ્પષ્ટ પ્રમાણ

છે) જમણે એક સમયમાં માન્યો છે, તેમણે રાગ ઉપર કારણનો આરોપ કરી દીધો છે અને નિશ્ચય તો છે જ કાર્યરૂપ; અને જેમણે જ્ઞાનની સવિકલ્પ (વ્યવહારરત્નત્રય)ની અવસ્થાને કારણ અને નિર્વિકલ્પ અવસ્થાને કાર્ય માન્યું છે, તેમનો આશય એવો છે કે ભેદસહિત તત્ત્વોનો જ્ઞાતા હશે, તે તો વિકલ્પ તોડીને નિર્વિકલ્પ દશારૂપ કાર્ય/અવસ્થાને પ્રાપ્ત કરશે; બાકી બધા કહેવાના કાર્ય-કારણ છે. ખરેખર તો સામાન્ય આત્માનો આશ્રય જ ત્રણે શુદ્ધભાવોનું વાસ્તવિક કારણ છે કેમકે સામાન્યમાંથી જ રત્નત્રય પ્રગટે છે અને વ્યવહાર (રાગનું કારણ) પરવસ્તુનો આશ્રય છે કેમકે પરમાં અટકવાથી તો રાગની ઉત્પત્તિ થાય છે. તે વાસ્તવિક કારણ નથી. રાગ અને શુદ્ધભાવને શું કાર્યકારણ છે? એક બંધરૂપ છે, એક મોક્ષરૂપ છે; એ તો બંને વિરોધી છે, વિપરીત કાર્યને કરનારા છે.

કોઈ પણ સમ્યક્ત્વ કહો, તેમાં શ્રદ્ધાગુણની સ્વભાવપર્યાયનું સહચર હોવું અવશ્યમ્ભાવી છે. ખરેખર તો સમ્યગ્દર્શન અનેક પ્રકારના નથી. પણ તેનું નિરૂપણ અનેક પ્રકારે કર્યું છે. સમ્યગ્દર્શન તો શ્રદ્ધાગુણની સ્વભાવપર્યાય હોવાથી એક જ પ્રકારે છે. તેનું કથન ક્યાંક દ્રવ્યકર્મરૂપ નિમિત્તની અપેક્ષાથી ઔપશમિક વગેરે ત્રણ પ્રકારનું છે; ક્યાંક અબુદ્ધિપૂર્વક રાગના અસદ્ભાવ અને સદ્ભાવના કારણે નિશ્ચય-વ્યવહાર બે પ્રકારે છે; ક્યાંક શ્રદ્ધાગુણની અપેક્ષાએ કતન છે; ક્યાંક જ્ઞાનગુણની અપેક્ષાએ કથન અને ક્યાંક ચારિત્રની અપેક્ષાએ કથન છે. સિદ્ધોના આઠ ગુણોમાં શ્રદ્ધા અને ચારિત્ર બંનેની એકઠી એક શુદ્ધપર્યાયનું નામ સમ્યક્ત્વ છે, ત્યાં જ્ઞાનને ભિન્ન કરી દીધું છે અને ચારિત્રને સમ્યક્ત્વમાં સમાવી લીધું છે. ક્યાં સુધી કહીએ! કહેનારનો અભિપ્રાય શું છે અને પ્રકરણ શું છે? - એ જાણવાની જરૂર છે, સાથે સાથે એ પણ જરૂરી છે કે દ્રવ્ય-ગુણ-પર્યાયનું ઠીક



ઠીક જ્ઞાન હોય; પછી ભૂલને અવકાશ નથી.

એક ખાસ વાત એ પણ છે કે સાચા સમ્યગ્દર્શનરૂપ પર્યાય પ્રગટ્યા વિના પણ, મિથ્યાદૃષ્ટિ જે શાસ્ત્રના બળે તત્ત્વાર્થની વિકલ્પાત્મક શ્રદ્ધા કરે છે, અગિયાર અંગ સુધીનું વિકલ્પાત્મક જ્ઞાન કરે છે અને છ કાયના જીવોની રક્ષા કરે છે, તેને આગમમાં વ્યવહાર કહેવાની પદ્ધતિ છે - જેમ કે શ્રી પ્રવચનસાર, ગાથા ૨૩૯ના શિર્ષકમાં મિથ્યાદૃષ્ટિને ત્રણેય કહ્યા છે; શ્રી સમયસારજી, ગાથા ૨૭૬માં મિથ્યાદૃષ્ટિના ત્રણે - આચારાદિ —શાસ્ત્રજ્ઞાનને જ્ઞાન, જીવાદિના શ્રદ્ધાનને શ્રદ્ધાન અને ષટ્કાયના જીવોની રક્ષાને ચારિત્ર કહીને તરત ગાથા ૨૭૭માં તેનો નિષેધ કરી દીધો છે કે રત્નત્રય તો આત્માશ્રિત શુદ્ધભાવ છે; તે રાગ, રત્નત્રય ન હોઈ શકે. તેમાં એટલો વિવેક રાખવાની જરૂર છે કે મિથ્યાદૃષ્ટિના શ્રદ્ધાનાદિને વ્યવહાર કહેવા છતાં પણ, તે વ્યવહારાભાસ છે; ન વ્યવહારરત્નત્રય છે અને ન નિશ્ચયરત્નત્રય છે.

શ્રી સમયસારજી, કળશ ૯માં કહ્યું છે કે નવ તત્ત્વોની વિકલ્પાત્મક શ્રદ્ધાને છોડીને, એક આત્માનુભવ અમને પ્રાપ્ત હો. ત્યાં પણ રાગવાળી નવ પદાર્થોની શ્રદ્ધાનો આશય છે. ઘણા લોકોનું એમ પણ કહેવું છે કે સમ્યગ્દર્શન થયા પહેલા થનારી નવ પદાર્થોની શ્રદ્ધાને વ્યવહારસમ્યગ્દર્શન કહે છે, પણ સમ્યક્ત્વની ઉત્પત્તિ પહેલા વ્યવહારરત્નત્રય હોતા જ નથી. તેની સાક્ષી શ્રી પંચાસ્તિકાય ગાથા ૧૦૬-૧૦૭ની ટીકામાં નિયમ કર્યો છે કે દર્શનમોહના અનુદય અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પહેલા કોઈ મોક્ષમાર્ગ નથી. નિશ્ચય વિના વ્યવહાર કેવો? હવે સાર વાત એ છે કે ખરેખર તો સમ્યગ્દર્શન, શ્રદ્ધાગુણની નિર્વિકલ્પ શુદ્ધપર્યાય છે જે ચોથા ગુણસ્થાનથી સિદ્ધ સુધી એકરૂપ છે. તેમાં નિશ્ચય-વ્યવહાર છે જ નહિ. ખરેખર તો

તે વ્યવહાર-નિશ્ચયની કલ્પનાથી રહિત સમ્યક્ત્વ અદ્વૈતરૂપ છે. તેની ચર્ચા પોતે ગ્રંથાકાર છઠ્ઠા પુસ્તકમાં કરશે. આ અનેકાંત આગમની તીક્ષ્ણધારા છે. ગુરુગમથી ચલાવવાનું શીખવું પડે છે, નહિતર રાગરૂપ શત્રુનું ગળું કાપવાને બદલે જીવ પોતે ખાડામાં પડી જાય છે. વિશેષ સદ્‌ગુરુના પરિચયથી જાણકારી મેળવે. અમારી જેવા તુચ્છ પામર શું આગમનો પાર પાડી શકીએ?

સદ્‌ગુરુદેવનો જય. ૐ શાંતિ.



## સમ્યક્ત્વના ભેદ

શ્રી ચિદ્‌વિલાસ પરમાગમમાં કહ્યું છે કે - ચોથા ગુણસ્થાનવાળા જીવ, શ્રી સર્વજ્ઞ દ્વારા કહેલા વસ્તુસ્વરૂપનું ચિંતવન કરે છે, તેને સમ્યક્ત્વ થઈ ગયું છે. તે સમ્યક્ત્વના ૬૭ ભેદ છે, તે કહે છે.

પ્રથમ, શ્રદ્ધાનના ચાર ભેદ છે -

(૧) **પરમાર્થ સંસ્તવ** - સાત તત્ત્વ છે. તેનું સ્વરૂપ, જ્ઞાતા ચિંતવન કરે છે. ચેતનાલક્ષણ, દર્શન-જ્ઞાનરૂપ ઉપયોગ, અનાદિ-અનંત શક્તિસહિત અનંત ગુણોથી શોભિત મારું સ્વરૂપ છે. અનાદિથી પર સંયોગની સાથે મિથ્યા છે તોપણ (અમારો) જ્ઞાનઉપયોગ અમારા સ્વરૂપમાં જ્ઞેયાકાર થાય છે; પરજ્ઞેયરૂપ નથી થતો. (અમારી) જ્ઞાનશક્તિ અવિકારરૂપ અખંડિત રહે છે. જ્ઞેયોનું અવલંબન કરે છે પણ નિશ્ચયથી પરજ્ઞેયોને સ્પર્શતી પણ નથી. ઉપયોગ, પરને દેખતો હોવા છતાં પણ નહિ દેખતો છે; પરાચરણ કરતો થકો પણ અકર્તા છે - એવા ઉપયોગના પ્રતીતિભાવને શ્રદ્ધે છે. અજીવાદિક પદાર્થોને હેય જાણીને શ્રદ્ધાન કરે છે. વારંવાર ભેદજ્ઞાન દ્વારા સ્વરૂપ ચિંતવન કરીને સ્વરૂપની શ્રદ્ધા થઈ, તેનું નામ પરમાર્થ સંસ્તવ કહેવામાં આવે છે.

(૨) **મુનિત પરમાર્થ** - જિનાગમ-દ્રવ્યશ્રુત દ્વારા અર્થને જાણીને જ્ઞાનજ્યોતિનો અનુભવ થયો, તેને મુનિત પરમાર્થ કહે છે.

(૩) **યતિજન સેવા** - વીતરાગ સ્વસંવેદન દ્વારા શુદ્ધસ્વરૂપનો રસાસ્વાદ થયો, તેમાં પ્રીતિ-ભક્તિ-સેવા, તેને યતિજન સેવા કહે છે.

(૪) **કુદષ્ટિપરિત્યાગ** - પરાલંબી બહિર્મુખ મિથ્યાદષ્ટિજનોના ત્યાગને કુદષ્ટિપરિત્યાગ કહેવામાં આવે છે.

સમ્યક્ત્વના ત્રણ ચિહ્ન કહે છે -

(૫) ૧. **જિનાગમશુશ્રૂષા** - અનાદિની મિથ્યાદષ્ટિને છોડીને, જિનાગમમાં કહેલું જ્ઞાનમય સ્વરૂપ પ્રાપ્ત થાય છે. તેમાં ઉપકારી જિનાગમ છે. તે જિનાગમ પ્રત્યે પ્રીતિ કરો. એવી પ્રીતિ કરો કે જેમ દરિદ્રીને કોઈએ ચિંતામણી દેખાડ્યો, ત્યારે તેનાથી ચિંતામણી મળ્યો. તે સમયે જેમ તે દરિદ્રી તે દેખાડનાર પ્રત્યે પ્રીતિ કરે છે, તેવી પ્રતીતિ શ્રીજિનસૂત્રથી (સમ્યગ્દષ્ટિ) કરે, તેને જિનામશુશ્રૂષા કહેવાય છે.

(૬) ૨. **ધર્મસાધનમાં પરમ અનુરાગ** - જિનધર્મરૂપ અનંત ગુણનો વિચાર તે ધર્મસાધન છે. તેમાં પરમ અનુરાગ કરે; ધર્મ સાધનમાં અનુરાગ બીજું ચિહ્ન છે.

(૭) ૩. **જિનગુરુ વૈયાવૃત્ય** - જે ગુરુ દ્વારા જ્ઞાન-આનંદ પ્રાપ્ત થાય છે; માટે તેની વૈયાવૃત્ય-સેવા-સ્થિરતા કરે; તે જિન ગુરુવૈયવૃત્ય, ત્રીજું ચિહ્ન કહેવાય છે. આ ત્રણેય ચિહ્ન અનુભવીના છે.

હવે, વિનયના દસ ભેદ કહે છે -

(૮ થી ૧૭) - ૧. અરિહંત, ૨. સિદ્ધ, ૩. આચાર્ય, ૪. ઉપાધ્યાય, ૫. સાધુ, ૬. પ્રતિમા, ૭. શ્રુત, ૮. ધર્મ, ૯. ચાર પ્રકારના સંઘ, અને ૧૦. સમ્યક્ત્વ; આ દસનો વિનય કરે; તેમના દ્વારા સ્વરૂપની ભાવના ઉત્પન્ન થાય છે.

હવે, ત્રણ શુદ્ધિ કહે છે -

(૧૮ થી ૨૦) - મન-વચન-કાય શુદ્ધ કરીને સ્વરૂપને ભાવે અને સ્વરૂપ અનુભવી પુરુષોમાં આ ત્રણેને લગાવે; સ્વરૂપને નિઃશંક નિઃસંદેહપણે ગ્રહે.

હવે, પાંચ દોષોનો ત્યાગ કહે છે (અતિચાર)



(૨૧) ૧. સર્વજ્ઞ વચનને નિઃસંદેપણે માને.

(૨૨) ૨. મિથ્યામતની અભિલાષા ન કરે; પર-દ્વૈતને ન ઈચ્છે.

(૨૩) ૩. પવિત્ર સ્વરૂપને ગ્રહે, પર પ્રત્યે ગ્લાનિ ન કરે.

(૨૪) ૪. મિથ્યાત્વી પરગ્રાહી દ્વૈતની મન દ્વારા પ્રશંસા ન કરે.

(૨૫) ૫. વચન દ્વારા (તે મિથ્યાત્વીના) ગુણ ન કહે.

હવે, સમ્યક્ત્વની પ્રભાવનાના આઠ ભેદ કહે છે -

(૨૬) ૧. **પવયણી** - (એટલે કે સિદ્ધાંતના જાણકાર) સિદ્ધાંતમાં સ્વરૂપને ઉપાદેય કહે.

(૨૭) ૨. **ધર્મકથા** - જિનધર્મનું કથન કહે.

(૨૮) ૩. **વાદી** - હઠ દ્વારા દ્વૈતનો આગ્રહ હોય તો છોડાવે અને મિથ્યાવાદ મટાડે.

(૨૯) ૪. **નિમિત્ત** - સ્વરૂપ પામવામાં નિમિત્ત જિનવાણી, ગુરુ તથા સ્વધર્મી છે અને નિજવિચાર છે; નિમિત્તરૂપે જે ધર્મજ્ઞ છે તેનું હિત કહે.

(૩૦) ૫. **તપસ્વી** - પરદ્વૈતની ઈચ્છા મટાડીને, નિજપ્રતાપ પ્રગટ કરે.

(૩૧) ૬. **વિદ્યાવાન** - વિદ્યા દ્વારા જિનમતનો પ્રભાવ કહે, જ્ઞાન દ્વારા સ્વરૂપનો પ્રભાવ કરે.

(૩૨) ૭. **સિદ્ધ** - સ્વરૂપાનંદીના વચન દ્વારા હિત કરે, સંઘની સ્થિરતા કરે; જે દ્વારા સ્વરૂપની પ્રાપ્તિ થાય છે તેને સિદ્ધ કહે છે.

(૩૩) ૮. **કવિ** - કવિ, સ્વરૂપસંબંધી રચના રચે, પરમાર્થને પામે, પ્રભાવના કરે.

આ આઠ ભેદો દ્વારા જિનધર્મના સ્વરૂપનો પ્રભાવ વધે, એવું

કરે તે અનુભીવના લક્ષણ છે.

હવે, છ ભાવના કહે છે - (વિશેષ)

(૩૪) ૧. **મૂળભાવના** - સમ્યક્ત્વસ્વરૂપ-અનુભવ, તે સકળ નિજ-ધર્મમૂળ / શિવમૂળ છે. જિનધર્મરૂપી કલ્પતરુનું મૂળ, સમ્યક્ત્વ છે - એવું ભાવે (દંસણમૂલો ધમ્મો).

(૩૫) ૨. **દ્વારભાવના** - ધર્મનગરમાં પ્રવેશ કરવા માટે સમ્યક્ત્વ દ્વાર છે.

(૩૬) ૩. **પ્રતિષ્ઠાભાવના** - વ્રત-તપની, સ્વરૂપની પ્રતિષ્ઠા સમ્યક્ત્વથી છે.

(૩૭) ૪. **નિધાનભાવના** - અનંત સુખ દેવાનું નિધાન, સમ્યક્ત્વ છે.

(૩૮) ૫. **આધારભાવના** - જિન ગુણોનો આધાર સમ્યક્ત્વ છે.

(૩૯) ૬. **ભાજનભાવના** - બધા ગુણોનું ભાજન, સમ્યક્ત્વ છે.

આ છ ભાવનાઓ સ્વરૂપરસ પ્રગટ કરે છે.

હવે, સમ્યક્ત્વના પાંચ ભૂષણ લખે છે -

(૪૦) ૧. **કૌશલ્યતા** - પરમાત્મભક્તિ, પરપરિણામ અને પાપપરિત્યાગ (રૂપ) સ્વરૂપ, ભાવસંવર અને શુદ્ધભાવપોષક ક્રિયાને કૌશલ્યતા કહે છે.

(૪૧) ૨. **તીર્થસેવા** - અનુભવી વીતરાગ સત્પુરુષોના સંગને તીર્થસેવા કહે છે.

(૪૨) ૩. **ભક્તિ** - જિનસાધુ અને સ્વધર્મીની આદરતા દ્વારા તેની મહિમા વધારવી તેને ભક્તિ કહે છે.

(૪૩) ૪. **સ્થિરતા** - સમ્યક્ત્વભાવની દૃઢતા, તે સ્થિરતા છે.



(૪૪) ૫. **પ્રભાવના** - પૂજા-પ્રભાવ કરવો, તે પ્રભાવના છે.

આ ભૂષણ સમ્યક્ત્વના છે.

સમ્યક્ત્વના પાંચ લક્ષણ છે. તે ક્યા ક્યા છે, તેને કહે છે-

(૪૫) ૧. **ઉપશમ** - રાગ-દ્વેષનો નાશ કરીને, સ્વરૂપની ભેટ કરવી તે ઉપશમ છે.

(૪૬) ૨. **સંવેગ** - નિજધર્મ તથા જિનધર્મ પ્રત્યે રાગ, તે સંવેગ છે.

(૪૭) ૩. **નિર્વેદ** - વૈરાગ્યભાવ, તે નિર્વેદ છે.

(૪૮) ૪. **અનુકંપા** - સ્વદયા-પરદયા, તે અનુકંપા છે.

(૪૯) ૫. **આસ્તિક્ય** - સ્વરૂપની તથા જિનવચનોની પ્રતીતિ, તે આસ્તિક્ય છે. આ લક્ષણ અનુભવીના છે.

હવે, છ જૈનસાર લખે છે -

(૫૦) ૧. **વંદના** - પરતીર્થ, પરદેવ અને પરચૈત્ય, તેની વંદના ન કરે.

(૫૧) ૨. **નમસ્કાર** - તેની પૂજા કે નમસ્કાર ન કરે.

(૫૨) ૩. **દાન** - તેને દાન ન દે.

(૫૩) ૪. **અનુપ્રયાણ** - (તેને માટે) પોતાના ખાન-પાનથી અધિક ન કરે.

(૫૪) ૫. **આલાપ** - પ્રણતિસહિત સંભાષણ, તેને આલાપ કહે છે, તે તેની સાથે ન કરે.

(૫૫) ૬. **સંલાપ** - ગુણ-દોષ સંબંધી પૂછવું કે વારંવાર ભક્તિ કરવી, સંલાપ છે, તે તેની ન કરે.

હવે, સમ્યક્ત્વના છ અભંગ કારણ લખે છે. જે સમ્યક્ત્વના ભંગનું કારણ પામીને ન ડગે તેને અભંગ કારણ કહે છે. તેના છ

ભેદ છે.

(૫૬ થી ૬૧) ૧. રાજા, ૨. જનસમુદાય, ૩. બળવાન, ૪. દેવ, ૫. પિતાદિક વડીલો, અને ૬. માતા. તે સમ્યક્ત્વના અભંગપણામાં છ ભય છે. તેને જાણતો રહે, પણ તેના ભયથી નિજધર્મ તથા જિનધર્મને ન ત્યજે.

હવે, સમ્યક્ત્વના છ સ્થાન લખે છે -

(૬૨) ૧. **જીવ છે** - આત્મા, અનુભવસિદ્ધ છે. ચેતનામાં ચિત્ત લીન કરે; જીવ અસ્તિરૂપ છે, તે કેવલજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ છે.

(૬૩) ૨. **નિત્ય છે** - દ્રવ્યાર્થિકનયથી નિત્ય છે.

(૬૪) ૩. **કર્તા છે** - આત્મા, પુણ્ય-પાપનો કર્તા છે.

(૬૫) ૪. **ભોક્તા છે** - આત્મા, પુણ્ય-પાપનો ભોક્તા પણ છે. તે પુણ્ય-પાપનું કર્તા-ભોક્તાપણું મિથ્યાદષ્ટિમાં છે. નિશ્ચયનયથી આત્મા, તેનો કર્તા કે ભોક્તા નથી.

(૬૬) ૫. **અસ્તિ, ધ્રુવ (મોક્ષ) છે** - નિર્વાણસ્વરૂપ અસ્તિ, ધ્રુવ છે. વ્યક્ત નિર્વાણ, તે અક્ષય મુક્તિ છે, અને

(૬૭) ૬. **મોક્ષનો ઉપાય છે** - સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, તે મોક્ષનો ઉપાય છે.

સમ્યક્ત્વના આ ૬૭ ભેદ, પરાત્માની પ્રાપ્તિનો ઉપાય છે.

(સમ્યક્ત્વ તો એક જ પ્રકારે હોય છે. તેમાં ભેદ નથી હોતા. તેમાં અવિનાભાવી તે સમ્યગ્દષ્ટિ આત્માના જ્ઞાન-ચારિત્ર વગેરેમાં કઈ કઈ વિશેષતાઓ આવે છે, તેનું આ કથન છે. ચિદ્‌વિલાસ સિવાય બીજા કોઈ શાસ્ત્રમાં અમારા જોવામાં નથી આવ્યું. મુમુક્ષુઓ માટે અત્યંત ઉપયોગી સમજીને અહીં દેવામાં આવ્યું છે.)



**કંઠસ્થ કરવાયોગ્ય પ્રશ્નોત્તર —**

**પ્રશ્ન-૨૩૦ :- સમ્યગ્દર્શન કોને કહે છે?**

**ઉત્તર :-** આત્માના સમ્યક્ત્વ (શ્રદ્ધા) ગુણની સ્વભાવપર્યાયને સમ્યગ્દર્શન કહે છે. તે શુદ્ધભાવરૂપ છે; રાગરૂપ નથી. આત્માની એક શુદ્ધિ વિશેષનું નામ છે. તત્ત્વાર્થશ્રદ્ધાન કે આત્મશ્રદ્ધાન તેનું લક્ષણ છે. તે ચોથેથી સિદ્ધ સુધી બધા જીવોમાં એક સમાન જોવા મળે છે.

**પ્રશ્ન-૨૩૧ :- મિથ્યાદર્શન કોને કહે છે?**

**ઉત્તર :-** આત્માના સમ્યક્ત્વ શ્રદ્ધા (ગુણ)ની વિભાવપર્યાયને મિથ્યાદર્શન કહે છે. તે મોહરૂપ છે; આત્મામાં કલુષતા છે. સ્વ-પરનું એકત્વ તે તેનું લક્ષણ છે.

**પ્રશ્ન-૨૩૨ :- સમ્યક્ત્વનું લક્ષણ સ્વાનુભૂતિ શું છે?**

**ઉત્તર :-** સમ્યગ્દષ્ટિનું મતિ-શ્રુતજ્ઞાન જે સમયે સંપૂર્ણ પરજ્ઞેયોથી ખસીને, માત્ર આત્માનુભવ કરવા લાગે છે, તેને સ્વાત્માનુભૂતિ કહે છે અને સમ્યગ્દર્શનની સહચરતાને કારણે અને બુદ્ધિપૂર્વક રાગના અભાવને કારણે, તેને નિશ્ચયસમ્યગ્દર્શન પણ કહે છે.

**પ્રશ્ન-૨૩૩ :- સમ્યક્ત્વનું લક્ષણ શ્રદ્ધા, રુચિ, પ્રતીતિ શું છે?**

**ઉત્તર :-** સમ્યગ્દષ્ટનું મતિ-શ્રુતજ્ઞાન જ્યારે વિકલ્પરૂપથી નવ તત્ત્વોની જાણકારી અને શ્રદ્ધામાં પ્રવૃત્ત થાય છે, તે વિકલ્પને કે વિકલ્પાત્મકજ્ઞાનને સમ્યક્ત્વનું સહચર હોવાથી, વ્યવહારસમ્યક્ત્વ કહેવાય છે.

**પ્રશ્ન-૨૩૪ :- સમ્યક્ત્વનું લક્ષણ ચરણ, પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્ય, ભક્તિ, વાત્સલ્યતા, નિંદા, ગર્હા શું છે?**

ઉત્તર :- સમ્યગ્દષ્ટિના સમ્યક્ત્વ સાથે અવિનાભાવી અનંતાનુબંધીકષાયનો અભાવ થઈ જાય છે અને તેના અભાવથી તેના ચારિત્રમાં શુભક્રિયાઓમાં પ્રવૃત્તિ થાય છે. તે શુભવિકલ્પરૂપ મનની પ્રવૃત્તિ જે ચારિત્રગુણની વિભાવપર્યાય છે, તે **ચરણ** છે; આરોપથી તેને સમ્યક્ત્વ કહી દે છે અને તે જ સમયે કષાયોમાં મંદતા આવી જાય છે, તેને **પ્રશમ** કહે છે. પંચ પરમેષ્ઠી, ધર્માત્માઓ, રત્નત્રયરૂપ ધર્મ તથા ધર્મના અંગોમાં જે પ્રીતિ થઈ જાય છે, તેને **સંવેગ**, ભક્તિ વાસ્તલ્યતા કહે છે અને ભોગની ઈચ્છા ન થાય તેને **નિર્વેદ** કહે છે, સ્વ-પરની દયાને **અનુકંપા** કહે છે; નવ પદાર્થોમાં 'છે'પણાના ભાવને **આસ્તિક્ય** કહે છે. પોતામાં રાગભાવનું રહેવું તથા તેમાં થનારા બંધના પશ્ચાતાપને **નિંદા** કહે છે. તથા તે રાગના ત્યાગના ભાવને **ગર્હા** કહે છે. આ બધા અનંતાનુબંધી-કષાયનો અભાવ થવાથી ચારિત્રગુણમાં વિકલ્પ પ્રગટે છે. તેને આરોપથી સમ્યક્ત્વ કે વ્યવહારસમ્યક્ત્વ પણ કહે છે. કેમકે સમ્યક્ત્વની સહચરતા છે.

**પ્રશ્ન-૨૩૫ :- નિઃશંકિત અંગ કોને કહે છે?**

**ઉત્તર :-** શંકા નામ સંશય અને ભયનું છે. આ લોકમાં ધર્મ-અધર્મદ્રવ્ય, પુદ્‌ગલ પરમાણુ વગેરે સૂક્ષ્મ પદાર્થ, સમુદ્ર, મેરુપર્વત વગેરે દૂરવર્તી પદાર્થ અને તીર્થંકર, ચક્રવર્તી, રામ, રાવણ વગેરે અંતરિત પદાર્થ છે. - તેનું વર્ણન જેવું સર્વજ્ઞ વીતરાગભાષિત આગમમાં કહ્યું છે, તે સત્ય છે કે નહિ? અથવા સર્વજ્ઞદેવે વસ્તુનું સ્વરૂપ અનેકાંતાત્મક (અનંત ધર્મસહિત) કહ્યું છે, તે સત્ય છે કે અસત્ય છે? - એવી શંકા ઉત્પન્ન ન થવી, તે નિશંકિતપણું છે.

પરપદાર્થોમાં આત્મબુદ્ધિનું ઉદ્‌ભવવું તે પર્યાયબુદ્ધિ છે, એટલે કે કર્મોદયથી મળેલી શરીરાદિ સામગ્રીને જ જીવ પોતાનું સ્વરૂપ



સમજી લે છે. આવી અન્યથા બુદ્ધિથી જ સાત પ્રકારના ભય ઉત્પન્ન થાય છે; તે - આલોકભય, પરલોકભય, વેદનાભય, અરક્ષાભય, અગુપ્તિભય, મરણભય, અકસ્માતભય.

અહીં કોઈ શંકા કરે કે ભય તો શ્રાવકો અને મુનિઓને પણ હોય છે કેમકે ભયપ્રકૃતિનો ઉદય, આઠમા ગુણસ્થાન સુધી છે તો ભયનો અભાવ સમ્યગ્દષ્ટિને કેમ હોઈ શકે?

તેનું સમાધાન :- સમ્યગ્દષ્ટિને કર્મના ઉદયનું સ્વામીપણું નથી અને ન તે પરદ્રવ્ય દ્વારા પોતાના દ્રવ્યત્વભાવનો નાશ માને છે; પર્યાયનો સ્વભાવ વિનાશિક જાણે છે; માટે ચારિત્રમોહ સંબંધી ભય હોવા છતાં પણ દર્શનમોહ સંબંધી ભયનો તથા તત્ત્વાર્થશ્રદ્ધાનમાં શંકાનો અભાવ હોવાથી તે નિઃશંક અને નિર્ભય જ છે. જોકે વર્તમાન પીડા સહન કરવામાં અશક્ત હોવાને કારણે ભયથી ભાગવું વગેરે ઈલાજ પણ કરે છે, તોપણ તત્ત્વાર્થશ્રદ્ધાનથી ડગવારૂપ દર્શનમોહસંબંધી ભય લેશમાત્ર તેમાં ઉત્પન્ન નથી થતો. પોતાના આત્મજ્ઞાનમાં નિઃશંક રહે છે.

**પ્રશ્ન-૨૩૬ :- નિઃકાંક્ષિત અંગ કોને કહે છે?**

**ઉત્તર :-** વિષય-ભોગની અભિલાષાનું નામ કાંક્ષા કે વાંછા છે. તેના ચિહ્નો આ છે - પહેલા ભોગવેલા ભોગની વાંછા, તે ભોગોની મુખ્ય ક્રિયાની વાંછા, કર્મ અને કર્મના ફળની વાંછા, મિથ્યાદષ્ટિઓને ભોગની પ્રાપ્તિ જોઈને તેને પોતાના મનમાં ભલો જાણે અથવા ઈન્દ્રિયોની રુચિ વિરુદ્ધ ભોગોમાં ઉદ્વેગરૂપ થવું, આ બધી સાંસારિક વાંછાઓ છે. જે પુરુષને આ ન હોય, તે નિકાંક્ષિત અંગયુક્ત છે. જોકે સમ્યગ્દષ્ટિ રોગના ઉપાયવત્ પંચેન્દ્રિયોનું વિષય સેવન કરે છે તોપણ તેને તેની રુચિ નથી. જ્ઞાની પુરુષ, વ્રતાદિ શુભાચરણ કરતા હોય તોપણ તેના ઉદયજનિત શુભફળોની વાંછી

નથી કરતા, ત્યાં સુધી કે વ્રતાદિ શુભાચરણોને, અશુભથી બચવા માટે આચરણ કરે તોપણ હેય જાણે છે.

પ્રશ્ન-૨૩૭ :- નિર્વિચિકિત્સા અંગ કોને કહે છે?

ઉત્તર :- પોતાને ઉત્તમ ગુણયુક્ત સમજીને, પોતાને શ્રેષ્ઠ માનવાથી બીજા પ્રત્યે જે તિરસ્કાર કરવાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે, તેને વિચિકિત્સા અથવા ગ્લાનિ કહે છે. આ દોષના ચિહ્નો એ છે - જો કોઈ પુરુષ, પાપના ઉદયથી દુઃખી હોય કે અશાતાના ઉદયથી ગ્લાનિ શરીરયુક્ત હોય, તેમાં એવી ગ્લાનિરૂપ બુદ્ધિ કરવી કે 'હું સુંદર રૂપવાન, સંપત્તિવાન, બુદ્ધિમાન છું; આ રંક-દીન, કુરૂપ મારી બરાબરીનો નથી.' સમ્યગ્દૃષ્ટિને એવા ભાવ ક્યારેય નથી થતા. તે વિચાર કરે છે કે જીવોને શુભાશુભકર્મોના ઉદયથી અનેક પ્રકારની વિચિત્રદશા થાય છે. કદાચિત મારો પણ અશુભ ઉદય આવે તો મારી પણ આવી દુર્દશા થવી કોઈ અસંભવ નથી; માટે તે બીજાને હીનબુદ્ધિથી કે ગ્લાનિદૃષ્ટિથી નથી દેખતો.

પ્રશ્ન-૨૩૮ :- અમૂઢ અંગ કોને કહે છે?

ઉત્તર :- અતત્ત્વમાં તત્ત્વનું શ્રદ્ધાન કરવાની બુદ્ધિને મૂઢબુદ્ધિ કહે છે. જેને આ મૂઢદૃષ્ટિ નથી, તે અમૂઢદૃષ્ટિ અંગયુક્ત સમ્યક્દૃષ્ટિ છે. તેના બાહ્ય ચિહ્ન આ છે — મિથ્યાદૃષ્ટિઓએ પૂર્વાપર વિવેક વિના, ગુણ-દોષના વિચારરહિત, અનેક પદાર્થોનો ધર્મરૂપ વર્ણન કર્યા છે અને તેને પૂજવાથી લૌકિક તથા પારમાર્થિક કાર્યોની સિદ્ધિ બતાવી છે. અમૂઢદૃષ્ટિનો ધારક આ બધાને અસત્ય માને છે અને તેમાં ધર્મરૂપ બુદ્ધિ નહિ કરતા તથા અનેક પ્રકારની લૌકિક મૂઢતાનો નિસ્સાર તથા ખોટા ફળનો ઉત્પાદક જાણીને, વ્યર્થ સમજે છે. કુદેવ કે અદેવમાં દેવબુદ્ધિ; કુગુર કે અગુરુમાં ગુરુબુદ્ધિ; તથા તેમના નિમિત્તે હિંસા કરવામાં ધર્મ માનવો વગેરે મૂઢદૃષ્ટિપણાને મિથ્યાત્વ



સમજીને દૂરથી જ ત્યજે છે, એ જ સમ્યક્ત્વીનું અમૂઢદૃષ્ટિપણું છે. તે સાચા દેવ, ગુરુ, ધર્મને જ, સ્વરૂપ ઓળખીને માને છે.

પ્રશ્ન-૨૩૯ :- ઉપબૃંહણ અંગ કોને કહે છે?

ઉત્તર :- પોતાની અને બીજા જીવોની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શક્તિને વધારવી તે ઉપબૃંહણ અંગ છે. તેને ઉપગૂહન અંગ પણ કહે છે. પવિત્ર જિનધર્મમાં અજ્ઞાનતા અથવા અશક્યતાથી ઉત્પન્ન થયેલી નિંદાને, યોગ્ય રીતે દૂર કરવી તથા પોતાના ગુણોને તેમજ બીજાના દોષોને ઢાંકવા, તે ઉપગૂહન અંગ છે.

પ્રશ્ન-૨૪૦ :- સ્થિતિકરણ અંગ કોને કહે છે?

ઉત્તર :- સ્વયં પોતે કે બીજા પુરુષ કોઈ કષાયવશ જ્ઞાન, શ્રદ્ધાન, ચારિત્રથી ડગતો હોય કે છૂટતો હોય તો પોતાને તેમજ તેને દૃઢ તથા સ્થિર કરવો, તે સ્થિતિકરણ અંગ છે.

પ્રશ્ન-૨૪૧ :- વાત્સલ્ય અંગ કોને કહે છે?

ઉત્તર :- અર્હંત, સિદ્ધ તેના બિંબ, ચૈત્યાલય, ચતુર્વિધ સંઘ અને શાસ્ત્રોમાં અંતઃકરણથી અનુરાગ કરવો, ભક્તિ-સેવા કરવી, તે વાત્સલ્ય છે. તે વાત્સલ્ય એવું હોવું જોઈએ, જેમ કે સ્વામીમાં સેવકની અનુરાગપૂર્વક ભક્તિ હોય છે કે ગાયને વાછરડામાં ઉત્કટ અનુરાગ હોય છે. જો તેના ઉપર કોઈપણ પ્રકારનો ઉપસર્ગ કે સંકટ વગેરે આવે તો પોતાની શક્તિ લગાવીને મટાડવાનો પ્રયત્ન કરવો જોઈએ; શક્તિને ગોપવવી ન જોઈએ.

પ્રશ્ન-૨૪૨ :- પ્રભાવના અંગ કોને કહે છે?

ઉત્તર :- જે રીતે બની શકે તે રીતે અજ્ઞાન અંધકારને દૂર કરીને જિનસાસનનું માહાત્મ્ય પ્રગટ કરવું તે પ્રભાવના છે અથવા પોતાના આત્મગુણોનો ઉદ્યોત કરવો, એટલે કે રત્નત્રયના તેજથી પોતાના આત્માનો પ્રભાવ વધારવો અને પવિત્ર મોક્ષદાયક જિનધર્મને

દાન-તપ-વિદ્યા વગેરે અતિશય પ્રગટ કરીને તન, મન, ધન, દ્વારા (જેવી પોતાની યોગ્યતા છે) સર્વ લોકમાં પ્રકાશિત કરવો, તે પ્રભાવના છે.

**સમ્યગ્દર્શનથી લાભ**

સમ્યગ્દર્શનથી -

(૧) આગામી કર્મોનો આસ્રવ-બંધ રોકાઈ જાય છે;

(૨) પૂર્વે બંધાયેલા કર્મોની નિર્જરા થાય છે.

(૩) જ્ઞાન, સમ્યગ્જ્ઞાન થઈ જાય છે અને ચારિત્ર, સમ્યક્ચારિત્ર થઈ જાય છે;

(૪) એકત્વબુદ્ધિની કલુષતા, આત્માથી દૂર થઈ જાય છે અને શુદ્ધિની પ્રગટતા થઈ જાય છે;

(૫) દુઃખ દૂર થઈને, અતીન્દ્રિયસુખની શરૂઆત થાય છે;

(૬) લબ્ધિરૂપ સ્વાનુભૂતિ તો દરેક સમયે રહે છે અને ક્યારેક ક્યારેક ઉપયોગાત્મક સ્વાત્માનુભૂતિનો પણ આનંદ પ્રાપ્ત થાય છે;

(૭) અનાદિકાળના પરના કર્તૃત્વ-ભોક્તૃત્વનો ભાવ સમાપ્ત થઈ જાય છે. પરના સંગ્રહની તૃષ્ણા મટી જાય છે. પરિગ્રહરૂપી પિશાચથી મુખ ફરી જાય છે. ઉપયોગનો પ્રવાહ પરથી ખસીને સ્વ તરફ આવવા લાગે છે;

(૮) કર્મચેતના અને કર્મફળચેતનાના સ્વામિત્વનો નાશ થઈને, માત્ર જ્ઞાનચેતનાનો સ્વામી થઈ જાય છે/ જ્ઞાનમાર્ગાનુચારી થઈ જાય છે;

(૯) પરદ્રવ્યનો, પોતાના સંયોગ-વિયોગનો, રાગનો, ઇન્દ્રિયસુખ-દુઃખનો, કર્મબંધનો, નવ તત્ત્વનો, ત્યાં સુધી કે મોક્ષનો પણ જ્ઞાતા-દૃષ્ટા થઈ જાય છે. માત્ર સામાન્ય આત્મામાં સ્વપણાની બુદ્ધિ રહી જાય છે;



(૧૦) ઇન્દ્રિયજ્ઞાન અને ઇન્દ્રિયસુખમાં હેયબુદ્ધિ થઈ જાય છે; અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયસુખની રુચિ જાગૃત થઈ જાય છે;

(૧૧) આત્મપ્રત્યક્ષ થઈ જાય છે;

(૧૨) સાતાવેદનીયથી પ્રાપ્ત સુખ સામગ્રીમાંથી ઉપાદેયબુદ્ધિ નાશ પામે છે;

(૧૩) વિષયસુખ અને પરમાં અત્યંત અરુચિભાવ થઈ જાય છે;

(૧૪) માત્ર જ્ઞાનમયભાવ ઉત્પન્ન થાય છે; અજ્ઞાનમયભાવોની ઉત્પત્તિનો નાશ થઈ જાય છે.

(૧૫) ધર્મની શરૂઆત થાય છે. સમ્યગ્દર્શન પ્રથમ ધર્મ છે અને ચારિત્ર દ્વિતીય ધર્મ છે. જગતમાં બીજો કંઈ ધર્મ નથી;

(૧૬) મિથ્યાત્વસંબંધી કર્મોનો અનાદિકાળનો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છૂટી જાય છે;

(૧૭) અનાદિ પંચ પરાવર્તનની શ્રૃંખલા તૂટી જાય છે;

(૧૮) નર, તિર્યંચ, અને મનુષ્યગતિ બંધાતી નથી. માત્ર દેવગતિમાં જ સહચર રાગવશ જાય છે. જો પહેલા બાંધેલી હોય તો નરકમાં પહેલી નરકના પ્રથમ પાસડાથી આગળ નથી જતો. તિર્યંચ કે મનુષ્ય, ઉત્તમ ભોગભૂમિનો થાય છે; સમ્યગ્દષ્ટિ મનુષ્ય, મનુષ્યગતિમાં જન્મ નથી લેતો. દેવગતિથી મનુષ્યગતિમાં આવી શકે છે;

(૧૯) નિયમથી તે જ ભવમાં કે થોડા ભવમાં મોક્ષનો નાથ થઈને, બધા દુઃખોથી કાયમને માટે મુક્ત થઈ જાય છે.

—આવા મહાન પવિત્ર સમ્યગ્દર્શનને કોટિ નમસ્કાર છે.

**સમ્યગ્દર્શનનું માહાત્મ્ય**

શ્રી રત્નકરંડશ્રાવકાચારજીમાં કહ્યું છે -

यदि पापनिरोधोऽन्यसम्पदा किं प्रयोजनम्।
अथ पापस्रवोऽन्यसम्पदा किं प्रयोजनम्।।१।।

એટલે કે, જો (સમ્યગ્દર્શનના માહાત્મ્યથી) પાપનો નિરોધ છે, એટલે કે આગામી કર્મોનો સંવર છે તો હે જીવ! બીજી સંપદાથી તને શું પ્રયોજન છે? કાંઈ નહિ. અને જો સમ્યગ્દર્શનના અભાવમાં પાપનો આસ્રવ છે, એટલે કે કર્મોનું આવવું છે તોપણ હે જીવ! તને બીજી સંપદાથી શું પ્રયોજન છે?

**ભાવાર્થ :-** જીવને સૌથી વધારે સંપદાઓની અભિલાષા છે તો ગુરુદેવ સમજાવે છે કે હે જીવ! જો સમ્યગ્દર્શનરૂપી મહાન સંપદા પ્રાપ્ત થઈ ગઈ તો બીજી સંપદાઓ તારે શું કામની? એ સંપદાથી મને આસ્રવનો નિરોધ થશે અને તેના ફળસ્વરૂપ મહાન અતીન્દ્રિય સુખરૂપ મોક્ષ મળશે. બીજી સંપદા તો નાશવાન છે, તે તને કોઈ કામ નથી આવતી. ભાઈ! તેને આત્મા અડતો પણ નથી. નીચેની પંક્તિમાં નાસ્તિથી સમજાવે છે કે જો સમ્યક્ત્વરૂપ સાચી સંપદા નથી અને બાકી જગતની બધી સંપદાઓ છે, મહાન અહંમિન્દ્ર સુધી પ્રાપ્ત છે, તો ભલે હોય, હે જીવ! મિથ્યાદર્શનરૂપી મહાન શત્રુથી તને કર્મ બંધાતા રહેશે અને તેના ફળસ્વરૂપ નરક-નિગોદમાં ચાલ્યો જઈશ. આ બધી સંપદા અહીં પડી રહેશે; માટે ભાઈ! આ સંપદાઓની અભિલાષા છોડ. એ તો જીવને અનેક વાર મળી છે. સાચી સમ્યક્ત્વરૂપી સંપદાનો પ્રયત્ન કર, જેની સામે આ બધી હેય છે.

સમ્યગ્દર્શનથી જ્ઞાન અને ચારિત્ર, સમ્યક્ થઈ જાય છે અને તેનું ગમન પણ મોક્ષમાર્ગ તરફ થવા લાગે છે, નહિતર અગિયાર



અંગ સુધીનું જ્ઞાન અને મહાવ્રત સુદ્ધા વ્યર્થ છે; માત્ર બંધ કરનારા છે. (જુઓ આ જ ગ્રંથનો શ્લોક ૧૫૩૭). માટે સંસારસાગરને તરવા માટે સમ્યગ્દર્શન ખેવટની સમાન કહ્યું છે.

दर्शनं ज्ञानचारित्रात्साधिमानमुपाश्नुते।
दर्शनं कर्णधारं तन्मोक्षमार्गे प्रचक्ष्यते।।३१।।
विद्यावृत्तस्य सभूतिस्थिवृद्धिफलोदयाः।
न सन्त्यसति सम्यक्त्वे बीजाभावे तरोरिव।।३२।।

એટલે કે, જ્ઞાન-ચારિત્ર પહેલા સમ્યગ્દર્શનની સાધના કરવામાં આવે છે કેમકે તે મોક્ષમાર્ગમાં ખેવટિયા સમાન કહેવામાં આવ્યું છે. જ્ઞાન અને ચારિત્રની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ અને અતીન્દ્રિય સુખરૂપી ફળ, સમ્યક્ત્વના અભાવમાં નથી હોતા; જેમકે બીજના અભાવમાં વૃક્ષની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ અને ફળ નથી થતા. દંસણ મૂલો ધમ્મો - ત્યાં સમ્યગ્દર્શનને બીજવત્ કહ્યું છે અને ચારિત્રને વૃક્ષવત્ કહ્યું છે અને અતીન્દ્રિયસુખરૂપ મોક્ષ, તેનું ફળ કહ્યું છે. માટે પહેલા સમ્યગ્દર્શનનો પુરુષાર્થ કરવો જ સર્વશ્રેષ્ઠ છે.

गृहस्थो मोक्षमार्गस्थो निर्मोहो नैव मोहवान्।
अनगारो गृहीश्रेयान् निर्मोहो मोहिनो मुनेः।।३३।।

એટલે કે, સમ્યગ્દષ્ટિ ગૃહસ્થી, મોક્ષ તરફ જઈ રહ્યો છે પણ મિથ્યાદષ્ટિ મુનિ, સંસાર (નિગોદ) તરફ જઈ રહ્યો છે; માટે તે મિથ્યાદષ્ટિ મુનિથી તે સમ્યગ્દષ્ટિ શ્રેષ્ઠ છે.

આનાથી સમ્યક્ત્વનું માહાત્મ્ય પ્રગટ જ છે. છ ઢાળામાં પણ કહ્યું છે —

प्रथम नरक विन षटभू ज्योतिष, वान भवन षंढ नारी।
थावर विकलत्रय पशु में नाहिं, उपजत समकितधारी।।
तीनलोक तिहुं कालमाहिं, नहिं दर्शन सम-सुखकारी।

सकलधरम को मूल यही, इस बिन करनी दुःखकारी।।
मोक्षमहल की परथम सीढी, या बिन ज्ञान चरित्रा।
सम्यकता न लहै, सो दर्शन धारो भव्य पवित्रा।।

જુઓ! માત્ર એક સમ્યગ્દર્શનથી સંસાર કેટલો કપાઈ જાય છે. થોડા ભવોમાં જ મોક્ષ થઈ જાય છે અને ત્યાં સુધી નરક-તિર્યંચ નથી થતો. માત્ર દેવ અને ત્યાંથી કુલિન સંપત્તિશાળી મનુષ્ય થાય છે. જો શ્રેણિકની જેમ મિથ્યાત્વ અવસ્થામાં સાતમી નરક સુધીનું પણ આયુષ્ય બાંધી લીધું હોય તોપણ તે કાપીને વધારેમાં વધારે પહેલી નરકના પ્રથમ પાસડાના ૮૪ હજાર વર્ષ રહી જાય છે. જો પશુગતિ કે મનુષ્યગતિ બાંધી લીધી હોય તો ઉત્તમ ભોગભૂમિની થઈ જાય છે અને મોક્ષમાર્ગ તો તે જ સમયે શરૂ થઈ જાય છે. તે ત્યાં પણ કર્મોની નિર્જરા કરીને મોક્ષનો જ પુરુષાર્થ કરે છે.

શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષામાં કહ્યું છે —

रयणाण महारयणं सव्वजोयाण उत्तमं जोयं।
सिद्धीण महारिद्धी सम्मत्तं सव्वसिद्धियरं।।३२५।।

એટલે કે, सम्यक्त्व है, सो रत्ननि विषै तो महारत्न है. बहुरि सर्वयोग कहिये वस्तुकी सिद्धि करने के उपाय मन्त्रध्यान आदिक, तिनि में उत्तम योग है, जातें सम्यक्त्व से मोक्ष सधै है। बहुरि आणिमादिक ऋद्धि हैं, तिनि में बडी ऋद्धि है. बहुत कहा कहिये-सर्वसिद्धि करनावाला यह सम्यक्त्व ही है।

આમાં એમ કહ્યું છે કે સમ્યક્ત્વથી મોટી કોઈ સંપદા જગતમાં નથી.*

* સમ્યગ્દર્શનનું વિશેષ માહાત્મ્ય જાણવા માટે સોનગઢથી પ્રકાશિત સમ્યગ્દર્શન નામના પુસ્તકનો અભ્યાસ કરવો. સમ્યગ્દર્શનનું માહાત્મ્ય, શબ્દ-અગોચર છે. આ બધી નિશ્ચય સમ્યગ્દર્શનની મહિમા છે; વ્યવહારરૂપ રાગની નહિ. તે તો બંધ કરનાર છે.



# છઠ્ઠા ભાગનો સાર

## સવિકલ્પ-નિર્વિકલ્પ ચર્ચા

**પ્રશ્ન-૨૪૩ :- સમ્યગ્દર્શન બે પ્રકારના છે કે નહિ?**

**ઉત્તર :-** ના! આત્મામાં એક શ્રદ્ધાગુણ છે. તેની એક વિભાવપર્યાય હોય છે, જેને મિથ્યાદર્શન કહે છે અને એક સ્વભાવપર્યાય હોય છે જેને સમ્યગ્દર્શન કહે છે. આ સ્વભાવપર્યાય, ચોથા ગુણસ્થાનથી સિદ્ધદશા સુધી એક પ્રકારની જ હોય છે. સવિકલ્પ-નિર્વિકલ્પ સમ્યગ્દર્શન કે વ્યવહાર-નિશ્ચય સમ્યગ્દર્શન નામની તેમાં કોઈ પર્યાય જ નથી હોતી; માટે સમ્યગ્દર્શનને બે પ્રકારનું માનવું એ ભૂલ છે.

**પ્રશ્ન-૨૪૪ :- વિકલ્પ શબ્દના કયા કયા અર્થ થાય છે?**

**ઉત્તર :-** (૧) વિકલ્પ શબ્દનો એક અર્થ તો સાકાર છે. તે જ્ઞાનનું લક્ષણ છે. તે અપેક્ષાએ બધા જ્ઞાન, સવિકલ્પ કહેવાય છે. (અને દર્શન નિર્વિકલ્પ કહેવાય છે.)

(૨) વિકલ્પ શબ્દનો બીજો અર્થ ઉપયોગ સંક્રાંતિ છે. તે અપેક્ષાએ છદ્મસ્થના ચારેય જ્ઞાન, સવિકલ્પ છે; કેવળજ્ઞાન નિર્વિકલ્પ છે.

(૩) એક પદાર્થથી બીજો પદાર્થ પર ઉપયોગના પરિવર્તનને

પણ વિકલ્પ કહે છે. એ અપેક્ષાએ ઉપયોગાત્મક સ્વાત્માનુભૂતિના સમયે તો છદ્મસ્થનું જ્ઞાન નિર્વિકલ્પ છે કેમકે તેમાં ઉપયોગ એક આત્મપદાર્થ ઉપર જ હોય છે, પદાર્થાંતર પર નથી જતો; બાકી સમયમાં જ્ઞેયપરિવર્તન કર્યા કરે છે; માટે સવિકલ્પ છે. આ ત્રણ અપેક્ષાઓથી જ્ઞાનને સવિકલ્પ કહે છે.

(૪) વિકલ્પનો ચોથો અર્થ રાગ છે. તે ચારિત્રગુણનું વિભાવ પરિણમન છે. ચારિત્રગુણના રાગસહિત પરિણમનને સવિકલ્પ કે સરાગચારિત્ર કહે છે, જે દસમા સુધી છે અને ચારિત્રગુણના વિકલ્પરહિત પરિણમનને નિર્વિકલ્પ અથવા વીતરાગચારિત્ર કહે છે, જે અગિયારમા-બારમા ગુણસ્થાનમાં છે.

(૫) વિકલ્પ શબ્દનો અર્થ બુદ્ધિપૂર્વકનો રાગ છે, જે પહેલાથી છઠ્ઠા ગુણસ્થાન સુધી જોવા મળે છે પણ અહીંયાં મોક્ષમાર્ગનું પ્રકરણ હોવાથી ચોથા, પાંચમાં, છઠ્ઠા ગુણસ્થાનનો રાગ જ ગ્રહણ કરવામાં આવ્યો છે.

આ પાંચ અર્થોમાં વિકલ્પ શબ્દનો પ્રયોગ થાય છે. સમ્યગ્દર્શનને વિકલ્પાત્મક કહેવું એ મોટી ભૂલ છે.

**પ્રશ્ન-૨૪૫ :- કેવળીઓનું જ્ઞાન, નિર્વિકલ્પ કયા પ્રકારે છે?**

**ઉત્તર** :- છદ્મસ્થોના ચારેય જ્ઞાન, સવિકલ્પ એટલે કે ઉપયોગસંક્રાંતિ સહિત છે અને કેવળીનું જ્ઞાન નિર્વિકલ્પ એટલે કે ઉપયોગસંક્રાંતિરહિત છે - એ અપેક્ષાએ કેવળજ્ઞાન, નિર્વિકલ્પ છે.

**પ્રશ્ન-૨૪૬ :- કેવળજ્ઞાન, સવિકલ્પ કયા પ્રકારે છે?**

**ઉત્તર** :- (દેખનારા) દર્શનનું નિજ લક્ષણ નિર્વિકલ્પ એટલે કે જ્ઞેયાકારરહિત છે અને જ્ઞાનનું નિજ લક્ષણ, સવિકલ્પ એટલે કે જ્ઞેયાકારસહિત છે. પોતાના આ લક્ષણથી દરેક જ્ઞાન, સવિકલ્પ છે.



કેવળજ્ઞાનમાં પણ સ્વ-પર જ્ઞેયાકારપણું રહે છે; માટે તે પણ સવિકલ્પ છે.

**પ્રશ્ન-૨૪૭ :- છદ્મસ્થનું જ્ઞાન, સવિકલ્પ કયા પ્રકારે છે અને નિર્વિકલ્પ કયા પ્રકારે છે?**

**ઉત્તર** :- કેવળજ્ઞાન નિર્વિકલ્પ એટલે કે ઉપયોગસંક્રાંતિરહિત છે અને છદ્મસ્થનું જ્ઞાન, સવિકલ્પ એટલે કે ઉફયોગસંક્રાંતિ સહિત છે - એ અપેક્ષાએ તો છદ્મસ્થોના ચારેય જ્ઞાન સવિકલ્પ છે. બીજું, ઉપયોગાત્મક સ્વાત્માનુભૂતિમાં ઉપયોગ, કેમકે એક જ નિજ શુદ્ધ આત્મામાં રહે છે અને અર્થથી અર્થાંતરનું પરિવર્તન (જ્ઞેયપરિવર્તન) નથી કરતું - એ અપેક્ષાએ સ્વોપયોગના સમયમાં તો છદ્મસ્થોનું જ્ઞાન નિર્વિકલ્પ છે અને અન્ય સમયમાં સવિકલ્પ છે.

**પ્રશ્ન-૨૪૮ :- જ્ઞાન, સવિકલ્પ છે કે નહિ?**

**ઉત્તર** :- જ્ઞાન, એક તો પોતાના જ્ઞેયાકારરૂપ લક્ષણથી સવિકલ્પ છે, બીજું ઉપયોગસંક્રાંતિ લક્ષણથી સવિકલ્પ છે, ત્રીજું જ્ઞેયપરિવર્તનથી સવિકલ્પ છે. પણ 'જ્ઞાન, રાગરૂપ જ થઈ જાય છે' તે અપેક્ષાએ સવિકલ્પ ક્યારેય નથી (કેમકે ક્યારેય રાગરૂપ થતું જ નથી).

**પ્રશ્ન-૨૪૯ :- સમ્યગ્દર્શન, સવિકલ્પ છે કે નહિ?**

**ઉત્તર** :- સમ્યગ્દર્શન તો સમ્યક્ત્વગુણ (શ્રદ્ધાગુણ)નું નિર્વિકલ્પ (શુદ્ધભાવરૂપ) પરિણમન છે. ચોથા ગુણસ્થાનથી સિદ્ધદશા સુધી એકરૂપ છે. તે કોઈ પણ પ્રકારે સવિકલ્પ નથી કેમકે તે ક્યારેય રાગરૂપ નથી થતું.

**પ્રશ્ન-૨૫૦ :- ચારિત્ર, સવિકલ્પ છે કે નહિ?**

**ઉત્તર** :- પહેલા ગુણસ્થાનમાં તો ચારિત્રગુણનું પરિણમન સર્વથા રાગરૂપ જ છે; માટે તે તો સવિકલ્પ જ છે. ચોથા ગુણસ્થાનમાં અનંતાનુબંધી અંશને છોડીને, ચારિત્રનો શેષ અંશ

સવિકલ્પ છે-રાગરૂપ છે. પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનમાં જેટલો બુદ્ધિ-અબુદ્ધિપૂર્વક રાગ છે, તેટલું ચારિત્રનું પરિણમન વિકલ્પરૂપ છે. સાતમાથી દસમા ગુણસ્થાન સુધી જેટલો અબુદ્ધિપૂર્વકનો રાગ છે, તેટલું ચારિત્રનું પરિણમન વિકલ્પરૂપ છે - ચારિત્ર ખરેખર તો સવિકલ્પ છે, પણ જ્યાં જેટલું ચારિત્ર રાગરહિત છે, ત્યાં તેટલું તે પણ નિર્વિકલ્પ છે. ચારિત્ર પણ સર્વથા સવિકલ્પ હોય એમ વાત નથી. સ્વભાવથી તો ચારિત્ર પણ નિર્વિકલ્પ જ છે અને જેટલું મોક્ષમાર્ગરૂપ (સંવર-નિર્જરારૂપ) છે, તેટલું તે પણ નિર્વિકલ્પ જ છે; જેટલું જ્યાં રાગરૂપ પરિણત છે, તે નિશ્ચયથી સવિકલ્પ જ છે.

**પ્રશ્ન-૨૫૧ :- ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાને ત્રણે ગુણોની વાસ્તવિક પરિસ્થિતિ બતાવો?**

ઉત્તર :- આ ગુણોમાં સમ્યગ્દર્શન તો શ્રદ્ધાગુણની શુદ્ધપર્યાય છે, જે રાગરહિત નિર્વિકલ્પ છે. સમ્યગ્જ્ઞાન, જ્ઞાનગુણના ક્ષયોપશમરૂપ છે; તેનું કાર્ય માત્ર સ્વ-પરને જાણવું છે, રાગથી તેનો કોઈ સંબંધ નથી. ચારિત્રમાં જેટલી સ્વરૂપસ્થિરતા છે, તેટલો તો શુદ્ધ અંશ છે અને જેટલો રાગ છે, તેટલી મલિનતા છે; માટે ચારિત્રને અહીં સરાગ કે સવિકલ્પ કહે છે.

**પ્રશ્ન-૨૫૨ :- સાતમાથી બારમા ગુણસ્થાન સુધી ત્રણે ગુણોની વાસ્તવિક પરિસ્થિતિ શું છે?**

ઉત્તર :- શ્રદ્ધાગુણની સમ્યગ્દર્શનરૂપ પર્યાય તો તેવી જ શુદ્ધ જ છે, જેવી છઠ્ઠામાં હતી, તેમાં કોઈ તફાવત નથી. જ્ઞાન તો ક્ષયોપશમરૂપ છે, પણ બુદ્ધિપૂર્વક બધાનો ઉપયોગ સ્વજ્ઞેયને જ જાણે છે; રાગથી તેનો કોઈ સંબંધ નથી. ચારિત્રમાં બુદ્ધિપૂર્વક રાગ તો સમાપ્ત થઈ ગયો. અબુદ્ધિપૂર્વકનો થોડો રાગ દસમા સુધી છે. બાકી બધું શુદ્ધપરિણમન છે અને બારમામાં રાગ નાશ થઈને ચારિત્ર, પૂર્ણ વીતરાગ છે.



**પ્રશ્ન-૨૫૩ :- અહીં સરાગ સમ્યગ્દષ્ટિથી શું અભિપ્રાય છે?**

ઉત્તર :- જે સમ્યગ્દર્શનની સાથે બુદ્ધિપૂર્વક ચારિત્રનો રાગ વર્તે છે, તેના ધારકને ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનવર્તી જીવોને અહીં સવિકલ્પ કે સરાગ સમ્યગ્દષ્ટિ કહ્યા છે.

**પ્રશ્ન-૨૫૪ :- અહીં વીતરાગ સમ્યગ્દષ્ટિથી શું અભિપ્રાય છે?**

ઉત્તર :- જે સમ્યગ્દર્શનની સાથે બુદ્ધિપૂર્વક ચારિત્રનો રાગ નથી વર્તતો, તેના ધારક સાતમા વગેરે ગુણસ્થાનવર્તી જીવોને અહીં નિર્વિકલ્પ અથવા વીતરાગ સમ્યગ્દષ્ટિ કહ્યા છે.

## જ્ઞાનચેતના અધિકાર

**પ્રશ્ન-૨૫૫ :- જ્ઞાનચેતને કોને કહે છે?**

ઉત્તર :- સમ્યક્ત્વ સાથે અવિનાભૂત મતિ-શ્રુતજ્ઞાનાવરણના વિશિષ્ટ ક્ષયોપશમથી થનારો જ્ઞાનનો ઉઘાડ અને તે ઉઘાડના રાગરહિત શુદ્ધપરિણમનને જ્ઞાનચેતના કહે છે અથવા જ્ઞાનના જ્ઞેયરૂપ રહેવાને (રાગરૂપ ન થવાને) જ્ઞાનચેતના કહે છે અથવા જ્ઞાનના જ્ઞાનરૂપ વેદનને જ્ઞાનચેતના કહે છે.

**પ્રશ્ન-૨૫૬ :- જ્ઞેનચેતનાના કેટલા ભેદ છે?**

ઉત્તર :- બે - (૧) લબ્ધિરૂપ જ્ઞાનચેતના, અને (૨) ઉપયોગરૂપ જ્ઞાનચેતના.

**પ્રશ્ન-૨૫૭ :- લબ્ધિરૂપ જ્ઞાનચેતના કોને કહે છે?**

ઉત્તર :- સમ્યક્ત્વ સાથે અવિનાભૂત જ્ઞાનચેતનાને આવરણ કરનારા મતિ-શ્રુતજ્ઞાનાવરણના વિશિષ્ટ ક્ષયોપશમને લબ્ધિરૂપ જ્ઞાનચેતના

કહે છે. તે જ્ઞાનના ઉઘાડરૂપ છે.

**પ્રશ્ન-૨૫૮ :- ઉપયોગરૂપ જ્ઞાનચેતના કોને કહે છે?**

ઉત્તર :- લબ્ધિરૂપ જ્ઞાનચેતનાની પ્રાપ્તિ થતાં, જ્યારે જ્ઞાની પોતાના ઉપયોગને બધા પરજ્ઞેયોથી ખસેડીને, માત્ર નિજશુદ્ધ આત્માનું સંવેદન કરવા માટે સ્વમાં જોડે છે, તે સમયે ઉપયોગાત્મક જ્ઞાનચેતના હોય છે. તે જ્ઞાનના સ્વમાં ઉપયોગરૂપ છે.

**પ્રશ્ન-૨૫૯ :- લબ્ધિરૂપ જ્ઞાનચેતના કોનામાં જોવા મળે છે?**

ઉત્તર :- ચોથાથી બારમા ગુણસ્થાન સુધી બધા જીવોમાં દરેક સમયે જોવા મળે છે.

**પ્રશ્ન-૨૬૦ :- ઉપયોગરૂપ જ્ઞાનચેતના કોનામાં જોવા મળે છે?**

ઉત્તર :- ચોથા, પાંચમા, છઠ્ઠાવાળામાં ક્યારેક ક્યારેક જોવા મળે છે અને સાતમામાં નિરંતર અખંડધારારૂપ જોવા મળે છે.

**પ્રશ્ન-૨૬૧ :- સંવર-નિર્જરા, જ્ઞાનચેતનાને આધીન છે કે સમ્યક્ત્વને આધીન છે?**

ઉત્તર :- જ્ઞાનચેતના તો જ્ઞાનની પર્યાય છે. જ્ઞાનનો, બંધ-મોક્ષથી કોઈ સંબંધ નથી. સંવર-નિર્જરાની વ્યાપ્તિ તો સમ્યક્ત્વથી છે; માટે તે સમ્યક્ત્વને આધીન છે, ચાહે ઉપયોગ સ્વમાં રહે કે પરમાં જાય.

## વ્યાપ્તિ અધિકાર

**પ્રશ્ન-૨૬૨ :- વ્યાપ્તિ કોને કહે છે?**

ઉત્તર :- સહચર્ય નિયમને વ્યાપ્તિ કહે છે.

**પ્રશ્ન-૨૬૩ :- વ્યાપ્તિના કેટલા ભેદ છે?**



ઉત્તર :- બે - (૧) સમવ્યાપ્તિ અને (૨) વિષમવ્યાપ્તિ.

**પ્રશ્ન-૨૬૪ :- સમવ્યાપ્તિ કોને કહે છે?**

ઉત્તર :- બેય બાજુના સહચર્ય નિયમને સમવ્યાપ્તિ કહે છે (એટલે કે કોઈ બે ચીજોને સદાય સાથે રહેવાને અને ક્યારે જુદી ન રહેવાને સમવ્યાપ્તિ કહે છે.) જેમકે, સમ્યક્ત્વ અને દર્શનમોહનો અનુદય. એ બંને પદાર્થોમાં ક્યારેય એકબીજામાં વ્યભિચાર જોવા મળતો નથી, એટલે કે એક મળે તો બીજું ન મળે - એવું ક્યારેય નથી બનતું, બેય એક સાથે જ મળે છે; માટે તેનામાં સમવ્યાપ્તિ છે. સમવ્યાપ્તિ પરસ્પર બેયમાં હોય છે. તેને એ પ્રમાણે કહે છે - જ્યાં જ્યાં સમ્યક્ત્વ છે ત્યાં ત્યાં દર્શનમોહનો અનુદય છે અને જ્યાં જ્યાં સમ્યક્ત્વ નથી, ત્યાં ત્યાં દર્શનમોહનો અનુદય પણ નથી અને જ્યાં જ્યાં દર્શનમોહનો અનુદય છે, ત્યાં ત્યાં સમ્યક્ત્વ છે અને જ્યાં જ્યાં દર્શનમોહનો અનુદય નથી, ત્યાં ત્યાં સમ્યક્ત્વ પણ નથી. એ પ્રકારે સમ્યગ્દર્શન અને જ્ઞાનચેતનાવરણ કર્મના ક્ષયોપશમની (એટલે કે લબ્ધિરૂપ જ્ઞાનચેતનાની) સમવ્યાપ્તિ છે. આને જાણવાથી એ લાભ છે કે એકનું અસ્તિત્વ, બીજાના અસ્તિત્વને અને એકનું નાસ્તિત્વ, બીજાના નાસ્તિત્વને સિદ્ધ કરી દે છે.

**પ્રશ્ન-૨૬૫ :- શું સમવ્યાપ્તિમાં એક પદાર્થ, બીજા પદાર્થને આધીન છે?**

ઉત્તર :- ક્યારેય નહિ! એકનું પરિણમન કે હાજરી, બીજાને આધીન બિલકુલ નથી; બંને સ્વતંત્ર પોતપોતાના સ્વકાળની યોગ્યતાથી પરિણમન કરે છે. વ્યાપ્તિનો એ અર્થ નથી કે એક પદાર્થ, બીજાને લાવતો હોય કે બીજાને તેના કારણે આવવું પડે કે એકને કારણે, બીજાને પોતાની એવી અવસ્થા કરવી પડે એમ ક્યારેય નથી. વ્યાપ્તિ તો માત્ર એમ બતાવે છે કે સ્વતઃ એવો કુદરતી નિયમ

છે કે બંને સાથે રહે છે - એક હોય અને બીજું ન હોય એમ ક્યારેય બનતું નથી. બસ, આનાથી વધારે વ્યાપ્તિથી કાંઈ સિદ્ધ નથી કરી શકાતું.

**પ્રશ્ન-૨૬૬ :- વિષમવ્યાપ્તિ કોને કહે છે?**

ઉત્તર :- એક બાજુના સહચર્ય નિમયને વિષય વ્યાપ્તિ કહે છે (એટલે કે જે વ્યાપ્તિ એક બાજુ તો જોવા મળે અને બીજી બાજુ ન જોવા મળે, તેને વિષયવ્યાપ્તિ કહે છે.) જેમકે, જ્યાં જ્યાં ધુમાડો છે, ત્યાં ત્યાં આગ છે - એ તો ઘટિત થયું, પણ જ્યાં જ્યાં ધુમાડો નથી, ત્યાં ત્યાં આગ પણ નથી - એ ઘટિત ન થયું કેમકે ધુમાડા વિના પણ આગ હોય છે; માટે ધુમાડો અને અગ્નિમાં સમવ્યાપ્તિ નથી, પણ વિષમવ્યાપ્તિ છે. એ જ રીતે સમ્યગ્દર્શન અને સ્વોપયોગમાં, રાગ અને જ્ઞાનાવરણમાં, લબ્ધિ અને સ્વોપયોગમાં - વિષમવ્યાપ્તિ છે. જે બાજુથી આ વ્યાપ્તિ ઘટે છે, તેનું તો પરસ્પર સહચર્ય સિદ્ધ થઈ જાય છે, પણ જે બાજુથી ઘટતું નથી, તેનું સહચર્ય સિદ્ધ થતું નથી - તેનાથી આ લાભ છે.

**પ્રશ્ન-૨૬૭ :- સમ્યક્ત્વ અને જ્ઞાનચેતનાવરણના ક્ષયોપશમમાં કઈ વ્યાપ્તિ છે?**

ઉત્તર :- સમવ્યાપ્તિ છે કેમકે કાયમ ભેગા રહે છે. એક હોય અને બીજું ન હોય એમ કદી બનતું નથી. જ્યાં જ્યાં સમ્યક્ત્વ છે, ત્યાં ત્યાં જ્ઞાનચેતનાવરણનો ક્ષયોપશમ પણ છે અને જ્યાં જ્યાં સમ્યક્ત્વ નથી, ત્યાં ત્યાં જ્ઞાનચેતનાવરણનો ક્ષપોમશમ પણ નથી; જ્યાં જ્યાં જ્ઞાનચેતનાવરણનો ક્ષયોપશમ નથી, ત્યાં ત્યાં સમ્યક્ત્વ પણ નથી; માટે સમ્યક્ત્વનું અસ્તિત્વ, લબ્ધિરૂપ જ્ઞાનચેતનાના અસ્તિત્વને સિદ્ધ કરે છે. આનાથી જે સમ્યગ્દષ્ટિને જ્ઞાનચેતના નથી માનતા-તેનું ખંડન થઈ જાય છે.



**પ્રશ્ન-૨૬૮ :- સમ્યક્ત્વ અને ઉપયોગરૂપ જ્ઞાનચેતનામાં કઈ વ્યાપ્તિ છે?**

ઉત્તર :- વિષમવ્યાપ્તિ છે કેમકે જ્યાં-જ્યાં સ્વોપયોગ છે, ત્યાં ત્યાં તો સમ્યક્ત્વ છે, પણ જ્યાં જ્યાં સ્વોપયોગ નથી, ત્યાં ત્યાં સમ્યક્ત્વ હોય અથવા ન પણ હોય-કોઈ નિયમ નથી. સ્વપોયોગ વિના પણ સમ્યક્ત્વ રહે છે અથવા તેને એમ પણ કહી શકાય કે જ્યાં જ્યાં સમ્યક્ત્વ નથી, ત્યાં ત્યાં તો સ્વોપયોગ પણ નથી, પણ જ્યાં જ્યાં સમ્યક્ત્વ છે, ત્યાં ત્યાં સ્વોપયોગ હોય પણ ખરો અને ન પણ હોઈ શકે - કોઈ નિયમ નથી. તેમાં એક બાજુની વ્યાપ્તિ તો છે પણ બીજી બાજુની નથી; માટે તે વિષમવ્યાપ્તિ છે. તેનાથી એક તો એમ સિદ્ધ થાય છે કે શુદ્ધોપયોગ, સમ્યગ્દષ્ટિઓને જ હોય છે, અને બીજું એમ સિદ્ધ કરી શકાય છે કે બધા સમ્યગ્દષ્ટિઓને દરેક સમયે સ્વોપયોગ નથી રહેતો.

**પ્રશ્ન-૨૬૯ :- લબ્ધિ અને ઉપયોગરૂપ જ્ઞાનચેતનામાં કઈ વ્યાપ્તિ છે?**

ઉત્તર :- વિષમવ્યાપ્તિ છે કેમકે જ્યાં જ્યાં ઉપયોગ છે, ત્યાં ત્યાં તો લબ્ધિ છે પણ જ્યાં જ્યાં ઉપયોગ નથી, ત્યાં ત્યાં લબ્ધિ હોય પણ ખરી અથવા ન પણ હોય અથવા તેને એમ પણ કહી શકાય કે જ્યાં જ્યાં લબ્ધિ નથી, ત્યાં ત્યાં તો ઉપયોગ પણ નથી પણ જ્યાં જ્યાં લબ્ધિ છે, ત્યાં ત્યાં ઉપયોગ હોઈ પણ શકે છે, ન પણ હોય-કોઈ નિયમ નથી. તેમાં એક તરફ વ્યાપ્તિ છે પણ બીજી બાજુ નથી; માટે વિષમવ્યાપ્તિ છે. એનાથી એક તો એ સિદ્ધ કરવામાં આવે છે કે લબ્ધિ, કારણ છે; સ્વપયોગ, કાર્ય છે. માટે સ્વપયોગવાળાને લબ્ધિ ચોક્કસ હોય છે. બીજું એ સિદ્ધ થાય છે કે જ્ઞાનચેતના પ્રાપ્ત જીવ, પોતાનો ઉપયોગ દરેક સમયે

સ્વમાં જ રાખાતો હોય, પરમાં ન લઈ જતો હોય તે વાત નથી. જ્ઞાનચેતનાલબ્ધિ બની રહે છે અને ઉપયોગ પરને જાણવામાં પણ ચાલ્યો જાય છે.

**પ્રશ્ન-૨૭૦ :- ઉપયોગ અને બંધમાં કઈ વ્યાપ્તિ છે?**

ઉત્તર :- કોઈ પણ નથી કેમકે જ્યાં જ્યાં ઉપયોગ છે ત્યાં ત્યાં બંધ થવો જોઈએ (પણ એમ નથી) સિદ્ધમાં ઉપયોગ તો છે પણ બંધ બિલકુલ નથી. જ્યાં જ્યાં ઉપયોગ નથી, ત્યાં ત્યાં બંધ પણ નથી - એમ પણ ઘટતું નથી, કેમકે વિગ્રહગતિમાં ઉપયોગ નથી, પણ બંધ છે. હવે બીજી બાજુથી જોઈએ તો જ્યાં જ્યાં બંધ છે, ત્યાં ત્યાં ઉપયોગ જોઈએ પણ વિગ્રહગતિમાં બંધ છે પણ ઉપયોગ નથી. જ્યાં જ્યાં બંધ નથી, ત્યાં ત્યાં ઉપયોગ નથી - એમ પણ નથી ઘટતું કેમકે સિદ્ધમાં બંધ બિલકુલ નથી પણ પૂર્ણ ઉપયોગ સ્વમાં છે.

**પ્રશ્ન-૨૭૧ :- રાગ અને જ્ઞાનાવરણમાં કઈ વ્યાપ્તિ છે?**

ઉત્તર :- વિષમવ્યાપ્તિ છે કેમકે જ્યાં જ્યાં રાગ છે, ત્યાં ત્યાં જ્ઞાનાવરણ છે, એ તો ઠીક, પણ જ્યાં જ્યાં જ્ઞાનાવરણ છે, ત્યાં ત્યાં રાગ પણ ચોક્કસ હોય - એવો કોઈ નિયમ નથી. હોય પણ ખરો અને ન પણ હોય. કેમકે અગિયારમા, બારમા ગુણસ્થાનમાં જ્ઞાનાવરણ તો છે પણ રાગ નથી. જ્યાં જ્યાં રાગ છે, ત્યાં ત્યાં જ્ઞાનાવરણ છે, તેનાથી રાગનો તો જ્ઞાનાવરણની સાથે પાક્કો સંબંધ સિદ્ધ થયો, પણ જ્યાં જ્યાં જ્ઞાનાવરણ છે, ત્યાં-ત્યાં રાગ હોય તે સિદ્ધ ન થવાથી જ્ઞાનાવરણનો રાગ સાથે કાંઈ સંબંધ સિદ્ધ નથી થતો.

**પ્રશ્ન-૨૭૨ :- રાગ અને દર્શનમોહની કઈ વ્યાપ્તિ છે?**

ઉત્તર :- કોઈ નહિ. કેમકે ન રાગથી દર્શનમોહ બંધાય છે



અને ન દર્શનમોહના ઉદયથી રાગ થાય છે. રાગની વ્યાપ્તિ, ચારિત્રમોહથી છે; દર્શનમોહથી નથી. તેથી એમ સિદ્ધ કરવામાં આવે છે કે સમ્યગ્દર્શન, સવિકલ્પ નથી. સમ્યગ્દષ્ટિના ચારિત્રમાં કૃષ્ણલેશ્યા હોવા છતાં પણ શુદ્ધસમ્યકૃત્વ બન્યું રહે છે. (અહીં રાગથી આશય, માત્ર ચારિત્રમોહ સંબંધી રાગથી છે.)

**પ્રશ્ન-૨૭૩ :- અન્વય-વ્યતિરેક કોને કહે છે?**

ઉત્તર :- જેના હોવાથી જે હોય તેને અન્વય કહે છે અને જેના નહિ હોવાથી જે ન હોય તેને વ્યતિરેક કહે છે — જેમ કે જ્યાં જ્યાં સમ્યકૃત્વ છે, ત્યાં ત્યાં દર્શનમોહનો અનુદય છે, તે અન્વય છે અને જ્યાં જ્યાં દર્શનમોહનો અનુદય નથી, ત્યાં ત્યાં સમ્યકૃત્વ પણ નથી, તે વ્યતિરેક છે.

**પ્રશ્ન-૨૭૪ :- વ્યાપ્તિને જાણવાથી શું લાભ છે?**

ઉત્તર :- તેનાથી પદાર્થોના સહચર્યસંબંધની ખબર પડે છે કે કયા પદાર્થોની કયા પદાર્થોની સાથે સહચરતા છે કે નહિ? તે અવિનાભાવની કસોટી છે. તેનાથી ચકાસીને જોઈ લે છે. તેનાથી એક પદાર્થની અસ્તિ અને નાસ્તિથી બીજા પદાર્થની અસ્તિ કે નાસ્તિનું જ્ઞાન કરવામાં આવે છે.

(નોંધ :- ન્યાયશાસ્ત્રમાં અનુમાન પ્રયોગમાં સાધનના સદ્ભાવમાં સાધ્યના સદ્ભાવ અને સાધ્યના અભાવમાં, સાધનના અભાવને અવિનાભાવ અથવા વ્યાપ્તિ કહે છે. ત્યાં સમવ્યાપ્તિ કે વિષમવ્યાપ્તિ નથી હોતી. વ્યાપ્તિ હોય છે કે અવ્યાપ્તિ હોય છે તે વિષય તેનાથી ભિન્ન જાતિનો છે. આ આધ્યાત્મિક વિષય છે. ત્યાં ધુમાડો અને અગ્નિની વ્યાપ્તિ છે. અહીં ધુમાડો અને અગ્નિને વિષમયવ્યાપ્તિ છે; માટે આ વિષયને તે ન્યાયના ઢંગથી સમજવાનો પ્રયત્ન ન કરે પણ જે પ્રકારે અહીં નિરૂપણ કર્યું છે તે જ પ્રકારે સમજે તો કલ્યાણ

થશે. ત્યાં સાધન દ્વારા સાધ્યની સિદ્ધિ કરવાનો ઉદ્દેશ્ય છે અને અહીં એક પદાર્થના અસ્તિત્વ કે નાસ્તિત્વથી, બીજા પદાર્થના અસ્તિત્વ કે નાસ્તિત્વને સિદ્ધ કરવાનો ઉદ્દેશ્ય છે.

**વિવિધ પ્રશ્નોત્તર**

**પ્રશ્ન-૨૭૫ :- ઉપયોગસંક્રાંતિના પર્યાયવાચી શબ્દો બતાવો?**

ઉત્તર :- ઉપયોગસંક્રાતિ, પુનર્વૃત્તિ, કર્મવર્તિત્વ, વિકલ્પ, જ્ઞપ્તિ પરિવર્તન, ઉપયોગનું બદલવું.

**પ્રશ્ન-૨૭૬ :- ક્ષાયોપશમિકજ્ઞાન અને ક્ષાયિકજ્ઞાનમાં શું તફાવત છે?**

ઉત્તર :- (૧) ક્ષાયોપશમિકજ્ઞાનમાં ઉપયોગસંક્રાંતિ હોય જ છે, (૨) તે ક્રમવર્તી જ છે. (૩) ક્ષાયિકજ્ઞાનમાં ઉપયોગસંક્રાતિ નથી હોતી, (૪) તે અક્રમવર્તી જ છે.

**પ્રશ્ન-૨૭૭ :- ગુણ ક્યા કયા છે?**

ઉત્તર :- સમ્યક્ત્વની ઉત્પત્તિ થવી, વૃદ્ધિ થવી, નિર્જરા થવી, સંવર થવો, સંવર-નિર્જરાની વૃદ્ધિ થવી, પુણ્ય બંધાવું, પુણ્યનું ઉત્કર્ષણ થવું, પાપનું અપકર્ષણ થવું, પાપનું પુણ્યરૂપ સંક્રમણ (બદલવું), ગુણ છે.

**પ્રશ્ન-૨૭૮ :- દોષ ક્યા ક્યા છે?**

ઉત્તર :- સમ્યક્ત્વનો સર્વથા નાશ કે આંશિન હાનિ થવી, સંવર-નિર્જરાનો સર્વથા નાશ કે હાનિ થવી, પાપનું બંધાવું, પાપનું ઉત્કર્ષણ થવું, પુણ્યનું અપકર્ષણ થવું, પુણ્ય પ્રકૃતિનું પાપપ્રકૃતિમાં બદલાવું, એ દોષ છે.

**પ્રશ્ન-૨૭૯ :- રાગ અને ઉપયોગમાં કયા કારણોથી ભિન્નતા છે?**



ઉત્તર :- રાગ, ઔદયિકભાવ છે; ઉપયોગ, ક્ષાયોપશમિકભાવ છે. રાગ, ચારિત્રગુણની વિપરીત પર્યાય છે; ઉપયોગ, જ્ઞાનગુણની ક્ષયોપશમરૂપ પર્યાય છે, રાગ, ચારિત્રમોહના ઉદયથી થાય છે; ઉપયોગ, જ્ઞાનાવરણના ક્ષયોપશમથી થાય છે. રાગનો અનુભવ મલિનતારૂપ છે, જ્ઞાનનો અનુભવ સ્વભાવરૂપ છે (જાણવારૂપ) છે. રાગથી બંધ જ થાય છે; ઉપયોગથી બંધ નથી થતો; માટે દરેકમાં બંને સ્વતંત્રરૂપે જણાય છે, એટલે કે હીનાધિક જોવા મળે છે અથવા જ્ઞાન તો જોવા મળે છે પણ રાગ જોવામાં આવતો નથી. આ દૃષ્ટાંત તેની ભિન્નતાને સિદ્ધ કરે છે.

## સાતમા ભાગનો સાર

*પંચભાવ - પ્રશ્નોત્તર

**પ્રશ્ન-૨૮૦ :- આત્માના અસાધારણ ભાવ કેટલા છે?**

ઉત્તર :- પાંચ - ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક. ભાવ તો અસંખ્યાત લોકપ્રમાણ છે, પણ જ્ઞાનીઓએ જાતિ અપેક્ષાએ બહુ સ્થૂળરૂપે આ પાંચ ભેદોને છૂટા કરી નાખ્યા છે. તેના અવાંતર ભેદ ૫૩ છે.

**પ્રશ્ન-૨૮૧ :- અસાધારણભાવ કોને કહે છે?**

ઉત્તર :- અસાધારણનો અર્થ એ છે કે તે ભાવ આત્મામાં જ જોવામાં આવે છે; બીજા પાંચ દ્રવ્યોમાં તે જોવા મળતો નથી. આત્મામાં કઈ કઈ જાતિના ભાવ-પરિણામ-અવસ્થાઓ થાય છે તે આનાથી જણાય જાય છે અને તેના દ્વારા જીવને જીવનું સ્પષ્ટ જ્ઞાન સાંગોપાંગ દ્રવ્ય-ગુણ-પર્યાયસહિત થઈ જાય છે. આ ભાવોને જાણવાથી જ્ઞાનમાં ઘણી સ્પષ્ટતા થઈ જાય છે. સારા-ખરાબ (હાનિકારક અથવા લાભદાયક) પરિણામોનું જ્ઞાન થાય છે. જેમકે, મોહને અનુસરીને થનારો ઔદયિકભાવ, હાનિકારક અને દુઃખરૂપ છે. મોહના અભાવથી થનારા ઔપશમિક-ક્ષાયોપશમિકભાવ,

* પાંચ ભાવના સંદર્ભમાં આ જ પુસ્તકનું ચોથું પ્રકરણ જરૂર વાંચવું જોઈએ.



મોક્ષમાર્ગરૂપ છે તથા ક્ષાયિકભાવ, મોક્ષરૂપ છે. ક્ષાયિક જ્ઞાન-દર્શન-વીર્ય જીવનો પૂર્ણ સ્વભાવ છે તથા ક્ષાયોપશમિક, એકદેશ સ્વભાવ છે. વિપરીત જ્ઞાન, વિભાવરૂપ છે - વગેરે.

**પ્રશ્ન-૨૮૨ :- ક્ષાયિકભાવ કોને કહે છે અને તેના કેટલા ભેદ છે?**

ઉત્તર :- કર્મના ક્ષયને અનુસરીને થનારા ભાવને ક્ષાયિકભાવ કહે છે. તેના નવ ભેદ છે. (૧) ક્ષાયિકસમ્યક્ત્વ, (૨) ચારિત્ર, (૩) જ્ઞાન, (૪) દર્શન, (૫) દાન, (૬) લાભ, (૭) ભોગ, (૮) ઉપભોગ, અને (૯) વીર્ય. તેને નવ ક્ષાયિક લબ્ધિઓ પણ કહે છે. આ ભાવ તેરમા ગુણસ્થાનની શરૂઆતમાં પ્રગટી સિદ્ધમાં અનંતકાળ સુધી ધારાપ્રવાહરૂપથી દરેક સમયે થતા રહે છે. નવ ભિન્ન-ભિન્ન અનુજીવીગુણોની એક સમયની નવ ક્ષાયિક પર્યાયોના તે નામ છે. સાદિ-અનંતભાવ છે.

**પ્રશ્ન-૨૮૩ :- ઔપશમિકભાવ કોને કહે છે અને તેના કેટલા ભેદ છે?**

ઉત્તર :- કર્મના ઉપશમને અનુસરીને થનારા ભાવને ઔપશમિકભાવ કહે છે. તેના બે ભેદ છે. (૧) ઔપશમિક સમ્યક્ત્વ, (૨) ઔપશમિકચારિત્ર. તે શ્રદ્ધા અને ચારિત્રગુણનું એક સમયનું ક્ષણિક સ્વભાવપરિણમન છે. સાદિ-સાંતભાવ છે. ઔપશમિકસમ્યક્ત્વ તો ચોથેથી સાતમા સુધી રહી શકે છે અને પૂર્ણ ઔપશમિકચારિત્ર અગિયારમાં ગુણસ્થાનમાં થાય છે.

**પ્રશ્ન-૨૮૪ :- ક્ષાયોપશમિકભાવ કોને કહે છે અને તેના કેટલા ભેદ છે?**

ઉત્તર :- કર્મના ક્ષયોપશમને અનુસરીને થનારા ભાવને ક્ષાયોપશમિકભાવ કહે છે. તેના અઢાર ભેદ છે. ચાર જ્ઞાન (મતિ,

શ્રુત, અવધિ અને મનઃપર્યય), ત્રણ અજ્ઞાન (કુમતિ, કુશ્રુત, વિભંગ), ત્રણ દર્શન (ચક્ષુ, અચક્ષુ, અવધિ), પાંચ ક્ષાયોપશમિક (દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય), એક ક્ષાયોપશમિક સમ્યક્ત્વ, એક ક્ષાયોપશમિક ચારિત્ર, એક સંયમાસંયમ. આ આત્માની ૧૮ પર્યાયોના નામ છે. સાદિ-સાંતભાવ છે. તેમાં ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન તો જ્ઞાનગુણની એક સમયની પર્યાયો છે. ત્રણ દર્શન, દર્શનગુણની એક સમયની પર્યાય છે. દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય તે આત્મામાં પાંચ સ્વતંત્ર ગુણ છે. દરેક ભાવ પોત પોતાના ગુણની એક સમયની પર્યાય છે. ક્ષયોપશમિકસમ્યક્ત્વ, શ્રદ્ધાગુણની એક સમયની સ્વભાવપર્યાય છે. ક્ષાયોપશમિકસંયમ અને સંયમાસંયમ, ચારિત્રગુણની એક સમયની આંશિક સ્વભાવપર્યાય છે. ચાર જ્ઞાન તો ચોથાથી બારમા સુધી જોવા મળે છે. ત્રણ અજ્ઞાન, પહેલા ત્રણ ગુણસ્થાનોમાં છે. ત્રણ દર્શન અને પાંચ દાનાદિક પહેલાથી બારમા સુધી જોવા મળે છે. ક્ષાયોપશમિકસમ્યક્ત્વ ચોથાથી સાતમા સુધી જોવા મળે છે. ક્ષાયોપશમિકચારિત્ર છઠ્ઠાથી દસમા સુધી છે અને સંયમાસંયમ, માત્ર પાંચમા ગુણસ્થાનમાં જોવા મળે છે.

**પ્રશ્ન-૨૮૫ :- ઔદયિકભાવ કોને કહે છે અને તેના કેટલા ભેદ છે અને તેમાં ક્યા કયા કર્મનું નિમિત્ત છે?**

**ઉત્તર :-** કર્મના ઉદયને અનુસરીને થનારા ભાવને ઔદયિકભાવ કહે છે. તેના ૨૧ ભેદ છે. ચાર ગતિભાવ, ચાર કષાયભાવ, ત્રણ લિંગભાવ, એક મિથ્યાદર્શનભાવ, એક અજ્ઞાનભાવ, એક અસંયમભાવ, એક અસિદ્ધત્વભાવ, છ લેશ્યાભાવ. ગતિભાવમાં ગતિનામક નામકર્મના ઉદયને સહચર દર્શનમોહ તથા ચારિત્રમોહનો ઉદય નિમિત્ત છે. કષાય, લિંગ, અસંયમમાં ચારિત્રમોહનો ઉદય નિમિત્ત છે. અજ્ઞાનભાવમાં જ્ઞાનાવરણનો ઉદય અંશ નિમિત્ત છે. મિથ્યાદર્શનમાં



દર્શનમોહનો ઉદય નિમિત્ત છે. અસિદ્ધત્વભાવમાં આઠેય કર્મોનો ઉદય નિમિત્ત છે. લેશ્યાભાવમાં યોગનો સહચર અને મોહનીય નિમિત્ત છે. તે બધા દુઃખરૂપ છે. અજ્ઞાનભાવ, બંધનું કારણ નથી - બાકી બધું બંધનું કારણ છે. આત્માનું અહિત આ ઔદયિકભાવથી જ છે. તે આત્માના એક સમયના પરિણમનરૂપ ભાવ છે. પર્યાયો છે. બધા ક્ષણિક નાશવાન છે. સાદિ સાંત છે. (પ્રવાહની અપેક્ષાએ અનાદિ-સાંત છે)

**પ્રશ્ન-૨૮૬ :- પારિણામિકભાવ કોને કહે છે અને તેના કેટલા ભેદ છે?**

**ઉત્તર :-** જે ભાવ, કર્મના ઉપશમ, ક્ષય, ક્ષયોપશમ કે ઉદયની અપેક્ષા નહિ રાખતો થકો જીવનો સ્વભાવમાત્ર હોય તેને પારિણામિકભાવ કહે છે. તેના ત્રણ ભેદ છે. (૧) જીવત્વ, (૨) ભવ્યત્વ, (૩) અભવ્યત્વ. જીવત્વભાવ, દ્રવ્યરૂપ છે. ભવ્યત્વ-અભવ્યત્વભાવ, ગુણરૂપ છે. ભવ્ય જીવમાં ભવ્યત્વગુણનું સમ્યક્ત્વ થયા પહેલા અપકવ પરિણમન ચાલે છે. ચોથાથી સિદ્ધ સુધી પકવ પરિણમન છે. અભવ્ય જીવમાં અભવ્યત્વગુણનું અભવ્યત્વ પરિણમન થાય છે. જીવત્વભાવ, જ્ઞાયકભાવ, પારિણામિકભાવ, પરમપારિણામિકભાવ, કારણશુદ્ધપર્યાય વગેરે અનેક નામોથી કહેવામાં આવે છે. આ બધા જીવોમાં છે. ભવ્ય-અભવ્યમાંથી એક જીવમાં કોઈ એક હોય છે. ભવ્યમાં ભવ્યત્વ, અભવ્યમાં અભવ્યત્વ. ભવ્યત્વ-અભવ્યત્વની અપેક્ષાએ જીવ જ મૂળમાં બે પ્રકારના છે. અભવ્ય, સંસારરુચિને કદી નથી છોડતો. ભવ્ય સ્વકાળની યોગ્યતા અનુસાર પુરુષાર્થ કરીને સંસારરુચિનો નાશ કરીને મોક્ષને પામે છે પણ બધા ભવ્ય, મોક્ષ પ્રાપ્ત કરે એવો નિયમ નથી. જે પુરુષાર્થ કરે છે, તે પ્રાપ્ત કરે છે. યોગ્યતા બધા ભવ્યોમાં છે. અભવ્યમાં પર્યાયદષ્ટિથી

યોગ્યતા નથી; દ્રવ્યસ્વભાવ તો તેનો પણ મોક્ષરૂપ છે.

**પ્રશ્ન-૨૮૭ :- કર્મ કોને કહે છે? તે કેટલા છે?**

ઉત્તર :- આત્મસ્વભાવથી પ્રતિપક્ષી સ્વભાવને ધારણ કરનારા પુદ્ગલ કાર્મણસ્કંધવર્ગણાઓને કર્મ કહે છે. તે આઠ છે. (૧) જ્ઞાનાવરણ, (૨) દર્શનાવરણ, (૩) વેદનીય, (૪) મોહનીય, (૫) આયુ, (૬) નામ, (૭) ગોત્ર અને (૮) અંતરાય.

**પ્રશ્ન-૨૮૮ :- કર્મના મૂળ ભેદ કેટલા છે અને કયા છે?**

ઉત્તર :- કર્મના મૂળ બે ભેદ છે. (૧) ઘાતિકર્મ, અઘાતિકર્મ. (૧) જે અનુજીવીગુણોના ઘાતમાં નિમિત્તમાત્ર કારણ છે, તેને ઘાતિકર્મ કહે છે. (૨) જે અનુજીવીગુણોના ઘાતમાં નિમિત્ત નથી અથવા આત્માને પરવસ્તુના સંયોગમાં નિમિત્તમાત્ર કારણ છે અથવા આત્માના પ્રતિજીવીગુણોના ઘાતમાં નિમિત્તમાત્ર કારણ છે, તેને ઘાતિકર્મ કહે છે. ઘાતિકર્મ ચાર છે - (૧) જ્ઞાનાવરણ, (૨) દર્શનાવરણ, (૩) મોહનીય, અને (૪) અંતરાય. બાકી ચાર અઘાતિ છે.

**પ્રશ્ન-૨૮૯ :- કર્મોમાં ઉદય, ઉપશમ, ક્ષય, ક્ષયોપશમમાંથી કઈ કઈ અવસ્થા થાય છે?**

ઉત્તર :- અઘાતિકર્મોમાં બે જ અવસ્થા હોય છે. ઉદય અને ક્ષય. ચૌદમા સુધી તેનો ઉદય રહે છે અને ચૌદમાના અંતમાં અત્યંત ક્ષય થઈ જાય છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયની બે જ અવસ્થા હોય છે. ક્ષયોપશમ અને ક્ષય. બારમા સુધી તેનો ક્ષયોપશમ છે અને બારમાના અંતમાં ક્ષય છે. મોહનીયમાં ચારેય અવસ્થાઓ હોય છે. ઉદય, ઉપશમ, ક્ષય, ક્ષયોપશમ.

**પ્રશ્ન-૨૯૦ :- કયા ગુણના તિરોભાવમાં કયું કર્મ**



**નિમિત્ત છે?**

ઉત્તર :- જ્ઞાનગુણના તિરોભાવમાં જ્ઞાનાવરણ નિમિત્ત છે. નિમિત્તમાં જ્ઞાનાવરણની સ્વતઃ બે અવસ્થા હોય છે - ક્ષય અને ક્ષયોપશમ. ઉપાદાનમાં જ્ઞાનગુણમાં સ્વતઃ બે નૈમિત્તિક અવસ્થા હોય છે-ક્ષાયિક અને ક્ષાયોપશમિક; માટે જ્ઞાનગુણમાં બે ભાવ હોય છે, એટલે કે જ્ઞાનગુણનું પર્યાયમાં બે પ્રકારે પરિણમન થાય છે - ક્ષાયિકપરિણમનરૂપ કેવળજ્ઞાન અને ક્ષાયોપશમિકપરિણમનરૂપ શેષ ચાર જ્ઞાન અને ત્રણ કુજ્ઞાન. (અજ્ઞાનભાવ તો ઔદયિક અંશની અપેક્ષાએ છે.)

આ પ્રમાણે દર્શનગુણમાં દર્શનાવરણ નિમિત્ત છે. આ ગુણની પણ બે અવસ્થા હોય છે. ક્ષાયિકપરિણમનરૂપ કેવળદર્શન, ક્ષાયોપશમિકપરિણમનરૂપ ચક્ષુ, અચક્ષુ, અવધિદર્શન.

દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યગુણમાં અંતરાયકર્મ નિમિત્ત છે. તે ગુણોની પણ બે અવસ્થા હોય છે. ક્ષાયિક પરિણમનરૂપ ક્ષાયિક દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય. ક્ષાયોપશમિક પરિણમનરૂપ ક્ષાયોપશમિક દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય ઉપરોક્ત બધા ક્ષાયોપશમિકભાવ બારમા ગુણસ્થાન સુધી છે અને ક્ષાયિકભાવ તેરમાથી શરૂ કરીને સિદ્ધ સુધી છે.

મોહનીયના બે ભેદ છે. દર્શનમોહ અને ચારિત્રમોહ. આત્માના સમ્યક્ત્વ (શ્રદ્ધા) ગુણમાં દર્શનમોહ નિમિત્ત છે અને ચારિત્રગુણમાં ચારિત્રમોહ નિમિત્ત છે. શ્રદ્ધાગુણની ચાર અવસ્થા હોય છે. પહેલા, બીજા, ત્રીજામાં તેની ઔદયિક અવસ્થા છે. ચોથાથી સાતમા સુધી પહેલા નંબરની ઔપશમિકસમ્યક્ત્વ અવસ્થા અને આઠમાથી અગિયારમા સુધી બીજી ઔપશમિકસમ્યક્ત્વ અવસ્થા રહી શકે છે. ચોથાથી સાતમા સુધી ક્ષાયોપશમિક અવસ્થા રહી શકે છે અને

ચોથાથી સિદ્ધ સુધી ક્ષાયિક અવસ્થા રહી શકે છે. દર્શનમોહનો ઉદય, મિથ્યાત્વભાવમાં નિમિત્ત છે. તેનો ક્ષયોપશમ, ક્ષય તથા ઉપશમ ક્રમશઃ ક્ષાયોપશમિક, ક્ષાયિક અને ઔપશમિકસમ્યક્ત્વમાં નિમિત્ત છે.

ચારિત્રગુણની પણ ચાર અવસ્થાઓ હોય છે. અસંયમભાવમાં ચારિત્રમોહનો ઉદય નિમિત્ત છે. તે ભાવ પહેલા ચાર ગુણસ્થાનોમાં હોય છે. તેનો ક્ષય, ક્ષાયિકચારિત્રમાં નિમિત્ત અને બારમાથી જ થાય છે. તેનો ઉપશમ, ઔપશમિકચારિત્રમાં નિમિત્ત છે, જે સંપૂર્ણ અગિયારમામાં હોય છે અને તેનો ક્ષયોપશમ એક તો સંયમાસંયમભાવમાં નિમિત્ત છે, જે પાંચમામાં હોય છે અને બીજો ક્ષાયોપશમિકચારિત્રમાં નિમિત્ત છે, જે છઠ્ઠાથી દસમા ગુણસ્થાન સુધી હોય છે.

**પંચાધ્યાયી પ્રશ્નોત્તર સમાપ્ત**

**પંચાધ્યાયી (આર્ષ ટીકા, ભાગ ૧ થી ૭માંથી સંકલિત)**